
। શ્રી સીમંધરસ્વામિને નમઃ ।
।। નમોનમઃ ગુરુશ્રી નીતિસૂરયે ।।

# પ્રાચીન કર્મગ્રંથ ચતુષ્ક
## તથા
# નવ્ય કર્મગ્રંથ ચતુષ્ક

(ગાથાર્થ સહ)



સંપાદક : પ. પૂ. આ. ભ. શ્રી વિજયહેમપ્રભસૂરીશ્વરજી મ. સા.
અનુવાદક : પંડિતવર્ય શ્રી પરેશભાઇ જે. શાહ

: પ્રકાશક :
આ. શ્રી વિજયનીતિસૂરિ જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા-અમદાવાદ

अनंतज्ञानादिगुणचतुष्कयुक्ताय
श्री सीमंधराय नमः
શ્રી શ્વેતામ્બરાચાર્યશ્રી ગર્ગમહર્ષિ સદ્ગુરુભ્યો નમઃ
શ્રી દેવેન્દ્રસૂરિ સદ્ગુરુભ્યો નમઃ
શ્રી નીતિ-હર્ષ-મહેન્દ્ર-મંગલપ્રભ-અરિહંતસિદ્ધ-હેમપ્રભસૂરિગુરુભ્યો નમઃ

# પ્રાચીન કર્મગ્રન્થ ચતુષ્ક
# તથા
# નવ્ય કર્મગ્રન્થ ચતુષ્ક

[કર્મવિપાક-કર્મસ્તવ-બંધસ્વામિત્વ-ષડશીતિ]

ગાથાર્થ સહ


સંપાદક :
તીર્થોદ્ધારક પ.પૂ.આ.ભ.શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના
વાત્સલ્યનિધિ પ.પૂ.આ.ભ.શ્રી વિજયહેમપ્રભસૂરીશ્વરજી મ. સા.

અનુવાદક : સંકલન :
પં. શ્રી પરેશકુમાર જશવંતલાલ શાહ (શિહોરીવાળા)



પ્રકાશક :
આ. શ્રી વિજયનીતિસૂરીશ્વર જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
ઘાંચીની પોળ, નીતિસૂરિચોક, માણેકચોક, અમદાવાદ-૧

| | |
|---|---|
| વીર સં. ૨૫૨૯ | પ્રથમાવૃત્તિ |
| વિ. સં. ૨૦૫૯ | નકલ ૧૦૦૦ |
| સને. ૨૦૦૩ | કિંમત :-પઠન-પાઠન |

**પ્રાપ્તિસ્થાન :**

**પંડિતવર્ય શ્રી પરેશકુમાર જે. શાહ**
જી/૨, નિર્મિત એપાર્ટમેન્ટ,
શાંતિવન, જેઠાભાઇ પાર્ક સામે,
પાલડી, અમદાવાદ-૭
ફોન : (R) ૬૬૦૫૮૮૯

**પં. શ્રી પ્રફુલભાઇ એન. શાહ**
આ. શ્રીનીતિસૂરીશ્વર જૈન
તત્ત્વજ્ઞાન પાઠશાળા
ઘાંચીની પોળ, અમદાવાદ-૧

**પંડિતવર્ય**
**શ્રી ચન્દ્રકાન્તભાઇ એસ. સંઘવી**
આ. શ્રીનીતિસૂરીશ્વર જૈન
તત્ત્વજ્ઞાન પાઠશાળા
ઘીવટો-પાટણ

**આ.શ્રી વિ. નીતિસૂરિ આરાધના ભવન**
**કતારગામ, સુરત-૪**

**શ્રી યશોવિજયજી જૈન**
**સંસ્કૃત પાઠશાળા**
સ્ટેશન રોડ, મહેસાણા
(ઉ. ગુ.)

**પંડિતવર્ય**
**શ્રી રતિભાઈ સી. દોશી**
૨૦૪, કુંદન એપાર્ટમેન્ટ, બેંક ઓફ
ઈન્ડિયાની ઉપર, ગોપીપુરા, **સુરત**
(નોંધ : પુસ્તક રૂબરૂ લેવા જવું)

પંડિતવર્ય શ્રી દિનેશભાઇ કે. શાહ-સાબરમતી, અમદાવાદ.
પંડિતવર્ય શ્રી ભાવેશભાઇ આર. શાહ-વાડજ, અમદાવાદ.
પંડિતવર્ય શ્રી કલ્પેશભાઇ એસ. શાહ-દશાપોરવાડ અમદાવાદ.

**મુદ્રક :**

**ભરત ગ્રાફિક્સ**
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧.
ફોન : ૨૧૩૪૧૭૬, ૨૧૨૪૭૨૩

# આપનું આપને સમર્પણ

ગીરનાર આદિ અનેક તીર્થોદ્ધારક

પ. પૂ. આચાર્ય શ્રી

**વિજયનીતિસૂરીશ્વરજી**

**મહારાજા**ના

પુનિત કરકમલમાં સાદર સમર્પણ

સમર્પક

આ. શ્રી વિજયનીતિસૂરિ જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા

અમદાવાદ

# પ્રકાશકીય નિવેદન

આદ્યપર્યંત અનેક સંસ્થાઓ દ્વારા કર્મગ્રંથના અનેકવિધ પ્રકાશનો થયેલ છે તેના આધારે અભ્યાસુવર્ગ અધ્યયન કરી કર્મ સ્વરૂપને સમજી સ્વસ્વરૂપ પ્રાપ્ત કરવા પુરૂષાર્થ કરી રહેલ છે. તેમાં અભ્યાસુ વર્ગને નવીન દીશા તુલ્ય અપ્રગટ-પ્રાચીન ૧ થી ૪ કર્મગ્રંથ શ્રી ગર્ગમહર્ષ્યાદિ કૃત **પં. શ્રી પરેશભાઈ** દ્વારા અનુવાદિત અને પ. પૂ. શાસન પ્રભાવક **આચાર્યપ્રવરશ્રીમદ્વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.** દ્વારા સંપાદીત પ્રકાશન કરવાનો અનુપમ લ્હાવો પૂજ્યશ્રીની પાવન પ્રેરણાથી અમને મળી રહેલ છે જે અમારા માટે ગૌરવ તુલ્ય છે.

પ્રસ્તુત પ્રકાશન અભ્યાસુ વર્ગના કરકમલમાં મુકતા પૂર્વે અનેક નામી-અનામી વ્યક્તિનો મળેલ સાથ-સહકાર સદૈવ સ્મરણીય રહેશે. અભ્યાસુવર્ગ તથા અધ્યાપક વર્ગ પ્રસ્તુત કર્મગ્રંથને વિશેષ પ્રકારે ઉપયોગમાં લઈ સ્વપર કલ્યાણ સાધે તેવી મંગલ કામના સાથે.....

લિ.

આ. શ્રી વિજયનીતિસૂરિ જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા

અમદાવાદ. ટ્રસ્ટીગણ

# પ્રસ્તાવના

## પ્રાચીન-નવ્યનો સમન્વય

જૈનધર્મના તત્ત્વજ્ઞાનને, આગમો અને શાસ્ત્રોનાં રહસ્યોને જાણવા માટે જૈન કર્મસિદ્ધાન્તનું જ્ઞાન આવશ્યક છે. જૈનધર્મના કર્મસિદ્ધાન્તને જાણ્યા-સમજ્યા વગર જૈનધર્મનું જ્ઞાન અપૂર્ણ જ ગણાય. આથી પ્રાચીન કાળથી જ કર્મસિદ્ધાન્તને સમજવા તથા જાણવા માટે વિભિન્ન લઘુ તથા બૃહદ્ ગ્રંથોની રચના થતી રહી છે. ભારતીય પરંપરામાં તો **કર્મસિદ્ધાન્તનો પ્રાયઃ બધા જ ધર્મ અને દર્શનકારોએ સ્વીકાર કર્યો છે.** જગતની વિચિત્રતા, અત્યંત જટિલ ગણાતી સમસ્યાઓનો ઉકેલ આદિ કર્મસિદ્ધાન્ત વગર મેળવી શકાય તેમ નથી. વૈદિક પરંપરાનાં ધર્મદર્શનો અને જૈન, બૌદ્ધ દર્શનકારોએ કર્મનો સ્વીકાર કર્યો છે. પણ કર્મના સ્વરૂપનું જૈનદર્શનમાં જેટલું સૂક્ષ્મ ચિંતન પ્રાપ્ત થાય છે તેટલું ભારતીય પરંપરામાં જ નહીં પરંતુ વિશ્વની કોઈ જ પરંપરામાં આટલું ગહન અને સૂક્ષ્મ ચિંતન પ્રાપ્ત થતું નથી.

જૈનધર્મમાં કર્મની મૂળ પ્રકૃતિ તથા તેની ઉત્તરપ્રકૃતિઓ, પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશ, બંધ, સત્તા, ઉદય, ઉદીરણા, માર્ગણા-સ્થાન, જીવસ્થાન, ગુણસ્થાન આદિ અનેક રીતે કર્મનો વિચાર કરવામાં આવ્યો છે. આ આટલુંય કર્મવિજ્ઞાન જાણવું અને સમજવું તે અત્યંત ધીરજ અને ખંત હોય તો જ સંભવી શકે. **શ્વેતામ્બર અને દિગમ્બર પરંપરામાં કુલ સાત લાખ ગાથા પ્રમાણ સાહિત્ય પ્રકાશિત થયું છે અને હજુ કેટલુંય સાહિત્ય અપ્રગટરૂપે પણ પડ્યું હશે.** તેમજ ગુજરાતી, હિન્દી આદિ ભાષાઓમાં પણ તેના વિવેચનગ્રંથો લખાયા છે. આ તમામ સાહિત્ય એટલે એક **મહાસાગર** ગણાય. આ મહાસાગરમાં પ્રવેશવા માટે એક માર્ગની આવશ્યકતા રહે તો જ મહાસાગરનો પાર પામી શકાય. તથા કેટલાંકનું તો સામર્થ્ય હોતું

નથી એટલે આ મહાસાગરનો સાર મળી રહે તે માટે લઘુ ગ્રંથોની આવશ્યકતા રહે. આ માર્ગ અને સાર એટલે જ નવ્ય, પ્રાચીન કર્મગ્રંથો. પ્રાચીન કર્મગ્રંથોમાં ઉપર જણાવેલ મહાસાગરમાં પ્રવેશવાનો માર્ગ દર્શાવ્યો છે. સમગ્ર કર્મસિદ્ધાન્તને ખૂબ જ ટૂંકમાં વર્ણવવામાં આવ્યો છે. આ કર્મગ્રંથોના રચયિતા ભિન્ન ભિન્ન છે, અને નવ્ય કર્મગ્રંથોની અપેક્ષાએ કંઈક મોટા પણ છે. તેથી જ આ. દેવેન્દ્રસૂરિજીએ પ્રાચીન કર્મગ્રંથોને આધાર બનાવી નવ્ય કર્મગ્રંથોની રચના કરી છે. તેમણે મુખ્ય સિદ્ધાન્તો તથા ચર્ચાનો સંક્ષેપ કરી પાઠકને ઉપયોગી થાય તેવી શૈલીમાં નવ્ય કર્મગ્રંથની રચના કરી છે. આ કર્મગ્રંથ અપેક્ષાએ સરળ હોવાથી પ્રાચીન કર્મગ્રંથોનું સ્થાન આ નવ્ય કર્મગ્રંથે લઈ લીધું અને આ ગ્રંથોની રચના પછી તો તેનું અધ્યયન-અધ્યાપન થવા લાગ્યું છે તે આજે પણ લાગલગાટ ચાલુ છે.

આજે પ્રાચીન કર્મગ્રંથો ભુલાયા છે. આ કર્મગ્રંથો જ નવ્ય કર્મ ગ્રંથનો આધાર છે. આથી પ્રાચીન કર્મગ્રન્થોનો પણ પાઠકને ખ્યાલ આવે તે માટે તેનું પ્રકાશન આવશ્યક છે. તે કાર્ય આજે થઈ રહ્યું છે તે આનંદની ઘટના છે. કર્મસિદ્ધાન્તનો ઈતિહાસ તો ખૂબ જ વિસ્તૃત અને સૂક્ષ્મ છે. તેનો સંપૂર્ણ ખ્યાલ આપવો કઠિન છે. અહીં તો માત્ર પ્રાચીન-નવ્ય કર્મગ્રંથ વિશે જ કંઈક સંક્ષેપમાં જણાવવું અનુચિત નહીં ગણાય.

આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિ કૃત કર્મગ્રન્થો વર્તમાનકાળે સર્વત્ર સુપ્રસિદ્ધ છે. આ કર્મગ્રન્થોમાં કર્મના સૂક્ષ્મ પદાર્થોનું વિવેચન કરવામાં આવ્યું છે. જો કે આ કર્મગ્રંથોના આધારભૂત ગ્રંથો પ્રાચીન કર્મગ્રંથ છે. તે પ્રાચીન કર્મગ્રંથોની સંખ્યા **છ** છે. (૧) કર્મવિપાક, (૨) કર્મસ્તવ, (૩) બન્ધસ્વામિત્વ, (૪) ષડશીતિ, (૫) શતક, (૬) સપ્તતિકા. આ છયે કર્મગ્રંથોના રચયિતા ભિન્ન ભિન્ન છે.

(૧) પ્રથમ પ્રાચીન કર્મગ્રંથનું નામ કર્મવિપાક છે. તેના રચયિતા **શ્વેતામ્બરાચાર્યશ્રી ગર્ગર્ષિ** છે. તેનો સત્તાસમય **વિક્રમની ૯મી શતાબ્દી** માનવામાં આવે છે. તેઓ સિદ્ધર્ષિની પૂર્વે થયેલા છે. આ સિવાયની તેમના

જીવન વિશેની બીજી કોઇ જ માહિતી પ્રાપ્ત થતી નથી. આ કર્મગ્રંથ ઉપર ત્રણ ટીકાઓ પ્રાપ્ત થાય છે. શ્રી પરમાનંદ સૂરિ કૃત વૃત્તિ, શ્રી ઉદયપ્રભસૂરિ કૃત ટિપ્પણ, અને અજ્ઞાતકર્તૃક વ્યાખ્યા. આ સિવાય પ્રાચીન કર્મગ્રંથ ઉપર વિશેષ બીજું કોઈ સાહિત્ય ઉપલબ્ધ નથી.

(૨) બીજા કર્મસ્તવ કર્મગ્રન્થના **કર્તા અજ્ઞાત** છે. આ ગ્રંથનું બીજું નામ બંધોદય સદ્યુક્તસ્તવ પણ છે. તેની ઉપર બે અજ્ઞાતકર્તૃક ભાષ્યો તથા શ્રી ગોવિંદાચાર્યકૃત વૃત્તિ ઉપરાંત શ્રી ઉદયપ્રભસૂરિ કૃત ટિપ્પણ પણ ઉપલબ્ધ થાય છે.

(૩) બંધસ્વામિત્વ નામક તૃતીય કર્મગ્રંથના **કર્તા પણ અજ્ઞાત** છે. તેના ઉપર વિ.સં. ૧૧૭૨માં આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ કૃત વૃત્તિ ઉપલબ્ધ થાય છે.

(૪) ચતુર્થ કર્મગ્રંથ ષડશીતિ અથવા આગમિકવસ્તુ-વિચારસાર-પ્રકરણના રચયિતા **શ્રી જિનવલ્લભગણિ** છે. આ ગ્રંથની રચના વિક્રમની ૧૨મી શતાબ્દીમાં થયેલ છે. તેના ઉપર બે અજ્ઞાતકર્તૃક ભાષ્ય તથા અનેક ટીકાઓ રચાઈ છે. તેમાં આ. શ્રી હરિભદ્રસૂરિ તથા શ્રી મલયગિરિ મુખ્ય છે.

(૫) પંચમકર્મગ્રન્થ શતક અથવા બંધશતક પ્રકરણના કર્તા **આચાર્યશ્રી શિવશર્મસૂરિ** છે. તેના ઉપર ત્રણ ભાષ્ય, એક ચૂર્ણિ, ત્રણ ટીકાઓ ઉપલબ્ધ છે. તેમાંથી બે લઘુભાષ્યો અજ્ઞાતકર્તૃક છે. બૃહદ્ભાષ્યના રચયિતા આચાર્ય ચક્રેશ્વરસૂરિ છે. ત્રણ ટીકાઓ અનુક્રમે મલધારી શ્રી હેમચંદ્રસૂરિ કૃત, શ્રી ઉદયપ્રભસૂરિકૃત તથા શ્રી ગુણરત્નસૂરિ કૃત છે.

(૬) સપ્તતિકાના કર્ત્તા વિશે નિસંદેહ કહી ન શકાય પણ પરંપરા પ્રમાણ **શ્રી ચંદ્રર્ષિમહત્તર** તેના કર્તા તરીકે પ્રચલિત છે. આ કર્મગ્રંથ ઉપર અભયદેવસૂરિ કૃત ભાષ્ય, અજ્ઞાનકર્તૃક ચૂર્ણિ, ચંદ્રર્ષિમહત્તરકૃત પ્રાકૃત વૃત્તિ, મલયગિરિ કૃત ટીકા, મેરૂતુંગસૂરિકૃત ભાષ્યવૃત્તિ, રામદેવકૃત ટિપ્પણ, ગુણરત્નસૂરિકૃત અવચૂરિ છે.

## આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિકૃતનવ્યકર્મગ્રંથ

આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિએ પાંચ નવ્ય કર્મગ્રંથોની સ્વોપજ્ઞ વૃત્તિ સહિત રચના કરી છે. આ પાંચેય કર્મગ્રંથની ભાષા અને શૈલી સરળ હોવાથી તથા સંક્ષેપાત્મક રચના હોવાથી પ્રાચીન કર્મગ્રંથનું સ્થાન નવ્યકર્મ ગ્રંથોએ લીધું અને તેનું જ આજેય પઠન-પાઠન ચાલે છે. આ પરંપરા અવિચ્છિન્નપણે ચાલવા પાછળનું મુખ્ય કારણ તો નવ્ય કર્મગ્રંથની સરળતા તથા અનેક નવા વિષયોનો પણ સમાવેશ છે.

**(૧) કર્મવિપાક:-** આ પ્રથમ કર્મગ્રંથમાં કર્મની મૂળ પ્રકૃતિ તથા ઉત્તરપ્રકૃતિઓનું વર્ણન કરવામાં આવ્યું છે. આ કર્મગ્રંથ ૬૦ પ્રાકૃત ભાષાની ગાથાઓમાં રચાયેલો છે. તેમાં આઠ મૂળ કર્મો તથા તેની ૧૫૮ ઉત્તર પ્રકૃતિઓ અને અંતે આઠેય કર્મબંધનાં કારણોની ચર્ચા કરી છે.

**(૨) કર્મસ્તવ:-** આ કર્મગ્રંથમાં કર્મોના બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાનો ગુણસ્થાનકની દૃષ્ટિએ વિચાર કરવામાં આવ્યો છે. ૩૪ ગાથાઓમાં આત્માનો આધ્યાત્મિક વિકાસક્રમ વર્ણવવામાં આવ્યો છે.

**(૩) બંધસ્વામિત્વ:-** આ કર્મગ્રંથમાં માર્ગણાઓને આધારે ગુણસ્થાનકોનું વર્ણન કરવામાં આવ્યું છે. ૨૪ પ્રાકૃત ગાથાઓમાં જગતમાં જણાતી વિચિત્રતાઓ અને ભિન્નતાઓને ૧૪ જુદા જુદા પ્રકારોથી વિચારવામાં આવી છે.

**(૪) ષડશીતિ:-** ૮૬ પ્રાકૃત ગાથામય આ ગ્રંથનું નામ ગાથાની સંખ્યાને આધારે પડ્યું છે. તેમાં જીવસ્થાન, માર્ગણાસ્થાન અને ગુણસ્થાનનું વર્ણન કરવામાં આવ્યું છે. જીવસ્થાનમાં ગુણસ્થાન, યોગ, ઉપયોગ, લેશ્યા, બન્ધ, ઉદય, ઉદીરણા અને સત્તાનું વર્ણન કરવામાં આવ્યું છે. માર્ગણાસ્થાનમાં જીવસ્થાન, ગુણસ્થાન, યોગ, ઉપયોગ, લેશ્યા તથા અલ્પ-બહુત્વ, ગુણસ્થાનમાં જીવસ્થાન યોગ, ઉપયોગ, લેશ્યા, બન્ધહેતુ, બન્ધ, ઉદય, ઉદીરણા, સત્તા, અલ્પ-બહુત્વ તથા અંતમાં ભાવ તથા સંખ્યાના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે.

**(૫) શતક:- ૧૦૦** પ્રાકૃત ગાથામય આ પાંચમા કર્મગ્રન્થમાં ધ્રુવબંધિની, અધ્રુવબંધિની, ધ્રુવોદયા, અધ્રુવોદયા, ધ્રુવસત્તાક, અધ્રુવસત્તાક, સર્વઘાતી, દેશઘાતી, અઘાતી, પુણ્યધર્મા, પરાવર્તમાના, અપરાવર્તમાના પ્રકૃતિઓનું વર્ણન કરવામાં પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશ, ઉપશમશ્રેણિ, ક્ષપકશ્રેણિ આદિનું વર્ણન કરવામાં આવ્યું છે.

નવ્ય કર્મગ્રંથના વિષયો અને પ્રાચીન કર્મગ્રંથના વિષયોમાં કોઈ ભિન્નતા નથી છતાં ફરક છે તો ગાથા સંખ્યા બાબતે અને સંકલનાની બાબતે છે. નવ્ય કર્મગ્રંથ વધુ સંક્ષેપમાં સર્વ વિષયોનો સંગ્રહ કરે છે. જ્યારે પ્રાચીન કર્મગ્રંથમાં તે જ વિષયો વિસ્તારથી વર્ણવવામાં આવ્યા છે.

પ્રાચીન તથા નવ્ય કર્મગ્રંથો તુલનાત્મકદૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વના છે. અભ્યાસુને રસ પડે તેમ છે. પૂર્વે પ્રાચીન કર્મગ્રંથોનો સંગ્રહ અલગથી છપાયો હતો. પણ વર્તમાનમાં તો તે ગ્રંથ અનુપલબ્ધ છે. નવ્ય કર્મગ્રંથો પઠન-પાઠનમાં પ્રચલિત હોવાથી તેની હજારો નકલો ઉપલબ્ધ છે પરંતુ **બન્ને કર્મગ્રંથો એક સાથે પ્રથમ વાર જ છપાઈ રહ્યા છે. તેથી પણ આ ગ્રંથનું આગવું મહત્ત્વ છે.** તથા પંડિત **શ્રી પરેશભાઈ**એ બન્ને કર્મગ્રંથોનો ગુજરાતી અનુવાદ પણ એકસાથે જ છાપ્યો છે જેથી ભાષાને ન જાણનાર અભ્યાસુને પણ આ ગ્રંથ ઉપયોગી નીવડશે. સંપાદકને આવું કાર્ય કરવા બદલ ધન્યવાદ !

**પંડિતવર્યશ્રી જિતેન્દ્રભાઈ બાબુલાલ શાહ**
**એલ.ડી.ઇન્ડોલોજી. અમદાવાદ**

# કર્મવિજ્ઞાનની વાત

## 'આત્મા દેખાતો નથી, છતાં છે જ'

'નથી દેખાતો, માટે ન માનવો તે માત્ર અજ્ઞાનતાનું પ્રદર્શન જ છે. આજના બુદ્ધિ જીવીઓ જડનો આવિષ્કાર કરનારા વિજ્ઞાન પાછળ અંધ છે. તેઓ તીર્થંકર પરમાત્મામહાવીરદેવે આપેલ તત્ત્વજ્ઞાનના બોરના બીટને પણ જાણતા નથી તે દુઃખદ બાબત છે.'

વિશ્વની તમામ ઘટનાઓમાં આત્મા અને કર્મના સંયોગનું એક મોટું વિજ્ઞાન છે. વિશ્વમાં જે કાંઇ બને છે તેમાં પાંચ કારણો રહેલા છે.

(૧) **કર્મ** (૨) **પુરુષાર્થ** (૩) **સ્વભાવ** (૪) **કાળ** (૫) **નિયતિ** આ પાંચેય કારણો ગૌણ કે મુખ્યભાવે પોતાના ભાગ ભજવે છે. આમાં કર્મ (આત્મા સાથે એકરસ થયેલા કર્મપુદ્ગલો) શી રીતે ભાગ ભજવે છે ? આ કર્મ પુદ્ગલો આત્મા સાથે એક રસ શી રીતે થાય છે ? એકરસ થયેલા કર્મપુદ્ગલો તેનો ટાઇમ બોમ્બ ફુટે ત્યારે કેવા કેવા પ્રકારના ફળ આપે છે. વિગેરે બાબતોનું તલસ્પર્શી જ્ઞાન મેળવવું હોય તો કર્મગ્રન્થના વિષયોનો ઉંડાણથી અભ્યાસ કરવો જરૂરી બને છે.

બળ, બુદ્ધિ ઓછા વત્તા મળવા, સુખ દુઃખની પ્રાપ્તિ, આયુષ્ય ઓછુ વધતુ મળવું, રાગભાવ દ્વેષભાવ, ક્રોધ, અહંકાર, માયા, લોભ, ઈર્ષ્યા, શોક, હાસ્ય, કામભાવ વિગેરેની ઉત્પત્તિ થવી, પશુ કે મનુષ્ય વગેરે રૂપે દેહ મળવો શરીરના વિધવિધ આકાર રૂપરંગ વગેરે મળવા, આંખ-કાન-નાક-જીભ વિગેરેમાં જોવા વિગેરેની શક્તિ મળવી હાથ-પગ-મસ્તક-હૃદય-આંખ-નાક વગેરે યોગ્ય સ્થાને રહેવા, સંપત્તિ વિગેરે ઓછીવત્તી મળવી વિગેરે પ્રત્યેક બાબતોમાં અંતિમ વૈજ્ઞાનિક કારણ **કર્મ** છે. આત્માની ઓળખ થાય અને કર્મના વિજ્ઞાનનો ઉંડાણથી અભ્યાસ કરવામાં આવે ત્યારેજ આ બધું સમજી શકાય.

શરીરમળવું, ઈન્દ્રિયો મળવી, ખાધેલ ખોરાકનું, લોહી, માંસ, ચરબી, મળ વિગેરેમાં રૂપાંતર થવું શ્વાસોશ્વાસ સતત ચાલ્યા કરવો, બોલી શકવું, મનથી વિચારી શકવું વિગેરે તમામ બાબતોમાં પણ કર્મ પુદ્‌ગલો મોટોભાગ ભજવે છે.

બોલતી વખતે મુખમાંથી છુટા પડતા શબ્દ પુદ્‌ગલો જો આંખેથી કે કોઈપણ વૈજ્ઞાનિક સાધનથી દેખી શકાતા ન હોય. શરીરમાં થતી વેદના પણ આંખેથી કે કોઈ પણ વૈજ્ઞાનિક સાધનથી દેખી શકાતી ન હોય, માનવ વગેરે પાસે રહેલ બુદ્ધિ પણ આંખેથી કે કોઈ પણ વૈજ્ઞાનિક સાધનથી દેખી શકાતી ન હોય, તો **'આત્મા દેખાવોજ જોઈએ તેવો કદાગ્રહ કે સંકુચિત મનોવૃત્તિ શી રીતે રાખી શકાય ?** આત્મા અને કર્મ પુદ્‌ગલો આંખેથી કે કોઈ પણ વૈજ્ઞાનિક સાધનથી દેખી શકાતા નથી છતાં પણ છે જ અને સમગ્ર વિશ્વની પ્રત્યેક ઘટનાઓમાં તેઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. એક વખત આત્મા, કર્મ વિગેરે વિષયક જૈનદર્શનના ધર્મગ્રન્થોનો તલસ્પર્શી અભ્યાસ કરો, પછી આ બધું સમજવું-માનવું તમારા માટે સરળ બની જશે.'

ફાયદો તે થશે કે કર્મના વિજ્ઞાનને સમજીને તમે તમારું જીવન બનાવી શકશો, તેથી કર્મના ઉદયથી પ્રાપ્ત થતાં અનેક દુઃખો દુર્ગતિઓથી તમે છુટકારો મેળવી શકશો દુઃખો વચ્ચે પણ કર્મના વિપાકોનું ચિંતન કરીને સમતા, સમાધિ, ચિત્તની પ્રસન્નતા ટકાવી શકશો. તમારું અધઃપતન થતું અટકશે, બાકી આત્મા અને કર્મના વિજ્ઞાનને નહીં સમજનારા ઘણા બધા ધર્મીઓ (!) પણ વ્યવહારિક જીવનમાં ટેન્શન, દ્વેષભાવ, ક્લેશો વિગેરેમાં ફસાઈને જીવનને અધઃપતનના માર્ગેથી બચાવી શકતા નથી તો બીજાઓ માટે તો શું વિચારવાનું ? **શ્રીગર્ગમહર્ષ્યાદિરચિત** પંડિતવર્ય **શ્રી પરેશભાઈ** દ્વારા અનુવાદિત **અપ્રગટ પ્રાચીન કર્મગ્રન્થો અને પ્રગટ પ્રાચીન કર્મગ્રન્થો** તમારા આત્માનું સાચું ઉત્થાન કરવામાં સહભાગી બને તેવી આશા સાથે...

**શેઠ મોતીશા જૈન દેરાસર**
ભાયખલા, મુંબઈ-૨૭
સં. ૨૦૫૯, અષાઢ સુદ-૧૦,
બુધવાર તા. ૯-૭-૨૦૦૩.

**દ. હેમપ્રભસૂરિના ધર્મલાભ**

# બે બોલ

સમસ્યાઓના મહાસાગરમાં નિમજ્જન અને ઉન્મજ્જન કરતા આત્માઓના સ્થિરીકરણ માટે કર્મસાહિત્યનું જ્ઞાન અતિજરૂરી-અતિઆવશ્યક છે. જિનશાસનમાં પૂર્વર્ષિઓએ કર્મવિષયક તાત્ત્વિક જ્ઞાનનો વિશાળ પ્રવાહ પ્રસરાવ્યો છે. તેમાં કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ ભાગ ૧-૨-૩, કર્મગ્રંથાદિ ગ્રંથો પ્રમુખસ્થાને છે. કર્મગ્રંથોમાં નવ્યકર્મગ્રન્થ અધ્યયન પ્રસિદ્ધ છે અને તે વર્તમાનકાળે નવ્યકર્મગ્રન્થોનો જ અભ્યાસ લગભગ સ્થાને કરાવવામાં આવે છે. પ્રાચીન કર્મગ્રન્થો છે, અર્થાત્ વિશાળ છે અને જાણવામાં સરળ છે આ વાતથી ઘણો ખરો વર્ગ અજ્ઞાત છે. આ અવસરે **શ્રી ગર્ગર્ષિપ્રણીત પ્રથમ કર્મગ્રન્થ ગા. ૧૬૮ પ્રમાણ, અજ્ઞાનકર્તૃક દ્વિતીય કર્મગ્રન્થ ગા. ૫૫ પ્રમાણ,** તથા **અજ્ઞાતકર્તૃક તૃતીયકર્મગ્રંથ ગા. ૫૪ પ્રમાણ** તથા **શ્રીજિનવલ્લભ-ગણિ કૃત ચતુર્થકર્મગ્રંથ ગા. ૮૬ પ્રમાણ એમ પ્રાચીન ચાર કર્મગ્રંથ મૂળરૂપે** તથા **ગાથાર્થરૂપે** (ભારતીય પ્રાચ્યતત્ત્વ-પ્રકાશન સમિતિ પિંડવાડાથી બહાર પડેલ "चत्वारः प्राचीनकर्मग्रन्थाः" નામના પુસ્તકના સહારાથી) પં. **શ્રી પરેશભાઈ**એ અલગ પુસ્તક રૂપે બહાર પાડેલ છે. ગાથાર્થ તૈયાર કરવા માટે **શ્રી પરેશભાઈ**એ ખૂબજ પરિશ્રમ ઉઠાવેલ છે. શ્રુતજ્ઞાનની ઉપાસના અને ભક્તિ સ્વરૂપે સુંદર સાહિત્ય બહાર પાડીને કર્મસાહિત્યના જિજ્ઞાસુ વર્ગને અમૂલ્ય ભેટ આપેલ છે. પ્રાચીન કર્મગ્રન્થો ભલે ગાથાની દૃષ્ટિએ મોટા લાગે પરંતુ તેના દ્વારા અર્થબોધ સુંદર રીતે થાય છે. શ્રીપરેશભાઈનો આ પ્રયાસ ખૂબજ સ્પષ્ટ અને આવકાર્ય છે. જિનશાસનમાં કર્મસાહિત્યનો વિવેકતાથી પ્રચાર-પ્રયાસ થાય. શ્રમણપ્રધાન ચતુર્વિધસંઘ આવા ગ્રંથોનો અભ્યાસ કરીને વિષયકજ્ઞાનનો જ્ઞાતા બનીને જીવન શુદ્ધિ વિષયકતા કેળવીને સદ્ગતિ અને સિદ્ધિગતિનો ભોક્તા થાય. એજ શુભેચ્છા સહ.

**પંડિતવર્ય શ્રીચંદ્રકાન્તભાઈ એસ. સંઘવી**
**આ.શ્રી નીતિસૂરિશ્વર જૈન તત્ત્વજ્ઞાન પાઠશાલા**
**(ઘીવટો-પાટણ)**

# मम उपकारिणाम् किञ्चित् स्मरणम्

अनादिकालीन संसारसमुद्रे भ्रमणं कृत्वा इहभवे आर्यदेशे आर्यकुले दुर्लभं मनुष्यजन्म प्राप्य बर्णासनदी तीरस्थ शिहोरीग्रामवास्तव्यश्राद्धवर्यश्री जशवंतलालश्रेष्ठिसुश्राविकाश्रीहंसादेवी-अनुजरुपेण मम जन्म जातम् ।

ततः ताभ्याम् मम जन्म दत्त्वा मयि अत्युपकारः कृतः ।

मद्बाल्यकाले उन्दरानगरमध्ये चातुर्मासस्थिताचार्यश्रीहेमप्रभसूरीश्वरादि-निश्रायाम् चतुष्षष्टिप्रहरिपौषधाराधनां कृत्वा तत्काले गुरुणा मयि धर्मसंस्कार-सिञ्चनं कृतं ।

कालक्रमेण महेशाणे श्रेष्ठिवर्यश्रीवेणिचंदसूरचंदसंस्थापित-**श्रीमद् यशोविजयजैन संस्कृतपाठशालामध्ये** प्रज्ञाचक्षुःश्रीस्वर्गस्थपुखराजसाहेबगुरोः समीपे अनुभवज्ञानं लब्धम् । प्राध्यापकश्रीवसंतलालगुरोः समीपे संस्कृत-प्राकृत-कर्मग्रन्थादिविषयस्य अध्ययनं कृत्वा तत्समये विद्यमानगृहपतिश्री-शांतिलालगुरुसमीपे अध्यापकश्रीनीतीनचन्द्रगुरुसमीपे च प्रकरणादि अभ्यासं कृत्वाश्रीसर्वज्ञप्रणीते तत्त्वे रुचिः सञ्जाता । तेषां सर्वविद्यागुरुवर्याणांममोपरि अतीव उपकारोऽस्ति ।

श्रीमद्यशोविजयजैनसंस्कृतपाठशालामध्ये आचतुरब्दं अध्ययनं कृतं । **एषा पाठशाला मम मातृसंस्था वर्तते** ।

यदि एतत्पाठशालामध्ये मम प्रवेशः न अभविष्यत् तर्हि सम्यग्ज्ञानेन तदाराधनया च अहम् अपानेष्यम् । [अपौष्यम्] ।

पश्चाद्विशिष्टाध्ययनार्थे अपरकाशीतुल्याणहिलपुरपत्तने अनेकपूज्य साधु-साध्वी-श्रावक-श्राविकाणाम् अध्यापनकारयितृश्रीचन्द्रकान्तभ्रातुः समीपे श्रीसिद्धहेमशब्दानुशासनलघुवृतिमहाकाव्यादिवाञ्चनादिविषयं पादोनतृतीयवर्षं यावदध्ययनं कृत्वा तथा तन्मध्ये सुविधिकारश्रावकश्रीरमेशचन्द्रभ्रातुः समीपे विधिविधानविषयकं ज्ञानं लब्धं ।

तैः ममोपरि-अत्युपकारः कृतः । **तथा च एते सर्वे पूज्याः कदापि मया न विस्मरणीयाः किन्तु प्रातःस्मरणीयाः** ।

ततः डीसामध्ये पादोनतृतीयाब्दं यावदध्यापनं कृत्वा पश्चाद्राजनगर मध्ये अधुनापि चतुरब्धादारभ्य श्रीहेमचन्द्राचार्यजैनसंस्कृतपाठशालायाम् श्रीनेमि-अमृत-धुरन्धरसंस्कृतपाठशालायम् श्रीश्रुतआनंदट्रस्टपाठशालायाम् च अध्यापनस्य प्रवृत्तिः सुष्ठु प्रवर्तते ।

एताः तिस्रः पाठशालाः सन्ति । तासाम् प्रतिनिधयः सर्वे अनुकूलाः सन्ति ।

अध्ययन-अध्यापनकाले मयि अनेकविधसंप्रदायगुरूणाम् अत्युपकारोऽस्ति ।

शास्त्राध्ययनस्य मत्प्रवृतिमध्येश्राविकाश्रीदिल्पा [रुपा] पूत्री धन्या अपि च बह्वनुकूला स्तः ।

शास्त्रेपि मातृपितृणामुपकारः सुलिखितः । शास्त्रेपि विद्यागुरू-णामुपकारोपि सुलिखितः ।

यावन्मया मोक्षलक्ष्मी न प्राप्येत तावन्ममोपरि मातृ-पितृगुरूणामुपकारो भूयात् । **एतेषां सर्वेषां उपकारं स्तृत्वा अहं धन्योस्मि ।**

**भवदीयचरणचञ्चरीकः जशवंतलालसुतः परेशः ।**

## ॥ कंठस्थकरणीयः॥

**तव पादौ मम हृदये, मम हृदयं तव पादद्वये लीनम् ।**
**तिष्ठतु जिनेन्द्र !, तावद्यावन्निर्वाणसंप्राप्तिम् ॥**

**अर्थ** : હે જિનેન્દ્રો ! ત્યાં સુધી આપના ચરણકમલ મારા હૃદયમાં રહો તથા મારું હૃદય આપના ચરણકમલોમાં લીન રહો (આસક્ત રહો) જ્યાં સુધી નિર્વાણની પ્રાપ્તિ મને હો.

**अक्खरपयत्थहीणं, मत्ताहीणं च जं मए भणियं ।**
**तं खमउ नाणदेव य, मज्झवि दुक्खक्खयं दिन्तु ॥**

**अर्थ** : મારાવડે અક્ષર-પદ અને અર્થો રહિત અને માત્રારહિત જે કહેવાયું. હે જ્ઞાનદેવતા ! તેને ક્ષમા કરો અને મારા પણ દુઃખના ક્ષયને આપો (કરો).

# અનુવાદકીય

श्लोकोवरं परमतत्त्वपथप्रकाशी
न ग्रन्थ कोटि पठनं जनरञ्जनाय ।
संजीवनीति वरमौषधमेकमेव,
व्यर्थश्रमप्रजननो न तु मूलभारः ॥
(हृदयप्रदीपात्)

**અર્થઃ-** પરમ તત્ત્વનો પંથ જે મોક્ષમાર્ગ, તેને બતાવનાર એવો એક શ્લોક પણ પરમ શ્રેષ્ઠ છે, પરંતુ જનરંજનને માટે કોટીગમે ગ્રંથનું અધ્યયન પણ શ્રેષ્ઠ નથી અર્થાત્ નિષ્ફળ છે. દૃષ્ટાન્તથી કહે છે કે-

સંજીવિની ઔષધી કે જેનાવડે સર્વ વ્યાધિનો વિનાશ અને જીવનની વૃદ્ધિ થાય તેની પ્રાપ્તિજ શ્રેષ્ઠ છે. બાકી વ્યર્થ (નકામા) શ્રમ-પરિશ્રમ કરીને મોટા વનસ્પતિઓનો સમૂહ એકઠો કરવો તે નિષ્ફળ છે. કે જેના વડે વ્યાધિનો વિનાશ ન થાય અને જીવનની વૃદ્ધિ ન થાય. એજ પ્રમાણે જે શ્લોક માત્રવડે સંસારપરિભ્રમણરૂપ વ્યાધિનો વિનાશ થાય અને મોક્ષરૂપ સાદિઅનંત જીવનની પ્રાપ્તિ થાય તેજ શ્રેષ્ઠ સમજવો જોઈએ.

આ મોક્ષપ્રાપ્તિ કેવીરીતે થાય તે ક્રમ જાણવા જેવો છે.

**कृत्स्नकर्मक्षयो मोक्षः ॥ (શ્રીતત્ત્વાર્થમાંથી)**

## મોક્ષપ્રાપ્તિ ક્રમ

સકલકર્મક્ષય લક્ષણ મોક્ષ છે. તેમ મોક્ષને અર્થે ચાર અઘાતી કર્મ ખપાવવાં. તે ચાર અઘાતી કર્મ શાથી ખપાવવા ? કેવલજ્ઞાનાદિ ચાર ગુણોથી ખપાવવાં. તે કેવલજ્ઞાનાદિ ગુણ શાથી ઉપજે છે ? ઘાતીકર્મ ખપાવવાથી ઉપજે છે. તે ઘાતીકર્મ શાથી ખપાવવાં ? યથાખ્યાત ચારિત્રથી ખપાવવા. યથાખ્યાત ચારિત્ર શાથી થાય ? લોભ મોહનીયના ક્ષયથી થાય. લોભ મોહનીય શાથી ખપાય ? સૂક્ષ્મસંપરાય ચારિત્રથી. સૂક્ષ્મ સંપરાય

ચારિત્રનું કારણ કોણ છે ? ત્રણ સંજ્વલનકષાયનો ક્ષય. એમ દર્શન મોહનીય ખપાવવાનું કારણ સર્વવિરતિ છે. સર્વવિરતિનું કારણ પ્રત્યાખ્યાનીય ચાર કષાયોનું ખપવું છે. પ્રત્યાખ્યાનીય ચાર કષાય ખપવાનું કારણ દેશવિરતિ છે. દેશવિરતિનું કારણ અપ્રત્યાખ્યાનીય ચાર કષાયનું ખપવું છે. અપ્રત્યાખ્યાનીય ક્ષય થવાનું કારણ સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વની કારણોત્પત્તિ સાત પ્રકૃતિના ક્ષયાદિકનું કારણ અપૂર્વકરણ છે. અપૂર્વકરણનું કારણ મુહૂર્ત સ્થિતિ ક્ષય છે. મુહૂર્ત ક્ષયનું કારણ યથાપ્રવૃત્તિકરણ છે. યથાપ્રવૃત્તિકરણનું કારણ સાત કર્મનો સ્થિતિઘાત છે. સાત કર્મ સ્થિતિઘાતનું કારણ મંદ કષાયતા છે. મંદકષાયતાનું કારણ આત્મવીર્ય ગુણના પર્યાય ગર્ભિત વિશુદ્ધતા નામે પર્યાય છે એવા અનુક્રમે **કર્મક્ષયથી ગુણપ્રકાશ ને ગુણપ્રકાશથી કર્મક્ષય છે.** તે કારણ માટે જ્ઞાતા પ્રાણીયે આત્મગુણપ્રકાશનો ઉદ્યમ કરવો જોઈએ. તે ઉદ્યમ શ્રુતજ્ઞાનથી થાય છે. હેયોપાદેયની પરીક્ષાને શ્રુતજ્ઞાન કહે છે. હેય-ઉપાદેયની બુદ્ધિ કર્મના બંધને જાણવાથી થાય છે.

જેમ દુધમાં પાણી મળે છે, જેમ લોઢામાં અગ્નિ મળે છે, તેમ ક્રોધાદિ કષાય અને મન-વચન-કાયાની શક્તિવડે જે પુદ્ગલો જીવે ગ્રહણ કર્યા છે તે આત્માના સર્વ પ્રદેશોની સાથે મળીને રહે છે, તેને **કર્મબંધ** કહે છે. કર્મ પુદ્ગલરૂપ છે. તેમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ વિગેરે છે. જે વખતે કર્મને યોગ્ય પુદ્ગલોની સાથે ક્રોધાદિ કષાય અને મનાદિ યોગોનો સંબંધ થાય છે. તે વખતે તે પુદ્ગલો કર્મરૂપે પરિણમી જાય છે અને આત્મપ્રદેશોની સાથે એક રસ થઈને રહે છે, આને **બંધ** કહે છે. આ બંધથી જીવ કર્મને આધિન થઈ જાય છે.

આ બંધ ચાર પ્રકારે છે– **પ્રકૃતિબંધ**, **સ્થિતિબંધ**, **રસબંધ**, અને **પ્રદેશબંધ**. **૧–'પ્રકૃતિબંધ'**- એટલે કર્મનો સ્વભાવ. **૨–'સ્થિતિબંધ'**- એટલે એ કર્મ ટકી રહેવા માટેની કાળની મર્યાદા-શુભાશુભ અધ્યવસાયથી ગ્રહણ કરેલા કર્મના દલિયાં તે કેટલા વખત સુધી ભોગવવા પડે તેનો નિશ્ચય. ૩–**'રસબંધ'**– એટલે કર્મના પુદ્ગલોને શુભ કે અશુભ અથવા ઘાતિ કે અઘાતિપણાવાળો જે રસ તે. **૪–'પ્રદેશબંધ'**– એટલે સ્થિતિ તથા રસની અપેક્ષા વિના કર્મ પુદ્ગલોના દલિયાંનું ગ્રહણ કરવું તે અથવા કર્મ અને

આત્માના પ્રદેશો આપસમાં મળી રહે તેવો પ્રદેશોનો સમૂહ. કર્મની સ્થિતિ, કર્મનો રસ અને કર્મના પ્રદેશો-દલિયાંએ ત્રણ બંધનો જે સમુદાય અને તેમાંથી જ્ઞાનદર્શન ઈત્યાદિ આત્મિક શક્તિઓને દબાવવાનો જે સ્વભાવ ઉત્પન્ન થાય તેને '**પ્રકૃતિબંધ**' કહેવાય છે. આ રીતે કર્મનો ચાર પ્રકારનો બંધ આત્મા ઉપર આવરણ કરે છે.

જીવ જ્યારે રાગ-દ્વેષના પરિણામ ઉત્પન્ન કરે છે, રાગ-દ્વેષમાં એક રસ થઈ રહે છે, ત્યારે કર્મનો બંધ થાય છે. રાગ-દ્વેષ સિવાય એકલા મન-વચન-શરીરની પ્રવૃત્તિ કરવાથી તેવો કર્મબંધ થતો નથી, એટલે કર્મબંધનમાં મુખ્ય કારણ છે. રાગ-દ્વેષ છે. જ્યાં સુધી રાગ-દ્વેષ હોય છે, ત્યાં સુધી આ ચારે પ્રકારનો બંધ થાય છે. રાગ-દ્વેષ જો ન હોય અને મન-વચન-શરીરની પ્રવૃત્તિ કરવામાં આવે તો તેથી તેવો બંધ થતો નથી. રાગ-દ્વેષના પ્રમાણમાં કર્મની સ્થિતિનો બંધ અને રસનો બંધ થાય છે. મન-વચન-કાયાની શક્તિ-પ્રવૃત્તિદ્વારા પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે. આ રાગ-દ્વેષ અને મનાદિની પ્રવૃત્તિ સાથેની વાત છે, પણ એકલા મનાદિ યોગો હોય તો આ મનાદિથી થતો પ્રકૃતિ અને પ્રદેશબંધ તે બંધ છતાં બંધ ન હોય તેવો સામાન્ય થાય છે. રાગ-દ્વેષથી થતો બંધ જેવો આત્માને હાનિકારક થાય છે, તેવો કેવળ મનાદિ યોગોથી થતો બંધ નુકશાન કારક થતો નથી માટે જ કહ્યું છે કે- **''રાગ-દ્વેષના અભાવમાં કર્મનો બંધ થતો નથી.''**

જેમ ચીકાશવાળા પદાર્થથી ખરડાયેલા શરીરવાળો મનુષ્ય છેદન ભેદનની પ્રવૃત્તિ પોતે કરતો નથી પણ તેવી પ્રવૃત્તિ જ્યાં થાય છે ત્યાં પોતે બેઠો હોય છે, તેથી વિવિધ પ્રકારની રજવડે તેનું શરીર મલિન થાય છે, તેમ ક્રોધાદિથી વ્યાકુળ ચિત્તવાળો મનુષ્ય કોઈ પણ પ્રકારના પાપના આરંભો પોતે જાતે કરતો નથી. પરંતુ મન-વચન-કાયાના શુભાશુભ વ્યાપારના વચમાં રહ્યો હોય છે તેથી તે પાપોથી બંધાય છે.

છેદન ભેદન આદિ પ્રવૃત્તિ શરીરથી કરે યા ન કરે પણ તેલાદિની ચીકાશ તેના શરીર ઉપર હોવાથી ધૂળથી તે લેપાય છે- ખરડાય છે, તેમ મનુષ્ય જાતે આરંભ કરે કે ન કરે તો પણ રાગદ્વેષાદિ બંધના કારણોની

હૈયાતિ તેનામાં હોવાથી જીવ બંધાયા સિવાય રહેતો નથી. રાગદ્વેષ ન હોય તો બંધ થતો નથી.

સુખ, દુઃખ, જીવન, મરણ, રક્ષણ કે પીડન એ સર્વ સામા જીવના બાંધેલા કર્મમાંથીજ પ્રગટ થાય છે છતાં હું બીજાને સુખી કરીશ, દુઃખી કરીશ, જીવાડીશ કે મારીશ, રક્ષણ કરીશ કે પીડા કરીશ ઈત્યાદિ કરવાના અભિમાનવાળો જીવ તે નિમિત્તે તેવા તેવા પરિણામ પોતામાં ઉત્પન્ન કરે છે અને તે પરિણામો નવીન કર્મબંધન થવામાં કારણરૂપ થાય છે.

નિશ્ચયદષ્ટિએ આત્મા અરૂપી છે એટલે જેમ અરૂપી આકાશમાં તલવાર મારવાથી આકાશ કપાતું નથી, તેમ અરૂપી આત્મા પણ મરતો કે કપાતો નથી, સુખી દુઃખી થતો નથી, તેને કોઈ બચાવતું કે પીડા કરતું નથી, છતાં વ્યવહારદષ્ટિએ કહેવાય છે કે અમુક મરી ગયો, અમુકને મારી નાખ્યો, જીવાડ્યો, સુખી કર્યો કે દુઃખી કર્યો, સુખી છે કે દુઃખી છે. આ સર્વ વ્યવહારે મનાય છે.

સંસારી જીવને શરીરના સંબંધથી કર્મ બંધાય છે અને તે કર્મદ્વારા વ્યવહાર દષ્ટિએ જીવ મરે છે, સુખી દુઃખી થાય છે એ બધું બને છે કોઈ જીવ કોઈને કાંઈ આપતો નથી એ પણ અપેક્ષાએ બરોબર છે. જે કર્મમાંથી આ ફળો પેદા થાય છે તે કર્મો તે જીવે પોતેજ બાંધેલાં છે. તે ઉદય આવતાં તેમાંથી સુખ-દુઃખ જીવન-મરણ પ્રગટ થાય છે. બીજા જીવો તેમાં નિમિત્ત કારણ થાય છે. પણ તાત્વિકદષ્ટિએ જો વિચાર કરવામાં આવે તો તે જીવ તેનાં પોતાના કરેલા કર્મોથી જ સુખી અને દુઃખી થાય છે આ અપેક્ષાએ જ કહેવામાં આવે છે કે 'એક જીવ બીજા જીવને મારી કે જીવાડી શકતો નથી, સુખી કે દુઃખી કરી શકતો નથી.'

આ જીવમાં એટલી બધી અજ્ઞાનતા છે કે જેને લઈને હું બીજાને સુખી-દુઃખી કરૂં છું, સુખી કે દુઃખી અમુકને મેં કર્યા, અથવા અમુકને સુખી કે દુઃખી કરીશ. આમ મારવા કે બચાવવાના નિમિત્ત પ્રસંગે તે જીવના પરિણામોમાં રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે અને આ રાગ-દ્વેષે કરીને દરેક ક્ષણે

આ જીવ નવીન કર્મનો બંધ કરતો રહે છે. આ મોહથી ઉત્પન્ન થતી કલ્પનાઓ જ છે. અથવા તે મોહથી કલ્પેલી છે તાત્ત્વિક નથી.

ઉપકારીનો ઉપકાર અનુભવતાં અથવા ઉપકાર કે અપકારનો બદલો લેતાં દેતાં મોહને લઈને આ જીવ અનેક પ્રકારની મિથ્યા કલ્પનાઓ કર્યા કરે છે, પણ જ્યારે આત્મતત્ત્વનું ભાન થાય છે, તેનો મોહ તેને લઈને દૂર થાય છે, ત્યારે તે એમ સમજવા લાગે છે કે- "હું તો કેવળ ચિદાનંદ સ્વરૂપ છું. મારામાં કે બીજામાં રાગ-દ્વેષાદિ વિકારો જે ઉત્પન્ન થાય છે તે જ્ઞાનાવરણાદિ કર્મોને લઈને જ છે. અત્યાર સુધીની મારી આ વિવિધ કલ્પનાઓ કેવળ તાત્ત્વિક સ્વરૂપના અભાવને જ આભારી હતી" આવી જાગૃતિ આવતાં આત્મા પોતાના નિર્વિકલ્પ સ્વભાવના આનંદમાં સ્થિર થાય છે.

કોઈપણ જીવ કોઈપણ જીવને ઉપકાર કે અપકાર કરતું નથી. હું બીજાને ઉપકાર કરૂં છું કે નુકશાન કરૂં છું એ મિથ્યા બુદ્ધિ છે. હા ! સહકારી કારણ-નિમિત્ત કારણરૂપે એક મનુષ્ય બીજાને સુખ આપે છે, અને બીજાને નિમિત્તે સુખી-દુઃખી થાય છે, પણ તાત્ત્વિક દૃષ્ટિએ વિચારતાં જેટલાં જેટલાં સંકલ્પ વિકલ્પો કરાય છે તે બધા તે જીવના કર્મ બંધનમાંથી જ ઉત્પન્ન થાય છે.

માટીનો ઘડો બનાવવામાં ચાકડો, કુંભાર, દોરી, દંડ વિગેરે સહકારી કારણ મનાય છે. માટી ઉપાદાન કારણ-મૂળ કારણ છે, તેમ જીવને સુખ-દુઃખ જન્મ-મરણ આદિ જે કાંઈ થાય છે તેની ઉત્પત્તિમાં મૂળ કારણ-ઉપાદાન કારણ કર્મ છે. અને તેને સુખી-દુઃખી કરનાર બીજા જીવો તે સહકારી કારણ-નિમિત્ત કારણ છે. આ ખરા કારણના જ્ઞાનના અભાવને લીધે આ જીવ એમ માને છે કે-હું બીજાને ઉપકાર કરૂં છું કે નુકશાન કરૂં છું, પણ આ વિચાર સર્વથા ભ્રાંતિવાળો અને મિથ્યા છે. ઉપાદાન કારણરૂપે ઉપકાર કે અપકાર કરનારા તો તેના શુભાશુભ કર્મ જ છે.

જેમ મેલ કપડાંને પોતાની સોબતથી મલિન કરે છે અને બીજાને પણ મલિન દેખાડે છે, તેમ મિથ્યાજ્ઞાન આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણને પોતાની સોબતથી મલિન કરે છે. અને વિશ્વના જીવો તે જીવના જ્ઞાનાદિમાં

વિપરીતતા જુવે છે. જેમ પાણી સાબુ આદિની સોબતથી કપડાનો મેલ દૂર થાય છે, અને લોકો તે કપડાંને ઉજ્વળરૂપે જુવે છે, તેમ સમ્યગ્જ્ઞાનાદિના યોગે બહારથી આવી મળેલા કર્મમળાદિ દૂર થાય છે, ત્યારે આત્મા નિર્મળ થાય છે. અને વિશ્વના જીવો તેને તેના સત્ય સ્વરૂપમાં જાણી શકે છે.

સત્યસ્વરૂપ પામવા માટે કર્મ વિષયના અગાધજ્ઞાનનું પાન કરી કર્મથી છૂટવાનો પ્રયત્ન કરવો જોઇએ. **શ્વેતામ્બરાચાર્ય શ્રી ગર્ગમહર્ષિ આદિ કૃત પ્રાચીન કર્મગ્રન્થો ૧ થી ૫ સંસ્કૃત પ્રાકૃત ટીકા સહ** અનેકવાર પ્રકાશિત થયેલ છે. પરંતુ બાલ જીવોને સંસ્કૃતનો અભ્યાસ ન હોવાના કારણે પ્રાચીન કર્મગ્રન્થ નામક વિષય છે એ પણ પ્રાયઃ બહુજ અલ્પ પ્રસિદ્ધિને પામેલ છે. સંસ્કૃત સટીક ગ્રન્થનું અધ્યયન કરતાં બહું જ સુંદર-સરળ-આનંદકારી વિષય લાગ્યો અને દેવ-ગુરુ-ધર્મની કૃપાથી અનુવાદ લખવાના પ્રયાસ કરતા સફળપણાને પામ્યો, જિનશાસનમાં પ્રસિદ્ધિ અને પ્રચલિતપણાને પામે! તથા કર્મ-વિપાક જિજ્ઞાસુઓને બહુજ ઉપયોગી થાય તે હેતુથી નવ્ય કર્મગ્રન્થોની ગાથા તથા અર્થ પણ સાથે પ્રકાશિત કરવાનું વિચારેલ છે. જિજ્ઞાસુ વર્ગને પુનરાવર્તન આદિ ચિંતનમાં સહાયક બને તે હેતુથી પૂજ્યશ્રીને વાત કરતાની સાથે જ તે અંગેની સંપૂર્ણ આર્થિક જવાબદારી મારા ઉપરથી દૂર કરી **શ્રી વિજયનીતિસૂરીશ્વર જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા** તરફથી પ્રકાશિત કરવાની ઉદારતા સહ અનુમતિ મળી. તેથી ઉપકાર અવિસ્મરણીય બન્યો અને પુસ્તક પ્રકાશનનું કાર્ય આગળ વધી પૂર્ણતાને પામેલ છે. મને પણ આ સુકૃતનો સદ્ભાગી બનવાનો લાભ મળેલ છે.

અવિનય, અજ્ઞાનતા દ્વારા જિનાજ્ઞા વિરુદ્ધ કાંઇ પણ લખાયું હોય, અનુવાદ થયો હોય, તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્ માંગું છું. તે સર્વે ઉદારશીલ ધીમાન્ પુરુષો મારા અપરાધને ક્ષમ્ય ગણવા વિનંતિ તથા કંઈ પણ અશુદ્ધિ જણાય તો જાણ કરવા વિનંતિ..........

**જી/૨, નિર્મિત એપાર્ટમેન્ટ, શાંતિવન રોડ,**
**પાલડી, અમદાવાદ-૭. ફોનઃ ૬૬૦૫૮૮૯**
**સં.૨૦૫૯ અષાઢવદ-૧૧**

**લી. આપનો જ**
**પરેશકુમાર જશવંતલાલ શાહ**
**(શિહોરીવાળા)**

# પુસ્તક પ્રકાશિત સમયે
# શાને ભૂલાય ઉપકારીઓને ?

- → વાત્સલ્યનિધિ પ. પૂ. **આ. શ્રીહેમપ્રભસૂરીશ્વરજી મ.સા.**ને ! કે જેઓએ આ તક અમોને આપી.
- → પ. પૂ. ૧૦૦૮ મુનિરાજ બાલમુનિ **શ્રીમુક્તિનિલયવિજયજી મ.સા.ને!** કે જેઓએ અનુવાદ કરતા મને વિશેષ પ્રેરણા કરી મુખ્યત્વનો ફાળો ભજવ્યો.
- → પ. પૂ. ૧૦૦૮ મુનિરાજ **શ્રીઅર્હપ્રભવિજયજી મ. સા.** તથા પ. પૂ. ૧૦૦૮ મુનિરાજ **શ્રીપ્રશમેશપ્રભવિજયજી મ. સા.**ને ! કે જેઓ અનેકવિધ શાસનપ્રભાવનાના કાર્યમાં વ્યસ્ત હોવા છતાં પ્રુફની શુદ્ધિ કરી આપી.
- → પંડિતવર્ય **શ્રીજિતેન્દ્રભાઈ બાબુલાલ શાહ** ને ! કે જેઓ પાસે સમયનો અભાવ હોવા છતાં પણ સુંદર પ્રસ્તાવના લખી શિખર ઉપર કળશ ચઢાવવાનું કાર્ય કર્યું છે. તેઓને
- → પંડિતવર્ય **શ્રીરતિભાઈ ચીમનલાલ દોશીને** ! અનુવાદ કરતી વખતે પણ સહકાર મળેલ છે.
- → કાશીસમ પાટણ સ્થિત ગુરુવર્ય પંડિતવર્ય **શ્રીચંદ્રકાન્તભાઈ સ્વરૂપચંદ સંઘવી ને** ! કે જેઓ અધ્યાપન કાર્યમાં લીન હોવા છતાં પણ પ્રુફ જોવાનું કહેતા ના પણ કહી નથી. તથા સમયના વિલંબ વિના પ્રુફ જોઈ આપેલા.
- → પ. પૂ. જ્ઞાનાદિગુણોપેતા સા. **શ્રીસર્વોદયાશ્રીજી** મ. સા. તથા પ. પૂ. સા. **શ્રી ચંદનબાલાશ્રીજી મ. સા.**ને ! જેઓએ પ્રુફ વિગેરે કાર્યમાં ચીવટપૂર્વક વાંચન કરી આપેલ છે.
- → પ્રાન્તે ભરત ગ્રાફીક્સવાળા શ્રી ભરતભાઈ તથા શ્રી કમલેશભાઈને કેમ ભૂલાય! કંમ્પોઝ-પ્રિન્ટીંગ-બાઈન્ડીંગ આદિ સુંદર કરી આપેલ છે.

**સર્વનો ઋણી**
**પરેશકુમાર જશવંતલાલ શાહ**
**(અમદાવાદ)**

# અનુક્રમણિકા

**પેજ.નં.**

મુખ્યપેજ ........................................ ૧
પ્રકાશકીય નિવેદન ........................................ ૪
પ્રસ્તાવના ........................................ ૫
કર્મ વિજ્ઞાનની વાત ........................................ ૧૦
બે બોલ ........................................ ૧૨
ममोपकारिणाम् किञ्चित् स्मरणम् । ........................................ ૧૩
અનુવાદકીય ........................................ ૧૫

પ્રાચીન કર્મગ્રન્થ પ્રથમ પ.પૂ.આ.શ્રી ગર્ગમહર્ષિકૃત ........................................ ૧
પ્રાચીન કર્મગ્રન્થ દ્વિતીય અજ્ઞાતકર્તૃક ........................................ ૧૮
પ્રાચીન કર્મગ્રન્થ તૃતીય અજ્ઞાતકર્તૃક ........................................ ૨૪
પ્રાચીન કર્મગ્રન્થ ચતુર્થ પ.પૂ.શ્રી.જીનવલ્લભગણીકૃત ........................................ ૩૦

પ્રાચીન કર્મગ્રન્થ પ્રથમ સાર્થ ગાથા ૧૬૮ ........................................ ૩૯
પ્રાચીન કર્મગ્રન્થ દ્વિતીય સાર્થ ગાથા ૫૫ (૫૭) ........................................ ૭૬
પ્રાચીન કર્મગ્રન્થ તૃતીય સાર્થ ગાથા ૫૪ ........................................ ૯૬
પ્રાચીન કર્મગ્રન્થ ચતુર્થ સાર્થ ગાથા ૮૬ ........................................ ૧૧૬

નવ્ય કર્મગ્રન્થ પ્રથમ સાર્થ ગાથા પ.પૂ.આ.શ્રી દેવેન્દ્રસૂરિકૃત ........ ૧૩૮
નવ્ય કર્મગ્રન્થ દ્વિતીય સાર્થ ગાથા પ.પૂ.આ.શ્રી દેવેન્દ્રસૂરિકૃત ...... ૧૫૧
નવ્ય કર્મગ્રન્થ તૃતીય સાર્થ ગાથા પ.પૂ.આ.શ્રી દેવેન્દ્રસૂરિકૃત ...... ૧૬૦
નવ્ય કર્મગ્રન્થ ચતુર્થ સાર્થ ગાથા પ.પૂ.આ.શ્રી દેવેન્દ્રસૂરિકૃત ....... ૧૬૭

॥ अर्हम् ॥

श्वेताम्बराग्रण्यश्रीमद्गर्गमहर्षिविरचितः

# कर्मविपाकाख्यः प्राचीनप्रथमः कर्मग्रन्थः

卐 卐 卐

વવગયકમ્મકલંકં, વીરં નમિઊણ કમ્મગઈકુસલં ।
વોચ્છં કમ્મવિવાગં, ગુરૂવઈટ્ઠં સમાસેણં ॥૧॥

કીરઈ જઓ જિએણં, મિચ્છત્તાઈહિઁ ચઉગઇગએણં ।
તેણિહ ભણ્ણઈ કમ્મં, અણાઈયં તં પવાહેણં ॥૨॥

તસ્સ ઉ ચઉરો ભેયા, પગઈમાઈઉ હુંતિ નાયવ્વા ।
મોયગદિટ્ઠંતેણં પગઈભેઓ ઈમો [1]હોઈ ॥૩॥

મૂલપયડીઉ અટ્ઠ ઉ, ઉત્તરપયડીણ અટ્ઠવન્નસયં ।
તાસિં સભાવભેયા, હુંતિ હુ ભેયા ઈમે સુણહ ॥૪॥

પઢમં નાણાવરણં, બીયં [2]પુણ દંસણસ્સ આવરણં ।
તઈયં ચ વેયણીયં, તહા ચઉત્થં ચ મોહણીયં ॥૫॥

[3]આઊ નામં ગોયં, *અટ્ઠમયં અંતરાઈયં હોઈ ।
મૂલપયડીઉ એયા, ઉત્તારપયડીઉ કિત્તોમિ ॥૬॥

પંચવિહનાણવરણં, નવ ભેયા દંસણસ્સ દો વેએ ।
અટ્ઠાવીસં મોહે, ચત્તારિ [4]ય આઉએ હુંતિ ॥૭॥

---

૧ "સુણહ" ઈત્યપિ પાઠઃ । ૨ "પુણ હોઈ દંસણાવરણં" । ૩ "આઉ ય નામં" ।
*"ચરિમં પુણ અંત૦" । ૪ "ઉ" ।

નામે તિઉત્તરસયં, દો ગોએ અંતરાઈએ પંચ ।
એએસિં ભેયાણં, [1]હોઈ વિવાગો ઈમો સુણહ ॥૮॥

પડપડિહારસિમજ્જાહડિચિત્તાકુલાલભંડગારીણં ।
જહ એએસિં ભાવા, [2]કમ્માણ વિ જાણ તહ [3]ચેવ ॥૯॥

સરઉગ્ગયસસિનિમ્મલયરસ્સ જીવસ્સ છાયણં જમિહ ।
નાણાવરણં કમ્મં, પડોવમં હોઈ એવં તુ ॥૧૦॥

જહ નિમ્મલાવિ ચક્ખૂ, પડેણ કેણાવિ છાઈયા સંતી ।
મંદં મંદતરાગં, પિચ્છઈ સા નિમ્મલા જઈ વિ ॥૧૧॥

તહ મઈસુયનાણાણં,[4]ઓહીમણકેવલાણ આવરણં ।
જીવં નિમ્મલરૂવં, આવરઈ ઈમેહિં ભેએહિં ॥૧૨॥

અટ્ઠાવીસઈભેયં, મઈનાણં ઈત્થ વણ્ણિયં સમએ ।
તં આવરેઈ જં તં, મઈઆવરણં હવઈ પઢમં ॥૧૩॥

[5]ચોદ્દસભેએસુ ગયં, સુયનાણં ઈત્થ વણ્ણિયં સમએ ।
તસ્સાવરણં જં પુણ સુયઆવરણં હવઈ બીયં ॥૧૪॥

અણુગામિવઢ્ઢમાણયભેયાઈસુ વણ્ણિઓ ઈહં ઓહી ।
તં આવરેઈ [6]જં તં અવહીઆવરણયં જાણ ॥૧૫॥

રિઉમઈવિઉલમ[7]ઈહિં, મણપજ્જવનાણવણ્ણ[8]ણંસમએ ।
તં આવરિયં જેણં, [9]તં પિ હુ મણપજ્જવાવરણં ॥૧૬॥

લોયાલોયગએસું, ભાવેસું જં ગયં મહાવિમલં ।
તં આવરિયં જેણં, કેવલઆવરણયં [10]તંપિ ॥૧૭॥

---

૧"હુંતિ હુ ભેયા ઈમે સુણહ" । ૨ "કમ્માણં તહ મુણેયવ્વા" ઈત્યપિ । ૩"ભાવા" ઈતિ । ૪ "ઓહિમણોકે૦" ઈતિ । ૫"ચઉદસ" ઈતિ । ૬"જંપિય, ઓહીઆવરણયંતંપિ" "જંપુણઓ૦" ઈતિ વા પાઠઃ । ૭"મઈહિય" ઈતિ । ૮"ન્નિયં સમએ" ઈતિ । ૯"તં પુણ" । ૧૦"તં તુ" ।

[1]એવં પંચવિયપ્પં નાણાવરણં સમાસઓ ભણિયં ।
બીયં દંસણવરણં, નવભેયં ભણણએ સુણહ ॥૧૮॥

દંસણસીલે જીવે, દંસણઘાયં કરેઈ જં કમ્મં ।
તં પડિહારસમાણં, દંસણવરણં ભવે બીયં ॥૧૯॥

જહ રન્નો પડિહારો, અણભિપ્પેયસ્સ સો ઉ લોયસ્સ ।
રણ્ણો તહિ દરિસાવં, ન દેઈ દટ્ઠું પિ કામસ્સ ॥૨૦॥

જહ રાયા તહ જીવો, પડિહારસમં તુ દંસણાવરણં ।
તેણિહ વિબંધએણં, ન પિચ્છએ સો [2]ઘડાઈયં ॥૨૧॥

નિદ્દાપણગં તત્થ ઉ, ચઉભેયા દંસણસ્સ આવરણે ।
[3]સુહપડિબોહો નિદ્દા, બીયા પુણ [4]નિદ્દનિદ્દા ય ॥૨૨॥

સા દુક્ખબોહણીયા, પયલા પુણ જા ઠિયસ્સ ઉદ્ધાઈ ।
પયલાપયલ ચઉત્થી, તીએ ઉદઓ ઉ ચંકમણે ॥૨૩॥

થીણદ્ધી પુણ દિણચિંતિયસ્સ અત્થસ્સ સાહણી પાયં ।
સા સંકિલિટ્ઠકમ્મસ્સ ઉદયઓ હોઈ નિયમેણં ॥૨૪॥

નિદ્દાપણગં એયં, ચક્ખૂ આવરઈ ચક્ખુઆવરણં ।
સેસિંદિયઆવરણં, હોઈ અચક્ખુસ્સ આવરણં ॥૨૫॥

સામન્નુવઓગં જં, વરેઈ તં ઓહિદંસણાવરણં ।
કેવલસામન્નં જં, વરેઈ તં કેવલસ્સ ભવે ॥૨૬॥

ભણિયં દંસણવરણં, તઈયં કમ્મં તુ હોઈ વેયણિયં ।
તં અસિધારાસરિસં, જહ હોઈ તહા નિસામેહ ॥૨૭॥

---

૧ "એયં" । ૨ "પડાઈયં" । ૩ "સુહપડિબોહા" । ૪ "નિદ્દનિદ્દ ત્તિ" ।

મહુલિત્તનિસિયકરવાલધારજીહાઈ [1]જારિસં લિહણં ।
તારિસયં વેયણિયં, સુહદુહઉપ્પાયગં મુણહ ॥૨૮॥

મહુઆસાયણસરિસો, સાયાવેયસ્સ હોઈ હુ વિવાગો ।
જં અસિણા તહિ છિજ્જઇ, સો ઉ વિવાગો અસાયસ્સ ॥૨૯॥

[2]એયં સુહદુક્ખકરં ચઉગઈમાવન્નયાણ જીવાણં ।
સામન્નેણં ભણિમો, સુહદુક્ખં દુસુ દુસુ ગઈસુ ॥૩૦॥

દેવેસુ ય મણુએસુ ય, તત્થ વિસિટ્ઠેસુ કામભોગેસુ ।
જં [3]ઉવભુંજઇ જીવો, સો ઉ વિવાગો [4]ઉ સાયસ્સ ॥૩૧॥

[5]નરએસુ ય તિરિએસુ ય, તેસુ ય દુક્ખાઇં ણેગરૂવાઇં ।
જં [6]ઉવભુંજઇ જીવો, સો [7]ઉ વિવાગો અસાયસ્સ ॥૩૨॥

એયમિહ વેયણીયં, ચઉત્થકમ્મં તુ હોઈ મોહણિયં ।
તં મજ્જપાણસરિસં, જહ હોઈ તહા નિસામેહ ॥૩૩॥

જહ મજ્જપાણમૂઢો, લોએ પુરિસો પરવ્વસો હોઈ ।
તહ મોહેણવિ મૂઢો, જીવોવિ પરવ્વસો હોઈ ॥૩૪॥

મોહેઇ મોહણીયં, તં પિ સમાસેણ [8]ભણણએ દુવિહં ।
દંસણમોહં પઢમં, ચરિત્તામોહં ભવે બીયં ॥૩૫॥

દંસણમોહં તિવિહં, સમ્મં મીસં ચ તહ ય મિચ્છત્તં ।
સુદ્ધં અદ્ધવિસુદ્ધં, અવિસુદ્ધં તં જહાકમસો ॥૩૬॥

કેવલનાણુવલદ્ધે, જીવાઇપયત્થ સદ્દહે જેણં ।
તં સંમત્તં કમ્મં, સિવસુહસંપત્તિ પરિણામં ॥૩૭॥

---

૧ "જારિસયલિહણં" ઇતિ "જારિસં લેહણં" ઇત્યપિ દશ્યતે । ૨ "એવં" ઇત્યપિ । ૩-૬ "તં ભુંજઈ" ઇતિ "તહિં ભુંજઈ" ઇત્યપિ । ૪-૭ "ય" ઇતિ । ૫ "તિરિએસુ ય નરએસુ ય તેસિં" । ૮ "હોઇ દુવિહં તુ" ઇતિ ।

રાગં નવિ જિણધમ્મે, [૧]નવિ દોસં જાઈ જસ્સ ઉદએણં ।
સો મીસસ્સ વિવાગો, અંતમુહુત્તં [૨]ભવે કાલં ॥૩૮॥

[૩]જિણધમ્મંમિ પઓસં, વહઇ ય હિયએણ જસ્સ ઉદએણં ।
તં મિચ્છત્તં કમ્મં, સંકિટ્ઠો તસ્સ ઉ વિવાગો ॥૩૯॥

જં પિ ય ચરિત્તમોહં, [૪]તં પિ હુ દુવિહં સમાસઓ હોઈ ।
સોલસ જાણ કસાયા, નવ ભેયા નોકસાયાણં ॥૪૦॥

કોહો માણો માયા, લોભો ચઉરો વિ હુંતિ ચઉભેયા ।
અણઅપ્પચ્ચક્ખાણા, પચ્ચક્ખાણા ય સંજલણા ॥૪૧॥

કોહો માણો માયા લોભો પઢમા [૫]અણંતબંધી ઉ ।
એયાણુદએ જીવો, ઇહ સંમત્તં ન પાવેઇ ॥૪૨॥

જં પરિણામો કિટ્ઠો મિચ્છાઓ જાવ સાસણો તાવ ।
સમ્મામિચ્છાઈસું, એસિં ઉદઓ [૬]અઓ નત્થિ ॥૪૩॥

કોહો માણો માયા, લોભો બીયા અપચ્ચખાણા ઉ ।
એયાણુદએ જીવો, વિરયાવિરઇં ન પાવેઇ ॥૪૪॥

એસિં [૭]જાણ વિવાગો, મિચ્છાઓ જાવ અવિરઓ તાવ ।
પરઓ દેસજયાઈસુ, નત્થિ વિવાગો ચઉણ્હંપિ ॥૪૫॥

કોહો માણો માયા લોભો તઇયા ઉ પચ્ચખાણા ઉ ।
એયાણુદએ જીવો, પાવેઇ ન [૮]સવ્વવિરઇં તુ ॥૪૬॥

એસિં [૯]જાણ વિવાગો, મિચ્છાઓ જાવ વિરયવિરઓ [૧૦]ઉ ।
પરઓ પમત્તમાઈસુ, નત્થિ વિવાગો ચઉણ્હં પિ ॥૪૭॥

---

૧ "ન ય" ઈતિ । ૨ "હવઇ" ઈતિ । ૩ "જિણધમ્મસ્સ પઓસં વહઈ ઉદએણ જસ્સ કમ્મસ્સ" । ૪ "તંપિ સમાસેણ હોઈ દુવિહં તુ" । ઈત્યપિ । "તંપિ સમાસેણ દુવિહ ભણિયં તુ" ઈત્યપિ । ૫ "અણંતબધીઉ" ઈત્યપિ । ૬ "જઓ" ઈતિ । ૭-૯ "જેણ" ઈતિ । ૮ "સવ્વવિરઈ ઉ" ઈતિ । ૧૦ "ય" ઈતિ ।

કોહો માણો માયા, લોભો ચરિમા ઉ હુંતિ સંજલણા ।
એયાણુદએ જીવો, ન લહઇ અહખાયચારિત્તં ॥૪૮॥

એસિં [1]જાણ વિવાગો, મિચ્છાઓ જાવ બાયરો તિણ્હં ।
લોભસ્સ જાવ સુહુમો, હોઇ વિવાગો ન પરઓ [2]ઉ ॥૪૯॥

નવ નોકસાય ભણિમો, વેયા તિન્નેવ હાસછક્કં ચ ।
ઇત્થીપુરિસનપુંસગ, તેસિં સરૂવં ઇમં હોઇ ॥૫૦॥

પુરિસં પઇ અહિલાસો, ઉદએણં હોઇ જસ્સ કમ્મસ્સ ।
સો કુંકુમદાહસમો, ઇત્થીવેયસ્સ ઉ વિવાગો ॥૫૧॥

ઇત્થીએ પુણ ઉવરિં, [3]જસ્સિહ ઉદએણ [4]રાગઉપ્પજ્જે ।
સો તણદાહસમાણો, હોઇ વિવાગો [5]પુરિસવેએ ॥૫૨॥

ઇત્થીપુરિસાણુવરિં, [6]જસ્સિહ ઉદએણ [7]રાગઉપ્પજ્જે ।
નગરમહાદાહસમો, [8]સો ઉ વિવાગો [9]અપુમવેએ ॥૫૩॥

[10]તિણ્હ વિ હોઇ વિવાગો, મિચ્છાઓ જાવ બાયરો તાવ ।
હાસરઇઅરઇભયં, સોગદુગુંછા [11]ઉ અહ ભણિમો ॥૫૪॥

સનિમિત્તાડનિમિત્તં વા, જં હાસં હોઇ[12] ઇત્થ જીવસ્સ ।
સો હાસમોહણીયસ્સ હોઇ કમ્મસ્સ ઉ વિવાગો ॥૫૫॥

સચ્ચિત્તાચિત્તેસુ ય, બાહિરદવ્વેસુ જસ્સ ઉદએણં ।
હોઇ રઇ રઇમોહે, [13]સો ઉ વિવાગો વિયાણાહિ ॥૫૬॥

સચ્ચિત્તાચિત્તેસુ ય, બાહિરદવ્વેસુ જસ્સ ઉદએણં ।
અરઇ હોઇ હુ જીવે સો ઉ વિવાગો અરઇમોહે ॥૫૭॥

---

૧ "જેણ" ઇતિ । ૨-૧૧ "ય" ઇતિ । ૩-૬ "જસ્સુદએણં તુ" ઇતિ । ૪-૭ "રાગમુપ્પજ્જે" ઇતિ । ૫ "ઉ પુમવેએ" ઇતિ । ૮ "હોઇ" ઇતિ "જાણ" ઇતિ વા । ૯ "નપુંસસ્સ" ઇતિ । ૧૦ "તિણ્હવિ જાણ વિવાગો" ઇતિ । ૧૨ "એત્થ" ઇતિ । ૧૩ "તં તુ વિવાગં વિયાણાહિ" "સો ઉ વિવાગો મુણેયવ્વો" ઇતિ ।

ભયવજ્જિયમ્મિ જીવે, જસ્સિહ ઉદએણ હુંતિ કમ્મસ્સ ।
સત્તવિ ભયઠાણાઇં, ભયમોહે સો વિવાગો ઉ ॥૫૮॥

સોગરહિયમ્મિ જીવે, [૧]જસ્સિહ ઉદએણ હોઇ કમ્મસ્સ ।
અક્કંદણાઇસોગો, તં [૨]જાણહ સોગમોહણિયં ॥૫૯॥

દુગ્ગંધમલિણગેસુ ય, [૩]અબ્ભિંતરબાહિરેસુ દવ્વેસુ ।
જેણ વિલીયં જીવે ઉપ્પજ્જઇ સા [૪]દુગુંછા [૫]ઉ ॥૬૦॥

છણ્હવિ [૬]હોઇ વિવાગો, મિચ્છાઓ જા અપુવ્વકરણસ્સ ।
ચરમસમઉ ત્તિ પરઓ, નત્થિ વિવાગો[૭]ઉ છણ્હં પિ ॥૬૧॥

ભણિઓ મોહવિવાગો, આઉયકમ્મં[૮]તુ પંચમં ભણિમો ।
[૯]તં હોઇ ચઉપયારં, નરતિરિમણુદેવભેએહિં ॥૬૨॥

દુક્ખં ન દેઇ આઉં [૧૦]નેય સુહં દેઇ ચઉસુવિ ગઈસુ ।
દુક્ખસુહાણાહારં, ધરેઈ દેહટ્ઠિયં જીવં ॥૬૩॥

જં નેરઇયં નારયભવમ્મિ તહિં ધરઇ ઉવ્વિયંતં પિ ।
જાણસુ તં નિરયાઉં હડિસરિસો તસ્સ ઉ વિવાગો ॥૬૪॥

એવં તિરિયં મણુયં દેવં તિરિયાઇએસુ [૧૧]ભાવેસુ ।
જં ધરઇ તબ્ભવગયં તં તેસિં આઉયં ભણિયં ॥૬૫॥

ભણિયં આઉયકમ્મં, છટ્ઠં કમ્મં [૧૨]તુ ભણ્ણએ નામં ।
તં ચિત્તગરસમાણં, [૧૩]જહ હોઇ તહા નિસામેહ ॥૬૬॥

જહ ચિત્તયરો નિઉણો, અણેગ[૧૪]રૂવાઇં કુણઇ રૂવાઇં ।
સોહણમસોહણાઇં, [૧૫]ચોક્ખાચોક્ખેહિં વણ્ણેહિં ॥૬૭॥

---

૧ "જસ્સ ઉ" ઇતિ । ૨ "જાણસુ" ઇતિ । ૩ "સબ્ભિંતર૦" ઇતિ । ૪ "દુગંછા" ઇતિ । ૫-૭ "ય" ઇતિ । ૬ "જાણ" ઇતિ । ૮ "ચ" ઇતિ । ૯ "તં પિ હુ ચઉપ્પયારં" ઇતિ । ૧૦ "નેવ" ઇતિ "ન વિય" ઇતિ વા પાઠઃ । ૧૧ "ભેએસુ" ઇતિ । ૧૨ "ઉ" । ૧૩ "અણેગરૂવં જિયં કુણઇ" ઇતિ । ૧૪ "ભેયાઇ" ઇતિ । ૧૫ "ચુક્ખમચોક્ખેહિઁ" "ચુક્ખાચુક્ખેહિઁ" ઇત્યપિ વા પાઠઃ ।

તહ નામં પિ યકમ્મં, અણેગરૂવાઇં કુણઇ જીવસ્સ ।
સોહણમસોહણાઇં, ઇટ્ઠાણિટ્ઠાઇં લોયસ્સ ॥૬૮॥

ગઇયાઇએ[1]સુ જીવં, નામઇ ભેએસુ જં તઓ નામં ।
તસ્સ [2]ઉ બાયાલીસં, ભેયા અહવાવિ સત્તટ્ઠી ॥૬૯॥

અહવા વિ [3]હુ તેણઉઈ, ભેયા પયડીણ [4]હુંતિ નામસ્સ ।
અહવા તિઉત્તરસયં, સવ્વેવિ જહક્કમં ભણિમો ॥૭૦॥

પઢમા બાયાલીસા, ગઈજાઈસરીરઅંગુવંગે ય ।
બંધણસંઘાયણસંઘયણસંઠાણનામં ચ ॥૭૧॥

તહ વણ્ણગંધરસફાસનામ અગુરુલહુયં ચ બોધવ્વં ।
ઉવઘાયપરાઘાયાણુપુવ્વિઉસ્સાસનામં ચ ॥૭૨॥

આયાવુજ્જોયવિહાયગઈ તસથાવરાભિહાણં ચ ।
બાયરસુહુમં પજ્જત્તાપજ્જત્તં ચ નાયવ્વં ॥૭૩॥

પત્તેયં સાહારણ, થિરમથિર [5]સુભાસુભં ચ નાયવ્વં ।
[6]સૂભગદૂભગનામં, સૂસર તહ દૂસરં ચેવ ॥૭૪॥

આઈજ્જમણાઈજ્જં, જસકિત્તીનામમજસકિત્તી ય ।
નિમ્માણં તિત્થયરં, ભેયાણવિ હુંતિમે ભેયા ॥૭૫॥

ગઈ હોઈ [7]ચઉબ્ભેયા, [8]જાઈવિ ય પંચહા મુણેયવ્વા ।
પંચ ય હુંતિ સરીરા, અંગોવંગાઇં [9]તિન્નેવ ॥૭૬॥

છસ્સંઘયણા જાણસુ, સંટ્ઠાણાવિ ય [10]હવંતિ છચ્ચેવ ।
વણ્ણાઈણ ચઉક્કં, અગુરુલહુવઘાયપરઘાયં ॥૭૭॥

---

૧ "સું ય જિયં" ઈતિ । ૨ "ય" ઈતિ । ૩ "ઉ તેણઉઇ વિ" ઈતિ । ૪ "હોંતિ" ઈતિ । ૫ "સુહાસુહં" ઈતિ । ૬ "સૂહગદૂહગ" ઈતિ । ૭ "ચઉપયારા" ઈત્યપિ । ૮ "જાઈવિહ" ઈત્યપિ । ૯ "તિણ્ણેવ" ઈતિ । ૧૦ "તહેવ" ઈતિ પાઠઃ ।

અણુપુવ્વી ચઉભેયા, ઊસાસં આયવં ચ ઉજ્જોયં ।
સુહઅસુહવિહાયગઈ, તસાઈવીસં ચ નિમ્માણં ॥૭૮॥

તિત્થ[૧]યરેણ ય સહિયા, સત્તટ્ઠી એવ હુંતિ પયડીઓ ।
સમ્મામીસેહિ વિણા, તેવન્ના સેસકમ્માણં ॥૭૯॥

એવં વિસુત્તરસયં [૨]બંધે પયડીણ હોઈ નાયવ્વં ।
બંધણસંઘાયાવિ ય, સરીરગહણેણ ઈહ ગહિયા ॥૮૦॥

બંધણભેયા પંચ ઉ, સંઘાયાવિ ય હવંતિ પંચેવ ।
પણ વણ્ણા દો ગંધા, પંચ રસા અટ્ઠ ફાસા ય ॥૮૧॥

દસ સોલસ છવ્વીસા, એયા મેલેહિં સત્તસટ્ઠીએ ।
તેણઉઈ હોઈ તઓ, બંધણભેયા ઉ [૩]પણ્ણરસ ॥૮૨॥

સવ્વેહિ વિ છૂઢેહિં, તિગઅહિયસયં તુ હોઈ નામસ્સ ।
એએસિં તુ વિવાગં, વુચ્છામિ અહાણુપુવ્વીએ ॥૮૩॥

નારયતિરિયનરામરગઈભેયા ચઉવિહા ગઈ હોઈ ।
એસા ખલુ ઓદઈએ, હોઈ હુ ભાવે જઓ આહ ॥૮૪॥

જીએ ઉદએણ જીવો, નેરઈઓ હોઈ નરયપુઢવીએ ।
સા ભણિયા નરયગઈ, સેસગઈઓ વિ એમેવ ॥૮૫॥

ઈગદુગતિગચઉરિંદિયજાઈ પંચિંદિયાણ પંચ[૪]મિયા ।
ખયઉવસમિએ ભાવે, હુંતિ હુ [૫]એયા જઓ આહ ॥૮૬॥

એગિંદિએસુ જીવો, જસ્સિહ ઉદએણ [૬]હોઈ કમ્મસ્સ ।
સા એગિંદિયજાઈ, જાઈઓ એવ [૭]સેસા ઉ ॥૮૭॥

---

૧ "૦યરેણં સ૦" ઈતિ । ૨ "બંધણપયડીણ" ઈતિ । ૩ "પન્નરસ" ઈતિ । ૪ "૦વિહા" ઈતિ । ૫ "ભેયા" ઈતિ । ૬ "જાઈ" ઈતિ । ૭ "સેસાવિ" ઈતિ ।

ઓરાલિયવેઉવ્વિયઆહારયતેયકમ્મએ [1]ચેવ ।
એવં પંચ સરીરા, તેસિઁ વિવાગો ઇમો હોઇ ॥૮૮॥

ઓરાલિયં સરીરં, ઉદએણં હોઇ જસ્સ કમ્મસ્સ ।
તં ઓરાલિયનામં, સેસસરીરા વિ એમેવ ॥૮૯॥

અંગોવંગવિભાગો, ઉદએણં [2]હોઇ જસ્સ કમ્મસ્સ ।
તં અંગુવંગનામં, તસ્સ વિવાગો ઇમો હોઇ ॥૯૦॥

સીસમુરોયરપિટ્ઠી દો બાહૂ ઊરુયા ય અટ્ઠંગા ।
અંગુલિમાઇઉવંગાઇં, અંગોવંગાઇં, સેસાઇં ॥૯૧॥

આઇલ્લાણં તિણ્હં, હુંતિ સરીરાણ અંગુવંગાઇં ।
[3]ણો તેયગકમ્માણં, બંધણનામં ઇમં હોઇ ॥૯૨॥

ઓરાલિયઓરાલિય ઓરાલિયતેયબંધણં બીયં ।
ઓરાલકમ્મબંધણ, તિણ્હવિ જોગે ચઉત્થં તુ ॥૯૩॥

ઓરાલપુગ્ગલા, ઇહ, બદ્ધા જીવેણ જે ઉરાલત્તે ।
અન્ને [4]ઉ બજ્ઝમાણા, ઓરાલિયપુગ્ગલા જે [5]ય ॥૯૪॥

તેસિં જં સંબંધં, [6]અવરોપ્પરપુગ્ગલાણમિહ કુણઇ ।
તં જઉસરિસં જાણસુ, ઓરાલિયબંધણં પઢમં ॥૯૫॥

એવોરાલિયતેયગ, ઓરાલિયકમ્મબંધણં તહ ય ।
ઓરાલતેયકમ્મગબંધણનામં પિ એમેવ ॥૯૬॥

વેઉવ્વિયવેઉવ્વિય, વેઉવ્વિયતેયબંધણં બીયં ।
વેઉવ્વિકમ્મબંધણ, તિણ્હવિ જોએ ચઉત્થં તુ ॥૯૭॥

---

૧ "ચેવં । પંચેવ સરીરા તેસિં ચ વિભાગં ઇમં સુણહ" ઇત્યપિ પાઠઃ । ૨ "જસ્સ હોઇ" ઇત્યપિ । ૩ "નો" ઇતિ । ૪ "ય" ઇતિ । ૫ "ઉ" ઇતિ । ૬ "અવરુપ્પર" ઇતિ ।

વેઉવ્વિપુગ્ગલા ઇહ, બદ્ધા જીવેણ જે વિઉવ્વિત્તે ।
અન્ને ય બજ્ઝમાણા, વેઉવ્વિયપુગ્ગલા જે ઉ ॥૯૮॥

તેસિં જં સંબન્ધં, [1]અવરોપ્પરપુગ્ગલાણમિહ કુણઇ ।
તં જઉસરિસં જાણસુ, વેઉવ્વિયબંધણં પઢમં ॥૯૯॥

એવં વિઉવ્વિતેયગ, વેઉવ્વિયકમ્મબંધણં તહ ય ।
વેઉવ્વિતેયકમ્મગબંધણનામં પિ એમેવ ॥૧૦૦॥

આહારગઆહારગ, આહારગતેયબંધણં બીયં ।
આહારકમ્મબંધણ, તિણ્હવિ જોએ ચઉત્થં તુ ॥૧૦૧॥

આહારપુગ્ગલા ઇહ, આહારત્તેણ જે નિબદ્ધા ઉ ।
અન્ને ય બજ્ઝમાણા, આહારગપુગ્ગલા જે ઉ ॥૧૦૨॥

તેસિં જં સંબન્ધં, [2]અવરોપ્પરપુગ્ગલાણમિહ કુણઇ ।
તં જઉસરિસં જાણસુ, આહારગબંધણં પઢમં ॥૧૦૩॥

એવાહારગતેયગ, આહારગકમ્મબંધણં તહ ય ।
આહારતેયકમ્મગબંધણનામં પિ એમેવ ॥૧૦૪॥

એવં તેયગતેયગ, તેયગ[3]કમ્મે ય બંધણં તહ ય ।
[4]કમ્મઇગં કમ્મઇગં, બંધણ[5]નામં પિ પનરસમં ॥૧૦૫॥

સંઘાયનામ[6]મહુણા, સંઘાયઇ જેણ તેણ સંઘાયં ।
ઓરાલિયસંઘાયં, વેઉવ્વિય જાવ [7]કમ્મઇગં ॥૧૦૬॥

ઓરાલાઈ જે દેહપુગ્ગલા [8]હોંતિ જમ્મિ ઠાણમ્મિ ।
તે [9]ઠંતિ તમ્મિ ઠાણે, સંઘાયણ[10]કમ્મણો ઉદએ ॥૧૦૭॥

---

૧ "અવરુપ્પર" ઇતિ । ૨ "અવરુપ્પરપોગ્ગલાણ" ઇત્યપિ । ૩ "કમ્મયગબંધણં" ઇત્યપિ । ૪ "કમ્મઇયં કમ્મઇયં" ઇત્યપિ । ૫ "નામં તુ પન્નરસં" ઇતિ । ૬ "અહુણા" ઇત્યપિ । ૭ "કમ્મઈયં" ઇત્યપિ । ૮-૯ "હુંતિ" ઇતિ । ૧૦ "૦કમ્મુણો" ઇત્યપિ ।

વજ્જરિસહનારાયં, [1]રિસહં નારાયમદ્ધનારાયં ।
કીલિય તહ છેવટ્ઠં, તેસિ સરૂવં ઇમં હોઇ ॥૧૦૮॥

રિસહો [2]ય હોઇ પટ્ટો, વજ્જં પુણ કીલિયા મુણેયવ્વા ।
ઉભઓ[3]મક્કડબંધં, નારાયં તં વિયાણાહિ ॥૧૦૯॥

જસ્સુદએણં જીવે, સંઘયણં હોઇ વજ્જરિસહં તુ ।
તં વજ્જરિસહનામં સેસાવિ હુ એવ સંઘયણા ॥૧૧૦॥

સમચઉરંસે નગ્ગોહમંડલે સાઇવામણે ખુજ્જે ।
હુંડે વિ ય [4]સંઠાણે, તેસિ સરૂવં ઇમં હોઇ ॥૧૧૧॥

તુલ્લં વિત્થડબહુલં, ઉસ્સેહબહું ચ મડહ [5]કોટ્ઠં ચ ।
હિટ્ઠિલ્લકાયમડહં, સવ્વત્થાસંઠિયં હુંડં ॥૧૧૨॥

જસ્સુદએણં જીવે, ચઉરંસં નામ હોઇ સંઠાણં ।
તં ચઉરંસં નામં, સેસાવિ હુ એવ સંઠાણા ॥૧૧૩॥

કિણ્હા નીલા લોહિય, હાલિદ્દા તહ ય હુંતિ [6]સુક્કિલયા ।
જિયદેહાણં વણ્ણા, ઉદએણં વણ્ણનામસ્સ ॥૧૧૪॥

ગંધેણ સુરભિગંધં, અહવા ગંધેણ દુરભિગંધં તુ ।
હોઇ જિયા[7]ણં દેહં, ઉદએણં ગંધનામસ્સ ॥૧૧૫॥

[8]તિત્તકડુયકસાયા, અંબિલમહુરા [9]રસાવિ[10]પંચ ભવે ।
તેવિ હુ જિયદેહાણં, રસનામુદએણ ખજ્જંતા ॥૧૧૬॥

ગુરુલહુમિઉકઢિણાવિ ય, નિદ્ધા લુક્ખા ય હોંતિ સીઉણ્હા ।
જિયદેહાણં ફાસા, ઉદએણં ફાસનામસ્સ ॥૧૧૭॥

---

૧ "પઢમં બીયં ચ રિસહનારાયં । નારાયમદ્ધનારાયકીલિયા તહ ય છેવટ્ઠં । ઇતિ પાઠઃ । ૨ "અ" ઇતિ વા । ૩ "મક્કડબંધો" ઇતિ । ૪ "સંઠાણા જીવાણં છ મુણેયવ્વા" ઇત્યપિ । ૫ "કુટ્ઠં ઇતિ વા" । ૬ "સુક્કા ય" ઇતિ । ૭ "ૹણ સરીરં" ઇતિ । ૮ "તિત્તગકડુયા કસાયા" ઇત્યપિ પાઠઃ । ૯ "રસા ઉ" ઇતિ । ૧૦ "પંચવિહા" ઇતિ ।

ગુરુઅં ન હોઈ દેહં, ન ય લહુયં હોઈ સવ્વજીવાણં ।
હોઈ હુ અગુરુયલહુયં, અગુરુલહુયનામઉદએણં ॥૧૧૮॥

અંગાવયવો પડિજિબ્મિયા[1]ઈ જો અપ્પણો ઉવગ્ઘાયં ।
કુણઈ હુ દેહંમિ ઠિઓ, સો ઉવઘાયસ્ય ઉ વિવાગો ॥૧૧૯॥

તયવિસદંતવિસાઈ, અંગાવયવો [2]ય જો ઉ અન્નેસિં ।
જીવાણ કુણઈ ઘાયં, સો પરઘાયસ્સ ઉ વિવાગો ॥૧૨૦॥

નારયતિરિયનરામરભવેસુ જંતસ્સ અંતરગઈએ ।
અણુપુવ્વીએ ઉદઓ, સા ચઉહા [3]સુણસુ જહ હોઈ ॥૧૨૧॥

નરયાઉયસ્સ ઉદએ, નરએ વક્કેણ ગચ્છમાણસ્સ ।
નરયાણુપુવ્વિયાએ, [4]તહિઁ ઉદઓ અન્નહિં નત્થિ ॥૧૨૨॥

એવં તિરિમણુદેવે, તેસુવિ વક્કેણ ગચ્છમાણસ્સ ।
તેસિમણુપુવ્વિયાણં [5]તહિઁ ઉદઓ અન્નહિં નત્થિ ॥૧૨૩॥

જસ્સુદએણં જીવે, નિપ્ફત્તી હોઈ આણપાણૂણં ।
તં [6]ઊસાસં નામં, તસ્સ વિવાગો સરીરમ્મિ ॥૧૨૪॥

જસ્સુદએણં જીવે, હોઈ સરીરં તુ તાવિલં ઈત્થ ।
સો આયવે વિવાગો, જહ રવિબિંબે તહા જાણ ॥૧૨૫॥

[7]ન ભવઈ તેયસરીરે, જેણ ઉ તેયસ્સ ઉસિણફાસસ્સ ।
હોઈ હુ ઉદઓ નિયમા, તહ લોહિયવણ્ણનામસ્સ ॥૧૨૬॥

જસ્સુદએણં જીવો, અણુસિણદેહેણ કુણઈ ઉજ્જોયં ।
તં ઉજ્જોયં નામં, જાણસુ ખજ્જોયમાઈણં ॥૧૨૭॥

---

૧ "વ્ય જો સત્તણો ઉ ઉવઘાયં" ઈતિ વા । ૨ "ઉ" ઈતિ વા । ૩ "સુણહ" ઈતિ વા । ૪-૫ "ઉદઓ તહિઁ" ઈતિ વા । ૬ "ઉસ્સાસં" ઈતિ । ૭ "કિં નવિ તેયસરીરે, ભણ્ણઈ તેયસ્સ" ઈતિ પાઠઃ "કિન્ન હુ" ઈતિ વા ।

જસ્સુદએણં જીવો, વર[1]વસભગઈએ ગચ્છઇ ગઈએ ।
[2]સા સુહિયા વિહગગઈ, હંસાઈણં ભવે સા ઉ ॥૧૨૮॥

જસ્સુદએણં જીવો, [3]અમણિટ્ઠાએ ઉ ગચ્છઇ ગઈએ ।
સા અસુભા વિહગગઈ, ઉટ્ટાઈણં ભવે સા ઉ ॥૧૨૯॥

તસ-બાયર-પજ્જત્તં, પત્તેય-થિરં સુભં ચ સુભગં ચ ।
સૂસર-આઈજ્જ-જસં, તસાઈદસગં ઈમં હોઇ ॥૧૩૦॥

આઈમ્મિ તસચઉક્કં, થિરાઈછક્કં તુ ઉવરિમં હોઈ ।
થાવરદસગં અહુણા, [4]થાવર-સુહુમં અપજ્જત્તં ॥૧૩૧॥

હોઈ તહા સાહારં, અથિરં અસુભં ચ દૂભગં ચેવ ।
દૂસરણાઈજ્જેહિં ય, અજસેહિં ય બીયદસગં તુ ॥૧૩૨॥

આઈમ્મિ થાવરચઊ, સુહુમતિગં ઉવરિમં ભવે ઈત્થ ।
અથિરાઈછક્કમુવરિં, [5]વિવાગભેયં અઓ ભણિમો ॥૧૩૩॥

તસનામુદએ જીવો બેઈંદિયમાઈ જાઇ [6]જીવેસુ ।
થાવરનામુદએ [7]પુણ, પુઢવીમાઈસુ સો જાઈ ॥૧૩૪॥

બાયરનામુદએણં, બાયરકાઓ [8]ઉ હોઈ સો નિયમા ।
સુહુમેણ સુહુમકાઓ, અંતમુહુત્તાઉઓ હોઈ ॥૧૩૫॥

આહારસરીરિંદિયપજ્જત્તીઆણપાણભાસમણે ।
ચત્તારિ પંચ છપ્પિ ય, એગિંદિયવિગલસન્નીણં ॥૧૩૬॥

એયાસિં નિપ્ફત્તી, ઉદએણં જસ્સ હોઈ કમ્મસ્સ ।
તં પજ્જત્તં નામં, ઈયરુદએ નત્થિ નિપ્ફત્તી ॥૧૩૭॥

---

૧ "વસહ°" ઈતિ વા । ૨ "સા સુહયા" ઈતિ । ૩ "અમણીહાએ ય" ઈતિ । ૪ "થાવરસુહુમં ચ સાહારં ॥૧૩૧॥ તહ હોઈ અપજ્જતં" ઈતિ । ૫ "વિવા ગભેઓ ઈમો ભણિઓ" ઈતિ, "વિવાગભેઓ ઈમો હોઈ" ઈતિ વા પાઠઃ । ૬ "જાઈસુ" ઈતિ । ૭ "ણં" ઈતિ । ૮ "ય" ઈતિ ।

ઇક્કિક્કયંમિ જીવે, ઇક્કિક્કં જસ્સ હોઇ ઉદએણં ।
[1]ઓરાલાઇસરીરં, તં નામં હોઇ પત્તેયં ॥૧૩૮॥

જીવાણમણંતાણં, ઇક્કં ઓરાલિયં ઇહ સરીરં ।
હવઇ [2]હુ જસ્સુદએણ, તં સાહારં [3]હવઇ નામં ॥૧૩૯॥

દંતટ્ઠાઇથિરાણં, અંગાવયવાણ જસ્સ ઉદએણં ।
નિપ્ફત્તી ઉ સરીરે, [4]જાયઇ તં હોઇ થિરનામં ॥૧૪૦॥

જીહાભમુહાઈણં, અંગાવયવાણ જસ્સ ઉદએણં ।
નિપ્ફત્તી ઉ સરીરે, જાયઇ તં અથિરનામં તુ ॥૧૪૧॥

સિરમાઈણ સુહાણં, અંગાવયવાણ જસ્સ ઉદએણં ।
નિપ્ફત્તી ઉ સરીરે જાયઇ તં હોઇ સુભનામં ॥૧૪૨॥

પાયાઈ અસુહાણં, અંગાવયવાણ જસ્સ ઉદએણં ।
નિપ્ફત્તી ઉ સરીરે જાયઇ તં અસુભનામં તુ ॥૧૪૩॥

સૂભગકમ્મુદએણં [5]હવઇ હુ જીવો ઉ સવ્વજણઇટ્ઠો ।
[6]દૂહગકમ્મુદએ પુણ, દુહઓ સો [7]સયલલોયસ્સ ॥૧૪૪॥

સૂસરકમ્મુદએણં, સૂસરસદ્દો [8]ય હોઇ ઇહ જીવો ।
દૂસરઉદએ [9]વિસરો જંપંતો હોઇ જણવેસો ॥૧૪૫॥

આએજ્જકમ્મઉદએ ચિટ્ઠા જીવાણ ભાસણં જં ચ ।
તં બહુ મન્નઇ લોઓ, [10]અબહુમયં ઇયરઉદએણં ॥૧૪૬॥

જસ્સુદએણં જીવો લહઇ હુ [11]કિત્તિં જસં ચ લોગમ્મિ ।
તં જસનામં કમ્મં અજસુદએ લહઇ વિવરીયં ॥૧૪૭॥

---

૧ "ઓરાલિયં સરીરં" ઇતિ । ૨ "ય" ઇતિ । ૩ "ભવે" ઇતિ । ૪ "જાયં" ઇત્યપિ પાઠઃ । ૫ "હોઇ હુ" ઇતિ । ૬ "દૂભગકમ્મુદએણં, દુબ્ભગઓ" ઇતિ દૂભગકમ્મુદએણં દુભગો.સો સવ્વલોગસ્સ" ઇતિ વા । ૭ "સવ્વલોગસ્સ" ઇતિ । ૮ "ઉ" ઇતિ । ૯ "વિરસો" ઇતિ । ૧૦ "અવમન્નઇ" ઇતિ । ૧૧ "કિત્તીજસ" ઇત્યપિ પાઠઃ ।

દેહંગાવયવાણં લિંગાગિઈ જાઈ નિયમણં જં ચ ।
તહિઁ સુત્તાહારસરિસો નિમ્માણે હોઈ હુ વિવાગો ॥૧૪૮॥

ઉદએ જસ્સ સુરાસુરનરવઈનિવહેહિઁ પૂઈઓ [1]હોઈ ।
તં તિત્થયરં નામં તસ્સ વિવાગો [2]ઉ કેવલિણો ॥૧૪૯॥

ભણિયં નામં કમ્મં અહુણા ગોયં તુ સત્તમં ભણિમો ।
તં પિ કુલાલસમાણં દુવિહં જહ હોઈ [3]તહ ભણિમો ॥૧૫૦॥

જહ ઈત્થ કુંભકારો પુઢવીએ કુણઈ એરિસં રૂવં ।
જં લોયાઓ પૂયં, પાવઈ ઈહ પુણ્ણકલસાઈ ॥૧૫૧॥

ભુંભુલમાઈ અન્નં, સો ચ્ચિય પુઢવીએ કુણઈ રૂવં તુ ।
જં લોયાઓ નિંદં, પાવઈ અકએવિ મજ્જમ્મિ ॥૧૫૨॥

એવ કુલાલસમાણં, ગોયં કમ્મં તુ [4]હોઈ જીવસ્સ ।
ઉચ્ચાનીયવિવાગો જહ હોઈ તહા નિસામેહ ॥૧૫૩॥

[5]અધણી બુદ્ધિવિઉત્તો, રૂવવિહૂણોવિ જસ્સ ઉદએણં ।
[6]લોયમ્મિ લહઈ પૂયં, ઉચ્ચાગોયં તયં હોઈ ॥૧૫૪॥

[7]સધણો રૂવેણ જુઓ, બુદ્ધીનિઉણો વિ જસ્સ ઉદએણં ।
[8]લોયમ્મિ લહઈ નિંદં, એયં પુણ હોઈ નીયં તુ ॥૧૫૫॥

[9] ગોયં ભણિયં અહુણા, અટ્ઠમયં [10] અંતરાયયં હોઈ ।
તં ભંડારિયસરિસં, જહ હોઈ તહા નિસામેહ ॥૧૫૬॥

જહ રાયા ઈહ ભંડારિએણ વિણિએણ કુણઈ [11]દાણાઈ ।
તેણ ઉ પડિકૂલેણં, ન કુણઈ સો [12]દાણમાઈણિ ॥૧૫૭॥

---

૧ "લોએ" ઇતિ । ૨ "ય" ઇતિ । ૩ "તં" ઇત્યપિ । ૪ "ઇત્થ" ઇતિ । ૫ "અધણો" ઇતિ પાઠઃ । ૬ "લોગમ્મિ" ઇતિ । ૭ "સધણી" ઇતિ । ૮ "લોગમ્મિ" ઇત્યપિ પાઠઃ । ૯ "ગુત્ત" ઇત્યપિ । ૧૦ "અંતરાઇયં ભણિમો" ઇતિ । ૧૧ "દાણાઈં" ઇત્યપિ । ૧૨ "દાણમાઈ ઉ" ઇતિ ।

જહ રાયા તહ જીવો, ભંડારી જહ [1]તહંતરાયં [2]ચ ।
તેણ ઉ વિબન્ધએણં, ન કુણઇ સો [3]દાણમાઈણિ ॥૧૫૮॥

તં દાણલાભભોગોવભોગવિરિયંતરાય [4]પંચમયં ।
એએસિં તુ વિવાગં, [5]વોચ્છામિ અહાણુપુવ્વીએ ॥૧૫૯॥

સઇ ફાસુયંમિ દાણે,દાણફલં તહ ય બુજ્ઝઈ [6]વિઉલં ।
બંભચેરાઈજુયં, પત્તંપિ ય વિજ્જએ [7]તત્થ ॥૧૬૦॥

દાઉં નવરિ ન સક્કઇ, દાણવિઘાયસ્સ [8]કમ્મણો ઉદએ ।
દાણંતરાયમેયં, લાભે વિ ય ભણણાએ વિગ્ધં ॥૧૬૧॥

જઇ વિ પસિદ્ધો દાયા, જાયણનિઉણો વિ જાયગો જઇ વિ ।
ન લહઇ જસ્સુદએણં, એયં પુણ લાભવિગ્ધં તુ ॥૧૬૨॥

મણુયત્તે વિ [9]હુ પત્તે, લદ્ધે વિ [10]હુ ભોગસાહણે વિભવે ।
[11]ભુત્તું નવરિ ન સક્કઇ, વિરઇવિહૂણો વિ જસ્સુદએ ॥૧૬૩॥

[12]ભોગસ્સ વિગ્ઘમેયં, ઉવભોગે આવિ [13]વિગ્ઘમેવેવ ।
ભોગુવભોગાણેસિં, નવરિ વિસેસો ઇમો હોઇ ॥૧૬૪॥

સઇ ભુજ્જઇ ત્તિ ભોગો, સો [14]પુણ આહારપુપ્ફમાઈઓ ।
ઉવભોગો [15]ય પુણો પુણ, ઉવભુજ્જઇ ભવણવિલયાઈ ॥૧૬૫॥

બલવં રોગવિઉત્તો, વયસંપણ્ણો વિ જસ્સ ઉદએણં ।
વિરિએણ હોઇ હીણો, વીરિયવિગ્ઘં તુ પંચમયં ॥૧૬૬॥

---

૧ "તહંતરાઈયં" ઇતિ । ૨ "તું" ઇત્યપિ । ૩ "દાનમાઈ ઉ" ઇતિ । ૪ "પંચવિહં" ઇતિ । ૫ "વુચ્છાણિ" ઇતિ, "મણામિ ય" ઇત્યપિ વા । ૬ "અઉલં" ઇતિ । ૭ "ઇત્થ" ઇતિ । ૮ "કમ્મુણો" ઇત્યપિ । ૯ "ય" ઇતિ । ૧૦ "ય" ઇતિ । ૧૧ "ઉવભુંજિઉં ન સક્કઇ" ઇતિ । ૧૨ "ઉવભોગવિગ્ઘમેયં, ભોગેવિ હુ એવમેવ વિગ્ઘં તુ" ઇતિ પાઠઃ । ૧૩ "વિગ્ઘ એમેવ" ઇતિ । ૧૪ "પુણુ આહારપુપ્ફમાઈણં" ઇત્યપિ । ૧૫ "ઉ" ઇત્યપિ ।

એવં પંચ[1]વિયપ્પં, અટ્ઠમયં અંતરાઈયં હોઈ ।
ભણિઓ કમ્મવિવાગો, સમાસઓ ગગ્ગરિસિણા ઉ ॥૧૬૭॥

એયં ગાહાણ સયં, અહિયં છાવટ્ઠિએ ઉ પઢિઊણં ।
જો ગુરુ(રું)પુચ્છઈ નાહી, કમ્મવિવાગં [2]ચ સો અઈરા ॥૧૬૮॥

## ॥ ઈતિ મહર્ષિગર્ગર્ષિપ્રણીતઃ કર્મવિપાકનામા પ્રથમઃ કર્મગ્રન્થઃ ॥

॥ अर्हम् ॥

अज्ञातकर्तृकः

# ॥ कर्मस्तवाख्यः प्राचीनद्वितीयः कर्मग्रन्थः ॥

નમિઊણ જિણવરિંદે, તિહુયણવરનાણદંસણપઈવે ।
બંધુદયસંતજુત્તં, વોચ્છામિ થયં નિસામેહ ॥૧॥

*મિચ્છદિટ્ઠી સાસાયણે ય તહ સમ્મમિચ્છદિટ્ઠી ય ।
અવિરયસમ્મદિટ્ઠી, વિરયાવિરએ પમત્તે ય ॥૧॥

તત્તો ય અપ્પમત્તે, નિયટ્ટિઅનિયટ્ટિબાયરે સુહુમે ।
ઉવસંતખીણમોહે, હોઈ સજોગી અજોગી ય ॥૨॥(યુગ્મમ્)

મિચ્છે સોલસ પણુવીસ સાસણે અવિરએ ય દસ પયડી ।
ચઉછક્કમેગ દેસે, વિરએ ય કમેણ વોચ્છિન્ના ॥૨॥

દુગતીસચઉરપુવ્વે, પંચ નિયટ્ટિંમિ બંધવોચ્છેઓ ।
સોલસ સુહુમસરાગે, સાય સજોગી જિણવરિંદે ॥૩॥

પણ નવ [1]ઈગ સત્તરસં, અડ પંચ ય ચઉર છક્ક છ ચ્ચેવ ।
[2]ઈગ દુગ સોલસ તીસં, બારસ ઉદએ [3]અજોગંતા ॥૪॥

૧ "૦વિગપ્પં" ઈત્યપિ । ૨ "તુ" ઈતિ પાઠઃ । ★૧-૨"એતદ્ગાથાયુગ્મં ટીકાગ્રન્થેષુ વિવૃતં ન દૃશ્યતે" ઈતિ । ૧-૨ "ઈગિ" ઈત્યપિ । ૩ "ય" ઈત્યપિ પાઠઃ ।

પણ નવ [૧]ઇગ સત્તરસં, અટ્ઠટ્ઠ ય ચઉર છક્ક છ ચ્ચેવ ।
[૨]ઇગ દુગ સોલગુયાલં, ઉદીરણા હોઇ જોગંતા ॥૫॥

અણમિચ્છમીસસમ્મં, અવિરયસમ્માઇઅપ્પમત્તંતા ।
સુરનરયતિરિયઆઉં, નિયયભવે સવ્વજીવાણં ॥૬॥

સોલસ [૩]અટ્ઠેક્કેક્કં, [૪]છક્કેક્કેક્કેક્ક ખીણમનિયટ્ટી ।
એગં સુહુમસરાગે, ખીણકસાએ ય સોલસગં ॥૭॥

બાવત્તરિં દુચરિમે, તેરસ ચરિમે અજોગિણો ખીણે ।
અડયાલં પયડિસયં, ખવિય જિણં નિવ્વુયં વંદે ॥૮॥

નાણસ્સ દંસણસ્સ ય, આવરણં વેયણીયમોહણિયં ।
આઉયનામં ગોયં, તહંતરાયં ચ પયડીઓ ॥૯॥

પંચ નવ [૫]દોન્નિ અટ્ઠાવીસા ચઉરો તહેવ બાયાલા ।
[૬]દોણ્ણિ ય પંચ ય ભણિયા, પયડીઓ ઉત્તરા ચેવ ॥૧૦॥

મિચ્છનપુંસગવેયં, નરયાઉં તહ ય ચેવ નરયદુગં ।
ઇગવિગલિંદિય [૭]જાઈ, હુંડમસંપત્તમાયાવં ॥૧૧॥

થાવર સુહુમં ચ તહા, સાહારણયં તહા અપજ્જત્તં ।
એયા સોલસ પયડી, મિચ્છંમિ ય બંધવોચ્છેઓ ॥૧૨॥

થીણતિગં ઇત્થી વિ ય, અણ તિરિયાઉં તહેવ તિરિયદુગં ।
મજ્ઝિમ ચઉ સંઠાણં, મજ્ઝિમ ચઉ ચેવ સંઘયણં ॥૧૩॥

ઉજ્જોયમપ્પસત્થા, [૮]વિહાયગઇ દૂભગં અણાએજ્જં ।
દૂસર નીયાગોયં, સાસણસમ્મંમિ વોચ્છિન્ના ॥૧૪॥

---

૧-૨ "ઇગિ" ઇત્યપિ । ૩ "અટ્ઠિક્કિક્કં" ઇત્યપિ । ૪ "છક્કિક્કિક્કિક્કં" ઇત્યપિ । ૫-૬ "દુન્નિ" ઇત્યપિ । ૭ "જાઈ" ઇત્યપિ । ૮ "વિહાઇગઇદૂભયં" ઇત્યપિ ।

બીયકસાયચઉક્કં, મણુયાઉં મણુય[1]દુગ ય ઓરાલં ।
તસ્સ ય અંગોવંગં, સંઘયણાઈ અવિરયંમિ ॥૧૫॥

તઈયકસાયચઉક્કં, વિરયાવિરયંમિ બંધવોચ્છેઓ ।
[2]અસ્સાયમરઈ સોયં, તહ ચેવ ય અથિરમસુભં ચ ॥૧૬॥

અજ્જસકિત્તી ય તહા, પમત્તવિરયંમિ બંધવોચ્છેઓ ।
[3]દેવાઉયં ચ એગં, નાયવ્વં અપ્પમત્તંમિ ॥૧૭॥

નિદ્દાપયલા ય તહા, અપુવ્વપઢમંમિ બંધવોચ્છેઓ ।
દેવદુગં પંચિંદિય ઉરાલવજ્જં ચઉસરીરં ॥૧૮॥

સમચઉરં વેઉવ્વિય-આહારય-અંગુવંગનામં ચ ।
વણ્ણચઉક્કં ચ તહા, અગુરુયલહુયં ચ ચત્તારિ ॥૧૯॥

તસ ચઉ પસત્થમેવ ય, વિહાયગઈ થિરસુભં ચ નાયવ્વં ।
સુહયં સુસ્સરમેવ ય આએજ્જં ચેવ નિમિણં ચ ॥૨૦॥

તિત્થયરમેવ તીસં, અપુવ્વછબ્ભાગ બંધવોચ્છેઓ ।
હાસરઈભયદુગુંછા, અપુવ્વ[4]ચરમંમિ વોચ્છિન્ના ॥૨૧॥

પુરિસં ચઉસંજલણં, પંચ ય પયડીઓ પંચ [5]ભાગંમિ ।
અનિયટ્ટીઅદ્ધાએ, જહક્કમં બંધવોચ્છેઓ ॥૨૨॥

નાણંતરાયદસગં,દંસણ ચત્તારિ ઉચ્ચ જસકિત્તી ।
એયા સોલસ પયડી, [6]સુહુમકસાયંમિ વોચ્છિન્ના ॥૨૩॥

ઉવસંતખીણમોહે, જોગિંમિ ઉ સાયબંધવોચ્છેઓ ।
નાયવ્વો પયડીણં બંધસ્સંતો અણંતો ય ॥૨૪॥

॥ બંધો સમ્મત્તો ॥

---

૧ "૦દુવય" ઈત્યપિ । ૨ "અસ્સાઈ અરઈ સોગં" ઈત્યપિ । ૩ "દેવાઉગં ચ એક્કં તહાપમત્તમ્મિ નાયવ્વં" ઈત્યપિ । ૪ "૦ચરિમમ્મિ" ઈત્યપિ । ૫"ભાયંમિ" ઈત્યપિ ૬ "સુહુમસરાગમ્મિ" ઈત્યપિ ।

મિચ્છત્તં આયાવં, સુહુમ અપજ્જત્તયા ય તહ ચેવ ।
સાહારણં ચ પંચ ય, મિચ્છંમિ ય ઉદયવોચ્છેઓ ॥૨૫॥

અણ એગિંદિયજાઈ, વિગલિંદિયજાઈમેવ થાવરયં ।
એયા નવ પયડીઓ, સાસણસમ્મંમિ વોચ્છિન્ના ॥૨૬॥

સમ્મામિચ્છત્તેગં, સમ્મામિચ્છંમિ ઉદયવોચ્છેઓ ।
બીયકસાયચઉક્કં, તહ ચેવ ય નરયદેવાઊ ॥૨૭॥

મણુયતિરિયાણુપુવ્વી, વેઉવ્વિયછક્ક [1]દૂહયં ચેવ ।
અણએજ્જં ચેવ તહા, અજ્જસકિત્તી અવિરયંમિ ॥૨૮॥

તઈયકસાયચઉક્કં, [2]તિરિયાઊ તહ ય ચેવ તિરિયગઈ ।
ઉજ્જોય [3]નીયગોયં, વિરયાવિરયંમિ વોચ્છિન્ના ॥૨૯॥

થીણતિગં ચેવ તહા, આહારદુગં પમત્તવિરયંમિ ।
સમ્મત્તં સંઘયણં, અંતિમતિગમપ્પમત્તંમિ ॥૩૦॥

તહ નોકસાયછક્કં, અપુવ્વકરણંમિ ઉદયવોચ્છેઓ ।
વેયતિગકોહ[4]માણા(ણ)માયા સંજલણમનિયટ્ટી ॥૩૧॥

સંજલણલોભમેગં, [5]સુહુમકસાયંમિ ઉદયવોચ્છેઓ ।
તહ [6]રિસહં નારાયં, નારાયં ચેવ ઉવસંતે ॥૩૨॥

નિદ્દા પયલા ય તહા, ખીણદુચરિમંમિ ઉદયવોચ્છેઓ ।
નાણંતરાયદસગં, દંસણ ચત્તારિ ચરિમંમિ ॥૩૩॥

[7]અન્નયરવેયણીયં, ઓરાલિય-તેય-કમ્મનામં ચ ।
છચ્ચેવ ય સંઠાણા, ઓરાલિયઅંગુવંગં ચ ॥૩૪॥

---

૧ "દૂહિય" ઈત્યપિ । ૨ "તિરિયાઉં તહ ય ચેવ તિરિયગઇં" ઈત્યપિ । ૩ "નિચ્ચ૦" ઈત્યપિ । ૪ "માણય૦" ઈત્યપિ । ૫ "સુહુમસરાગમ્મિ" ઈત્યપિ । ૬ "રિસહના૦" ઈત્યપિ । ૭ "અન્નયરં વેઅણીયં" ઈત્યપિ ।

આઈમસંઘયણં ખલુ, વણ્ણચઉક્કં ચ દો વિહાયગતી ।
અગુરુયલહુયચઉક્કં, પત્તોય થિરાથિરં ચેવ ॥૩૫॥

સુભસુસ્સરજુયલા વિ ય, નિમિણં ચ તહા હવંતિ નાયવ્વા ।
એયા તીસં પયડી, સજોગિચરિમંમિ વોચ્છિન્ના ॥૩૬॥

[1]અન્નયરવેયણીયં, મણુયાઊ મણુયગઈ ય બોદ્ધવ્વા ।
પંચિંદિયજાઈ વિ ય, તસ સુભગા[2]એજ્જ પજ્જત્તં ॥૩૭॥

બાયરજસકિત્તી વિ ય, તિત્થયરં ઉચ્ચગોયયં ચેવ ।
એયા બારસ પયડી, અજોગિચરિમંમિ વોચ્છિન્ના ॥૩૮॥

॥ ઉદઓ સમ્મત્તો ॥

ઉદયસ્સુદીરણાએ, સામિત્તાઓ ન વિજ્જઈ વિસેસો ।
મોત્તૂણ તિન્નિ ઠાણે, પમત્ત-જોગી અજોગી ય ॥૩૯॥

તીસં બારસ ઉદએ, કેવલિણો મેલણં ચ કાઊણ ।
સાયાસાયં ચ તહા, મણુયાઉં અવણિયં કિચ્ચા ॥૪૦॥

સેસં ઈગુયાલીસં, [3]જોગિંમિ ઉદીરણા ય બોદ્ધવ્વા ।
અવણીય તિન્નિ પયડી, [4]પમત્તઉદયંમિ પક્ખિત્તા ॥૪૧॥

તહ ચેવ અટ્ઠપયડી, પમત્તવિરએ ઉદીરણા હોઈ ।
નત્થિ ત્તિ અજોગિજિણે, ઉદીરણા હોઈ નાયવ્વા ॥૪૨॥

॥ ઉદીરણા સમ્મત્તા ॥

અણમિચ્છમીસસમ્મં [5]અવિરયસમ્માઈઅપ્પમત્તંતા ।
સુરનરયતિરિયઆઉં, નિયયભવે સવ્વજીવાણં ॥૪૩॥

---

૧ "અન્નયરં વેઅણીયં મણુયાઉં મણુયગતી ય" ઈત્યપિ । ૨ "૦ઈજ્જ૦" ઈત્યપિ । ૩ "સજોગમ્મિ" ઈત્યપિ ૪ 'પમત્તવિરયમ્મિ" ઈત્યપિ । ૫ 'અવિરઈ" ઈત્યપિ ।

થીણતિગં ચેવ તહા, નરયદુગં ચેવ તહ ય તિરિયદુગં ।
ઈગિવિગલિંદિયજાઈ, આયાવુજ્જોયથાવરયં ॥૪૪॥

સાહારણ સુહુમં[1] ચિય, સોલસ પયડીઓ[2] હોંતિ નાયવ્વા ।
બીયકસાયચઉક્કં, તઈયકસાયં ચ [3]અટ્ઠેવ ॥૪૫॥

એગ નપુંસગવેયં, ઈત્થીવેયં તહેવ એગં ચ ।
તહ નોકસાયછક્કં, પુરિસં [4]કોહં ચ માણં ચ ॥૪૬॥

માયં ચિય અનિયટ્ટી, ભાગં ગંતૂણ સંતવોચ્છેઓ ।
લોહં ચિય સંજલણં, [5]સુહુમકસાયંમિ વોચ્છિન્ના ॥૪૭॥

ખીણકસાયદુચરિમે [6]નિદ્દં પયલં ચ હણઈ છઉમત્થો ।
નાણંતરાયદસગં, દંસણ ચત્તારિ ચરિમંમિ ॥૪૮॥

દેવદુગ પણસરીરં, પંચસરીરસ્સ બંધણં ચેવ ।
પંચેવ ય સંઘાયા, સંઠાણા તહ ય છક્કં ચ ॥૪૯॥

તિન્નિ ય અંગોવંગા, સંઘયણં તહ ય હોઈ છક્કં ચ ।
પંચે વ ય [7]વણ્ણરસા, દો ગંધા અટ્ઠ ફાસા ય ॥૫૦॥

અગુરુયલહુયચઉક્કં, વિહાયગઈદુગ થિરાથિરં ચેવ ।
[8]સુહસુસ્સરજુયલાવિ ય, પત્તેયં દૂભગં અજસં ॥૫૧॥

અણએજ્જં નિમિણં ચિય, અપજત્તં તહ ય[9]નીયગોયં ચ ।
[10]અન્નયરવેયણિયં, અજોગિદુચરમંમિ વોચ્છિણ્ણા ॥૫૨॥

[11]અન્નયરવેયણીયં, મણુયાઊ મણુયદુવય બોદ્ધવ્વા ।
પંચિંદિયજાઈ વિ ય, તસસુભગાએજ્જપજ્જત્તં ॥૫૩॥

---

૧ "વિ ય" ઈત્યપિ । ૨ "હુંતિ" ઈત્યપિ । ૩ "અટ્ઠં ચ" ઈત્યપિ । ૪ "કોહા ય માણા ય" ઈત્યપિ । ૫ "સુહુમસરાગમ્મિ" ઈત્યપિ । ૬ "નિદ્દા પયલા હણઈ" ઈત્યપિ । ૭ "વન્નરસા" ઈત્યપિ । ૮ "સુભસુસ્સરજુગલદુગં પત્તેયં દૂહગં" ઈત્યપિ । ૯ "નીયગુત્ત ચ' ઈત્યપિ । ૧૦ "અન્નયરં વેઅણીયં અજોગિદુચરિમમ્મિ વોચ્છિન્ના" ઈત્યપિ । ૧૧ "અન્નયરં" ઈત્યપિ ।

બાયરજસકિત્તી વિ ય, તિત્થયરં ઉચ્ચગોયયં ચેવ ।
એયા તેરસ પયડી, અજોગિચરિમંમિ વોચ્છિન્ના ॥૫૪॥

॥ સત્તા સમ્મત્તા ॥

સો મે તિહુયણમહિઓ, સિદ્ધો બુદ્ધો નિરંજણો નિચ્ચો ।
દિસઉ વરનાણલંભં, દંસણસુદ્ધિં સમાહિં ચ ॥૫૫॥

## ॥ ઇતિ કર્મસ્તવાખ્યઃ પ્રાચીનદ્વિતીયઃ કર્મગ્રન્થઃ સમાપ્તઃ ॥

॥ अर्हम् ॥

अज्ञातकर्तृकः

## ॥ बन्धस्वामित्वाख्यः प्राचीनतृतीयः कर्मग्रन्थः ॥

નમિઊણ વદ્ધમાણં, [૧]ગઇયાઈઠાણદેસયં સિદ્ધં ।
ગઇયાઇએસુ [૨]વોચ્છં, બંધસ્સામિત્તામોઘેણં ॥૧॥

[૪]ગઇ [૫]ઇંદિએ ય [૬]કાએ, [૧૫]જોએ [૩]વેએ [૪]કસાય [૮]નાણે ય ।
[૧૭]સંજમ [૪]દંસણ [૬]લેસા, [૨]ભવ [૩]સમ્મે [૨]સણ્ણિ [૨]આહારે ॥૨॥

ગુણઠાણા સુરનિરએ, ચઉ પણ [૩]તિરિએસુ ચઉદસ નરેસુ ।
જીવટ્ઠાણા તિરિએ, ચઉદસ સેસેસુ [૪]દુગ દુગં જાણ ॥૩॥

નિરયતિગં મિચ્છત્તં, નપુંસ [૫]ઇગવિગલજાઇઆ યાવં ।
[૬]છેવટ્ઠ થાવરચઊ, હુંડં ચિય મિચ્છદિટ્ઠિમ્મિ ॥૪॥

થીણતિગિત્થી અણ તિરિતિગ [૭]કુવિહગઈ ય નીયમુજ્જોયં ।
[૮]દૂભગતિગ પણુવીસા, મજ્ઝિમસંઠાણસંઘયણા ॥૫॥

---

૧ "ગઇયારઠ્ઠા૦" ઇત્યપિ । ૨ "વુચ્છં" ઇત્યપિ । ૩ "તિરિયે ચઉદસ" ઇત્યપિ । ૪ "જાણ દુગં" ઇત્યપિ । ૫ "ઇગિ" ઇત્યપિ । ૬ "સેવટ્ઠ" ઇત્યપિ । ૭ "કુવિહગગઈ" ઇત્યપિ । ૮ "દુભગતિગં" ઇત્યપિ ।

થાવરચઉ જાઈ ચઉ, વિઉવાહારદુગ સુરનિરતિગાણિ ।
આયવજુયાહિँ ઊણં, એગહિયસયં નરયબંધે ॥૬॥

તિત્થોણં સય મિચ્છા, સાણા નપુહુંડ[1]છેયમિચ્છોણં ।
મીસા નરાઉપણુવીસોણં સમ્મા નરાઉતિત્થજુયં ॥૭॥

પંકાઈસુ તિત્થોણં, નરાઉહીણં સયં તુ સત્તમિએ ।
મણુદુગઉચ્ચેહિँ વિણા, મિચ્છા બંધંતિ [2]છણણઉઈ ॥૮॥

હુંડાઈચઉરહિયં, સાણા તિરિયાઉણા ય [3]ઈગનઉઈ ।
ઈગુણપણુવીસરહિયા, સનરદુગુચ્ચા સયરિ મીસે ॥૯॥

તિત્થાહારદુગૂણા, તિરિયા બંધંતિ સવ્વપયડીઓ ।
પજ્જત્તા તહ મિચ્છા, [4]સાણા ઉણ સોલસવિહીણા ॥૧૦॥

નરતિગસુરાઉ ઉસભં, ઉરલદુગં [5]મોત્તુ પણવીસં ચ ।
અણુહત્તરિં તુ મીસા, સુરાઉણા સત્તરી સમ્મા ॥૧૧॥

[6]બીયકસાયૂણા દેસ અપજ્જત્તા સયં નવગ્ગં તુ ।
મોત્તૂણમોઘબન્ધા, નિરસુરઆઉં વિઉવ્વિછક્કં ચ ॥૧૨॥

તિરિયા વ નરા પયડી, બંધંતી મિચ્છમાઈયા પંચ ।
અજયાઇ પંચ તિત્થં, અપમત્તાનિયટ્ટિ આહારં ॥૧૩॥

કમ્મત્થયબંધસમો, પમત્તમાઈણ હોઈ બન્ધો ઉ ।
અપ્પજ્જત્તા મણુયા, તિરિયા વ સયં [7]નવગ્ગં તુ ॥૧૪॥

વેઉવ્વાહારદુગં, નારયસુરસુહુમવિગલજાઈતિગં ।
[8]મોત્તું ચઉરગ્ગસયં, દેવા બંધંતિ ઓહેણં ॥૧૫॥

---

૧ "છેવ૰" ઈત્યપિ । ૨ "છન્નઉઈ" ઈત્યપિ । ૩ "ઈગનઉઈ" ઈત્યપિ । ૪ "સાસા ઉણ સોલસવિહૂણા" ઈત્યપિ । ૫ "મુત્તુ" ઈત્યપિ । ૬ "બીયકસાયવિહૂણા દેસઅપજ્જત્તસયનબગ્ગં તુ । મુત્તૂણ........." ઈત્યપિ । ૭ "નવબ્મહિયં" ઈત્યપિ । ૮ "મુત્તું" ઈત્યપિ ।

તિત્થોણં તં મિચ્છા, સાણા છેવટ્ઠહુંડનપુમિચ્છં ।
એગિંદિથાવરાયવપયડી [1]મોત્તૂણ છન્નઉઈ ॥૧૬॥

ઓઘુત્તં પણુવીસં, નરાઉજુત્તં વિવજ્જિઉં મીસા ।
બંધંતિ સયરિમજયા, તિત્થનરાઊહિઁ બિગસયરી ॥૧૭॥

મિચ્છાઈઅવિરયંતા, દેવોઘં તિત્થહીણ બંધંતિ ।
ભવણવણજોઈદેવા, દેવીઓ ચેવ સવ્વાઓ ॥૧૮॥

સામન્નદેવભંગો,સોહમ્મીસાણ મિચ્છમાઈણં ।
સહસારંતા ઇગિથાવરાયવોણં સણંકુમારાઈ ॥૧૯॥

રયણાનારયસરિસા, સહસારંતા સણંકુમારાઈ ।
ઇગિથાવરાયવતિરિતિગુજ્જોઊણં તુ આણયાઈયા ॥૨૦॥

તિત્થં [2]નપુચઉ તિરિતિયઉજ્જોઊણ [3]પણવીસ સનરાઉં ।
મોત્તૂણ મિચ્છમાઈ, નરાઉતિત્થેહિ અજયા ઉ ॥૨૧॥

તિત્થાહારં નિરયસુરાઉં [4]મોત્તું વિઉવ્વિછક્કં ચ ।
[5]ઇગવિગલિંદી બંધહિઁ, નવુત્તરં ઓઘ મિચ્છા ય ॥૨૨॥

સાણા બંધહિઁ સોલસ, [6]નિરતિગહીણા ય [7]મોત્તુ છન્નઉઇં ।
ઓઘેણં વીસુત્તારસયં ચ પંચિંદિયા બંધે ॥૨૩॥

[8]ઇગિવિગલિંદી સાણા, તણુપજ્જત્તિં ન જંતિ જં તેણ ।
નરતિરિયાઉઅબંધા, મયંતરેણં તુ [9]ચઉણઉઇં ॥૨૪॥

ભૂદગવણકાયા એગિંદિસમા મિચ્છસાણદિટ્ઠીઓ ।
મણુયતિગુચ્ચં [10]મોત્તું, સુહુમતસા ઓઘ થૂલતસા ॥૨૫॥

---

૧ "મુત્તૂણ" ઇત્યપિ । ૨ "નપુંસચઉ૦" ઇત્યપિ । ૩ "પણુવીસ-સનરાઓ । મુત્તૂણ" ઇત્યપિ । ૪ "મુત્તુ" ઇત્યપિ । ૫ "ઇગિ" ઇત્યપિ । ૬ "નિરિ૦" ઇત્યપિ । ૭ "મુત્તુ છન્નઉઈ" ઇત્યપિ । ૮ "ઇગ૦" ઇત્યપિ । ૯ "ચઉણઉઈ" ઇત્યપિ । ૧૦ "મુત્તુ" ઇત્યપિ ।

*મણવઈજોગચઉક્કે, ઓઘો ઉરલે વિ ઓઘનરભંગો ।
નિરતિગસુરાઉઆહારગં [1]તુ હિચ્ચા ઉ [2]તંમીસે ॥૨૬॥

સુરદુગ[3]વિઉવ્વિયદુગં, તિત્થં હિચ્ચા સયં નવગ્ગં તુ ।
બંધંતિ ઉરલમિસ્સે, મિચ્છા ઉ સજોગિણો સાયં ॥૨૭॥

નિરતિગહીણા સોલસ, તિરિનરઆઉં પિ [4]મોત્તુ સાણા વિ ।
તિરિયાઉવિહીણં પણવીસમુજ્જિત્તુ અવિરએ [5]બંધે ॥૨૮॥

તિત્થં વેઉવ્વિદુગં, સુરદુગસહિયં ઉરલમિસ્સે ।
સામન્નદેવનારયબંધો નેઓ વિઉવ્વિજોગે વિ ॥૨૯॥

વેઉવ્વિયમીસમ્મિ વિ, તિરિયનરાઊહિઁ વજ્જિયા સેસા ।
તિત્થોણા તા મિચ્છા, બંધહિઁ સાણા ઉ ચઉણઉઈ ॥૩૦॥

એગિંદિથાવરાયવસંઠાઈચઉક્કવજ્જિયા સેસા ।
તિરિયાઊણં પણુવીસ [6]મોત્તુ અજયા સતિત્થા ઉ ॥૩૧॥

તેવટ્ઠાહારદુગે, જહા પમત્તસ્સ કમ્મણે બંધો ।
આઉતિગં નિરયતિગં, આહારય વજ્જિઉં ઓઘો ॥૩૨॥

સુરદુગતિત્થવિઉવ્વિયદુગાણિ [7]મોત્તૂણ બંધહિં મિચ્છા ।
નિરતિગહીણા સોલસ, વજ્જિત્તા સાસણા કમ્મે ॥૩૩॥

તિરિયાઊણં પણવીસ [8]મોત્તુ સુરદુગવિઉવ્વિદુગજુત્તં ।
અજયા તિત્થેણ સમં, સજોગિ સાયં સમુગ્ઘાએ ॥૩૪॥

વેયતિએવોઘેણં, બંધો જા બાયરો હવઈ તાવ ।
કોહાઈસુ ચઉસોઘો, મિચ્છાઓ જાવ [9]અનિયટ્ટિ ॥૩૫॥

---

*"મણ વય." ઈત્યપિ । ૧ "ચ" ઈત્યપિ । ૨ "તમ્મિસ્સે" ઈત્યપિ । ૩ "વેઉવ્વિદુગ્ગં" ઈત્યપિ । ૪ "મુત્તુ" ઈત્યપિ ૫ "બંધો" ઈત્યપિ । ૬ "મુત્તુ" ઈત્યપિ । ૭ "મુત્તૂણ" ઈત્યપિ । ૮ "મુત્તુ" ઈત્યપિ । ૯ "અનિયટ્ટી" ઈત્યપિ ।

અણ્ણાણતિએવોઘો, મિચ્છસાણેસુ નવસુ નાણતિએ ।
મણપજ્જવે વિ સત્તસુ ઓઘં દુસુ [1]કેવલિસ્સાવિ ॥૩૬॥

સામાઇયછેએસું, પમત્તમાઈસુ ચઉસુ ઓઘો ત્તિ ।
પરિહારસ્સ પમત્તો, અપમત્તો સુહુમ સટ્ઠાણે ॥૩૭॥

ઉવસંતાઈસુ અહખાય દેસવિરયસ્સ હોઇ સટ્ઠાણે ।
[2]મિચ્છાઈસું ચઉસું, ઓઘો અસ્સંજયસ્સાવિ ॥૩૮॥

ચક્ખુઅચક્ખૂ ઓઘો, મિચ્છાઈ ખીણમોહ ઓહિસ્સ ।
અજયાઈનવસુ કેવલદંસણ કેવલિદુગે ચેવ ॥૩૯॥

છચ્ચઉસુ તિણ્ણિ તીસું, છણ્હં સુક્કા અજોગિ અલ્લેસા ।
આહારૂણા આઈતિલેસી બંધંતિ સવ્વપયડીઓ ॥૪૦॥

મિચ્છા તિત્થોણા તા, સાણા ઉણ સોલસવિહૂણા ।
સુરનરઆઊ [3]પણવીસ મોત્તુ બંધંતિ મીસા ઉ ॥૪૧॥

સુરનરઆઉયસહિયા, અવિરયસમ્મા ઉ [4]હોંતિ નાયવ્વા ।
તિત્થયરેણ જુયા તહ, તેઊલેસે [5]પરં વોચ્છં ॥૪૨॥

વિગલતિગં નિરયતિગં સુહુમતિગૂણં સયં તુ [6]એક્કારં ।
તિત્થાહારૂણા મિચ્છ સાણ ઈગિતિગનપુચઉરૂણા ॥૪૩॥

મીસાઈ પંચગુણા, ઓઘં બંધંતિ પમ્હલેસાવિ ।
વિગલતિગં નિરયતિગં, સુહુમતિગેગિંદિથાવરાયાવં ॥૪૪॥

હિચ્ચા સયમટ્ઠહિયં, તિત્થાહારદુગહીણ મિચ્છાઓ ।
સંઢાઇચઉક્કોણં, સાણા મીસાઇ પણગઓઘં તુ ॥૪૫॥

---

૧ "કેવલસ્સાવિ " ઇત્યપિ । ૨ "મિચ્છાઈસુ ચઊસુ" ઇત્યપિ । ૩ "પણુ-વીસ મુત્તુ" ઇત્યપિ । ૪ "હુંતિ" ઇત્યપિ । ૫ "પરે વુચ્છ" ઇત્યપિ । ૬ "ઇક્કારં" ઇત્યપિ ।

બંધંતિ સુક્કલેસા, નારયતિરિસુહુમવિગલજાઈતિગં ।
[1]ઇગિથાવરાયવુજ્જોય વજ્જિય સયં તુ ચઉરહિયં ॥૪૬॥

તિત્થાહારદુગૂણં, એગહિયસયં તુ બંધહી મિચ્છા ।
સંઢાઈચઉક્કોણં, સાણા બંધંતિ [2]સગનઉઈ ॥૪૭॥

તિરિતિયઉજ્જોઊણં, પણુવીસં [3]મોત્તુ સુરનરાઉજુયં ।
ચઉહત્તરિં તુ મીસા, બંધહિં કમ્માણ પયડીઓ ॥૪૮॥

તિત્થયરસુરનરાઉયસહિયા અજયમ્મિ હોઈ સગસયરી ।
દેસાઈનવસુ ઓઘો, ભવ્વેસુ વિ સો અભવ્વ મિચ્છસમા ॥૪૯॥

ઓઘો વેયગસમ્મે, અજયાઈચઉક્ક ખાઈગેવોઘો ।
અજયાદજોગિ જાવ ઉ, ઓઘો ઉવસામિએ હોઈ ॥૫૦॥

[4]ઉવસમ્મે વટ્ટંતા,ચઉણ્હમિક્કંપિ આઉયં [5]નેય ।
બંધંતિ તેણ અજયા, સુરનરઆઊહિં ઊણં તુ ॥૫૧॥

ઓઘો દેસજયાઈસુ, સુરાઉહીણો ઉ જાવ ઉવસંતો ।
ઓઘો સણ્ણિસુ નેઓ, મિચ્છાભંગો અસણ્ણીસુ ॥૫૨॥

સાણે વિ અસણ્ણિસ્સા, ભંગા [6]સણ્ણુબ્ભવા મુણેયવ્વા ।
આહારગેસુ ઓઘો, ઈયરેસુ ય [7]કમ્મણો ભંગો ॥૫૩॥

ઈય પુવ્વસૂરિકય[8]પગરણેસુ જડબુદ્ધિણા [9]મએ રઈયં ।
બંધસ્સામિત્તમિણં, નેયં કમ્મત્થયં સોઉં ॥૫૪॥

## ॥ સમાપ્તશ્ચાયં બન્ધસ્વામિત્વાખ્યઃ પ્રાચીનતૃતીયઃ કર્મગ્રન્થઃ ॥

૧ "ઇગ૦" ઇત્યપિ । ૨ "સગણવઈ" ઇત્યપિ । ૩ "મુત્તુ" ઇત્યપિ । ૪ "ઉવસંતે" ઇત્યપિ । ૫ "નેવ" ઇત્યપિ । ૬ "સન્નિબ્ભવા" ઇત્યપિ । ૭ "કમ્મુણો" ઇત્યપિ । ૮ "પગરણાઉ" ઇત્યપિ । ૯ "મયા" ઇત્યપિ ।

॥ अर्हम् ॥

श्रीजिनवल्लभगणिविरचितः

# ॥ षडशीतिनामा प्राचीनचतुर्थः कर्मग्रन्थः ॥

નિચ્છિન્નમોહપાસં, પસરિયવિમલોરુકેવલપયાસં ।
પણયજણપૂરિયાસં, પયઓ પણમિત્તુ જિણપાસં ॥૧॥

વોચ્છામિ જીવમગ્ગણઠાણુવઓગજોગલેસાઈ ।
કિં ચિ સુગુરૂવએસા, સન્નાણસુઝાણહેઉત્તિ ॥૨॥

[1]ઇહ સુહુમબાયરેગિંદિબિતિચઉઅસન્નિસન્નિપંચિંદી ।
અપજ્જત્તાપજ્જત્તા, કમેણ ચઉદસ જિયટ્ઠાણા ॥૩॥

સવ્વભણિયવ્વમૂલેસુ તેસુ ગુણઠાણગાઈ તા ભણિમો ।
પઢમગુણા દો બાયરબિતિચઉરઅસંન્નિ અપજ્જત્તે ॥૪॥

સન્નિઅપજ્જત્તે મિચ્છદિટ્ઠિસાસાણઅવિરયા તિન્નિ ।
સવ્વે સન્નિપજત્તો, મિચ્છં સેસેસુ સત્તાસુ વિ ॥૫॥

જોગા છસુ અપ્પજ્જત્તએસુ કમ્મઇગઉરલમિસ્સા દો ।
વેઉવ્વિયમીસજુયા, સન્નિઅપજ્જત્તએ તિન્નિ ॥૬॥

બિંતિ અપજ્જત્તાણ વિ, તણુપજ્જત્તાણ કેઈ ઓરાલં ।
બાયરપજ્જત્તે તિન્નિ ઉરલ વેઉવ્વિયદુગં ચ ॥૭॥

ઉરલં સુહુમે ચઉસુ ય, ભાસજુયં પનરસાવિ સન્નિમ્મિ ।
ઉવઓગા દસસુ તઓ, અચક્ખુદંસણમનાણદુગં ॥૮॥

ચક્ખુજુયા ચઉરિંદિયઅસન્નિપજ્જત્તએસુ તે ચઉરો ।
મણનાણચક્ખુકેવલદુગરહિયા સન્નિઅપજત્તો ॥૯॥

---

૧ "ચઉદસજિયઠાણેસું ગુણજોગુવઓગલેસબંધુદયા । ઉદીરણયા સત્તા વત્તવ્વા અટ્ઠપયકમસો ॥૩॥" ઇત્યધિકા પ્રક્ષિપ્તગાથા હસ્તલિખિતપ્રત્તૌ દશ્યતે ।

સવ્વે સન્નિસુ એત્તો, લેસાઓ છાવિ દુવિહસન્નિંમિ ।
ચઉરો પઢમા બાયર-અપજત્તે તિન્નિ સેસેસુ ॥૧૦॥

સત્તટ્ઠ ૧ અટ્ઠ ૨ સત્તટ્ઠ ૩ અટ્ઠ ૪ બંધુ ૧ દઉ ૨ દીરણા ૩[1]સંતા ।
તેરસસુ જીવઠાણેસુ સન્નિપજ્જત્તએ ઓઘો ॥૧૧॥

એત્તો ગઈઇંદિયકાયજોયવેએ કસાયનાણેસુ ।
સંજમદંસણલેસાભવસમ્મે સન્નિઆહારે ॥૧૨॥

સુરનરતિરિનરયગઈ,[2]ઇગબિતિચઉરિંદિયા ય[3]પંચિંદી ।
પુઢવીઆઊતેઊવાઊવણસઈતસા કાયા ॥૧૩॥

મણ[4]વઈકાયા જોગા, ઇત્થી પુરિસો [5]નપુંસગો વેયા ।
કોહો માણો માયા, લોભો ચઉરો કસાય ત્તિ ॥૧૪॥

મઈસુયઓહીમણકેવલાણિ મઈસુયઅનાણવિબ્ભંગા ।
સામાઇયછેયપરિહારસુહુમઅહખાયદેસજયઅજયા ॥૧૫॥

અચ્ચક્ખુચક્ખુઓહી, કેવલદંસણમઓ ય છલ્લેસા ।
કિણ્હા નીલા કાઊ, તેઊ પમ્હા ય સુક્કા ય ॥૧૬॥

ભવ્વઅભવ્વા ખઉવસમખઇયઉવસમિયમીસ[6]સાસાણં ।
મિચ્છો ય [7]સન્નસન્ની, આહારણહાર ઇય ભેયા ॥૧૭॥

સુરનિરએ સન્નિદુગં, નરેસુ તઈઓ અસન્નિઅપજત્તો ।
તિરિયગઈએ ચઉદસ, એગિંદિસુ, આઈમા ચઉરો ॥૧૮॥

બિતિચઉરિંદિસુ દો દો, અંતિમં ચઉરો પણિંદિસુ[8]ભવંતિ ।
થાવરપણગે પઢમા, ચઉરો ચરમા દસ તસેસુ ॥૧૯॥

---

૧ "સત્તા"ઇત્યપિ । ૨ "ઇગિ૦"ઇત્યપિ । ૩ "પંચેંદી" ઇત્યપિ । ૪ "વય૦" ઇત્યપિ । ૫ "નપુંસઓ" ઇત્યપિ । ૬ "સાસાણા" ઇત્યપિ । ૭ "સન્નિ૦" ઇત્યપિ । ૮ "હવંતિ" ઇત્યપિ ।

વિગલતિઅસન્નિસન્ની, પજ્જત્તા પંચ હોંતિ [1]વઈજોગે ।
મણજોગે [2]સન્નિક્કો, પુમિત્થિવેએ ચરમ ચઉરો ॥૨૦॥

કાઓગિનપુંસકસાયમઈસુયઅનાણઅવિરયઅચક્ખૂ ।
આઈતિલેસા ભવ્વિયરમિચ્છ આહારગે સવ્વે ॥૨૧॥

મઈસુયઓહિદુગવિભંગપમ્હસુક્કાસુ તિસુ[3]યસમ્મેસુ ।
સન્નિમ્મિ [4]ય દો ઠાણા, સન્નિઅપજ્જત્તપજ્જત્તા ॥૨૨॥

મણપજ્જવકેવલદુગસંજયદેસજયમીસદિટ્ઠીસુ ।
સન્નીપજ્જો ચક્ખુંમિ તિન્નિ છ વ પજ્જિ[5]યરચરમા ॥૨૩॥

સત્ત ઉ સાસાણે બાયરાઈ છ અપજ્જ સન્નિપજ્જો ય ।
તેઉલ્લેસે બાયરઅપજ્જત્તો દુવિહસન્ની ય ॥૨૪॥

અસ્સન્નિ આઈ બારસ, અણહારે અટ્ઠ સત્ત અપજ્જત્તા ।
સન્નીપજ્જત્તો તહ, ઈય [6]ગઈયાઈસુ જિયટ્ઠાણા ॥૨૫॥

મિચ્છે સાસણ[7]મીસે, અવિરયદેસે પમત્તઅપમત્તે ।
[8]નિયટ્ટિઅનિયટ્ટિસુહુમુવસમખીણસજોગિઅજોગિગુણા ॥૨૬॥

ચત્તારિ દેવનરએસુ પંચ તિરિએસુ ચઉદસ નરેસું ।
ઈગિવિગલેસું દો દો, પંચિંદીસું ચઉદસ વિ ॥૨૭॥

[9]ભૂદગતરૂસુ દો એગમગણિવાઊસુ ચઉદસ તસેસુ ।
જોએ તેરસ વેએ, તિકસાએ નવ દસ ય લોભે ॥૨૮॥

---

૧ "વય૦" ઈત્યપિ । ૨ "સન્નેક્કો" ઈત્યપિ । ૩ "વિ" ઈત્યપિ । ૪ "ઉ" ઈત્યપિ । ૫ "૦અર૦" ઈત્યપિ પાઠઃ । ૬ "ગઈયાઈસુ જિયઠાણા" ઈત્યપિ । ૭ "મિસ્સે" ઈત્યપિ । ૮ "નિયટિઅનિયટ્ટિસુહુમુવસમખીણસજોગજોગિગુણા" ॥૨૬॥ ઈત્યપિ મુદ્રિતપ્રતૌ હસ્તલિખિતમૂલગાથાપ્રતૌ ચ દશ્યતે। કિન્તુ તત્ર છન્દભંગોઽસ્તિ સુખાવગમાર્થમેવંભૂતઃ પાઠઃ કૃતઃ સમ્ભાવ્યતે ।હસ્તલિખિતયશોભદ્રસૂરિવૃત્તિયુતગાથાપ્રતૌ પુનરસ્માદ્ ભિન્ન ઉપરિ દર્શિતન તુલ્યશ્ચ પાઠો લભ્યતે। ૯ "અત્રાઽપિ પૂર્વવન્મુદ્રિતપ્રતિહસ્તલિખિતમૂલગાથાપ્રત્યાદિષુ 'ભૂદગતરૂસુ દો દો ઈગમગણિવાઉસુ ચઉદસ તસેસુ ।" ઈત્યપિ પાઠઃ પ્રાપ્યતે । શ્રીમન્મલયગિરિપાદૈરેતત્પાઠાનુસારેણૈવ વૃત્તિર્વિહિતા દશ્યતે ।

મઈસુયઓહિદુગે નવ, અજયાઈજયાઈ સત્ત મણનાણે ।
કેવલદુગંમિ દો તિન્નિ દો વ પઢમા અનાણતિગે ॥૨૯॥

સામાઈયછેએસું, ચઉરો પરિહાર દો પમત્તાઈ ।
દેસસુહુમે સગં પઢમચરમચઉ અજયઅહખાએ ॥૩૦॥

બારસ અચક્ખુચક્ખુસુ, પઢમા લેસાસુ તિસુ છ દુસુ સત્ત ।
સુક્કાએ તેરસ ગુણા, સવ્વે ભવ્વે અભવ્વેગં ॥૩૧॥

વેયગખઈગઉવસમે, ચઉરો એક્કારસટ્ઠ તુરિયાઈ ।
સેસતિગે સટ્ઠાણં, સન્નિસુ ચઉદસ અસન્નિસુ દો ॥૩૨॥

આહારગેસુ પઢમા, તેરસડણાહારગેસુ પંચ ઈમે ।
[1]પઢમંતિમદુગઅવિરય, ઈય ગઈયાઈસુ ગુણટ્ઠાણા ॥૩૩॥

સચ્ચં મોસં મીસં, અસચ્ચમોસં મણં તહ વઈ ય ।
ઉરલવિઉવ્વાહારા, મીસા કમ્મઈગમિય જોગા ॥૩૪॥

એક્કારસ સુરનારયગઈસુ આહારઉરલદુગરહિયા ।
જોગા તિરિયગઈએ, તેરસ આહારગદુગૂણા ॥૩૫॥

નરગઈપણિંદિતસતણુનરઅપુમકસાયમઈસુઓહિદુગે ।
[2]અચ્ચકખુછલેસાભવ્વસમ્મદુગસન્નિસુ ય સવ્વે ॥૩૬॥

એગિંદિએસુ પંચ ઉ, કમ્મઈગવિઉવ્વિઉરલજુઅલાણિ ।
કમ્મુરલદુગં અંતિમભાસા વિગલેસુ ચઉરો ત્તિ ॥૩૭॥

કમ્મુરલદુગં થાવરકાએ વાએ વિઉવ્વિજુયલજુયં ।
પઢમંતિમમણવઈદુગકમ્મુરલદુ કેવલ દુગંમિ ॥૩૮॥

---

૧ "પઢમં ત દુગઅવિરયા ઇય ગઈયાઈસુ ગુણઠાણા" ઈત્યપિ । ૨ "અચકખુ છલ્લેસા૦" ઈત્યપિ ।

[1]થીવેઅન્નાણોવસમઅજયસાસણઅભવ્વમિચ્છેસુ ।
તેરસ મણવઈમણનાણછેયસામઈયચક્ખુસુ ય ॥૩૯॥

[2]પરિહારે સુહુમે નવ, ઉરલવઈ [3]મણા સકમ્મુરલમિસ્સા ।
અહખાએ સવિઉવ્વા, મીસે દેસે સવિઉવિદુગા ॥૪૦॥

કમ્મુરલવિઉવ્વિદુગાણિ ચરમભાસા ય છ ઉ અસન્નિમ્મિ ।
જોગા અકમ્મગાહારગેસુ કમ્મણમણાહારે ॥૪૧॥

નાણં પંચવિહં તહ, અન્નાણતિગં તિ અટ્ઠ સાગારા ।
ચઉદંસણમણગારા, બારસ જિયલક્ખણુવઓગા ॥૪૨॥

મણુયગઈએ બારસ, મણકેવલદુરહિયા નવન્નાસુ ।
થાવરઇગિબિતિઇંદિસુ અચક્ખુદંસણમનાણદુગં ॥૪૩॥

ચક્ખુજુયં ચઉરિંદિસુ, તં ચિય બારસપણિંદિતસકાએ ।
જોએ વેએ સુક્કાએ ભવ્વસન્નીસુ આહારે ॥૪૪॥

કેવલદુગહીણા દસ, કસાયપણલેસચક્ખુચક્ખૂસુ ।
કેવલદુગે નિયદુગં, ખઇગે નવ નો અનાણતિગં ॥૪૫॥

પઢમચઉનાણસંજમવેયગ ઉવસમિયઓહિદંસેસુ ।
નાણચઉદંસણતિગં, કેવલદુજુયં અહક્ખાએ ॥૪૬॥

નાણતિગદંસણતિગં, દેસે મીસે અનાણમીસં તં ।
કેવલદુગમણપજ્જવવજ્જા અસ્સંજયંમિ નવ ॥૪૭॥

અન્નાણતિગઅભવ્વે, સાસણમિચ્છે યં પંચ ઉવઓગા ।
દોદંસણતિઅનાણા, તે અવિભંગા અસન્નિમ્મિ ॥૪૮॥

---

૧ "થીવેયઅનાણો૦" ઇત્યપિ । તથા "જોગાઽઽહારદુગૂણા તેરસ થીમાઇનવસુ દારેસુ । ઓરાલમિસ્સકમ્મણરહિયા મણમાઇછણ્ણંઇ વિ ।" ઇતિ પ્રક્ષિપ્તગાથાઽધિકતયા હસ્તલિખિતપ્રતૌ દૃશ્યતે । ૨ "પરિહારસુહુમ્મે" ઇત્યપિ પાઠઃ । ૩ "૦મણો તે સકમ્મુ૦" ઇતિ પાઠઃ ।

મણનાણચક્ખુરહિયા, દસ ઉ અણાહારગેસુ ઉવઓગા ।
ઇય ગઇયાઇસુ નયમયનાણત્તમિણં તુ જોગેસુ ॥૪૯॥

[૧]તણુવઇમણેસુ કમસો, દુચઉતિપંચા દુઅટ્ઠચઉચઉરો ।
તેરસદુબારતેરસ,ગુણજીવુવઓગજોગ ત્તિ ॥૫૦॥

લેસા ઉ તિન્નિ પઢમા, નારગવિગલગ્ગિવાઉકાએસુ ।
એગિંદિભૂતરૂદગઅસન્નિસું પઢમિયા ચઉરો ॥૫૧॥

કેવલજુયલઅહક્ખાયસુહુમરાગેસુ સુક્કલેસેવ ।
લેસાસુ છસુ સઠાણં, ગઇયાઇસુ છાવિ સેસેસુ ॥૫૨॥

ગઇયાઇસુ અપ્પબહું, ભણામિ સામન્નઓ સઠાણે વિ ।
નરનિરયદેવતિરિયા, થોવા દુઅસંખણંતગુણા ॥૫૩॥

પણચઉતિદુએગિંદી, થોવા તિન્નિ અહિયા અણંતગુણા ।
તસતેઉપુઢવિજલવાઉહરિયકાયા પુણ કમેણં ॥૫૪॥

થોવા અસંખગુણિયા, તિન્નિ વિસેસાહિયા અણંતગુણા ।
મણવયણકાયજોગી, થોવા સંખગુણણંતગુણા ॥૫૫॥

પુરિસેહિંતો ઇત્થી, સંખેજ્જગુણા નપુંસણંતગુણા ।
માણી કોહી [૨]માયી, લોભી કમસો વિસેસહિયા ॥૫૬॥

મણપજ્જવિણો [૩]થોવા, ઓહિણણાણી તઓ અસંખગુણા ।
મઇસુયનાણી તત્તો, વિસેસઅહિયા સમા દો વિ ॥૫૭॥

---

૧ "કેવલતણુજોગંમિ દો ગુણચઉજીવઆઇમા હુંતિ । મઇસુઅઅન્નાણદુગં અચ્ચખૂ તિન્નિ ઉવઓગા ॥૧॥ વેઉવ્વિઉરલજુયલા કમ્મણજોગો ય પંચ જોગત્તિ । અમણવઈએ પઢમા દો ગુણ જિય અટ્ઠ ચઉ ઉવરિં ॥૨॥ ચક્ખુઅચક્ખૂ મઇસુયઅનાણ ચત્તારિ હુંતિ ઉવઓગા । કમ્મણ ઉરાલજુયલં અસચ્ચભાસા ય ચઉ જોગા ॥૩॥ તેરસ ગુણ મણજોગે અંતિમ દો જીવ બાર ઉવઓગા । તેરસજોગા ય તહા કમ્મોરલમિસ્સવજ્જ ત્તિ ॥૪॥ એતદ્ગાથાચતુષ્કં પ્રક્ષિપ્તતયાऽધિકં દશ્યતે હસ્તલિખિતમૂલગાથાપ્રતૌ । "માઈ લોભી" ઇત્યપિ । ૩ "થોવા ઓહીનાણી" ઇત્યપિ ।

વિબ્ભંગિણો અસંખા, કેવલનાણી તઓ અણંતગુણા ।
તત્તોણંતગુણા દો, મઈસુયઅન્નાણિણો તુલ્લા ॥૫૮॥

સુહુમપરિહારઅહખાયછેયસામઈયદેસજઈઅજયા ।
થોવા સંખેજ્જગુણા, ચઉરો અસ્સંખણંતગુણા ॥૫૯॥

ઈય ઓહિચક્ખુકેવલઅચક્ખુદંસી કમેણ વિન્નેયા ।
થોવા અસ્સંખગુણા, અણંતગુણિયા અણંતગુણા ॥૬૦॥

સુક્કા પમ્હા તેઊ, કાઊ નીલા ય કિણ્હલેસા ય ।
થોવા દોસંખગુણાણંતગુણા દો વિસેસહિયા ॥૬૧॥

થોવાજહન્નજુત્તાણંતયતુલ્લ ત્તિ ઈહ અભવ્વજિયા ।
તેહિંતોડણંતગુણા, ભવ્વા ણિવ્વાણગમણરિહા ॥૬૨॥

સાસાણઉવસમિયમિસ્સવેયગક્ખઈયમિચ્છદિટ્ઠીઓ ।
થોવા દો સંખગુણા, અસંખગુણિયા અણંતા દો ॥૬૩॥

સન્ની થોવા તત્તો, અણંતગુણિયા અસન્નિણો [1]હોંતિ ।
થોવાણાહારજિયા, તદસંખગુણા [2]સઆહારા ॥૬૪॥

મિચ્છે સવ્વે છ અપજ્જ સન્નિપજ્જત્તગો ય સાસાણે ।
સમ્મે દુવિહો સન્ની, સેસેસું સન્નિપજ્જત્તો ॥૬૫॥

ઈય જિયઠાણા ગુણઠાણગેસુ જોગાઈ વોચ્છમેત્તાહે ।
જોગાહારદુગૂણા, મિચ્છે સાસણઅવિરએ ય ॥૬૬॥

ઉરલવિઉવ્વ[3]વઈમણા, દસ મીસે તે વિઉવ્વિમીસજુયા ।
દેસજએ એક્કારસ, સાહારદુગા પમત્તો તે ॥૬૭॥

[4]એક્કારસ અપમત્તો, મણવઈઆહારઉરલવેઉવ્વા ।
અપ્પુવ્વાઈસુ પંચસુ, નવ ઓરાલો મણવઈ ય ॥૬૮॥

---

૧ "હુંતિ" ઈત્યપિ । ૨ "ઉ સાહારા" ઈત્યપિ । ૩ "વય૦" ઈત્યપિ । ૪ એક્કારસ-ડપ્પમત્તે" ઈત્યપિ ।

ચરમાઈમમણવઈદુગકમ્મુરલદુગં [1]તિ જોગિણો સત્ત ।
ગયજોગો ય અજોગી, વોચ્છિમઓ બારસુવઓગે ॥૬૯॥

અચ્ચક્ખુચક્ખુદંસણમન્નાણતિગં ચ મિચ્છસાસાણે ।
અવિરયસમ્મે દેસે, તિનાણદંસણતિગં તિ છ ઉ ॥૭૦॥

મીસે [2]તે ચ્ચિય મીસા, સત્ત પમત્તાઈસું સમણનાણા ।
કેવલિયનાણદંસણઉવઓગા જોગજોગીસું ॥૭૧॥

સાસણભાવે નાણં, વિઉવ્વિગાહારગે ઉરલમિસ્સં ।
નેગિંદિસુ [3]સાસાણો, નેહાહિગયં સુયમયં પિ ॥૭૨॥

લેસા તિન્નિ પમત્તં, તેઊપમ્હા ઉ અપ્પમત્તંતા ।
સુક્કા જાવ સજોગી, નિરુદ્ધલેસો અજોગિ ત્તિ ॥૭૩॥

બંધસ્સ મિચ્છઅવિરઈકસાયજોગ ત્તિ હેયવો ચઉરો ।
પંચ દુવાલસ પણુવીસ પનરસ કમેણ ભેયા સિં ॥૭૪॥

[4]આભિગ્ગહિયં અણભિગ્ગહં ચ તહ અભિનિવેસિયં ચેવ ।
સંસઈયમણાભોગં, મિચ્છત્તં પંચહા એવં ॥૭૫॥

બારસવિહા અવિરઈ, મણઇંદિયઅનિયમો છકાયવહો ।
સોલસ નવ ય કસાયા, પણુવીસં પન્નરસ જોગા ॥૭૬॥

પણપન્નપન્નતિયછહિય,[5]ચત્તઉણચત્ત છચઉદુગવીસા ।
સોલસદસનવનવસત્ત, હેઉણો ન ઉ અજોગિમ્મિ ॥૭૭॥

---

૧ "તુ" ઇત્યપિ । ૨ "તિચ્ચિય" ઇત્યપિ । ૩ "સાસાણો ત્તિ નેહાહિગયં" ઇત્યપિ । ૪ "આભિગ્ગહિયં કિલ દિક્ખિયાણમણભિગ્ગહં તુ ઇયરાણ । ગુટ્ઠામાહિલમાઈણ જં આભિનિવેસિ યં તં તુ ॥૧॥ સંસઈયં મિચ્છત્તં જા સંકા જિણવરુત્તતત્તેસુ । વિગલિંદિયાણ જં પુણ તમણાભોગં વિણિદિટ્ઠં ॥૨॥ ઇતિ ગાથાયુગ્મમધિકં પ્રક્ષિપ્તગાથાત્વેન ૭૫-૭૬ ગાથાદ્વય-મધ્યે દૃશ્યતે હસ્તલિખિતપ્રતૌ । ૫ "ચત્તિગુણચત્ત૦" ઇત્યપિ ।

તો નાણદંસણાવરણવેયણીયાણિ મોહણિજ્જં ચ ।
આઉયનામં ગોયંતરાયમિઈ અટ્ઠ કમ્માણિ ॥૭૮॥

સત્તટ્ઠછેગબંધા, સંતુદયા અટ્ઠ સત્ત ચત્તારિ ।
સત્તટ્ઠછપંચદુગં, ઉદીરણાઠાણસંખેયં ॥૭૯॥

અપમત્તંતા સત્તટ્ઠ મીસઅપ્પુવ્વબાયરા સત્ત ।
બંધંતિ છ સુહુમો એગમુવરિમા બંધગોડજોગી ॥૮૦॥

જા સુહુમો તા અટ્ઠ વિ, ઉદએ સંતે ય [1]હોંતિ પયડીઓ ।
સત્તટ્ઠુવસંતે ખીણિ સત્ત ચત્તારિ સેસેસુ ॥૮૧॥

સત્તટ્ઠ પમત્તંતા, કમ્મે ઉઈરિંતિ અટ્ઠ મીસો ઉ ।
વેયણિયાઉ વિણા છ ઉ, અપમત્તઅપુવ્વઅનિયટ્ટી ॥૮૨॥

સુહુમો છ પંચ ઉઈરેઈ પંચ ઉવસંતુ પંચ દો ખીણો ।
જોગી ઉ નામગોએ, અજોગિઅણુદીરગો ભયવં ॥૮૩॥

ઉવસંતજિણા થોવા, સંખેજ્જગુણા ઉ ખીણમોહજિણા ।
[2]સુહુમનિયટ્ટિનિયટ્ટી, તિન્નિ વિ તુલ્લા વિસેસહિયા ॥૮૪॥

જોગિઅપમત્તઈયરે, સંખગુણા દેસસાસણા મિસ્સા ।
અવિરયઅજોગિમિચ્છા, અસંખચઉરો દુવેડણંતા ॥૮૫॥

જિણવલ્લહોવણીયં, જિણવયણામયસમુદ્દબિંદુમિમં ।
હિયકંખિણો બુહજણા નિસુણંતુ ગુણંતુ જાણંતુ ॥૮૬॥

## ॥ સમાપ્તોડયં જિનવલ્લભગણિપ્રણીતઃ ષડશીતિનામા પ્રાચીનચતુર્થઃ કર્મગ્રન્થઃ ॥

---

૧ "હુન્તિ" ઈત્યપિ । ૨ "સુહુમનિયટ્ટનિયટ્ટિ" ઈત્યપિ ।

॥ अर्हम् ॥

श्वेताम्बराग्रण्यश्रीमद् गर्गमहर्षिविरचित:

# कर्मविपाकाख्य: प्राचीनप्रथम: कर्मग्रन्थ:

卐 卐 卐

**ववगयकम्मकलंकं, वीरं नमिऊण कम्मगइकुसलं ।**
**वोच्छं कम्मविवागं, गुरूवइट्ठं समासेणं ॥ १ ॥**

નાશ કર્યો છે કર્મરૂપી કલંક જેને, કર્મના જ્ઞાનમાં નિપુણ એવા શ્રી વીર જિનેશ્વરને નમીને શ્રીગુરુ વડે ઉપદેશાયેલા કર્મનાવિપાકને હું સંક્ષેપથી કહીશ. ૧

આ ગાથામાં મંગલાચરણ, વિષય ગુરુપર્વક્રમ અને પ્રયોજનં બતાવેલાં છે. ૧.

**कीरइ जओ जिएणं, मिच्छत्ताईहिँ चउगइगएणं ।**
**तेणिह भण्णइ कम्मं, अणाइयं तं पवाहेणं ॥ २ ॥**

જે કારણથી નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાં રહેલા જીવો વડે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને અજ્ઞાનાદિ વડે જે કરાય છે તે કર્મ કહેવાય છે, અને તે કર્મ પ્રવાહથી અનાદિકાલીન છે. ૨.

**तस्स उ चउरो भेया, पगईमाईउ हुंति नायव्वा ।**
**मोयगदिट्ठंतेणं पगईभेओ इमो होइ ॥ ३ ॥**

તે કર્મના ચાર ભેદો છે. પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ, તે મોદકના દૃષ્ટાન્તથી જાણવા યોગ્ય છે. આ પ્રકૃતિ ભેદ છે. તમે સાંભળો. ૩.

**मूलपयडीउ अट्ठ उ, उत्तरपयडीण अट्ठवन्नसयं ।**
**तासिं सभावभेया, हुंति हु भेया इमे सुणह ॥ ४ ॥**

મૂળ પ્રકૃતિઓ આઠ-૮ છે. અને ઉત્તર પ્રકૃતિઓ એકસોને અઠ્ઠાવન-૧૫૮ છે. તે મૂળ પ્રકૃતિ અને ઉત્તર પ્રકૃતિનાં ભેદો આ પ્રમાણે છે. તે તમે સાંભળો. ૪.

| | **મૂળ પ્રકૃતિ.** | **ઉત્તર પ્રકૃતિ.** |
|---|---|---|
| ૧. | જ્ઞાનાવરણીય કર્મ | પાંચ |
| ૨. | દર્શનાવરણીય કર્મ | નવ |
| ૩. | વેદનીય કર્મ | બે |
| ૪. | મોહનીય કર્મ | અઠ્ઠાવીશ |
| ૫. | આયુષ્ય કર્મ | ચાર |
| ૬. | નામકર્મ | એકસો ત્રણ |
| ૭. | ગોત્રકર્મ | બે |
| ૮. | અંતરાયકર્મ | પાંચ |
| | | એકસો અઠ્ઠાવન |

**पढमं नाणावरणं, बीयं पुण दंसणस्स आवरणं ।**
**तइयं च वेयणीयं, तहा चउत्थं च मोहणीयं ॥ ५ ॥**

પહેલું જ્ઞાનાવરણીય કર્મ, બીજું વળી દર્શનાવરણીય કર્મ, ત્રીજું વેદનીય કર્મ તેમ જ ચોથું મોહનીય કર્મ છે. ૫.

**आऊ नामं गोयं, अट्ठमयं अंतराइयं होइ ।**
**मूलपयडीउ एया, उत्तरपयडीउ कित्तेमि ॥ ६ ॥**

પાંચમું આયુષ્ય કર્મ, છઠ્ઠું નામકર્મ, સાતમું ગોત્ર કર્મ અને આઠમું અંતરાયિક કર્મ છે. આ મૂળ-પ્રકૃતિઓ છે. હવે ઉત્તરપ્રકૃતિઓનું હું વિશેષથી કીર્તન કરીશ.

**पंचविहनाणवरणं, नव भेया दंसणस्स दो वेए ।**
**अट्ठावीसं मोहे, चत्तारि य आउए हुंति ॥ ७ ॥**

જ્ઞાનાવરણીય કર્મ **પાંચ** પ્રકારવાળું, દર્શનાવરણીયના **નવ** ભેદો છે. વેદનીય કર્મને વિષે **બે** ભેદો, મોહનીય કર્મને વિષે **અટ્ઠાવીશ** ભેદો અને આયુષ્ય કર્મને વિષે **ચાર** ભેદો છે. ૭.

**नामे तिउत्तरसयं, दो गोए अंतराइए पंच ।**
**एएसिं भेयाणं, होइ विवागो इमो सुणह ॥ ८ ॥**

નામકર્મને વિષે **એકસો ત્રણ** ભેદો, ગોત્રને વિષે **બે** ભેદો, અંતરાયિક કર્મને વિષે **પાંચ** ભેદો છે. આ ભેદોના વિપાક આ છે, તે તમે સાંભળો. ૮.

**पडपडिहारसिमज्जाहडिचित्तकुलालभंडगारीणं ।**
**जह एएसिं भावा, कम्माण वि जाण तह चेव ॥ ९ ॥**

પટ, દ્વારપાલ, તલવાર, મદિરા, બેડી, ચિત્રકાર, કુંભાર, ભંડારીના જેમ આવારકાદિ સ્વરૂપો છે તેમ આઠ કર્મોના પણ તું જાણ. ૯.

**सरउग्गयससिनिम्मलयरस्स जीवस्स छायणं जमिह ।**
**नाणावरणं कम्मं, पडोवमं होइ एवं तु ॥ १० ॥**

શરદઋતુમાં ઉગેલા ચંદ્રથી પણ અધિક નિર્મળ એવા જીવના સ્વભાવનું જે આચ્છાદન કરનાર છે તે લોકમાં **જ્ઞાનાવરણીય કર્મ** આ પ્રમાણે પટની ઉપમાવાળું છે. ૧૦.

**जह निम्मलावि चक्खू, पडेण केणावि छाइया संती ।**
**मंदं मंदतरागं, पिच्छइ सा निम्मला जइ वि ॥ ११ ॥**

જેમ નિર્મલ પણ આંખ કોઈ પણ પટવડે આચ્છાદિત કરાયે છતે મંદ, અધિકમંદ જુવે છે. ૧૧.

**तह मइसुयनाणाणं, ओहीमणकेवलाण आवरणं ।**
**जीवं निम्मलरूवं, आवरइ इमेहि भेएहि ॥ १२ ॥**

તેમ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાનનું આવરણ નિર્મલ સ્વભાવવાળા જીવને આ ભેદો વડે આવરે છે. ૧૨.

**अट्ठावीसइभेयं, मइनाणं इत्थ वण्णियं समए ।**
**तं आवरेइ जं तं, मइआवरणं हवइ पढमं ।। १३ ।।**

લોકમાં મતિજ્ઞાન અઠ્ઠાવીશ ભેદવાળું છે, (આ પ્રમાણે) શાસ્ત્રમાં વર્ણન કરાયેલું છે. તે મતિજ્ઞાનને જે કર્મ આવરે છે તે પહેલું **મતિજ્ઞાનાવરણીય કર્મ** છે. (અઠ્ઠાવીશ આદિ ભેદો નવ્ય કર્મગ્રન્થમાંથી જાણી લેવા.) ૧૩.

**चोद्दसभेएसु गयं, सुयनाणं इत्थ वण्णियं समए ।**
**तस्सावरणं जं पुण, सुयआवरणं हवइ बीयं ॥ १४ ॥**

ચૌદ ભેદોમાં રહેલું શ્રુતજ્ઞાન કર્મની વ્યાખ્યાના પ્રસ્તાવમાં સિદ્ધાંતમાં વર્ણન કરાયેલું છે. તે શ્રુતજ્ઞાનનું જે આવરણ છે તે વળી બીજું **શ્રુતજ્ઞાનાવરણીય કર્મ** છે. ૧૪.

**अणुगामिवड्ढमाणयभेयाइसु वण्णिओ इहं ओही ।**
**तं आवरेइ जं तं अवहीआवरणयं जाण ॥ १५ ॥**

અનુગામી, વર્ધમાન આદિ ભેદો વડે સિદ્ધાંતમાં અવધિજ્ઞાન નું વર્ણન કરાયેલું છે. તે અવધિજ્ઞાનને જે આવરણ કરે છે તે **અવધિ-જ્ઞાનાવરણીય કર્મ** તું જાણ. ૧૫.

**रिउमइविउलमईहिं, मणपज्जवनाणवण्णणं समए ।**
**तं आवरियं जेणं, तं पि हु मणपज्जवावरणं ॥ १६ ॥**

ઋજુમતિ અને વિપુલમતિ વડે મનઃપર્યવજ્ઞાનનું વર્ણન સિદ્ધાંતમાં કરાયેલું છે. તેને જે આવરણ કરે છે, તે **મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મ** તું જાણ. ૧૬.

**लोयालोयगएसुं, भावेसुं जं गयं महाविमलं ।**
**तं आवरियं जेणं, केवलआवरणयं तंपि ॥ १७ ॥**

લોક અને અલોકમાં રહેલા ભાવોને વિષે જે રહેલું છે તે મહાવિમલ=કેવળજ્ઞાન છે, તેને જે કર્મ વડે આવરણ કરાય છે તેને **કેવળજ્ઞાનાવરણીય કર્મ** કહેવાય છે એમ તું જાણ. ૧૭.

**एवं पंचवियप्पं नाणावरणं समासओ भणियं ।**
**बीयं दंसणवरणं, नवभेयं भण्णए सुणह ॥ १८ ॥**

આ પ્રમાણે પાંચ પ્રકારનું જ્ઞાનાવરણીય કર્મ સંક્ષેપથી કહેવાયું છે. બીજું **દર્શનાવરણીય કર્મ** નવભેદોવાળું કહેવાય છે તે તમે સાંભળો. ૧૮.

**दंसणसीले जीवे, दंसणघायं करेइ जं कम्मं ।**
**तं पडिहारसमाणं, दंसणवरणं भवे बीयं ॥ १९ ॥**

દર્શન સ્વભાવવાળા જીવને વિષે દર્શનનો ઘાત જે કર્મ કરે છે તે પ્રતીહાર (દ્વારપાળ) સમાન બીજું **દર્શનાવરણીય કર્મ** છે. ૧૯.

**जह रन्नो पडिहारो, अणभिप्पेयस्स सो उ लोगस्स ।**
**रण्णो तहि दरिसावं, न देइ दट्ठुं पि कामस्स ॥ २० ॥**

જેમ રાજાનો પ્રતીહારી દર્શન કરવાની અભિલાષાવાળા પણ ઇચ્છિત ન હોય એવા લોકને રાજાનું દર્શન આપતો નથી. (કરવા દેતો નથી.) ૨૦.

**जह राया तह जीवो, पडिहारसमं तु दंसणावरणं ।**
**तेणिह विबंधएणं, न पिच्छए सो घडाईयं ॥ २१ ॥**

જેમ રાજા તેમ જીવ સમજવો. વળી પ્રતીહારી સમાન એવું દર્શનાવરણીય કર્મ છે, લોકમાં પ્રતિકૂળ એવા દર્શનાવરણકર્મ વડે જીવ ઘટાદિ પદાર્થોને જોતો નથી. ૨૧.

**निद्दापणगं तत्थ उ, चउभेया दंसणस्स आवरणे ।**
**सुहपडिबोहो निद्दा बीया पुण निद्दनिद्दा य ॥ २२ ॥**

દર્શનાવરણીય કર્મમાં નિદ્રા પાંચ છે. તથા દર્શન સંબંધિ આચ્છાદન કરનાર ચાર દર્શનાવરણના ભેદો છે. સુખપૂર્વક જેમાં જાગી શકાય તે **નિદ્રા** અને બીજી વળી **નિદ્રાનિદ્રા** છે. ૨૨.

**सा दुक्खबोहणीया, पयला पुण जा ठियस्स उद्धाइ ।**
**पयलापयल चउत्थी, तीए उदओ उ चंकमणे ॥ २३ ॥**

તે નિદ્રાનિદ્રાના ઉદયમાં સુતેલાને દુઃખ પૂર્વક જગાડી શકાય છે. ઉભા રહેલાને પણ જે નિદ્રા ઉત્પન્ન થાય છે તે **પ્રચલા**. ચોથી **પ્રચલા પ્રચલા** નિદ્રા છે, તેનો ઉદય ગમનમાં થાય છે. ૨૩.

**थीणद्धी पुण दिणचिंतियस्स अत्थस्स साहणी पायं ।**
**सा संकिलिट्ठकम्मस्स उदयओ होइ नियमेणं ॥ २४ ॥**

પ્રાયઃ દિવસે ચિંતવેલા પ્રયોજનને સિદ્ધ કરનારી **થીણદ્ધિ** (સ્ત્યાનર્દ્ધિ) નિદ્રા સંક્લિષ્ટ કર્મના ઉદયથી અવશ્ય થાય છે. ૨૪.

**निद्दापणगं एयं, चक्खू आवरइ चक्खुआवरणं ।**
**सेसिंदियआवरणं, होइ अचक्खुस्स आवरणं ॥ २५ ॥**

આ પ્રમાણે પાંચ નિદ્રા કહી, આંખનું = દર્શનનું આવરણ કરે તે **ચક્ષુર્દર્શનાવરણીય કર્મ**, અને બાકીની ઇન્દ્રિયોનું = ઘ્રાણ, રસ, સ્પર્શ, શ્રવણ અને મનનું આવરણ કરે તે **અચક્ષુર્દર્શનાવરણીય કર્મ** છે. ૨૫.

**सामन्नुवओगं जं, वरेइ तं ओहिदंसणावरणं ।**
**केवलसामन्नं जं, वरेइ तं केवलस्स भवे ॥ २६ ॥**

જે કર્મ સામાન્ય ઉપયોગને આવરે છે તે**અવધિદર્શનાવરણીય કર્મ** છે. જે કર્મ કેવલદર્શનને આવરે તે **કેવલદર્શનાવરણીય કર્મ** છે. ૨૬.

**भणियं दंसणवरणं, तइयं कम्मं तु होइ वेयणियं ।**
**तं असिधारासरिसं, जह होइ तहा निसामेह ॥ २७ ॥**

દર્શનાવરણીય કર્મ કહેવાયું. હવે ત્રીજું કર્મ વેદનીય છે તે તલવારની ધારા સમાન જે પ્રકારે છે તે પ્રકારે તમે સાંભળો. ૨૭.

**महुलित्तनिसियकरवालधारजीहाइ जारिसं लिहणं ।**
**तारिसयं वेयणियं, सुहदुहउप्पायगं मुणह ॥ २८ ॥**

મધથી લેપાયેલી તીક્ષ્ણ તલવારની ધારાનું જીહ્વા-જીભ વડે જે પ્રકારે આસ્વાદન છે તે પ્રકારે સુખ અને દુઃખને ઉત્પન્ન કરનારા એવા **વેદનીય કર્મ**ને તમે જાણો. ૨૮.

**महुआसायणसरिसो, सायावेयस्स होइ हु विवागो ।**
**जं असिणा तहि छिज्जइ, सो उ विवागो असायस्स ॥ २९ ॥**

મધના આસ્વાદન સમાન, સુખાનુભવસ્વરૂપ **શાતાવેદનીયકર્મ**નો જ વિપાક છે. તલવારવડે જે છેદાય છે તે વળી અસુખાનુભવસ્વરૂપ **અશાતાવેદનીયકર્મ**નો જ વિપાક છે. ૨૯.

**एयं सुहदुक्खकरं चउगइमावन्नयाण जीवाणं ।**
**सामन्नेणं भणिमो, सुहदुक्खं दुसु दुसु गईसु ॥ ३० ॥**

આ પ્રમાણે ચારેગતિનાં જીવોને સુખ અને દુઃખ કરનાર વેદનીયકર્મ સામાન્યથી અમે કહીએ છીએ. દેવ અને મનુષ્ય એ બે ગતિમાં સુખ, અને નરક અને તિર્યંચ એ બે ગતિમાં દુઃખ છે. ૩૦.

**देवेसु य मणुएसु य, तत्थ विसिट्ठेसु कामभोगेसु ।**
**जं उवभुंजइ जीवो, सो उ विवागो उ सायस्स ॥ ३१ ॥**

દેવગતિ અને મનુષ્યગતિમાં વિશિષ્ટ એવા કામભોગોને વિષે જીવ જે સુખને ભોગવે છે તે શાતાવેદનીયકર્મનો વિપાક છે. ૩૧.

**नरएसु य तिरिएसु य, तेसु य दुक्खाइं णेगरूवाइं ।**
**जं उवभुंजइ जीवो, सो उ विवागो असायस्स ॥ ३२ ॥**

નરકગતિ અને તિર્યંચગતિમાં અને દેવ-મનુષ્યગતિમાં પણ અનેક સ્વરૂપવાળા દુ:ખોને જીવ જે ભોગવે છે તે અશાતાવેદનીય કર્મનો વિપાક છે. ૩૨.

**एयमिह वेयणीयं, चउत्थकम्मं तु होइ मोहणियं ।**
**तं मज्जपाणसरिसं, जह होइ तहा निसामेह ॥ ३३ ॥**

સાતા-અસાતારૂપ પ્રવચનમાં વેદનીય કર્મ કહેવાયું હવે ચોથું **મોહનીય કર્મ** છે. તે મદ્યપાન સમાન જે પ્રકારે છે તે પ્રકાર તમે સાંભળો. ૩૩.

**जह मज्जपाणमूढो, लोए पुरिसो परव्वसो होइ ।**
**तह मोहेणवि मूढो, जीवोवि परव्वसो होइ ॥ ३४ ॥**

જેમ મૂઢ એવો પુરુષ લોકમાં પરવશ હોય છે, તેમ મદ્યપાન વડે મોહથી મૂઢ-મૂંઝાયેલો જીવ પણ બીજાને પરવશ હોય છે. ૩૪.

**मोहेइ मोहणीयं, तं पि समासेण भण्णए दुविहं ।**
**दंसणमोहं पढमं, चरित्तमोहं भवे बीयं ॥ ३५ ॥**

જે આત્માને મોહ પમાડે તે મોહનીય કર્મ સંક્ષેપથી બે પ્રકારે કહેવાયેલું છે. પહેલું **દર્શન મોહનીય કર્મ** અને બીજું **ચારિત્ર મોહનીય કર્મ** છે. ૩૫.

**दंसणमोहं तिविहं, सम्मं मीसं च तह य मिच्छत्तं ।**
**सुद्धं अद्धविसुद्धं, अविसुद्धं तं जहाकमसो ॥ ३६ ॥**

દર્શનમોહનીય કર્મ ત્રણ પ્રકારે છે. સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય તે અનુક્રમે શુદ્ધ, અર્ધ વિશુદ્ધ અને અવિશુદ્ધ છે. ૩૬.

**केवलनाणुवलद्धे, जीवाइपयत्थसद्दहे जेणं ।**
**तं संमत्तं कम्मं, सिवसुहसंपत्तिपरिणामं ॥ ३७ ॥**

કેવળજ્ઞાનથી જણાયેલ જીવાદિ પદાર્થોને જે કર્મ વડે સ્વીકારાય તે **સમ્યગ્દર્શનમોહનીય કર્મ** છે તે મોક્ષ વિષે સુખની પ્રાપ્તિ સ્વરૂપ પરિણામ છે. ૩૭.

**रागं नवि जिणधम्मे, नवि दोसं जाइ जस्स उदएणं ।**
**सो मीसस्स विवागो, अंतमुहुत्तं भवे कालं ॥ ३८ ॥**

જે કર્મના ઉદયથી જિનધર્મનેવિષે રાગ પણ નથી, દોષ-દ્વેષ પણ નથી તે **મિશ્રદર્શનમોહનીયનો ઉદય** છે. તે અંતર્મુહૂર્ત કાલપ્રમાણ હોય છે. ૩૮.

**जिणधम्मंमि पओसं, वहइ य हियएण जस्स उदएणं ।**
**तं मिच्छत्तं कम्मं, संकिट्ठो तस्स उ विवागो ॥ ३९ ॥**

જે કર્મના ઉદયથી હૃદયમાં જિનધર્મને વિષે મત્સરને વહન કરે છે, તે **મિથ્યાત્વદર્શનમોહનીય કર્મ** છે. તેનો વિપાક સંક્લિષ્ટ છે. ૩૯.

**जं पि य चरित्तमोहं, तं पि हु दुविहं समासओ होइ ।**
**सोलस जाण कसाया, नव भेया नोकसायाणं ॥ ४० ॥**

જે ચારિત્ર મોહનીય કર્મ છે તે સંક્ષેપથી બે પ્રકારવાળું છે. સોળ કષાયો અને નોકષાયોના નવ ભેદોને તું જાણ. ૪૦.

**कोहो माणो माया, लोभो चउरो वि हुंति चउभेया ।**
**अणअप्पच्चक्खाणा, पच्चक्खाणा य संजलणा ॥ ४१ ॥**

ક્રોધ, માન, માયા અને લોભ એ ચારેય પણ કષાયો ચાર ભેદવાળા છે. અનંતાનુબંધી કષાય, અપ્રત્યાખ્યાનીય કષાય, પ્રત્યાખ્યાનીય કષાય અને સંજ્વલન કષાય. ૪૧.

**कोहो माणो माया लोभो पढमा अणंतबंधी उ ।**
**एयाणुदए जीवो, इह संमत्तं न पावेइ ॥ ४२ ॥**

ક્રોધ, માન, માયા અને લોભ એ **પ્રથમ અનંતાનુબંધી કષાય** છે. અનંતાનુબંધી કષાયના ઉદયથી જીવ મનુષ્યલોકમાં સમ્યક્ત્વને પામતો નથી. ૪૨.

**जं परिणामो किट्ठो मिच्छाओ जाव सासणो ताव ।**
**सम्मामिच्छाईसुं, एसिं उदओ अओ नत्थि ॥ ४३ ॥**

જે કારણથી સંક્લિષ્ટ પરિણામ તે મિથ્યાત્વ ગુણસ્થાનકથી સાસ્વાદન ગુણસ્થાનક સુધી જ હોય છે. મિશ્રાદિ ગુણસ્થાનકોમાં અનંતાનુબંધી કષાયનો ઉદય હોતો નથી. ૪૩.

**कोहो माणो माया, लोभो बीया अपच्चखाणा उ ।**
**एयाणुदए जीवो, विरयाविरइं न पावेइ ॥ ४४ ॥**

ક્રોધ, માન, માયા અને લોભ એ **બીજો અપ્રત્યાખ્યાનીય કષાય** છે. જેના ઉદયથી જીવ દેશવિરતિને પામતો નથી. ૪૪.

**एसिं जाण विवागो, मिच्छाओ जाव अविरओ ताव ।**
**परओ देसजयाइसु, नत्थि विवागो चउण्हं पि ॥ ४५ ॥**

આ અપ્રત્યાખ્યાનીય કષાયોનો ઉદય મિથ્યાત્વ ગુણસ્થાનકથી અવિરત ગુણસ્થાનક (૧ થી ૪ ગુ.ઠા) સુધી તું જાણ. પછી દેશવિરતિ આદિ ગુણસ્થાનકોમાં તેનો વિપાક હોતો નથી. ૪૫.

**कोहो माणो माया, लोभो तइया उ पच्चखाणा उ ।**
**एयाणुदए जीवो, पावेइ न सव्वविरइं तु ॥ ४६ ॥**

ક્રોધ, માન, માયા અને લોભ એ **ત્રીજો પ્રત્યાખ્યાનીય કષાય** છે. જે પ્રત્યાખ્યાનીય કષાયના ઉદયથી જીવ સર્વવિરતિને પામતો નથી. ૪૬.

**एसिं जाण विवागो, मिच्छाओ जाव विरयविरओ उ ।**
**परओ पमत्तमाइसु, नत्थि विवागो चउण्हं पि ॥ ४७ ॥**

પ્રત્યાખ્યાનીય કષાયનો ઉદય મિથ્યાત્વથી દેશવિરતિ ગુણસ્થાનક (૧ થી ૫ ગુ.ઠા.) સુધી તુ જાણ. આગળના પ્રમત્તાદિ ગુણસ્થાનકોમાં તેનો વિપાક હોતો નથી. ૪૭.

**कोहो माणो माया, लोभो चरिमा उ हुंति संजलणा ।**
**एयाणुदए जीवो, न लहइ अहखायचारित्तं ॥ ४८ ॥**

છેલ્લા ચાર, ક્રોધ, માન, માયા, લોભ **સંજ્વલન કષાય** છે તેના ઉદયથી જીવ યથાખ્યાત ચારિત્રને પામતો નથી. ૪૮.

**एसिं जाण विवागो, मिच्छाओ जाव बायरो तिण्हं ।**
**लोभस्स जाव सुहुमो, होइ विवागो न परओ उ ॥ ४९ ॥**

ક્રોધ, માન અને માયા એ ત્રણ સંજ્વલન કષાયોનો ઉદય મિથ્યાત્વથી અનિવૃત્તિ બાદર ગુણસ્થાનક (૧ થી ૯ ગુ.ઠા.) સુધી તું જાણ. સંજ્વલન લોભનો ઉદય સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક (૧ થી ૧૦ ગુ.ઠા.) સુધી તું જાણ. આગળના ઉપશાંત મોહાદિ ગુણસ્થાનકોમાં તેનો ઉદય હોતો નથી. ૪૯.

**नव नोकसाय भणिमो, वेया तिन्नेव हासछक्कं च ।**
**इत्थीपुरिसनपुंसग, तेसिं सरूवं इमं होइ ॥ ५० ॥**

ત્રણ વેદ અને હાસ્યાદિષટ્ક એમ નવ નોકષાય અમે કહીએ છીએ. ત્યાં સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદએમ ત્રણ વેદ છે અને તેમનું આ સ્વરૂપ છે. ૫૦.

**पुरिसं पइ अहिलासो, उदएणं होइ जस्स कम्मस्स ।**
**सो फुंफुमदाहसमो, इत्थीवेयस्स उ विवागो ॥ ५१ ॥**

જે કર્મના ઉદયથી પુરુષ પ્રત્યેની ઇચ્છા થાય તે **સ્ત્રીવેદનો વિપાક** બકરીની લીંડીના દાહ સમાન છે. ૫૧.

**इत्थीए पुण उवरिं, जस्सिह उदएण रागउप्पज्जे ।**
**सो तणदाहसमाणो, होइ विवागो पुरिसवेए ॥ ५२ ॥**

જે કર્મના ઉદયથી સ્ત્રીઓ ઉપર રાગ થાય તે **પુરુષ-વેદનો વિપાક** ઘાસના અગ્નિ સમાન છે. ૫૨.

**इत्थीपुरिसाणुवरिं, जस्सिह उदएण रागउप्पज्जे ।**
**नगरमहादाहसमो, सो उ विवागो अपुमवेए ॥ ५३ ॥**

જે કર્મના ઉદયથી સ્ત્રી અને પુરુષ એમ બંને ઉપર આસક્તિ ઉત્પન્ન થાય તે **નપુંસકવેદનો વિપાક** નગરના મહા અગ્નિ સમાન છે. ૫૩.

**तिण्ह वि होइ विवागो, मिच्छाओ जाव बायरो ताव ।**
**हासरईअरइभयं, सोगदुगुंछा उ अह भणिमो ॥ ५४ ॥**

ત્રણેય પણ વેદનો વિપાક મિથ્યાત્વ ગુણસ્થાનકથી અનિવૃત્તિ બાદર ગુણસ્થાનક (૧ થી ૯ ગુ.ઠા.) સુધી હોય છે. હવે હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા એમ હાસ્યાદિષટ્ક અમે કહીએ છીએ. ૫૪.

**सनिमित्तऽनिमित्तं वा, जं हासं होइ इत्थ जीवस्स ।**
**सो हासमोहणीयस्स होइ कम्मस्स उ विवागो ॥ ५५ ॥**

આ સંસારમાં જીવને નિમિત્ત હોય અથવા નિમિત્ત ન હોય અને જે હાસ્ય થાય તે હાસ્ય મોહનીય કર્મનો વિપાક છે. ૫૫.

**सच्चित्ताचितेसु य, बाहिरदव्वेसु जस्स उदएणं ।**
**होइ रई रइमोहे, सो उ विवागो वियाणाहि ॥ ५६ ॥**

સચિત્ત અથવા અચિત્ત બાહ્ય દ્રવ્યોમાં જે કર્મના ઉદયથી જીવને રતિ થાય છે તે **રતિ મોહનીયનો વિપાક** તમે જાણો. ૫૬.

**सच्चित्ताचित्तेसु य, बाहिरदव्वेसु जस्स उदएणं ।**
**अरई होइ हु जीवे सो उ विवागो अरइमोहे ॥ ५७**

સચિત્ત અને અચિત્ત બાહ્ય દ્રવ્યોમાં જે કર્મના ઉદયથી જીવને અરતિ થાય તે **અરતિ મોહનીયનો વિપાક** છે. ૫૭.

**भयवज्जियम्मि जीवे, जस्सिह उदएण हुंति कम्मस्स ।**
**सत्तवि भयठाणाइं, भयमोहे सो विवागो उ ॥ ५८ ॥**

જે કર્મના ઉદયથી ભય રહિત એવા જીવને વિષે સાત ભયસ્થાનો ઉત્પન્ન થાય છે તે **ભય મોહનીય કર્મનો વિપાક** છે. ૫૮.

**सोगरहियम्मि जीवे, जस्सिह उदएण होइ कम्मस्स ।**
**अक्कंदणाइसोगो, तं जाणह सोगमोहणियं ।। ५९ ॥**

જે કર્મના ઉદયથી શોક રહિત એવા જીવને વિષે આક્રંદનાદિ શોક થાય છે તે **શોકમોહનીયકર્મ** તું જાણ. ૫૯.

**दुग्गंधमलिणगेसु य, अब्भिंतरबाहिरेसु दव्वेसु ।**
**जेण विलीयं जीवे उप्पज्जइ सा दुगुंछा उ ॥ ६० ॥**

જે કર્મના ઉદયથી દુર્ગંધ અને મલિન એવા અભ્યંતર અને બાહ્યદ્રવ્યોને વિષે જીવને મુખને મરડવું, નાસિકાને બંધ કરવી, વિગેરે થાય છે તે **જુગુપ્સા મોહનીય કર્મ** છે. ૬૦.

**छण्ह वि होइ विवागो मिच्छाओ जा अपुव्वकरणस्स ।**
**चरमसमउ त्ति परओ, नत्थि विवागो उ छण्हं पि ॥ ६१ ॥**

હાસ્યાદિ ષટ્કનો વિપાક તે મિથ્યાત્વ ગુણસ્થાનકથી અપૂર્વકરણ ગુણસ્થાનકના છેલ્લા સમય સુધી (૧થી૮ગુ.ઠા.) છે. આગળ અનિવૃત્તિ બાદરાદિ ગુણસ્થાનકોમાં તેનો વિપાક નથી. ૬૧.

**भणिओ मोहविवागो, आउयकम्मं तु पंचमं भणिमो ।**
**तं होइ चउपयारं, नरतिरिमणुदेवभेएहिं ॥ ६२ ॥**

મોહનીય કર્મનો વિપાક અમે કહ્યો.

હવે પાંચમા આયુષ્ય કર્મને અમે કહીયે છીએ. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવના ભેદો વડે તે ચાર પ્રકારવાળું આયુષ્ય કર્મ છે. ૬૨.

**दुक्खं न देइ आउं नेय सुहं देइ चउसु वि गईसु ।**
**दुक्खसुहाणाहारं, धरेइ देहट्ठियं जीवं ॥ ६३ ॥**

આયુષ્યકર્મ દુઃખ આપતું નથી અને સુખ આપતું નથી જ. દેહમાં રહેલ જીવને ચારે પણ ગતિમાં દુઃખ સુખના આશ્રયમાં સ્થાપન કરે છે. ૬૩

**जं नेरइयं नारयभवम्मि तहिं धरइ उव्वियंतं पि ।**
**जाणसु तं निरयाउं हडिसरिसो तस्स उ विवागो ॥ ६४ ॥**

જે કર્મ નરકભવમાં નરકના જીવને ધારણ કરે છે, તે ચિત્તને ઉદ્વેગ કરનારું એવું **નરકાયુ કર્મ** છે તું જાણ. અને તેનો વિપાક બેડી સમાન છે. ૬૪.

**एवं तिरियं मणुयं देवं तिरियाइएसु भावेसु ।**
**जं धरइ तब्भवगयं तं तेसिं आउयं भणियं ॥ ६५ ॥**

એ પ્રમામે તિર્યંચ, મનુષ્ય, દેવને તિર્યગાદિભાવોમાં જે ધારણ કરે છે તે તિર્યંગાદિભવગત તેઓનું આયુષ્ય કહેવાયેલું છે. ૬૫.

**भणियं आउयकम्मं, छट्ठं कम्मं तु भण्णए नामं ।**
**तं चित्तगरसमाणं, जह होइ तहा निसामेह ॥ ६६ ॥**

આયુષ્ય કર્મને કહ્યું, હવે વળી છઠ્ઠું **નામકર્મ** કહેવાય છે. તે ચિત્રકાર સમાન જે પ્રકારે છે તે પ્રકારે તમે સાંભળો. ૬૬.

**जह चित्तयरो निउणो, अणेगरूवाइं कुणइ रूवाइं ।**
**सोहणमसोहणाइं, चोक्खाचोक्खेहिं वण्णेहिं ॥ ६७ ॥**

જેમ નિપુણ એવો ચિત્રકાર શુદ્ધ અને અશુદ્ધ વર્ણો વડે, સારા અને ખરાબ અનેક પ્રકારવાળા રુપોને કરે છે. ૬૭.

**तह नामं पि य कम्मं, अणेगरूवाइं कुणइ जीवस्स ।**
**सोहणमसोहणाइं, इट्ठाणिट्ठाइं लोयस्स ॥ ६८ ॥**

તેમ નામકર્મ પણ જીવના અનેકરૂપો કરે છે અને તે સુરૂપ અને કુરૂપ છે આમ કરીને પ્રાણિસમૂહને ઇષ્ટ અને અનિષ્ટ છે. ૬૮.

**गइयाइएसु जीवं, नामइ भेएसु जं तओ नामं ।**
**तस्स उ बायालीसं, भेया अहवावि सत्तट्ठी ॥ ६९ ॥**

ગતિ, જાતિ આદિ ભેદોમાં જીવને તે તે પર્યાયનો અનુભવ કરાવે છે. તેથી તે નામકર્મ કહેવાય છે. તે નામકર્મના બેંતાલીશ (૪૨) ભેદો અથવા-સડસઠ (૬૭) ભેદો છે. ૬૯.

**अहवावि हु तेणउई, भेया पयडीण हुंति नामस्स ।**
**अहवा तिउत्तरसयं, सव्वेवि जहक्कमं भणिमो ॥ ७० ॥**

અથવા બીજી રીતે નામકર્મની પ્રકૃતિના ભેદો ત્રાણું (૯૩) પણ છે. અથવા નામકર્મના એકસો ત્રણ (૧૦૩) ભેદો પણ છે. તે સર્વે પણ અનુક્રમે અમે કહીએ છીએ. ૭૦.

**पढमा बायालीसा, गइजाइसरीरअंगुवंगे य ।**
**बंधणसंघायणसंघयणसंठाणनामं च ॥ ७१ ॥**

પહેલા બેંતાલીશ ભેદો કહીયે છીએ.

(૧) ગતિનામકર્મ (૨) જાતિનામકર્મ (૩) શરીરનામકર્મ (૪) અંગોપાંગનામકર્મ (૫) બંધનનામકર્મ (૬) સંઘાતનનામકર્મ (૭) સંઘયણનામકર્મ (૮) સંસ્થાનનામકર્મ. ૭૧.

**तह वण्णगंधरसफासनामअगुरुलहुयं च बोधव्वं ।**
**उवधाय पराघायाणुपुव्वि उस्सासनामं च ॥ ७२ ॥**

તેમજ, (૯) વર્ણનામકર્મ (૧૦) ગંધનામકર્મ (૧૧) રસનામકર્મ (૧૨) સ્પર્શનામકર્મ (૧૩) અગુરુલઘુનામકર્મ (૧૪) ઉપઘાતનામકર્મ (૧૫) પરાઘાતનામકર્મ (૧૬) આનુપૂર્વીનામકર્મ (૧૭) ઉચ્છ્વાસનામકર્મ જાણવા યોગ્ય છે. ૭૨.

**आयावुज्जोयविहायगई तसथावराभिहाणं च ।**
**बायरसुहुमं पज्जत्तापज्जत्तं च नायव्वं ॥ ७३ ॥**

(૧૮) આતપનામકર્મ (૧૯) ઉદ્યોતનામકર્મ (૨૦) વિહાયોગતિનામકર્મ (૨૧) ત્રસનામકર્મ (૨૨) સ્થાવરનામકર્મ (૨૩) બાદરનામકર્મ (૨૪) સૂક્ષ્મનામકર્મ (૨૫) પર્યાપ્તનામકર્મ (૨૬) અપર્યાપ્તનામકર્મ જાણવા યોગ્ય છે. ૭૩.

**पत्तेयं साहारण, थिरमथिर सुभासुभं च नायव्वं ।**
**सूभगदूभगनामं, सूसर तह दूसरं चेव ॥ ७४ ॥**

(૨૭) પ્રત્યેકનામકર્મ (૨૮) સાધારણનામકર્મ (૨૯) સ્થિરનામકર્મ (૩૦) અસ્થિરનામકર્મ (૩૧) શુભનામકર્મ (૩૨) અશુભનામકર્મ (૩૩) સુસ્વરનામકર્મ (૩૪) દુ:સ્વરનામકર્મ (૩૫) સૌભાગ્યનામકર્મ (૩૬) દૌર્ભાગ્યનામકર્મ જાણવા યોગ્ય છે. ૭૪.

**आइज्जमणाइज्जं, जसकित्तीनाममजसकित्ती य ।**
**निम्माणं तित्थयरं, भेयाणवि हुंतिमे भेया ॥ ७५ ॥**

(૩૭) આદેયનામકર્મ (૩૮) અનાદેયનામકર્મ (૩૯) યશઃકીર્તિ નામકર્મ (૪૦) અપયશઃકીર્તિનામકર્મ (૪૧) નિર્માણનામકર્મ (૪૨) તીર્થંકરનામકર્મ એમ બેંતાલીશ (૪૨) ભેદો છે.

તે ભેદોના નીચે પ્રમાણે ભેદો છે. ૭૫.

**गइ होइ चउब्भेया, जाईवि य पंचहा मुणेयव्वा ।**
**पंच य हुंति सरीरा, अंगोवंगाइं तिन्नेव ॥ ७६ ॥**

ચાર પ્રકારે ગતિ છે. પાંચ પ્રકારે જાતિ છે. પાંચ શરીરો અને ત્રણ અંગોપાંગો જાણવા યોગ્ય છે. ૭૬

**छस्संघयणा जाणसु, संठ्ठाणावि य हवंति छच्चेव ।**
**वण्णाईण चउक्कं, अगुरुलहुवघायपरघायं ॥ ७७ ॥**

છ સંઘયણ, છ સંસ્થાન, વર્ણાદિ ચાર, અગુરુલઘુ, ઉપઘાત અને પરાઘાતને તમે જાણો. ૭૭.

**अणुपुव्वी चउभेया, ऊसासं आयवं च उज्जोयं ।**
**सुहअसुहविहायगई, तसाइवीसं च निम्माणं ॥ ७८ ॥**

ચાર પ્રકારે આનુપૂર્વી, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, શુભ વિહાયોગતિ, અશુભ વિહાયોગતિ, ત્રસાદિ વીશ અને નિર્માણ નામકર્મ છે. ૭૮.

**तित्थयरेण य सहिया, सत्तट्ठी एव हुंति पयडीओ ।**
**सम्मामीसेहि विणा, तेवन्ना सेसकम्माणं ॥ ७९ ॥**

તીર્થંકર નામકર્મથી યુક્ત એમ સડસઠ (૬૭) પ્રકૃતિઓ જ છે. સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય કર્મ સિવાય બાકીના સાત કર્મોની ત્રેપ્પન (૫૩) પ્રકૃતિઓ છે. ૭૯.

**एवं विसुत्तरसयं बंधे पयडीण होइ नायव्वं ।**
**बंधणसंघायावि य, सरीरगहणेण इह गहिया ॥ ८० ॥**

આ પ્રમાણે બંધમાં એકસો વીશ (૧૨૦) પ્રકૃતિઓ જાણવા યોગ્ય છે. શરીરના ગ્રહણથી બંધન અને સંઘાતન પણ અહીં ગ્રહણ કરેલ છે. ૮૦.

**बंधणभेया पंच उ, संघायावि य हवंति पंचेव ।**
**पण वण्णा दो गंधा, पंच रसा अट्ठ फासा य ॥ ८१ ॥**

બંધનના ભેદો પાંચ છે. સંઘાતનનાં પણ પાંચ ભેદો છે. પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ છે. (વર્ણાદિ વીશમાંથી પહેલાં ચાર પ્રકૃતિ કહેવાયેલી છે. તેથી અહીં સોળ (૧૬) પ્રકૃતિનું ગ્રહણ કરવું.) ૮૧.

**दस सोलस छव्वीसा, एया मेलेहिं सत्तसट्ठीए ।**
**तेणउई होइ तओ, बंधणभेया उ पण्णरस ॥ ८२ ॥**

દશ અને સોળ એમ છવ્વીશ પ્રકૃતિઓ સડસઠમાં ઉમેરવાથી (૬૭ + ૨૬ = ૯૩) ત્રાણું પ્રકૃતિઓ તેથી થાય છે. બંધનના ભેદો પંદર છે. પહેલાં પાંચ ગણાઈ ગયાં છે. [૯૩ + ૧૦ = ૧૦૩.] ૮૨.

**सव्वेहि वि छूढेहिं, तिगअहियसयं तु होइ नामस्स ।**
**एएसिं तु विवागं, वुच्छामि अहाणुपुव्वीए ॥ ८३ ॥**

એ સર્વે પણ ઉમેરવા વડે નામકર્મની એકસો ને ત્રણ પ્રકૃતિ થાય છે. આ સર્વે પ્રકૃતિઓનો વિપાક યથાનુપૂર્વી ક્રમ વડે હું કહીશ. ૮૩.

**नारयतिरियनरामरगइभेया चउविहा गई होइ ।**
**एसा खलु ओदइए, होइ हु भावे जओ आह ॥ ८४ ॥**

નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, અને દેવગતિનાં ભેદોથી ચાર પ્રકારે ગતિ છે. આ ગતિ ઔદયિક ભાવે છે. જે કારણથી ગ્રંથકાર જ કહે છે. ૮૪.

**जीए उदएण जीवो, नेरइओ होइ नरयपुढवीए ।**
**सा भणिया नरयगई, सेसगईओ वि एमेव ॥ ८५ ॥**

(૧) જે કર્મના ઉદયથી જીવ નરકપૃથ્વીમાં નારક થાય છે. તે નરકગતિ કહેવાય. બાકીની તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિ આ ત્રણેયમાં આ પ્રમાણે જ જાણવું. (૨) જે કર્મના ઉદયથી જીવ તિર્યંચજાતિમાં તિર્યંચ થાય તે તિર્યંચગતિ છે. (૩) જે કર્મના ઉદયથી જીવ મનુષ્યજાતિમાં મનુષ્ય થાય તે મનુષ્યગતિ છે. (૪) જે કર્મના ઉદયથી જીવ દેવજાતિમાં દેવ થાય તે દેવગતિ છે. ૮૫.

**इगदुगतिगचउरिंदियजाई पंचिंदियाण पंचमिया ।**
**खयउवसमिए भावे, हुंति हु एया जओ आह ॥ ८६ ॥**

એકેન્દ્રિયજાતિ, બેઇન્દ્રિયજાતિ, તેઇન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિય જાતિ અને પાંચમીપંચેન્દ્રિય જાતિ છે. આ જાતિઓ ક્ષાયોપશમિક ભાવે છે. જે કારણથી સૂત્રકાર કહે છે. ૮૬.

**एगिंदिएसु जीवो, जस्सिह उदएण होइ कम्मस्स ।**
**सा एगिंदियजाई, जाईओ एव सेसा उ ॥ ८७ ॥**

(૧) જે કર્મના ઉદયથી જીવ એકેન્દ્રિય પૃથ્વી-અપ્-તેઉ-વાયુ, વનસ્પતિમાં જાય છે તે એકેન્દ્રિયજાતિ કહેવાય છે. બાકીની ચારે જાતિઓ આ પ્રમાણે જ જાણવી. (૨) જે કર્મના ઉદયથી જીવ બેઇન્દ્રિયમાં જાય તે બેઇન્દ્રિયજાતિ છે. (૩) જે કર્મના ઉદયથી જીવ તેઇન્દ્રિયમાં જાય તે તેઇન્દ્રિયજાતિ છે. (૪) જે કર્મના ઉદયથી જીવ ચઉરિન્દ્રિયમાં જાય તે ચઉરિન્દ્રિયજાતિ છે. (૫) જે કર્મના ઉદયથી જીવ પંચેન્દ્રિયમાં જાય તે પંચેન્દ્રિયજાતિ છે. ૮૭.

**ओरालियवेउव्विय-आहारयतेयकम्मए चेव ।**
**एवं पंच सरीरा, तेसिँ विवागो इमो होइ ॥ ८८ ॥**

ઔદારિકશરીર, વૈક્રિયશરીર, આહારકશરીર, તૈજસશરીર અને કાર્મણશરીર એમ પાંચ જ શરીરો છે. તે શરીરોનો વિપાક આ પ્રમાણે છે. ૮૮.

**ओरालियं सरीरं, उदएणं होइ जस्स कम्मस्स ।**
**तं ओरालियनामं, सेससरीरा वि एमेव ॥ ८९ ॥**

(૧) જે કર્મના ઉદયથી ઔદારિકશરીર થાય છે તે ઔદારિકશરીર નામકર્મ છે. બાકીના ચાર શરીરોમાં પણ આ પ્રમાણે જ જાણવું. (૨) જે કર્મના ઉદયથી વૈક્રિયશરીર થાય છે તે વૈક્રિયશરીરનામકર્મ. (૩) જે કર્મના ઉદયથી આહારકશરીર થાય છે તે આહારકશરીરનામકર્મ. (૪) જે કર્મના ઉદયથી તૈજસશરીર થાય છે તે તૈજસશરીરનામકર્મ. (૫) જે કર્મના ઉદયથી કાર્મણશરીર થાય છે તે કાર્મણશરીરનામકર્મ. ૮૯.

**अंगोवंगविभागो, उदएणं होइ जस्स कम्मस्स ।**
**तं अंगुवंगनामं, तस्स विवागो इमो होइ ॥ ९० ॥**

જે કર્મના ઉદયથી અંગ-ઉપાંગ થાય છે તે અંગોપાંગનામકર્મ છે તે અંગોપાંગનામકર્મનો વિપાક આ પ્રમાણે છે. ૯૦.

**सीसमुरोयरपिट्ठी दो बाहू ऊरुया य अट्ठंगा ।**
**अंगुलिमाइ उवंगाइं अंगोवंगाइं सेसाइं ॥ ९१ ॥**

મસ્તક, છાતી, ઉદર, પીઠ, બે હાથ અને બે જંઘા આ આઠ અંગો છે અને અંગુલીઓ વિગેરે ઉપાંગો છે. બાકી, સર્વ પર્વ-રેખા વિગેરે અંગોપાંગ છે. ૯૧.

**आइल्लाणं तिण्हं, हुंति सरीराण अंगुवंगाइं ।**
**णो तेयगकम्माणं, बंधणनामं इमं होइ ॥ ९२ ॥**

પહેલા ત્રણ ઔદારિકશરીર, વૈક્રિયશરીર અને આહારકશરીરના અંગોપાંગ હોય છે. બાકીના બે તૈજસશરીર અને કાર્મણશરીરના અંગોપાંગ હોતા નથી. હવે બંધન નામકર્મ આ પ્રમાણે છે. ૯૨.

**ओरालियओरालिय, ओरालियतेयबंधणं बीयं ।**
**ओरालकम्मबंधण, तिण्हवि जोगे चउत्थं तु ॥ ९३ ॥**

પહેલું ઔદારિકઔદારિકબંધન, બીજું ઔદારિકતૈજસ બંધન, ત્રીજું ઔદારિકકાર્મણબંધન, આ ત્રણેના સંબંધથી ચોથું ઔદારિકતૈજસ કાર્મણબંધન થાય છે. ૯૩.

**ओरालपुग्गला इह, बद्धा जीवेण जे उरालत्ते ।**
**अन्ने उ बज्झमाणा, ओरालियपुग्गला जे य ॥ ९४ ॥**
**तेसिं जं संबंधं, अवरोप्परपुग्गलाणमिह कुणइ ।**
**तं जउसरिसं जाणसु, ओरालियबंधणं पढमं ॥ ९५ ॥**

(૧) જે કર્મ સંસારમાં જીવ વડે ઔદારિક પુદ્ગલો ઔદારિક ભાવથી બંધાયેલાં છે તથા, બીજા વળી બંધાતા-ઔદારિક પુદ્ગલોનો પરસ્પર સંબંધને કરે છે તે લાખ(જતુ)ની સમાન ઔદારિકબંધન નામકર્મ છે. ૯૪.૯૫.

**एवोरालियतेयग, ओरालियकम्मबंधणं तह य ।**
**ओरालतेयकम्मग-बंधणनामं पि एमेव ॥ ९६ ॥**

આ જ પ્રમાણે (૨) ઔદારિક પુદ્ગલો બંધાતા તૈજસ પુદ્ગલો સાથે જે સંબંધ થાય તે ઔદારિકતૈજસબંધન. (૩) ઔદારિક પુદ્ગલોનો બંધાતા કાર્મણ પુદ્ગલોની સાથે જે સંબંધ થાય તે ઔદારિકકાર્મણબંધન.

તથા, (૪) બંધાયેલા ઔદારિક પુદ્ગલોનો બંધાતા તૈજસ-કાર્મણનાં પુદ્ગલોની સાથે જે સંયોગ થાય તે ઔદારિકતૈજસકાર્મણ બંધન છે. ૯૬.

**वेउव्वियवेउव्विय, वेउव्वियतेयबंधणं बीयं ।**
**वेउव्विकम्मबंधण, तिण्हवि जोए चउत्थं तु ॥ ९७ ॥**

(૧) વૈક્રિય પુદ્ગલોનો વૈક્રિયની સાથે જે સંબંધ તે વૈક્રિય-વૈક્રિય બંધન છે. (૨) બીજું વૈક્રિય પુદ્ગલોનો તૈજસ પુદ્ગલોની સાથેનો જે સંબંધ તે વૈક્રિયતૈજસ બંધન. (૩) ત્રીજું વૈક્રિય પુદ્ગલોનો કાર્મણ પુદ્ગલોની સાથેનો જે સંબંધ તે વૈક્રિયકાર્મણ બંધન. (૪) ચોથું વૈક્રિય પુદ્ગલોનો તૈજસકાર્મણ પુદ્ગલોની સાથેનો જે સંબંધ તે-વૈક્રિયતૈજસકાર્મણ બંધન છે. ૯૭.

**वेउव्विपुग्गला इह, बद्धा जीवेण जे विउव्वित्ते ।**
**अन्ने य बज्झमाणा, वेउव्वियपुग्गला जे उ ॥ ९८ ॥**
**तेसिं जं संबन्धं, अवरोप्परपुग्गलाणमिह कुणइ ।**
**तं जउसरिसं जाणसु, वेउव्वियबंधणं पढमं ॥ ९९ ॥**

આ સંસારમાં જીવ વડે વૈક્રિય પુદ્ગલો જે વૈક્રિય પણાં વડે બંધાયેલાં છે અને બીજાં વળી બંધાતા જે વૈક્રિય પુદ્ગલો તેઓને પરસ્પર સંબંધ જે કર્મ કરે છે તે કર્મ લાખ (જતુ)ની સમાન પહેલું વૈક્રિયબંધન નામકર્મ તું જાણ. ૯૮.૯૯.

**एवं विउव्वितेयग, वेउव्वियकम्मबंधणं तह य ।**
**वेउव्वि तेय कम्मग बंधणनामं पि एमेव ॥ १०० ॥**

આ પ્રમાણે બીજું વૈક્રિયતૈજસબંધન, ત્રીજું વૈક્રિયકાર્મણબંધન તેમજ ચોથું વૈક્રિયતૈજસકાર્મણ બંધન નામકર્મ છે. ૧૦૦.

**आहारगआहारग, आहारगतेयबंधणं बीयं ।**
**आहारकम्मबंधण, तिण्हवि जोए चउत्थं तु ॥ १०१ ॥**

પહેલું આહારકઆહારક બંધન, બીજું આહારકતૈજસ બંધન, ત્રીજું આહારકકાર્મણબંધન, આ ત્રણે જોડવાથી ચોથું આહારકતૈજસ કાર્મણબંધન થાય છે. ૧૦૧.

**आहारपुग्गला इह, आहारत्तेण जे निबद्धा उ ।**
**अन्ने य बज्झमाणा, आहारगपुग्गला जे उ ॥ १०२ ॥**
**तेसिं जं संबन्धं, अवरोप्परपुग्गलाणमिह कुणइ ।**
**तं जउसरिसं जाणसु, आहारगबंधणं पढमं ॥ १०३ ॥**

જે કર્મ આ સંસારમાં જીવ વડે આહારક પુદ્ગલો આહારકપણા વડે જે બંધાયેલા અને બીજા બંધાતા જે પુદ્ગલોનો પરસ્પર સંબંધ કરે છે તે કર્મ લાખ (જતુ)ની જેમ પહેલું આહારકબંધન તું જાણ. ૧૦૨.૧૦૩.

**एवाहारगतेयग, आहारगकम्मबंधणं तह य ।**
**आहारतेयकम्मगबंधणनामं पि एमेव ॥ १०४ ॥**

પહેલાંની જેમ આહારક પુદ્ગલોનો જે તૈજસની સાથે સંબંધ તે આહારકતૈજસબંધન, આહારક પુદ્ગલોનો કાર્મણની સાથે જે સંબંધ તે આહારકકાર્મણબંધન. આહારક પુદ્ગલોનો તૈજસ કાર્મણની સાથે જે સંબંધ તે આહારકતૈજસકાર્મણ બંધન કહેવાય છે. ૧૦૪.

**एवं तेयगतेयग, तेयग कम्मे य बंधणं तह य ।**
**कम्मइगं कम्मइगं, बंधण नामं पि पनरसमं ॥ १०५ ॥**

પહેલાંની જેમ બંધાયેલા અને બંધાતા તૈજસ પુદ્ગલોનો તૈજસ પુદ્ગલોની સાથે જે સંબંધ કરનાર કર્મ તે તૈજસતૈજસબંધન છે. પહેલાંની

જેમ બંધાયેલા અને બંધાતા તૈજસ પુદ્‌ગલોનો કાર્મણ પુદ્‌ગલોની સાથે સંબંધ કરનાર જે કર્મ તે તૈજસકાર્મણબંધન છે. જે બંધાયેલા અને બંધાતા કાર્મણ પુદ્‌ગલોનો કાર્મણ પુદ્‌ગલોની સાથે જે સંબંધ કરનાર કર્મ તે કાર્મણકાર્મણબંધન કહેવાય છે. આ પ્રમાણે પંદર (૧૫) બંધન નામકર્મ કહેવાયા. ૧૦૫.

**संघायनाममहुणा, संघायइ जेण तेण संघायं ।**
**ओरालियसंघायं, वेउव्विय जाव कम्मइगं ॥ १०६ ॥**

હમણાં સંઘાતન કહેવાય છે. જે તે હેતુથી જુદા રહેલા-પુદ્‌ગલોને પિંડ રૂપે કરાય તે સંઘાતન નામકર્મ કહેવાય છે. તે ઔદારિકસંઘાતન, વૈક્રિયસંઘાતન, આહારકસંઘાતન, તૈજસસંઘાતન, કાર્મણસંઘાતન એમ તું જાણ. ૧૦૬.

**ओरालाई जे देहपुग्गला होंति जम्मि ठाणम्मि ।**
**ते ठंति तम्मि ठाणे, संघायण कम्मणो उदए ॥ १०७ ॥**

જે ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ શરીરમાં પુદ્‌ગલો જે સ્થાને હોય છે તે સંઘાતન કર્મના ઉદયથી તે જ સ્થાનમાં રહે છે. બીજે રહેતાં નથી. ૧૦૭.

**वज्जरिसहनारायं, रिसहं नारायमद्धनारायं ।**
**कीलिय तह छेवट्ठं, तेसि सरूवं इमं होइ ॥ १०८ ॥**

સંઘયણ ૬ પ્રકારના છે. (૧) વજ્રઋષભનારાચસંઘયણ, (૨) ઋષભનારાચ સંઘયણ (૩) નારાચસંઘયણ (૪) અર્ધનારાચસંઘયણ (૫) કીલિકા સંઘયણ (૬) છઠ્ઠુ છેવટ્ઠુ(સેવાર્ત)સંઘયણ છે. તેઓનું સ્વરૂપ આ પ્રમાણે છે. આ છ એ સંઘયણો માત્ર ઔદારિકશરીરવાળાને જ હોય છે. ૧૦૮.

**रिसहो य होइ पट्टो,वज्जं पुण कीलिया मुणेयव्वा ।**
**उभओ मक्कडबंधं, नारायं तं वियाणाहि ॥ १०९ ॥**

ઋષભ એટલે વીંટાળવાનો પાટો. વજ્ર એટલે ખીલી. અને બે હાડકાંઓનો મર્કટબંધ તે નારાચ કહેવાય છે. તેને તું જાણ. ૧૦૯.

**जस्सुदएणं जीवे, संघयणं होइ वज्जरिसहं तु ।**
**तं वज्जरिसहनामं सेसावि हु एव संघयणा ॥ ११० ॥**

જે કર્મના ઉદયથી જીવને વિષે જે સંઘયણ હોય છે તે જ વજ્રઋષભનારાચસંઘયણ છે.

બાકીનાં પાંચેય સંઘયણો આ જ રીતે તું જાણ.

છ એ સંઘયણનું સંક્ષિપ્તમાં વર્ણન–

(૧) **વજ્રઋષભનારાચ સંઘયણ :-** બે હાડકાંને મર્કટબંધ વડે બાંધેલા હોય, તેના ઉપર ઋષભ એટલે પાટાના આકારવાળું હાડકું વીંટળાયેલું હોય, અને ત્રણ હાડકાને ભેદનાર વજ્ર એટલે ખીલીના આકારવાળાં હાડકાથી મજબૂત થયેલ એવું તે વજ્રઋષભનારાચસંઘયણ છે. તેનું કારણ જે કર્મ તે વજ્રઋષભનારાચસંઘયણ નામકર્મ પહેલું છે.

(૨) **ઋષભનારાચ સંઘયણઃ-** માત્ર ખીલીથી રહિત પૂર્વોક્ત જે હાડકાની રચના તે ઋષભ નારાચ. તેનું કારણ જે કર્મ તે ઋષભનારાચ-સંઘયણ નામકર્મ છે.

(૩) **નારાચ સંઘયણઃ-** જ્યાં હાડકાના બંને પાસા મર્કટબંધથી બંધાયેલાં હોય, પણ હાડકાનો પાટો અને ખીલી ન હોય તેવા પ્રકારની હાડની રચના તે નારાચ સંઘયણ છે તેનું કારણ જે કર્મ તે નારાચસંઘયણ નામકર્મ છે.

(૪) **અર્દ્ધનારાચ સંઘયણ:-** જ્યાં હાડકાને એક પાસે મર્કટબંધ હોય, અને બીજે પાસે ખીલી હોય તેવા હાડની રચના તે અર્દ્ધનારાચસંઘયણ છે તેનું કારણ જે કર્મ તે અર્દ્ધનારાચ સંઘયણ છે.

(૫) **કીલિકા સંઘયણઃ-** જ્યાં કીલિકા-ખીલી માત્રથી હાડકા બંધાયેલાં હોય તેવા પ્રકારની હાડની રચના તે કીલિકા. તેનું કારણ જે કર્મ તે કીલિકાસંઘયણ નામકર્મ છે.

(૬) **સેવાર્ત સંઘયણઃ-** જ્યાં હાડકા પરસ્પર અડકીને રહેલાં હોય તે છેવટ્ઠુ સંઘયણ કે સેવાર્ત છે. સ્નિગ્ધ પદાર્થોનું ભોજન, તૈલમર્દન વિગેરે **સેવાથી ઋત**= વ્યાપ્ત હોય, એટલે જેને તેની નિત્ય અપેક્ષા હોય તે સેવાર્ત. તેનું કારણભૂત જે કર્મ તે સેવાર્તસંઘયણ નામકર્મ છે.

આ રીતે છ એ સંઘયણનું સંક્ષિપ્ત વર્ણન કહ્યું. ૧૧૦.

**समचउरंसे नग्गोहमंडले साइवामणे खुज्जे ।**
**हुंडे वि य संठाणे, तेसि सरूवं इमं होइ ॥ १११ ॥**
**तुल्लं वित्थडबहुलं, उस्सेहबहुं च मडह कोट्ठं च ।**
**हिट्ठिल्लकायमडहं, सव्वत्थासंठियं हुंडं ॥ ११२ ॥**

સંસ્થાન છ પ્રકારે છે. (૧) સમચતુરસ્રસંસ્થાન (૨) ન્યગ્રોધ પરિમંડલસંસ્થાન (૩) સાદિસંસ્થાન (૪) વામનસંસ્થાન (૫) કુબ્જ સંસ્થાન (૬) હુંડકસંસ્થાન છે. તેઓનું સ્વરૂપ આ પ્રમાણે છે.

(૧) **સમચતુરસ્રસંસ્થાનઃ-** સામુદ્રિક શાસ્ત્રમાં કહેલાં લક્ષણ યુક્ત શરીરના સઘળાં અવયવો હોય અથવા પર્યંકાસને બેઠેલા પુરુષના બે ઢીંચણનું અંતર, ડાબા ખભાને જમણા ઢીંચણનું અંતર, જમણા ખભા ને ડાબા ઢીંચણનું અંતર, આસન ને લલાટનું અંતર-એ પ્રમાણે ચાર અસ્રિ ચારખૂણા-બાજુનું અંતર સમ-સરખું હોય તે સમચુતરસ્ર સંસ્થાન જે કર્મના ઉદયથી તેવા સમચતુરસ્ર સંસ્થાનની પ્રાપ્તિ થાય તે સમચતુરસ્રસંસ્થાન નામકર્મ છે.

(૨) **ન્યગ્રોધપરિમંડળ સંસ્થાનઃ-** ન્યગ્રોધ=વડના જેવો, પરિમંડલ=આકાર. જેમ વડની ઉપરનો ભાગ શાખા પ્રશાખા ને પાંદડા વિગેરેથી સુંદર હોય છે અને નીચેનો ભાગ સુશોભિત હોતો નથી. તેમ નાભિથી

ઉપરના અવયવો સંપૂર્ણ સુશોભિત હોય, નીચેનો ભાગ લક્ષણથી હીન હોય તે ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન કહેવાય છે.

(૩) **સાદિસંસ્થાનઃ**- શરીરમાં નાભિની ઉપરના અવયવો લક્ષણહીન હોય અને નીચેના અવયવો લક્ષણ યુક્ત હોય તે સાદિ સંસ્થાન છે.

(૪) **વામનસંસ્થાનઃ**- છાતી, પેટ વિ. અવયવો લક્ષણ યુક્ત હોય અને મસ્તક, ગ્રીવા, હાથ ને પગ લક્ષણ રહિત હોય તે વામન સંસ્થાન.

(૫) **કુબ્જસંસ્થાનઃ** છાતી, પેટ વિ. અવયવો લક્ષણહીન હોય અને મસ્તક, ગ્રીવા, હાથ ને પગ લક્ષણ યુક્ત હોય તે કુબ્જ સંસ્થાન.

(૬) **હુંડકસંસ્થાનઃ**- શરીરના સઘળા અવયવો લક્ષણ રહિત હોય અને બેડોળ હોય તે હુંડક સંસ્થાન છે. જે કર્મના ઉદયથી તેવા ખરાબ સંસ્થાનની પ્રાપ્તિ થાય તે હુંડક સંસ્થાન નામકર્મ કહેવાય છે. છ સંસ્થાનનું સંક્ષિપ્ત વર્ણન કહ્યું. ૧૧૧. ૧૧૨.

**जस्सुदएणं जीवे, चउरंसं नाम होइ संठाणं ।**
**तं चउरंसं नामं, सेसावि हु एव संठाणा ॥ ११३ ॥**

જે કર્મના ઉદયથી જીવને વિષે સર્વે અવયવો સંપૂર્ણ આકારે હોય છે. તેને સમચતુરસ્ર સંસ્થાન કહેવાય છે. એ જ પ્રમાણે બાકી સર્વે સંસ્થાનો તું જાણ. ૧૧૩.

**किण्हा नीला लोहिय, हालिद्दा तह य हुंति सुक्किलया ।**
**जियदेहाणं वण्णा, उदएणं वण्णनामस्स ॥ ११४ ॥**

કૃષ્ણવર્ણ, નીલવર્ણ, લાલવર્ણ, પીતવર્ણ અને શુક્લવર્ણ એ પાંચ પ્રકારે વર્ણ છે. જીવોના શરીરોના જે વર્ણો તે વર્ણ નામકર્મના ઉદયથી થાય છે. ૧૧૪.

**गंधेण सुरभिगंधं, अहवा गंधेण दुरभिगंधं तु ।**
**होइ जियाणं देहं, उदएणं गंधनामस्स ॥ ११५ ॥**

સૂંઘવા વડે જે સુરભિગંધ અથવા સૂંઘવા વડે જે દુષ્ટગંધ છે તે જીવોનો દેહ ગંધનામકર્મના ઉદયથી થાય છે. ૧૧૫.

**तित्तकडुयकसाया, अंबिलमहुरा रसावि पंच भवे ।**
**तेवि हु जियदेहाणं रसनामुदएण खज्जंता ॥ ११६ ॥**

કડવો, તીખો, તુરો, ખાટો અને મધુર (મીઠો) એમ રસો પણ પાંચ છે. જીવના શરીરોનું જ રસ નામકર્મના ઉદયથી ખવાતા રસો છે. ૧૧૬.

**गुरुलहुमिउकढिणावि य निद्धा लुक्खा य होंति सीउण्हा ।**
**जियदेहाणं फासा, उदएणं फासनामस्स ॥ ११७ ॥**

ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, મૃદુસ્પર્શ, કઠિનસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ, રુક્ષસ્પર્શ, શીત સ્પર્શ, ઉષ્ણસ્પર્શ, જીવોના શરીરોનો સ્પર્શ તે સ્પર્શ નામકર્મના ઉદયથી થાય છે. ૧૧૭.

**गुरुअं न होइ देहं, न य लहुयं होइ सव्वजीवाणं ।**
**होइ हु अगुरुयलहुयं, अगुरुलहुयनामउदएणं ।। ११८ ॥**

સર્વ જીવોનું શરીર અગુરુલઘુ નામકર્મના ઉદયથી ભારે પણ ન હોય અને હલકું પણ ન હોય તે અગુરુલઘુ નામકર્મ છે. ૧૧૮.

**अंगावयवो पडिजिब्भियाइ जो अप्पणो उवग्घायं ।**
**कुणइ हु देहंमि ठिओ, सो उवघायस्स उ विवागो ॥ ११९ ॥**

શરીરમાં રહેલા જે પડજીભી વિગેરે અંગોના અવયવો પોતાના જ ઉપઘાતને કરે છે તે ઉપઘાત નામકર્મનો વિપાક છે. ૧૧૯.

**तयविसदंतविसाई, अंगावयवो य जो उ अन्नेसिं ।**
**जीवाण कुणइ घायं, सो परघायस्स उ विवागो ॥ १२० ॥**

જે ત્વક્‌વિષ, દંતિવિષ આદિ અંગોના અવયવો બીજા જીવોનાં ઘાતને કરે છે તે પરાઘાત નામકર્મનો જ વિપાક છે. ૧૨૦.

**नारयतिरियनरामरभवेसु जंतस्स अंतरगईए ।**
**अणुपुव्वीए उदओ, सा चउहा सुणसु जह होइ ॥ १२१ ॥**

નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવના ભવોમાં જતાં જીવને વિગ્રહગતિમાં (અપાન્તરાલગતિમાં) આનુપૂર્વીનો ઉદય ચાર ભેદવાળો જેમ છે તેમ તમે સાંભળો. ૧૨૧.

**नरयाउयस्स उदए नरए वक्केण गच्छमाणस्स ।**
**नरयाणुपुव्वियाए, तहिँ उदओ अन्नहिं नत्थि ॥ १२२ ॥**

નરકાયુષ્યના ઉદય થયે છતે, નરકગતિમાં વક્ર વડે જતાં જીવને નરકાનુપૂર્વી નામનો ઉદય હોય છે. ઋજુગતિમાં તે હોતો નથી. ૧૨૨.

**एवं तिरिमणुदेवे, तेसुवि वक्केण गच्छमाणस्स ।**
**तेसिमणुपुव्वियाणं, तहिँ उदओ अन्नहिं नत्थि ॥ १२३ ॥**

આ જ પ્રમાણે તિર્યંચ, મનુષ્ય અને દેવોને જ તે તે ગતિઓમાં વક્રગતિ વડે જતા જીવને તે તે આનુપૂર્વીનો ઉદય વક્રગતિમાં જ હોય છે. બીજે સ્થાને નહીં. (ઋજુગતિમાં નહિ.) ૧૨૩.

**जस्सुदएणं जीवे, निप्फत्ती होइ आणपाणूणं ।**
**तं ऊसासं नामं, तस्स विवागो सरीरम्मि ॥ १२४ ॥**

જે કર્મના ઉદયથી જીવને શ્વાસોચ્છ્વાસની નિષ્પત્તિ થાય છે તે શ્વાસોચ્છ્વાસ નામકર્મ છે. તેનો વિપાક શરીરને વિષે જ હોય છે. ૧૨૪.

**जस्सुदएणं जीवे, होइ सरीरं तु ताविलं इत्थ ।**
**सो आयवे विवागो, जह रविबिंबे तहा जाण ॥ १२५ ॥**

જે કર્મના ઉદયથી જીવને શરીર તાપયુક્ત જ આ લોકમાં હોય જેમ સૂર્યના બિંબ ને વિષે તે આતપ નામકર્મનો ઉદય છે તેમ તું જાણ. ૧૨૫.

**न भवइ तेयसरीरे, जेण उ तेयस्स उसिणफासस्स ।**
**होइ हु उदओ नियमा, तह लोहियवण्णनामस्स ॥ १२६ ॥**

અગ્નિકાયિક શરીરને વિષે આતપ નામકર્મનો ઉદય હોતો નથી. જે હેતુથી અગ્નિને ઉષ્ણ સ્પર્શમાં તો લોહિત વર્ણ નામકર્મનો ઉદય નિશ્ચે હોય છે. ૧૨૬.

**जस्सुदएणं जीवो, अणुसिणदेहेण कुणइ उज्जोयं ।**
**तं उज्जोयं नामं, जाणसु खज्जोयमाईणं ॥ १२७ ॥**

જે કર્મના ઉદયથી જીવ ઉષ્ણરહિત શરીરથી પ્રકાશને કરે છે તે ખજુઆ આદિને વિષે ઉદ્યોત નામકર્મને તું જાણ. ૧૨૭.

**जस्सुदएणं जीवो, वर वसभगईए गच्छइ गईए ।**
**सा सुहिया विहगगई, हंसाईणं भवे सा उ ॥ १२८ ॥**

જે કર્મના ઉદયથી શ્રેષ્ઠ ઋષભની ગતિ જેવી ગતિથી જાય છે તે શુભવિહાયોગતિ છે. તે હંસ આદિમાં હોય છે. ૧૨૮.

**जस्सुदएणं जीवो, अमणिट्ठाए उ गच्छइ गईए ।**
**सा असुभा विहगगई, उट्टाईणं भवे सा उ ॥ १२९ ॥**

જે કર્મના ઉદયથી જીવ મનને ઇષ્ટ નહીં એવી અશુભગતિથી જાય છે. તે અશુભવિહાયોગતિ છે. તે ઊંટ વિગેરેમાં હોય છે. ૧૨૯.

**तस-बायर-पज्जत्तं, पत्तेय-थिरं सुभं च सुभगं च ।**
**सूसर-आइज्ज-जसं, तसाइदसगं इमं होइ ॥ १३० ॥**

ત્રસ નામ, બાદર નામ, પર્યાપ્ત નામ, પ્રત્યેક નામ, સ્થિર નામ, શુભ નામ, સુભગ નામ, સુસ્વર નામ, આદેય નામ, યશઃનામ આ પ્રમાણે ત્રસ વિગેરે દશ પ્રકૃતિઓ છે. ૧૩૦.

**आइम्मि तसचउक्कं, थिराइछक्कं तु उवरिमं होइ ।**
**थावरदसगं अहुणा, थावर-सुहुमं अपज्जत्तं ॥ १३१ ॥**

**होइ तहा साहारं, अथिरं असुभं च दूभगं चेव ।**
**दूसरणाइज्जेहिं अ, अजसेहिं य बीयदसगं तु ॥ १३२ ॥**

શરૂઆતમાં ત્રસ ચતુષ્ક અને પછી સ્થિર આદિ ષટ્ક છે. હવે સ્થાવર દશક કહેવાય છે. સ્થાવરનામ, સૂક્ષ્મનામ, અપર્યાપ્તનામ, સાધારણ નામ, અસ્થિર નામ, અશુભ નામ, દુર્ભગનામ, દુઃસ્વરનામ, અનાદેય નામ, અપયશનામ કર્મથી બીજું દશક કહ્યું. ૧૩૧.૧૩૨.

**आइम्मि थावरचऊ, सुहुमतिगं उवरिमं भवे इत्थ ।**
**अथिराइछक्कमुवरिं, विवागभेयं अओ भणिमो ।। १३३ ॥**

પહેલાં સ્થાવર ચતુષ્ક પછી સૂક્ષ્મત્રિક છે. પછી અસ્થિર ષટ્ક છે. આ નામકર્મ પ્રકૃતિઓનો વિપાક ભેદ આ પ્રમાણે અમે કહીયે છીએ. ૧૩૩.

**तसनामुदए जीवो, बेइंदियमाइ जाइ जीवेसु ।**
**थावरनामुदए पुण, पुढवीमाईसु सो जाइ ॥ १३४ ॥**

ત્રસનામકર્મનાઉદયથી જીવ બેઇન્દ્રિયઆદિજીવોમાં ઉત્પન્ન થાય છે. વળી સ્થાવરનામકર્મના ઉદયથી તે જીવ પૃથ્વી આદિમાં થાય છે. ૧૩૪.

**बायरनामुदएणं, बायरकाओ उ होइ सो नियमा ।**
**सुहुमेण सुहुमकाओ, अंतमुहुत्ताउओ होइ ॥ १३५ ॥**

બાદરનામકર્મના ઉદયથી તે જીવ બાદરકાય નિશ્ચે થાય છે. સૂક્ષ્મનામકર્મના ઉદયથી જીવ સૂક્ષ્મકાયવાળો થાય છે. તે અંતર્મુહૂર્તના આયુષ્યવાળા હોય છે. ૧૩૫.

**आहारसरीरिंदियपज्जत्तीआणपाणभासमणे ।**
**चत्तारि पंच छप्पि य, एगिंदियविगलसन्नीणं ॥ १३६ ॥**

આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ, ઇન્દ્રિય પર્યાપ્તિ, શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ, ભાષા પર્યાપ્તિ અને મન પર્યાપ્તિ એમ પર્યાપ્તિઓ છ છે. એકેન્દ્રિય જીવોને વિષે ચાર પર્યાપ્તિ, વિકલેન્દ્રિયને પાંચ પર્યાપ્તિ અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને છ એ પર્યાપ્તિઓ હોય છે. ૧૩૬.

**एयासिं निप्फत्ती, उदएणं जस्स होइ कम्मस्स ।**
**तं पज्जत्तं नामं, इयरुदए नत्थि निप्फत्ती ।। १३७ ।।**

જે કર્મના ઉદયથી આ પર્યાપ્તિઓની રચના થાય તે પર્યાપ્ત નામકર્મ છે. તેનાથી ઈતર, જે કર્મના ઉદયથી પર્યાપ્તિઓની નિષ્પત્તિ ન થાય તે અપર્યાપ્તનામકર્મ છે. ૧૩૭.

**इक्किक्कयंमि जीवे, इक्किक्कं जस्स होइ उदएणं ।**
**ओरालाइसरीरं, तं नामं होइ पत्तेयं ॥ १३८ ॥**

જે કર્મના ઉદયથી એક-એક જીવને વિષે એક એક શરીર હોય છે તે પ્રત્યેક નામકર્મ છે. ઔદારિકાદિ શરીર પણ તે પ્રત્યેક નામકર્મ છે. ૧૩૮.

**जीवाणमणंताणं, इक्कं ओरालियं इह सरीरं ।**
**हवइ हु जस्सुदएण, तं साहारं हवइ नामं ॥ १३९ ॥**

આ સંસારમાં જે કર્મનાં ઉદયથી અનંતા જીવોનું એક જ ઔદારિકશરીર હોય તે સાધારણ નામકર્મ છે. ૧૩૯.

**दंतट्ठाइथिराणं, अंगावयवाण जस्स उदएणं ।**
**निप्फत्ती उ सरीरे, जायइ तं होइ थिरनामं ॥ १४० ॥**

જે કર્મનાં ઉદયથી દાંત, હાડકા વિગેરે અંગના અવયવોની નિષ્પત્તિ શરીરને વિષે થાય છે તે સ્થિર નામકર્મ છે. ૧૪૦.

**जीहाभमुहाईणं, अंगावयवाण जस्स उदएणं ।**
**निप्फत्ती उ सरीरे, जायइ तं अथिरनामं तु ॥ १४१ ॥**

જે કર્મનાં ઉદયથી જીભ, ભ્રવા વિગેરે અંગના અવયવોની શરીરને વિષે નિષ્પત્તિ (રચના) થાય છે તે અસ્થિર નામકર્મ છે. ૧૪૧.

**सिरमाईण सुहाणं, अंगावयवाण जस्स उदएणं ।**
**निप्फत्ती उ सरीरे जायइ तं होइ सुभनामं ॥ १४२ ॥**

જે કર્મનાં ઉદયથી મસ્તક વિગેરે શુભ અંગોના અવયવોની (નિષ્પત્તિ) રચના શરીરને વિષે થાય છે તે શુભ નામકર્મ છે. ૧૪૨.

**पायाई असुहाणं, अंगावयवाण जस्स उदएणं ।**
**निप्फत्ती उ सरीरे जायइ तं असुभनामं तु ॥ १४३ ॥**

જે કર્મનાં ઉદયથી શરીરને વિષે પગ વિગેરે અશુભ અંગોના અવયવોની નિષ્પત્તિ થાય છે તે અશુભ નામકર્મ છે. ૧૪૩.

**सूभगकम्मुदएणं हवइ हु जीवो उ सव्वजणइट्ठो ।**
**दूहगकम्मुदए पुण, दुहओ सो सयललोयस्स ॥ १४४ ॥**

સુભગ નામકર્મનાં ઉદયથી જીવ સર્વલોકમાં ઈષ્ટ થાય છે તે સૌભાગ્યનામકર્મ અને દુર્ભગનામકર્મનાં ઉદયથી જીવ સર્વ લોકમાં અનિષ્ટ થાય છે તે દૌર્ભાગ્યનામકર્મ કહેવાય છે. ૧૪૪.

**सूसरकम्मुदएणं, सूसरसद्दो य होइ इह जीवो ।**
**दूसरउदए विसरो जंपंतो होइ जणवेसो ॥ १४५ ॥**

સુસ્વર નામકર્મના ઉદયથી સારા શબ્દવાળો જીવ આ સંસારમાં થાય છે તે સુસ્વર નામકર્મ છે. દુઃસ્વર નામકર્મના ઉદયથી ખરાબ શબ્દને બોલતાં લોકને દ્વેષ કરવા યોગ્ય થાય છે તે દુઃસ્વર નામકર્મ છે. ૧૪૫.

**आएज्जकम्मउदए चिट्ठा जीवाण भासणं जं च ।**
**तं बहु मन्नइ लोओ, अबहुमयं इयरउदएणँ ॥ १४६ ॥**

આદેય નામકર્મનો ઉદય હોતે છતે પ્રવૃત્તિ અને જીવોનું ખોટું પણ વચન લોક બહુ માને છે તે આદેય નામકર્મ છે. અનાદેય કર્મના ઉદયથી યોગ્ય પણ વચન માનતા નથી તે અનાદેય નામકર્મ છે. ૧૪૬.

**जस्सुदएणं जीवो लहइ हु कित्तिं जसं च लोगम्मि ।**
**तं जसनामं कम्मं अजसुदए लहइ विवरीयं ॥ १४७ ॥**

જે કર્મનાં ઉદયથી જીવ લોકમાં કીર્તિ અને યશને પામે છે તે યશનામકર્મ છે. અપયશનામકર્મના ઉદયથી વિપરીત થાય છે. તે અપયશનામકર્મ છે. ૧૪૭.

**देहंगावयवाणं लिंगागिइ जाइ नियमणं जं च ।**
**तहिँ सुत्तहारसरिसो निम्माणे होइ हु विवागो ॥ १४८ ॥**

સૂત્રધારની સમાન-શરીર, અંગો, અવયવો, લિંગ, આકૃતિ અને જાતિઓનું જે નિર્માણ (રચના કરવી) કરવું તે નિર્માણ નામકર્મનો જ વિપાક છે. ૧૪૮.

**उदए जस्स सुरासुरनरवइनिवहेहिँ पूइओ होइ ।**
**तं तित्थयरं नामं तस्स विवागो उ केवलिणो ॥ १४९ ॥**

જે કર્મનો ઉદય હોતે છતે દેવો, દાનવો અને રાજાઓના સમુહો વડે પૂજાયેલા છે તે તીર્થંકર નામકર્મ છે. તેનો ઉદય કેવલી ભગવંતોને જ હોય છે. ૧૪૯.

**भणियं नामं कम्मं अहुणा गोयं तु सत्तमं भणिमो ।**
**तं पि कुलालसमाणं दुविहं जह होइ तह भणिमो ॥ १५० ॥**

આ પ્રમાણે નામકર્મ કહ્યું. હવે સાતમું ગોત્રકર્મ અમે કહીએ છીએ. તે ગોત્રકર્મ પણ કુંભાર સમાન બે પ્રકારવાળું જેમ છે તેમ અમે કહીએ છીએ. ૧૫૦.

**जह इत्थ कुंभकारो पुढवीए कुणइ एरिसं रूवं ।**
**जं लोयाओ पूयं, पावइ इह पुण्णकलसाई ॥ १५१ ॥**

જેમ આ લોકમાં કુંભાર માટીને વિષે આવા પ્રકારવાળું રુપ કરે છે જે પૂર્ણ કળશ વિગેરે રુપ લોકથી પૂજાને પામે છે. ૧૫૧.

**भुंभुलमाई अन्नं, सो च्चिय पुढवीएँ कुणइ रूवं तु ।**
**जं लोयाओ निंदं, पावइ अकएवि मज्जम्मि ॥ १५२ ॥**

કુંભકાર માટીમાંથી જે ભુંભુલ (મદિરાનું પાત્ર) વિગેરે બીજું જે રુપ કરે છે તે રુપ નહિ સ્થાપેલા પણ મદ્યને વિષે લોકથી નિંદાને પામે છે. ૧૫૨.

**एव कुलालसमाणं, गोयं कम्मं तु होइ जीवस्स ।**
**उच्चानीयविवागो जह होइ तहा निसामेह ॥ १५३ ॥**

આ પ્રમાણે કુંભાર સમાન જીવને ગોત્રકર્મ જ છે. તે ગોત્ર કર્મનો ઉચ્ચ અને નીચનો વિપાક જે પ્રકારે છે તે પ્રકારે તમે સાંભળો. ૧૫૩.

**अधणी बुद्धिविउत्तो, रूवविहूणोवि जस्स उदएणं ।**
**लोयम्मि लहइ पूयं, उच्चागोयं तयं होइ ॥ १५४ ॥**

ધન વગરનો, બુદ્ધિથી રહિત, રુપથી રહિત એવો જીવ પણ જે કર્મના ઉદયથી લોકમાં પૂજાને પામે છે તે ઉચ્ચ ગોત્રકર્મ છે. ૧૫૪.

**सघणो रूवेण जुओ, बुद्धीनिउणो वि जस्स उदएणं ।**
**लोयम्मि लहइ निंदं, एयं पुण होइ नीयं तु ॥ १५५ ॥**

ધનવાન, રુપથી યુક્ત, બુદ્ધિમાં નિપુણ પણ હોય એવો જીવ જે કર્મના ઉદયથી લોકમાં નિંદાને પામે છે તે આ નીચ ગોત્રકર્મ વળી છે. ૧૫૫.

**गोयं भणियं अहुणा, अट्ठमयं अंतरायं होइ ।**
**तं भंडारियसरिसं, जह होइ तहा निसामेह ॥ १५६ ॥**

આ પ્રમાણે ગોત્રકર્મ કહેવાયું. હવે હમણાં આઠમું અંતરાય કર્મ છે. તે ભંડારી સમાન જે પ્રમાણે છે તે પ્રમાણે તમે સાંભળો. ૧૫૬.

**जह राया इह भंडारिएण विणिएण कुणइ दाणाई ।**
**तेण उ पडिकूलेणं, न कुणइ सो दाणमाईणि ॥ १५७ ॥**

જેમ આલોકમાં રાજા વિનીત એવા ભંડારી દ્વારા દાન વિગેરે કરે છે, વળી પ્રતિકૂળ એવા ભંડારી દ્વારા તે રાજા દાન વિગેરે કરી શકતો નથી. ૧૫૭.

**जह राया तह जीवो, भंडारी जह तहंतरायं च ।**
**तेण उ विबन्धएणं, न कुणइ सो दाणमाईणि ॥ १५८ ॥**

જેમ રાજા તેમ જીવ, અને જેમ ભંડારી તેમ અંતરાય કર્મ. પ્રતિકૂળ એવા અંતરાય કર્મ વડે તે જીવ દાનાદિ કરી શકતો નથી. ૧૫૮.

**तं दाणलाभभोगोवभोगविरियंतराय पंचमयं ।**
**एएसिं तु विवागं, वोच्छामि अहाणुपुव्वीए ॥ १५९ ॥**

તે અંતરાય કર્મ, દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય એમ પાંચ પ્રકારે છે વળી અંતરાય કર્મનો વિપાક અમે યથાનુપૂર્વી વડે કહીશું. ૧૫૯.

**सइ फासुयंमि दाणे, दाणफलं तह य बुज्झई विउलं ।**
**बंभच्चेराइजुयं, पत्तंपि य विज्जए तत्थ ॥ १६० ॥**

પ્રાસુકદાન હોતે છતે, તથા દાનનું ફળ વિપુલ જાણે છે વળી બ્રહ્મચર્યાદિથી યુક્ત પાત્ર પણ વિદ્યમાન છે. ૧૬૦.

**दाउं नवरि न सक्कइ, दाणविघायस्स कम्मणो उदए ।**
**दाणंतरायमेयं, लाभे वि य भण्णए विग्घं ॥ १६१ ॥**

દાનસામગ્રી હોવા છતાં પણ ઘાત કરનાર કર્મના ઉદયથી દાન આપવા માટે સમર્થ થતો નથી. તે દાનાંતરાય કર્મ છે. હવે લાભને વિષે પણ અંતરાયને કહેવાય છે. ૧૬૧.

**जइ वि पसिद्धो दाया, जायणनिउणो वि जायगो जइ वि ।**
**न लहइ जस्सुदएणं, एयं पुण लाभविग्घं तु ॥ १६२ ॥**

જો કે પ્રસિદ્ધ એવો દાતા હોય, છતાંય યાચના કરવામાં કુશલ એવો યાચક પણ જે કર્મનાં ઉદયથી મેળવી શકતો નથી તે વળી લાભાંતરાય કર્મ છે. ૧૬૨.

**मणुयत्ते वि हु पत्ते, लद्धे वि हु भोगसाहणे विभवे ।**
**भुत्तुं नवरि न सक्कइ, विरइविहूणो वि जस्सुदए ॥ १६३ ॥**

મનુષ્યપણું પ્રાપ્ત થયે છતે, ભોગના સાધન રૂપ વૈભવ પણ પ્રાપ્ત થયે છતે વિરતિથી રહિત લોભી જીવ જે કર્મનાં ઉદયથી ભોગવવા માટે પણ સમર્થ નથી. ૧૬૩.

**भोगस्स विग्घमेयं, उवभोगे आवि विग्घमेवेव ।**
**भोगुवभोगाणेसिं, नवरि विसेसो इमो होइ ॥ १६४ ॥**

તે ભોગાંતરાય કર્મ છે. વારંવાર ભોગને વિષે પણ આ પ્રમાણે અંતરાય છે તે ઉપભોગાંતરાય કર્મ છે. ભોગ અને ઉપભોગનો ફક્ત આ પ્રમાણે વિશેષ છે. ૧૬૪.

**सइ भुज्झइ त्ति भोगो, सो पुण आहारपुप्फमाईओ ।**
**उवभोगो य पुणो पुण, उवभुज्झइ भवणविलयाई ॥ १६५ ॥**

જે એક વાર ભોગવાય છે તે ભોગ કહેવાય. વળી તે આહાર પુષ્પ વિગેરે છે અને જે વારંવાર ફરી ફરી ભોગવાય તે ઉપભોગ કહેવાય, તે ઘર-પત્ની આદિ છે. ૧૬૫.

**बलवं रोगविउत्तो, वय संपण्णो वि जस्स उदएणं ।**
**विरिएण होइ हीणो, वीरियविग्घं, तु पंचमयं ॥ १६६ ॥**

બળવાન, રોગથી રહિત, વયથી યુક્ત (સંપન્ન) એવો પણ જે જીવ, જે કર્મના ઉદયથી વીર્ય (શક્તિ)થી રહિત થાય તે વીર્યાંતરાયકર્મ પાચમું છે. ૧૬૬.

**एवं पंच वियप्पं, अट्ठमयं अंतराइयं होइ**
**भणिओ कम्मविवागो, समासओ गग्गरिसिणा उ ॥ १६७ ॥**

આ પ્રમાણે પાંચ વિકલ્પવાળું આઠમું અંતરાયિક કર્મ છે. શ્રીગર્ગઋષિ મુનિ વડે સંક્ષેપથી કર્મવિપાક કહેવાયો છે. ૧૬૭.

**एयं गाहाण सयं, अहियं छावट्ठिए उ पढिऊणं ।**
**जो गुरु( रुं ) पुच्छइ नाही, कम्मविवागं च सो अइरा ॥ १६८ ॥**

આ પ્રમાણે એકસો ને અધિક છાસઠ ગાથાને ભણીને જે શિષ્ય ગુરુને પ્રશ્ન પૂછે છે તે તરત જ કર્મવિપાકને જાણશે. બોધને પામશે. ૧૬૮.

॥ शुभं भवतु ॥

**॥ इति कर्मविपाकाख्यः प्राचीनप्रथम कर्मग्रन्थः समाप्तः ॥**

॥ अर्हम् ॥

# ॥ कर्मस्तवाख्यः प्राचीनद्वितीयः कर्मग्रन्थः ॥

। अज्ञातकर्तृकः कर्मग्रन्थः ।

**नमिऊण जिणवरिंदे, तिहुयणवरनाणदंसणपईवे ।**
**बंधुदयसंतजुत्तं, वोच्छामि थयं निसामेह ॥ १ ॥**

ત્રણ ભુવનમાં કેવળજ્ઞાન અને કેવળદર્શનથી પ્રકાશકરનારા, શ્રેષ્ઠ જિનેશ્વરભગવંતોને નમસ્કાર કરીને, બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાથી યુક્ત કર્મસ્તવને હું કહીશ. તે તમે સાંભળો. ૧.

**मिच्छद्दिट्ठी सासायणे य तह सम्ममिच्छदिट्ठी य**
**अविरयसम्मद्दिट्ठी, विरयाविरए पमत्ते य ॥ १ ॥**

**तत्तो य अप्पमत्ते, नियट्टिअनियट्टिबायरे सुहुमे ।**
**उवसंतखीणमोहे, होइ सजोगी अजोगी य ॥ २ ॥ ( युग्मम् )**

મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, અવિરતસમ્યગ્દષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત, અપ્રમત્ત, નિવૃત્તિ, અનિવૃત્તિબાદર, સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સયોગી અને અયોગી ગુણસ્થાનક એમ ચૌદ ગુણસ્થાનકો છે.

આ બે ગાથા ટીકામાં ગ્રહણ કરેલ નથી. પ્રાચીન કર્મગ્રન્થના મૂળમાં ગ્રહણ કરેલ છે. ૧.૨.

**मिच्छे सोलस पणुवीस सासणे अविरए य दस पयडी ।**
**चउछक्कमेग देसे, विरए य कमेण वोच्छिन्ना ॥ २ ॥**
**दुगतीसचउरपुव्वे, पंच नियट्टिंमि बंधवोच्छेओ ।**
**सोलस सुहुमसरागे, साय सजोगी जिणवरिंदे ॥ ३ ॥**

(૧) મિથ્યાત્વગુણસ્થાનકે **સોલ** પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય છે. (૨) સાસ્વાદનગુણસ્થાનકે **પચ્ચીશ** પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય છે. (૩) મિશ્રગુણસ્થાનકે એકપણ પ્રકૃતિનો બંધવિચ્છેદ થતો નથી. (૪) અવિરત ગુણસ્થાનકે **દશ** પ્રકૃતિનો બંધવિચ્છેદ. (૫) દેશવિરતિ ગુણસ્થાનકે **ચાર** પ્રકૃતિનો બંધવિચ્છેદ. (૬) પ્રમત્ત ગુણસ્થાનકે **છ** પ્રકૃતિનો બંધવિચ્છેદ. (૭) અપ્રમત્ત ગુણસ્થાનકે**એક** પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. (૮) અપૂર્વકરણ ગુણસ્થાનકના પહેલા ભાગે **બે** પ્રકૃતિનો બંધવિચ્છેદ. છટ્ઠા ભાગે **ત્રીશ** પ્રકૃતિનો બંધવિચ્છેદ, સાતમા ભાગે **ચાર** પ્રકૃતિનો બંધવિચ્છેદ. (૯) અનિવૃત્તિકરણ ગુણસ્થાનકે **પાંચ** પ્રકૃતિનો બંધવિચ્છેદ. (૧૦) સૂક્ષ્મ સંપરાયગુણસ્થાનકે **સોળ** પ્રકૃતિનો બંધવિચ્છેદ. તથા (૧૩) સયોગી ગુણસ્થાનકે **એક** શાતા વેદનીય પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે.

**ભાવાર્થઃ**– (૨જી ગાથા) બંધને વિષે ઓઘે (સામાન્યથી) ૧૨૦ પ્રકૃતિઓ હોય છે. તીર્થંકર નામકર્મ અને આહારક દ્વિક વિના મિથ્યાત્વ ગુણસ્થાનકે ૧૧૭ પ્રકૃતિનો બંધ હોય છે. ૧ લા ગુ.ઠા.ના અંતે સોળ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થવાથી સાસ્વાદન ગુણસ્થાનકે ૧૦૧ પ્રકૃતિનો બંધ થાય છે. ત્યાં ૨૫ પ્રકૃતિનો બંધ વિચ્છેદ તથા ૨ આયુષ્યના બંધનો અભાવ થવાથી મિશ્ર ગુણસ્થાનકે ૭૪ પ્રકૃતિઓ બંધાય છે.

અવિરત ગુણસ્થાનકે દેવાયુષ્ય, મનુષ્યાયુષ્ય તથા તીર્થંકરનામકર્મ ઉમેરાવાથી ૭૭ પ્રકૃતિઓ બંધાય છે, અંતે ૧૦ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થવાથી પાંચમા ગુણસ્થાનકે ૬૭ પ્રકૃતિઓ બંધાય છે. અંતે ૪નો બંધવિચ્છેદ થવાથી છટ્ઠાગુણસ્થાનકે ૬૩ પ્રકૃતિઓ બંધાય છે. અંતે ૬નો બંધ વિચ્છેદ તથા આહારક દ્વિક ઉમેરાવાથી સાતમા ગુણસ્થાનકે ૫૯ પ્રકૃતિઓ બંધાય છે. અંતે ૧ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થવાથી.

**ભાવાર્થઃ**– (૩જી ગાથાનો) આઠમાગુણસ્થાનકના પહેલા ભાગે ૫૮ પ્રકૃતિઓ બંધાય છે. અને ૨ પ્રકૃતિનો બંધવિચ્છેદ થવાથી આઠમા ગુણસ્થાનકના બીજા ભાગથી છટ્ઠા ભાગ સુધી ૫૬ પ્રકૃતિઓ હોય છે. છટ્ઠા ભાગે ૩૦ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થવાથી સાતમા ભાગે ૨૬ પ્રકૃતિ બંધમાં હોય છે. અંતે ૪ પ્રકૃતિનો બંધવિચ્છેદ થવાથી નવમા ગુણસ્થાનકે ૨૨ પ્રકૃતિ અનુક્રમે ૫ પ્રકૃતિનો બંધવિચ્છેદ થવાથી ૨૧, ૨૦, ૧૯, ૧૮ અને દશમા ગુણસ્થાનકે ૧૭ પ્રકૃતિઓ હોય છે. અંતે સોળ (૧૬) પ્રકૃતિનો બંધ વિચ્છેદ થવાથી ૧૧-૧૨ અને ૧૩મા ગુણસ્થાનકે શાતાવેદનીય એક જ પ્રકૃતિ બંધમાં હોય છે. અંતે ૧પ્રકૃતિનો વિચ્છેદ થવાથી ચૌદમા ગુણસ્થાનકે અબંધક થાય છે. ૨.૩.

**पण नव इग सत्तरसं, अड पंच य चउर छक्क छ च्चेव ।**
**इग दुग सोलस तीसं, बारस उदए अजोगंता ॥ ४ ॥**

એકથી ચૌદ ગુણસ્થાનકે અનુક્રમે પાંચ, નવ, એક, સત્તર, આઠ, પાંચ, ચાર, છ, છ, એક, બે, સોળ, ત્રીશ, બાર પ્રકૃતિનો ઉદય વિચ્છેદ જાણવો. પછી અયોગી થાય છે.

**ભાવાર્થઃ–** ઓઘે ઉદયમાં ૧૨૨ પ્રકૃતિઓ હોય છે. પહેલે ગુણઠાણે ૧૧૭ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. ત્યાં પાંચ પ્રકૃતિનો ઉદય વિચ્છેદ તથા નરકાનુપૂર્વીનો અનુદય થવાથી બીજે ગુણઠાણે ૧૧૧ ઉદયમાં હોય છે. ત્યાં નવનો વિચ્છેદ તથા અંતે ૩ આનુપૂર્વીનો અનુદય તથા મિશ્ર મોહનીયનો ઉદય થવાથી ત્રીજે ગુણઠાણે ૧૦૦ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. ત્યાં એક પ્રકૃતિનો ઉદયવિચ્છેદ થવાથી તથા ૪ આનુપૂર્વીનો ઉદય તથા સમ્યક્ત્વમોહનીયનો ઉદય થવાથી ચોથે ગુણઠાણે ૧૦૪ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. ચોથાના અંતે ૧૭ પ્રકૃતિનો વિચ્છેદ થવાથી પાંચમા ગુણઠાણે ૮૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે. પાંચમાના અંતે ૮ પ્રકૃતિનો વિચ્છેદ તથા આહારક દ્વિકનો ઉદય થવાથી છઠ્ઠે ગુણઠાણે ૮૧ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. છઠ્ઠાના અંતે પાંચનો વિચ્છેદ થવાથી સાતમે ગુણઠાણે ૭૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે. તેમાંથી ૪નો ઉદયવિચ્છેદ થવાથી આઠમા ગુણઠાણે ૭૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે. તેમાંથી ૬નો ઉદયવિચ્છેદ થવાથી નવમા ગુણઠાણે ૬૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે. તેમાંથી ૬નો ઉદયવિચ્છેદ થવાથી દશમા ગુણઠાણે ૬૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે. તેમાંથી ૧નો ઉદયવિચ્છેદ થવાથી અગીયારમાં ગુણઠાણે ૫૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે. તેમાંથી ૨નો ઉદયવિચ્છેદ થવાથી બારમાં ગુણઠાણે ૫૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે. તેમાંથી ૧૬ પ્રકૃતિનો ઉદયવિચ્છેદ થવાથી અને જિનનામનો ઉદય થવાથી તેરમે ગુણઠાણે ૪૨ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. ૩૦ પ્રકૃતિનો ઉદયવિચ્છેદ થવાથી ચૌદમે ગુણઠાણે ૧૨ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. તેના ચરમ સમયે ૧૨ પ્રકૃતિનો ઉદયવિચ્છેદ થાય છે. તેથી ચૌદમે ગુણઠાણે સિદ્ધ કેવલી અવેદક થાય છે. ૪.

**पण नव इग सत्तरसं, अट्ठट्ठ य चउर छक्क छ च्चेव ।**
**इग दुग सोल गुयालं, उदीरणा होइ जोगंता ॥ ५ ॥**

સર્વ ગુણસ્થાનકે અનુક્રમે ઉદીરણા વિચ્છેદ પાંચ, નવ, એક, સત્તર, આઠ, આઠ, ચાર, છ, છ, એક, બે, સોળ, ઓગણચાળીશ-ચૌદમા ગુણસ્થાનકે અનુદીરક હોય છે.

**ભાવાર્થ:**– એક થી પાંચ ગુણસ્થાનકમાં ઉદય પ્રમાણે જ ઉદીરણા જાણવી. પરંતુ છઠ્ઠા ગુણઠાણે ૮૧ પ્રકૃતિની ઉદીરણા હોય છે. ત્યાં ૮ના વિચ્છેદે સાતમા ગુણઠાણે ૭૩ પ્રકૃતિની ઉદીરણા હોય છે. ત્યાં ૪ના વિચ્છેદે આઠમે ગુણઠાણે ૬૯ પ્રકૃતિની ઉદીરણા હોય છે. ત્યાં ૬ના વિચ્છેદે નવમા ગુણઠાણે ૬૩ પ્રકૃતિની ઉદીરણા હોય છે. ત્યાં ૬ના ઉદીરણાવિચ્છેદે દશમા ગુણઠાણે ૫૭ પ્રકૃતિની ઉદીરણા હોય છે. ત્યાં ૧ના ઉદીરણાવિચ્છેદે અગિયારમા ગુણઠાણે ૫૬ પ્રકૃતિની ઉદીરણા હોય છે. ત્યાં બેના ઉદીરણા વિચ્છેદે બારમા ગુણઠાણે ૫૪ પ્રકૃતિની ઉદીરણા હોય છે. ત્યાં ૧૬ના ઉદીરણાવિચ્છેદે જિનનામની ઉદીરણા હોવાથી તેરમે ગુણઠાણે ૩૯, પ્રકૃતિની ઉદીરણા હોય છે. ૩૯ પ્રકૃતિની ઉદીરણાવિચ્છેદ થવાથી ચૌદમે ગુણઠાણે ભગવાન અનુદીરક હોય છે. ૫.

**अणमिच्छमीससम्मं, अविरयसम्माइअप्पमत्तंता ।**
**सुरनरयतिरियआउं, निययभवे सव्वजीवाणं ॥ ६ ॥**

અવિરતસમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત અને અપ્રમત્ત ગુણસ્થાનકે અનંતાનુબંધી-૪, મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય એ સાતનો સત્તામાંથી વિચ્છેદ થવાથી ૧૪૧ સત્તામાં હોય છે. ક્ષપકશ્રેણીને પ્રાપ્ત થનારા સર્વે જીવોને દેવાયુ, નરકાયુ, તિર્યંચાયુ એમ ત્રણ પ્રકૃતિનો પોતાના ભવમાં સત્તામાં હોય છે.

**ભાવાર્થ:**– પહેલા ગુણસ્થાનકે સત્તામાં ૧૪૮ પ્રકૃતિઓ હોયં છે.

પહેલાં નરકાયુષ્ય બંધાઈ ગયું હોય તેવા જીવને ક્ષાયોપશમિક સમ્યક્ત્વને પામીને જિનનામ બાંધે છે ત્યાંથી નરકે જતાં સમ્યક્ત્વ વમીને જિનનામની સત્તા હોય છે.

જિનનામકર્મને નહીં પ્રાપ્ત કરતા હોવાથી બીજા અને ત્રીજા ગુણઠાણે જિનનામ વિના ૧૪૭ ની સત્તા હોય છે. દર્શન સપ્તકનો ક્ષય નહીં કરેલો હોવાથી ૪, ૫, ૬ અને ૭ મા ગુણસ્થાનકે ૧૪૮ની સત્તા હોય છે. ૪, ૫, ૬ અને ૭મા ગુણસ્થાનકે ૧૪૧ની સત્તા દર્શનસપ્તકનો ક્ષય કરેલાઓને હોય છે. નરાયુ વિના ત્રણ આયુષ્ય ન હોવાથી ૪, ૫, ૬, અને ૭ ગુણસ્થાનકે ૧૪૫ની સત્તા હોય છે. ૪, ૫, ૬ અને ૭ ગુણસ્થાનકે સામાન્ય જીવને આશ્રયીને સત્તા કહી છે.

અહીં ઉપશમશ્રેણીનો અધિકાર નથી.

આઠમા ગુણસ્થાનકે ૩ આયુષ્યનો પોતપોતાના ભવમાં વિચ્છેદ હોવાથી, તથા દર્શન સપ્તકનો ૪ થી ૭ ગુણસ્થાનકે ક્ષય હોવાથી એકસો ને આડત્રીસ (૧૩૮) પ્રકૃતિઓ સત્તામાં હોય છે. ૬.

**सोलस अट्ठेक्केक्कं, छक्केक्केक्केक्क खीणमनियट्टी ।**
**एगं सुहुमसरागे, खीणकसाए य सोलसगं ॥ ७ ॥**

૧૬ પ્રકૃતિનો સત્તામાંથી ક્ષય થતો હોવાથી આઠ, એક, એક, છ, એક, એક, એક, એક તથા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે એક, ક્ષીણ કષાય ગુણસ્થાનકે સોળ પ્રકૃતિનો સત્તામાંથી ક્ષય થવાથી તેરમે ગુણઠાણે ૮૫ પ્રકૃતિ હોય છે.

**ભાવાર્થ:**—નવમા ગુણસ્થાનકના પહેલા ભાગે ૧૩૮ પ્રકૃતિ સત્તામાં હોય છે. તેમાંથી ૧૬નો ક્ષય થવાથી, નવમા ગુણઠાણાના બીજા ભાગે ૧૨૨ પ્રકૃતિ સત્તામાં હોય છે. ત્યાં ૮નો ક્ષય થવાથી, નવમા ગુણઠાણાના ત્રીજા ભાગે ૧૧૪ પ્રકૃતિ સત્તામાં હોય છે. ત્યાં ૧ નો ક્ષય થવાથી, નવમા ગુણઠાણાના ચોથા ભાગે ૧૧૩ પ્રકૃતિ સત્તામાં હોય છે. ત્યાં ૧નો ક્ષય થવાથી, નવમા ગુણઠાણાના પાંચમા ભાગે ૧૧૨ પ્રકૃતિ સત્તામાં હોય છે. ત્યાં ૬નો ક્ષય થવાથી, નવમા ગુણઠાણાના છઠ્ઠા ભાગે ૧૦૬ પ્રકૃતિ સત્તામાં હોય છે. ત્યાં ૧નો ક્ષય થવાથી, નવમા ગુણઠાણાના સાતમા ભાગે ૧૦૫ પ્રકૃતિ સત્તામાં હોય છે. ત્યાં ૧નો ક્ષય થવાથી નવમા ગુણઠાણાના આઠમા

ભાગે ૧૦૪ પ્રકૃતિ સત્તામાં હોય છે. ત્યાં ૧નો ક્ષય થવાથી નવમા ગુણઠાણાના નવમા ભાગે ૧૦૩ પ્રકૃતિ સત્તામાં હોય છે. ત્યાં ૧નો ક્ષય થવાથી દશમા ગુણઠાણે ૧૦૨ પ્રકૃતિ સત્તામાં હોય છે. ત્યાં ૧નો ક્ષય થવાથી બારમા ગુણઠાણે ૧૦૧ પ્રકૃતિ સત્તામાં હોય છે. ત્યાં ૧૬ પ્રકૃતિનો ક્ષય થવાથી તેરમે ગુણસ્થાનકે ૮૫ પ્રકૃતિઓ સત્તામાં હોય છે. ૭.

**बावत्तरिं दुचरिमे, तेरस चरिमे अजोगिणो खीणे ।**
**अडयालं पयडिसयं, खविय जिणं निव्वुयं वंदे ॥ ८ ॥**

ચૌદમા ગુણસ્થાનકના દ્વિચરમ સમયે ૭૨ બહોંત્તેર પ્રકૃતિનો સત્તામાંથી વિચ્છેદ થાય છે. અને ચરમ સમયે તેર (૧૩) પ્રકૃતિનો ક્ષય થયે છતે ૧૪૮ પ્રકૃતિને ખપાવતા નિવૃત્ત થયેલા એવા જિનેશ્વર ભગવંતને હું વંદન કરું છું. ૮.

**नाणस्स दंसणस्स य, आवरणं वेयणीयमोहणियं ।**
**आउयनामं गोयं, तहंतरायं च पयडीओ ॥ ९ ॥**
**पंच नव दोन्नि अट्ठावीसा चउरो तहेव बायाला ।**
**दोण्णि य पंच य भणिया, पयडीओ उत्तरा चेव ॥ १० ॥**

જ્ઞાનનું આવરણ તે જ્ઞાનાવરણીયકર્મ, દર્શનનું આવરણ તે દર્શનાવરણીયકર્મ, વેદનીયકર્મ, મોહનીયકર્મ, આયુષ્યકર્મ, નામકર્મ, ગોત્રકર્મ, તથા અંતરાયકર્મ એમ આઠ મૂલપ્રકૃતિઓ છે.

તેની ઉત્તર પ્રકૃતિઓ અનુક્રમે પાંચ, નવ, બે, અઠ્ઠાવીશ, ચાર, બેંતાલીશ, બે તથા પાંચ કહેલી છે. ૯.૧૦.

-: બંધઅધિકાર :-

**मिच्छनपुंसगवेयं, नरयाउं तह य चेव नरयदुगं ।**
**इगविगलिंदियजाई, हुंडमसंपत्तमायावं ॥ ११ ॥**
**थावर सुहुमं च तहा, साहारणयं तहा अपज्जतं ।**
**एया सोलस पयडी, मिच्छंमि य बंधवोच्छेओ ॥ १२ ॥**

મિથ્યાત્વ, નપુંસકવેદ, નરકાયુ, નરકગતિ, નરકાનુપૂર્વી, એકેન્દ્રિય જાતિ, બેઇન્દ્રિયજાતિ, તેઇન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ, હુંડકસંસ્થાન, સેવાર્તસંઘયણ, આતપ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, તથા અપર્યાપ્તનામ આ સોળ પ્રકૃતિઓનો મિથ્યાત્વ ગુણસ્થાનકે બંધવિચ્છેદ થાય છે. ૧૧.૧૨.

**थीणतिगं इत्थी वि य, अण तिरियाउं तहेव तिरियदुगं ।**
**मज्झिम चउ संठाणं, मज्झिम चउ चेव संघयणं ॥ १३ ॥**
**उज्जोयमप्पसत्था, विहायगइ दूभगं अणाएज्जं ।**
**दूसर नीयगोयं, सासणसम्मंमि वोच्छिन्ना ॥ १४ ॥**

થીણદ્ધિત્રિક, સ્ત્રીવેદ, અનંતાનુબંધી ચાર, તિર્યંચાયુ, તેમજ તિર્યંચદ્વિક, મધ્યમના ચાર સંસ્થાન, મધ્યમ ચાર સંઘયણ, ઉદ્યોત, અપ્રશસ્ત વિહાયોગતિ, દુર્ભગ નામ, અનાદેય, દુઃસ્વર, નીચ ગોત્ર-આ પચ્ચીશ પ્રકૃતિઓનો સાસ્વાદન ગુણસ્થાનકે બંધવિચ્છેદ થાય છે. ૧૩.૧૪.

**बीयकसायचउक्कं, मणुयाउं मणुय दुग य ओरालं ।**
**तस्स य अंगोवंगं, संघयणाई अविरयंमि ॥ १५ ॥**

અપ્રત્યાખ્યાનીય ચતુષ્ક (બીજો કષાય), મનુષ્યાયુષ્ય, મનુષ્યદ્વિક, ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ, વજ્રઋષભ નારાચ સંઘયણ આ દશ પ્રકૃતિઓનો અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે બંધવિચ્છેદ થાય છે. **નોંધઃ**- મિશ્ર ગુણસ્થાનકે બંધવિચ્છેદ થતો નથી. ૧૫.

**तइयकसायचउक्कं, विरयाविरयंमि बंधवोच्छेओ ।**
**अस्सायमरइ सोयं, तह चेव य अथिरमसुभं च ॥ १६ ॥**
**अज्जसकित्ती य तहा, पमत्तविरयंमि बंधवोच्छेओ ।**
**देवाउयं च एगं, नायव्वं अप्पमत्तंमि ॥ १७ ॥**

પ્રત્યાખ્યાનીય ચતુષ્ક (ત્રીજો કષાય) નો દેશવિરતિ ગુણસ્થાનકે બંધવિચ્છેદ થાય છે. અશાતાવેદનીય, અરતિ, શોક, અસ્થિર નામ, અશુભ તથા અપયશકીર્તિ નામ આ છ પ્રકૃતિઓનો પ્રમત્ત ગુણસ્થાનકે બંધ વિચ્છેદ થાય છે. એક દેવાયુનો અપ્રમત્ત ગુણસ્થાનકે બંધ વિચ્છેદ જાણવા યોગ્ય છે. ૧૬.૧૭.

**निद्दापयला य तहा, अपुव्वपढमंमि बंधवोच्छेओ ।**
**देवदुगं पंचिंदिय उरालवज्जं चउसरीरं ॥ १८ ।**
**समचउरं वेउव्विय आहारयअंगुवंगनामं च ।**
**वण्णचउक्कं च तहा, अगुरुयलहुयं च चत्तारि ॥ १९ ॥**

અપૂર્વકરણ ગુણસ્થાનકના પહેલા ભાગે નિદ્રા અને પ્રચલાનો બંધ વિચ્છેદ થાય છે. અપૂર્વકરણ ગુણસ્થાનકના છઠ્ઠા ભાગે દેવદ્વિક પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયશરીર, આહારકશરીર, તૈજસશરીર, કાર્મણશરીર, સમચતુરસ્રસંસ્થાન, વૈક્રિયઅંગોપાંગ, આહારકઅંગોપાંગ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ (વર્ણ ચતુષ્ક), અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત અને ઉચ્છ્વાસનામ. (અગુરુલઘુચતુષ્ક) (કુલ ૧૮ પ્રકૃતિઓ) ૧૮.૧૯.

**तस चउ पसत्थमेव य, विहायगइ थिर सुभं च नायव्वं ।**
**सुहयं सुस्सरमेव य आएज्जं चेव निमिणं च ॥ २० ॥**
**तित्थयरमेव तीसं, अपुव्वछब्भाग बंधवोच्छेओ ।**
**हासरइभयदुगुंछा, अपुव्वचरमंमि वोच्छिन्ना ॥ २१ ॥**

ત્રસનામ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક (ત્રસચતુષ્ક), શુભ વિહાયોગતિ, સ્થિર અને શુભનામ જાણવા યોગ્ય છે. તથા, સુભગ, સુસ્વર, આદેય, નિર્માણ અને તીર્થંકર નામકર્મ (કુલ ૧૨) (૧૮+૧૨=૩૦) એમ ત્રીશ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય છે.

અપૂર્વકરણ ગુણસ્થાનકના સાતમા ભાગે હાસ્ય, રતિ, ભય, અને જુગુપ્સા એમ ચાર પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય છે. ૨૦.૨૧.

**पुरिसं चउसंजलणं, पंच य पयडीओ पंच भागंमि ।**
**अनियट्टीअद्धाए, जहक्कमं बंधवोच्छेओ ॥ २२ ॥**

અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાનકના પાંચ ભાગમાં અનુક્રમે પુરુષવેદ અને સંજ્વલન ચતુષ્ક (સં. ક્રોધ, માન, માયા અને લોભ) એમ એક એક પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થાય છે. ૨૨.

**नाणंतरायदसगं, दंसण चत्तारि उच्च जसकित्ती ।**
**एया सोलस पयडी, सुहुमकसायंमि वोच्छिन्ना ॥ २३ ॥**

જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ, દર્શનચતુષ્ક, ઉચ્ચ ગોત્ર અને યશઃકીર્તિ નામ એમ આ સોળ પ્રકૃતિઓનો સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે બંધવિચ્છેદ થાય છે. ૨૩.

**उवसंतखीणमोहे, जोगिंमि उ सायबंधवोच्छेओ ।**
**नायव्वो पयडीणं, बंधस्संतो अणंतो य ॥ २४ ॥**

ઉપશાંતમોહ, ક્ષીણમોહ અને સયોગી કેવલી ગુણસ્થાનકે (૧૧-૧૨ અને ૧૩મા ગુ.ઠાણે) એક માત્ર શાતા વેદનીય જ બંધાય છે. ૧૩ માના અંતે શાતાવેદનીયનો બંધવિચ્છેદ થાય છે.

આમ પ્રકૃતિઓનો બંધનો અંત અનંત જાણવા યોગ્ય છે. ૨૪.

## -: ઉદયઅધિકાર :-

**मिच्छत्तं आयावं, सुहुम अपज्जत्तया य तह चेव ।**
**साहारणं च पंच य, मिच्छंमि य उदयवोच्छेओ ॥ २५ ॥**

મિથ્યાત્વ ગુણસ્થાનકે મિથ્યાત્વ મોહનીય, આતપનામ, સૂક્ષ્મનામ, અપર્યાપ્ત નામ, તેમજ સાધારણનામ એમ પાંચ પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થાય છે. ૨૫.

# બંધયંત્રક.

| નં | ગુણસ્થાનકો ના નામ | મૂળ કર્મ | બંધાતી ઉત્તર પ્રકૃતિ | ન બંધાતી ઉત્તર પ્રકૃત્તિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘ | ૮ | ૧૨૦ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૭ | ૨ | ૫ |
| ૧ | મિથ્યાત્વ | ૮ | ૧૧૭ | ૩ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ |
| ૨ | સાસ્વાદન | ૮ | ૧૦૧ | ૧૯ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૫૧ | ૨ | ૫ |
| ૩ | મિશ્ર | ૮ | ૭૪ | ૪૬ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૬ | ૧ | ૫ |
| ૪ | અવિરતસમ્યક્ત્વ | ૮ | ૭૭ | ૪૩ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૨ | ૩૭ | ૧ | ૫ |
| ૫ | દેશવિરત | ૮ | ૬૭ | ૫૩ | ૫ | ૬ | ૨ | ૧૫ | ૧ | ૩૨ | ૧ | ૫ |
| ૬ | પ્રમત્તસંયત | ૮ | ૬૩ | ૫૭ | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૩૨ | ૧ | ૫ |
| ૭ | અપ્રમત્તસંયત | ૮/૭ | ૫૮/૫૯ | ૬૨/૬૧ | ૫ | ૬ | ૧ | ૯ | ૧/૦ | ૩૧ | ૧ | ૫ |
| ૮ | પહેલો ભાગ | ૭ | ૫૮ | ૬૨ | ૫ | ૬ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| અપૂર્વકરણ ગુણસ્થાનક | બીજો ભાગ | ૭ | ૫૬ | ૬૪ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| | ત્રીજો ભાગ | ૭ | ૫૬ | ૬૪ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| | ચોથો ભાગ | ૭ | ૫૬ | ૬૪ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| | પાંચમો ભાગ | ૭ | ૫૬ | ૬૪ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| | છઠ્ઠો ભાગ | ૭ | ૫૬ | ૬૪ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| | સાતમો ભાગ | ૭ | ૨૬ | ૯૪ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૧ | ૧ | ૫ |
| ૯ | પહેલો ભાગ | ૭ | ૨૨ | ૯૮ | ૫ | ૪ | ૧ | ૫ | ૦ | ૧ | ૧ | ૫ |
| અનિવૃત્તિબાદર | બીજો ભાગ | ૭ | ૨૧ | ૯૯ | ૫ | ૪ | ૧ | ૪ | ૦ | ૧ | ૧ | ૫ |
| | ત્રીજો ભાગ | ૭ | ૨૦ | ૧૦૦ | ૫ | ૪ | ૧ | ૩ | ૦ | ૧ | ૧ | ૫ |
| | ચોથો ભાગ | ૭ | ૧૯ | ૧૦૧ | ૫ | ૪ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ | ૫ |
| | પાંચમો ભાગ | ૭ | ૧૮ | ૧૦૨ | ૫ | ૪ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૫ |
| ૧૦ | સૂક્ષ્મ સંપરાય | ૬ | ૧૭ | ૧૦૩ | ૫ | ૪ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૫ |
| ૧૧ | ઉપશાન્તમોહ | ૧ | ૧ | ૧૧૯ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | ક્ષીણમોહ | ૧ | ૧ | ૧૧૯ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | સયોગીકેવલી | ૧ | ૧ | ૧૧૯ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | અયોગીકેવલી | ૦ | ૦ | ૧૨૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

થીણદ્ધિત્રિક તેમજ આહારકદ્વિક આ પાંચપ્રકૃતિઓનો પ્રમત્ત ગુણસ્થાનકે ઉદયવિચ્છેદ થાય છે. અપ્રમત્ત ગુણસ્થાનકે સમ્યક્ત્વ મોહનીય, છેલ્લાં ત્રણ સંઘયણ (અર્ધનારાચ, કીલિકા અને સેવાર્ત) એમ ચાર પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થાય છે. ૩૦.

**तह नोकसायछक्कं, अपुव्वकरणंमि उदयवोच्छेओ ।**
**वेयतिगकोहमाणा मायासंजलणमनियट्टी ॥ ३१ ॥**

અપૂર્વકરણગુણસ્થાનકે હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, આ હાસ્યાદિષટ્કનો ઉદયવિચ્છેદ થાય છે. અનિવૃત્તિકરણ ગુણસ્થાનકે વેદત્રિક, સંજ્વલન ત્રિક (સંજ્વલન ક્રોધ, માન, માયા) એમ છનો ઉદય વિચ્છેદ થાય છે. ૩૧.

**संजलणलोभमेगं, सुहुमकसायंमि उदयवोच्छेओ ।**
**तह रिसहं नारायं, नारायं चेव उवसंते ॥ ३२ ॥**

સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે સંજ્વલન લોભનો ઉદય વિચ્છેદ થાય છે. તથા ઉપશાંતમોહ ગુણસ્થાનકે ઋષભનારાચ અને નારાચ સંઘયણ એમ બે પ્રકૃતિનો ઉદયવિચ્છેદ થાય છે. ૩૨.

**निद्दा पयला य तहा, खीणदुचरिमंमि उदयवोच्छेओ ।**
**नाणंतरायदसगं, दंसण चत्तारि चरिमंमि ॥ ३३ ॥**

ક્ષીણમોહ ગુણસ્થાનકના દ્વિચરમ સમયે નિદ્રા અને પ્રચલા એ બે પ્રકૃતિનો ઉદયવિચ્છેદ, તથા ચરમ સમયે જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ, દર્શન ચતુષ્ક એમ ચૌદ પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થાય છે. ૩૩.

**अन्नयरवेयणीयं, ओरालिय-तेय-कम्मनामं च ।**
**छ च्चेव य संठाणा, ओरालियअंगुवंगं च ॥ ३४ ॥**

**अण एगिंदियजाइ, विगलिंदियजाइमेव थावरयं ।**
**एया नव पयडीओ, सासणसम्मंमि वोच्छिन्ना ॥ २६ ॥**

સાસ્વાદન ગુણસ્થાનકે અનંતાનુબંધી ચતુષ્ક, એકેન્દ્રિયજાતિ, વિકલેન્દ્રિયજાતિ, અને સ્થાવરનામ આ નવ પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થાય છે. ૨૬.

**सम्मामिच्छत्तेगं, सम्मामिच्छंमि उदयवोच्छेओ ।**
**बीयकसायचउक्कं, तह चेव य नरयदेवाऊ ॥ २७ ॥**
**मणुयतिरियाणुपुव्वी, वेउव्वियछक्क दूहयं चेव ।**
**अणएज्जं चेव तहा, अज्जसकित्ती अविरयंमि ॥ २८ ॥**

મિશ્ર ગુણસ્થાનકે મિશ્ર મોહનીયનો જ ઉદયવિચ્છેદ હોય છે. અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે અપ્રત્યાખ્યાનીય ચતુષ્ક (બીજો કષાય) તેમજ નરકાયુષ્ય, દેવાયુષ્ય, મનુષ્યાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, વૈક્રિયશરીર, વૈક્રિયઅંગોપાંગ, નરકગતિ, નરકાનુપૂર્વી, દેવગતિ અને દેવાનુપૂર્વી તેમજ દુર્ભગનામ, અનાદેયનામ, અને અપયશઃ કીર્તિનામ આ સત્તર પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થાય છે. ૨૭.૨૮.

**तइयकसायचउक्कं, तिरियाऊ तह य चेव तिरियगई ।**
**उज्जोय नीयगोयं, विरयाविरयंमि वोच्छिन्ना ॥ २९ ॥**

પ્રત્યાખ્યાનીય ચતુષ્ક (ત્રીજો કષાય) તિર્યંચાયુષ્ય, તિર્યંચગતિ, ઉદ્યોત, નીચગોત્ર એમ આઠ પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ દેશવિરતિ ગુણસ્થાનકે થાય છે. ૨૯.

**थीणतिगं चेव तहा, आहारदुगं पमत्तविरयंमि ।**
**सम्मत्तं संघयणं, अंतिमतिगमप्पमत्तंमि ॥ ३० ॥**

**आइमसंघयणं खलु, वण्णचउक्कं च दो विहायगती ।**
**अगुरुयलहुयचउक्कं, पत्तेय थिराथिरं चेव ॥ ३५ ॥**
**सुभसुस्सरजुयला वि य, निमिणं च तहा हवंति नायव्वा ।**
**एया तीसं पयडी, सजोगिचरिमंमि वोच्छिन्ना ॥ ३६ ॥**

શાતા-અશાતામાંથી એક વેદનીય, ઔદારિકશરીર, તૈજસશરીર, કાર્મણશરીર, છ સંસ્થાન, ઔદારિકઅંગોપાંગ, વજ્રઋષભનારાચ સંઘયણ, વર્ણચતુષ્ક, બે વિહાયોગતિ, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, પ્રત્યેક, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, સુસ્વર, દુ:સ્વર અને નિર્માણ નામકર્મ એમ જાણવા યોગ્ય છે. આ ત્રીશ પ્રકૃતિઓનો સયોગી ગુણસ્થાનકના ચરમ સમયે ઉદયવિચ્છેદ થાય છે. ૩૪.૩૫.૩૬.

**अन्नयरवेयणीयं, मणुयाऊ मणुयगइ य बोद्धव्वा ।**
**पंचिंदियजाई वि य, तस सुभगा एज्ज पज्जत्तं ॥ ३७ ॥**
**बायर जसकित्ती वि य, तित्थयरं उच्चगोययं चेव ।**
**एया बारस पयडी, अजोगिचरिमंमि वोच्छिन्ना ॥ ३८ ॥**

અયોગી ગુણસ્થાનકના ચરમ સમયે શાતા-અશાતા વેદનીયમાંથી એક વેદનીય, મનુષ્યાયુષ્ય, મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસનામ, સુભગનામ, આદેયનામ, પર્યાપ્તનામ, બાદર નામ, યશ:કીર્તિનામ, તીર્થંકર-નામ અને ઉચ્ચગોત્ર એમ બાર પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થાય છે. ૩૭.૩૮.

## -: ઉદીરણાઅધિકાર :-

**उदयस्सुदीरणाए, सामित्ताओ न विज्जइ विसेसो ।**
**मोत्तूण तिन्नि ठाणे, पमत्त-जोगी अजोगी य ॥ ३९ ॥**

પ્રમત્તગુણસ્થાનક, સયોગીગુણસ્થાનક અને અયોગી ગુણસ્થાનક એ ત્રણ ગુણસ્થાનકો સિવાયના ઉદયના અને ઉદીરણાના સ્વામીપણામાં કાંઈ વિશેષ ભેદ જણાતો નથી. ૩૯.

## ઉદયયંત્રક.

| નં | ગુણસ્થાનકો ના નામ | મૂળ કર્મ | ઉદયમાં આવનાર પ્રકૃતિ | ઉદયમાં ન આવનાર પ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૮ | ૧૨૨ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ |
| ૧ | મિથ્યાત્વ | ૮ | ૧૧૭ | ૫ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ |
| ૨ | સાસ્વાદન | ૮ | ૧૧૧ | ૧૧ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ |
| ૩ | મિશ્રદૃષ્ટિ | ૮ | ૧૦૦ | ૨૨ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ |
| ૪ | અવિરત | ૮ | ૧૦૪ | ૧૮ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૫ | ૨ | ૫ |
| ૫ | દેશવિરત | ૮ | ૮૭ | ૩૫ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૪૪ | ૨ | ૫ |
| ૬ | પ્રમત્ત | ૮ | ૮૧ | ૪૧ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ |
| ૭ | અપ્રમત્ત | ૮ | ૭૬ | ૪૬ | ૫ | ૬ | ૨ | ૧૪ | ૧ | ૪૨ | ૧ | ૫ |
| ૮ | અપૂર્વકરણ | ૮ | ૭૨ | ૫૦ | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૯ | અનિવૃત્તિકરણ | ૮ | ૬૬ | ૫૬ | ૫ | ૬ | ૨ | ૭ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૧૦ | સૂક્ષ્મસંપરાય | ૮ | ૬૦ | ૬૨ | ૫ | ૬ | ૨ | ૧ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૧૧ | ઉપશાન્તમોહ | ૭ | ૫૯ | ૬૩ | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૧૨ | ક્ષીણ૦મોહના દ્વિચરમ સમય સુધી | ૭ | ૫૭ | ૬૫ | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૩૭ | ૧ | ૫ |
| ૧૨ | ક્ષીણચરમ સમયે | ૭ | ૫૫ | ૬૭ | ૫ | ૪ | ૨ | ૦ | ૧ | ૩૭ | ૧ | ૫ |
| ૧૩ | સયોગી કેવલી | ૪ | ૪૨ | ૮૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૩૮ | ૧ | ૦ |
| ૧૪ | અયોગી કેવલી | ૪ | ૧૨ | ૧૧૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૯ | ૧ | ૦ |

तीसं बारस उदए, केवलिणो मेलणं च काऊण ।
सायासायं च तहा, मणुयाउं अवणियं किच्चा ॥ ४० ॥
सेसं इगुयालीसं, जोगिंमि उदीरणा य॰ बोद्धव्वा ।
अवणीय तिन्नि पयडी, पमत्तउदयंमि पक्खित्ता ॥ ४१ ॥

સયોગી કેવલી અને અયોગી કેવલી ગુણસ્થાનકના ઉદયમાં અનુક્રમે ત્રીશ અને બાર પ્રકૃતિને એકઠી કરીને તેમાંથી શાતા અને અશાતાવેદનીય તેમજ મનુષ્યાયુષ્ય એમ ત્રણ પ્રકૃતિ ઓછી કરીને, બાકીની ઓગણચાલીશ પ્રકૃતિની સયોગી ગુણસ્થાનકે ઉદીરણા જાણવા યોગ્ય છે. પ્રમત્ત ગુણસ્થાનકે ઉદયમાં પાંચ પ્રકૃતિમાં બાકી રહેલી શાતા અને અશાતા વેદનીય તેમ જ મનુષ્યાયુષ્ય એમ ત્રણ પ્રકૃતિઓ ઉમેરવી. ૪૦.૪૧.

**तह चेव अट्ठ पयडी, पमत्तविरए उदीरणा होइ ।**
**नत्थि त्ति अजोगिजिणे, उदीरणा होइ नायव्वा ॥ ४२ ॥**

અને આ પ્રમાણે પ્રમત્ત ગુણસ્થાનકે આઠ પ્રકૃતિની ઉદીરણા વિચ્છેદ હોય છે. અયોગી કેવલી ગુણસ્થાનકે ઉદીરણા હોતી નથી.

આ પ્રમાણે ઉદીરણા જાણવા યોગ્ય છે. ૪૨.

## -: સત્તાઅધિકાર :-

**अणमिच्छमीससम्मं अविरयसम्माइअप्पमत्तंता ।**
**सुरनरयतिरियआउं, नियभवे सव्वजीवाणं ॥ ४३ ॥**

અવિરતસમ્યગ્દષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત અને અપ્રમત્ત ગુણસ્થાનકે અનંતાનુબંધી ચતુષ્ક, મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય એ સાતનો સત્તામાંથી વિચ્છેદ થવાથી ૧૪૧ની સત્તા હોય છે.

ક્ષપકશ્રેણીને પ્રાપ્ત થનારાં સર્વે જીવોને દેવાયુષ્ય, નરકાયુષ્ય, તિર્યંચાયુષ્ય એમ ત્રણ પ્રકૃતિનો પોતાના ભવમાં સત્તામાં હોય છે. ૪૩.

**थीणतिगं चेव तहा, नरयदुगं चेव तह य तिरियदुगं ।**
**इगिविगलिंदियजाई, आयावुज्जोयथावरयं ॥ ४४ ॥**
**साहारण सुहुमं चिय, सोलस पयडीओ होंति नायव्वा ।**
**बीयकसायचउक्कं, तइयकसायं च अट्ठेव ॥ ४५ ॥**

થીણદ્ધિત્રિક, તથા નરકદ્વિક, તિર્યંચદ્વિક, એકેન્દ્રિય જાતિ, વિકલેન્દ્રિય જાતિ, આતપ નામ, ઉદ્યોત નામ, સ્થાવર નામ તથા સાધારણ નામ, સૂક્ષ્મ નામ એમ સોળ પ્રકૃતિનો અનિવૃત્તિ બાદર ગુણસ્થાનકના પહેલા ભાગે સત્તા વિચ્છેદ જાણવા યોગ્ય છે. તેમજ અપ્રત્યાખ્યાનીય ચતુષ્ક અને પ્રત્યાખ્યાનીય ચતુષ્ક (બીજો અને ત્રીજો કષાય) એમ આઠ પ્રકૃતિ અનિવૃત્તિ બાદર ગુણસ્થાનકના બીજા ભાગે સત્તા વિચ્છેદ થાય છે. ૪૪.૪૫.

## ઉદીરણા યંત્રક.

| નં | ગુણસ્થાનકો ના નામ | મૂળ કર્મ | ઉત્તર કર્મ | ઉદીરણા અયોગ્ય | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘ | ૮ | ૧૨૨ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ |
| ૧ | મિથ્યાત્વ | ૮ | ૧૧૭ | ૫ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ |
| ૨ | સાસ્વાદન | ૮ | ૧૧૧ | ૧૧ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ |
| ૩ | મિશ્રદૃષ્ટિ | ૮ | ૧૦૦ | ૨૨ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ |
| ૪ | અવિરત | ૮ | ૧૦૪ | ૧૮ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૫ | ૨ | ૫ |
| ૫ | દેશવિરત | ૮ | ૮૭ | ૩૫ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૪૪ | ૨ | ૫ |
| ૬ | પ્રમત્ત | ૮ | ૮૧ | ૪૧ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ |
| ૭ | અપ્રમત્ત | ૬ | ૭૩ | ૪૯ | ૫ | ૬ | ૦ | ૧૪ | ૦ | ૪૨ | ૧ | ૫ |
| ૮ | અપૂર્વકરણ | ૬ | ૬૯ | ૫૩ | ૫ | ૬ | ૦ | ૧૩ | ૦ | ૩૯ | ૧ | ૫ |
| ૯ | અનિવૃત્તિકરણ | ૬ | ૬૩ | ૫૯ | ૫ | ૬ | ૦ | ૭ | ૦ | ૩૯ | ૧ | ૫ |
| ૧૦ | સૂક્ષ્મસંપરાય | ૬ | ૫૭ | ૬૫ | ૫ | ૬ | ૦ | ૧ | ૦ | ૩૯ | ૧ | ૫ |
| ૧૧ | ઉપશાન્તમોહ | ૫ | ૫૬ | ૬૬ | ૫ | ૬ | ૦ | ૦ | ૦ | ૩૯ | ૧ | ૫ |
| ૧૨ | ક્ષીણમોહ | ૫ | ૫૪ | ૬૮ | ૫ | ૬ | ૦ | ૦ | ૦ | ૩૭ | ૧ | ૫ |
| ૧૩ | સયોગી કેવલી | ૨ | ૩૯ | ૮૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૮ | ૧ | ૦ |
| ૧૪ | અયોગી કેવલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**एग नपुंसगवेयं, इत्थीवेयं तहेव एगं च ।**
**तह नोकसायछक्कं, पुरिसं कोहं च माणं च ॥ ४६ ॥**

અનિવૃત્તિબાદર ગુણસ્થાનક (નવમા ગુ.ઠા.)ના ત્રીજા ભાગે એક નપુંસકવેદ તથા નવમાના ચોથા ભાગે સ્ત્રીવેદનો નવમાના પાંચમા ભાગે હાસ્યષટ્કનો, નવમાના છટ્ઠા ભાગે પુરુષવેદનો, નવમાના સાતમા ભાગે સંજ્વલન ક્રોધનો અને નવમાના આઠમા ભાગે સંજ્વલન માનનો સત્તા વિચ્છેદ થાય છે. ૪૬.

**मायं चिय अनियट्टीभागं गंतूण संतवोच्छेओ ।**
**लोहं चिय संजलणं, सुहुमकसायंमि वोच्छिन्ना ॥ ४७ ॥**

અનિવૃત્તિકરણ ગુણસ્થાનકના નવમા ભાગને પામીને સંજ્વલન માયાનો સત્તા વિચ્છેદ થાય છે. સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે સંજવલન લોભનો સત્તાવિચ્છેદ થાય છે. ૪૭.

**खीणकसायदुचरिमे, निद्दं पयलं च हणइ छउमत्थो ।**
**नाणंतरायदसगं, दंसण चत्तारि चरिमंमि ॥ ४८ ॥**

ક્ષીણમોહ છદ્મસ્થ ગુણસ્થાનકના દ્વિચરમ સમયે નિદ્રા અને પ્રચલાનો સત્તાવિચ્છેદ થાય છે. અને ક્ષીણમોહના ચરમ સમયે જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ અને દર્શનાવરણીય ચતુષ્ક એમ ચૌદ પ્રકૃતિનો સત્તાવિચ્છેદ કરે છે. ૪૮.

**देवदुग पणसरीरं, पंचसरीरस्स बंधणं चेव ।**
**पंचेव य संघाया, संठाणा तह य छक्कं च ॥ ४९ ॥**
**तिन्नि य अंगोवंगा, संघयणं तह य होइ छक्कं च ।**
**पंचेव य वण्णरसा, दो गंधा अट्ठ फासा य ॥ ५० ॥**

દેવદ્વિક, પાંચ શરીર, પાંચ શરીરના બંધનો, તેમ જ પાંચ સંઘાતન, તથા છ સંસ્થાન, ત્રણ અંગોપાંગ, તથા છ સંઘયણ, પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને આઠ સ્પર્શ. ૪૯.૫૦.

**अगुरुयलहुयचउक्कं, विहायगइदुग थिराथिरं चेव ।**
**सुहसुस्सरजुयला वि य, पत्तेयं दूभगं अजसं ॥ ५१ ॥**
**अणएज्जं निमिणं चिय, अपजत्तं तह य नीयगोयं च ।**
**अन्नयरवेयणियं, अजोगिदुचरमंमि वोच्छिण्णा ॥ ५२ ॥**

અગુરુલઘુનામ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, બે વિહાયોગતિ, સ્થિર, અસ્થિર, શુભ અને અશુભ, સુસ્વર અને દુઃસ્વર, પ્રત્યેક, દુર્ભગ, અપયશઃકીર્તિ, અનાદેય, નિર્માણ તેમજ અપર્યાપ્ત, નીચગોત્ર, શાતા-અશાતા વેદનીયમાંથી એક વેદનીય, આ બહોંતેર (૭૨) પ્રકૃતિઓનો અયોગી ગુણસ્થાનકના દ્વિચરમ સમયે સત્તાવિચ્છેદ થાય છે. ૫૧.૫૨.

**अन्नयरवेयणीयं, मणुयाऊ मणुयदुवय बोद्धव्वा ।**
**पंचिंदियजाई वि य, तससुभगाएज्जपज्जत्तं ॥ ५३ ॥**
**बायरजसकित्ती वि य, तित्थयरं उच्चगोययं चेव ।**
**एया तेरस पयडी, अजोगिचरिमंमि वोच्छिन्ना ॥ ५४ ॥**

શાતા-અશાતા વેદનીયમાંથી એક વેદનીય, મનુષ્યાયુષ્ય, મનુષ્યદ્વિક, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, સુભગ, આદેય, પર્યાપ્ત, બાદર, યશઃકીર્તિ નામ, તીર્થંકર નામ, ઉચ્ચ ગોત્ર એમ તેર પ્રકૃતિઓનો અયોગી ગુણસ્થાનકના ચરમ સમયે સત્તાવિચ્છેદ થાય છે. ૫૩.૫૪.

**सो मे तिहुयणमहिओ, सिद्धो बुद्धो निरंजणो निच्चो ।**
**दिसउ वरनाण लंभं, दंसणसुद्धिं समाहिं च ॥५५॥**

ત્રણે ભુવનમાં પૂજાયેલા, સિદ્ધ, બુદ્ધ, નિરંજન એવા ભગવાન અમને હંમેશા કેવળજ્ઞાનના લાભને, સમ્યક્ત્વની શુદ્ધિને તથા સમાધિને આપો. ૫૫.

## સત્તા યંત્રક.

| નં | ગુણસ્થાનકો ના નામ | મૂળપ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિ | ઉપશમશ્રેણિ | ક્ષપકશ્રેણિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘ | ૮ | ૧૪૮ | ૦ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ |
| ૧ | મિથ્યાત્વ | ૮ | ૧૪૮ | ૦ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ |
| ૨ | સાસ્વાંદન | ૮ | ૧૪૭ | ૦ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૨ | ૨ | ૫ |
| ૩ | મિશ્ર | ૮ | ૧૪૭ | ૦ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૨ | ૨ | ૫ |
| ૪ | અવિરત | ૮ | ૧૪૮ | *૧૪૧ | *૧૪૫ / *૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮ / ૨૧ | ૪ / ૧ | ૯૩ | ૨ | ૫ |
| ૫ | દેશવિરત | ૮ | ૧૪૮ | ૧૪૧ | ૧૪૫ / ૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮ / ૨૧ | ૪ / ૧ | ૯૩ | ૨ | ૫ |
| ૬ | પ્રમત્ત | ૮ | ૧૪૮ | ૧૪૧ | ૧૪૫ / ૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮ / ૨૧ | ૪ / ૧ | ૯૩ | ૨ | ૫ |
| ૭ | અપ્રમત્ત | ૮ | ૧૪૮ | ૧૪૧ | ૧૪૫ / ૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮ / ૨૧ | ૪ / ૧ | ૯૩ | ૨ | ૫ |
| ૮ | અપૂર્વકરણ | ૮ | ૧૪૮ / ૧૪૨ | + ૧૩૯ / ૧૪૫ | ૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮ / ૨૪ | ૪ / ૧ | ૯૩ | ૨ | ૫ |
| ૯ | અનિવૃત્તિકરણ ૧ લો ભાગ | ૮ | ૧૪૮ / ૧૪૨ | ૧૩૯ | ૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૧ | ૨ / ૧ | ૯૩ / ૮૦ | ૨ | ૫ |
| | ” ૨ જો ભાગ | ૮ | ” | ” | ૧૨૨ | ૫ | ૬ | ૨ | ૨૧ | ” | ” | ૨ | ૫ |
| | ” ૩ જો ભાગ | ૮ | ” | ” | ૧૧૪ | ૫ | ૬ | ૨ | ૧૩ | ” | ” | ૨ | ૫ |
| | ” ૪ થો ભાગ | ૮ | ” | ” | ૧૧૩ | ૫ | ૬ | ૨ | ૧૨ | ” | ” | ૨ | ૫ |
| | ” ૫ મો ભાગ | ૮ | ” | ” | ૧૧૨ | ૫ | ૬ | ૨ | ૧૧ | ” | ” | ૨ | ૫ |
| | ” ૬ ઠ્ઠો ભાગ | ૮ | ” | ” | ૧૦૬ | ૫ | ૬ | ૨ | ૫ | ” | ” | ૨ | ૫ |
| | ” ૭ મો ભાગ | ૮ | ” | ” | ૧૦૫ | ૫ | ૬ | ૨ | ૪ | ” | ” | ૨ | ૫ |
| | ” ૮ મો ભાગ | ૮ | ” | ” | ૧૦૪ | ૫ | ૬ | ૨ | ૩ | ” | ” | ૨ | ૫ |
| | ” ૯ મો ભાગ | ૮ | ” | ” | ૧૦૩ | ૫ | ૬ | ૨ | ૨ | ” | ” | ૨ | ૫ |
| ૧૦ | સૂક્ષ્મસંપરાય | ૮ | ” | ૧૩૯ | ૧૦૨ | ૫ | ૬ | ૨ | ૨૮/૨૪ / ૨૧/૧ | ” | ” | ૨ | ૫ |
| ૧૧ | ઉપશાન્તમોહ | ૮ | ” | ૧૩૯ | ૦ | ૫ | ૬ | ૨ | ૨૮/૨૪ / ૧ | ” | ૯૩ | ૨ | ૫ |
| ૧૨ | ક્ષીણ મોહ | ૭ | ૧૦૧ / ૯૯ | ૦ | ૧૦૧ / ૯૯ | ૫ | ૬ / ૪ | ૨ | ૦ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| ૧૩ | સયોગી કેવલી | ૪ | ૮૫ | ૦ | ૮૫ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૮૦ | ૨ | ૦ |
| ૧૪ | અયોગી કેવલી | ૪ | ૮૫ / ૧૩ / ૧૨ | ૦ | ૮૫ / ૧૩ / ૧૨ | ૦ | ૦ | ૨ / ૧ | ૦ | ૧ | ૮૦ / ૯ | ૨ / ૧ | ૦ |

*તદ્ભવમોક્ષગામી ઉપશમશ્રેણિ માંડનારને અનન્તાનુબન્ધીની વિસંયોજના કર્યા પછી ત્રણ આયુષ્ય અને ચાર અનન્તાનુબન્ધી સિવાય એકસો એકતાલીશ પ્રકૃતિઓની સત્તા હોય છે.

*ભવિષ્યમાં ક્ષપકશ્રેણિ માંડશે એવા ક્ષયોપશમસમ્યગ્દષ્ટિને એકસો પીસ્તાળીશ પ્રકૃતિઓની અને દર્શનસપ્તકક્ષય કર્યા પછી ક્ષાયિકસમ્યગ્દષ્ટિને એકસો આડત્રીશ પ્રકૃતિઓની સત્તા હોય.

+ઉપશમશ્રેણિ માંડનાર ક્ષાયિકસમ્યગ્દષ્ટિને દર્શનસપ્તક, નરકાયુષ્ય અને તિર્યંચાયુષ્ય વિના એકસો ઓગણચાલીશ પ્રકૃતિઓની સત્તા હોય છે. અને ઉપશમસમ્યગ્દષ્ટિને અનન્તાનુબન્ધી ચતુષ્ક અને પૂર્વોક્ત બે આયુષ્ય વિના એકસો બેંતાલીશ પ્રકૃતિઓની સત્તા હોય છે. જેઓના મતે અનન્તાનુબન્ધીની ઉપશમના કરનાર ઉપશમશ્રેણિ માંડે તેને મતે બે આયુષ્ય સિવાય એકસો છેંતાલીશ પ્રકૃતિઓની સત્તા હોય છે.

॥ इति कर्मस्तवाख्यः प्राचीनद्वितीयकर्मग्रन्थः समाप्तः ॥

॥ अर्हम् ॥

# ॥ बन्धस्वामित्वाख्यः प्राचीनतृतीयः कर्मग्रन्थः ॥

। अज्ञातकर्तृकः कर्मग्रन्थः ।

**नमिऊण वद्धमाणं, गइयाईठाणदेसयं सिद्धं ।**
**गइयाइएसु वोच्छं, बंधस्सामित्तमोघेणं ॥ १ ॥**

ગતિ આદિ સ્થાનોનું નિરૂપણ કરનારા, અષ્ટ કર્મથી સિદ્ધ થયેલા વર્ધમાનસ્વામીને નમસ્કાર કરીને, સામાન્યથી ગતિ આદિ માર્ગણા સ્થાનોને વિષે બંધના સ્વામીપણાને હું કહીશ. ૧.

**गइ ४ इंदिए ५ य काए ६, जोए १५ वेए ३ कसाय ४ नाणे ८ य ।**
**संजम १७ दंसण ४ लेसा ६, भव २ सम्मे ३ सण्णि २ आहारे ॥ २ ॥**

નરકગતિ આદિ ચાર ગતિમાર્ગણા, સ્પર્શનેન્દ્રિય આદિ પાંચ ઇન્દ્રિયમાર્ગણા, પૃથ્વીકાયાદિ છ કાયમાર્ગણા, સત્યમનોયોગ આદિ પંદર યોગમાર્ગણા, સ્ત્રીવેદ આદિ ત્રણ વેદમાર્ગણા, ક્રોધાદિ ચાર કષાયમાર્ગણા, મતિજ્ઞાનાદિ પાંચ જ્ઞાન (ત્રણ અજ્ઞાન) માર્ગણા, સામાયિકાદિ સાત (પાંચ) સંયમમાર્ગણા, ચક્ષુર્દર્શનાદિ ચાર દર્શનમાર્ગણા, કૃષ્ણ લેશ્યાદિ છ લેશ્યામાર્ગણા, ભવ્ય-અભવ્ય માર્ગણા, વેદકાદિ ત્રણ સમ્યક્ત્વ માર્ગણા, સંજ્ઞી-અસંજ્ઞી માર્ગણા, આહારી અણાહારી માર્ગણા આ પ્રમાણે ચૌદ માર્ગણાઓના ૬૨ પેટા ભેદો છે. ૨.

**गुणठाणा सुरनिरए, चउ पण तिरिएसु चउदस नरेसु ।**
**जीवट्ठाणा तिरिए, चउदस सेसेसु दुग दुगं जाण ॥ ३ ॥**

દેવગતિ અને નરકગતિને ચાર ગુણસ્થાનકો હોય છે. તિર્યંચગતિને પાંચ ગુણસ્થાનકો હોય છે. મનુષ્યગતિમાં ચૌદ ગુણસ્થાનકો હોય છે.

તિર્યંચગતિમાં ચૌદેય જીવ સ્થાનકો હોય છે. બાકીની ત્રણ દેવગતિ, નરકગતિ અને મનુષ્ય ગતિમાં બે બે જીવ સ્થાનકો હોય છે. ૩.

**निरयतिगं मिच्छत्तं, नपुंस इगविगलजाइआयावं ।**
**छेवट्ठ थावरचऊ, हुंडं चिय मिच्छदिट्ठिम्मि ॥ ४ ॥**

નરકત્રિક, મિથ્યાત્વ, નપુંસકવેદ, એકેન્દ્રિય જાતિ, વિકલેન્દ્રિય જાતિ, આતપ, છેવટ્ઠું સંઘયણ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, અપર્યાપ્ત, હુંડક સંસ્થાન આ સોળ પ્રકૃતિઓનો મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે બંધવિચ્છેદ થાય છે. ૪.

**थीणतिगित्थी अण तिरितिग कुविहगई य नीयमुज्जोयं ।**
**दुभगतिग पणुवीसा, मज्झिमसंठाणसंघयणा ॥ ५ ॥**

(થીણદ્ધિ, નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા) થીણદ્ધિત્રિક, સ્રીવેદ, અનંતાનુબંધી કષાય, (તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, તિર્યંચાયુષ્ય) તિર્યંચત્રિક, અશુભ વિહાયોગતિ, નીચગોત્ર, ઉદ્યોત નામ, (દુર્ભગ, અનાદેય, દુઃસ્વર) દુર્ભગત્રિક, ન્યગ્રોધ પરિમંડળ, સાદિ, વામન, કુબ્જ એ ચાર સંસ્થાન, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ અને કીલિકા એમ પચ્ચીશ પ્રકૃતિઓનો સાસ્વાદન ગુણસ્થાનકે બંધવિચ્છેદ થાય છે. ૫.

**-: નરકગતિમાં ઓઘબંધ :-**

**थावरचउ जाई चउ, विउवाहारदुग सुरनिरतिगाणि ।**
**आयवजुयाहिँ ऊणं, एगहियसयं नरय बंधे ॥ ६ ॥**

સ્થાવરચતુષ્ક, એકેન્દ્રિયજાતિચતુષ્ક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, દેવત્રિક, નરકત્રિક, આતપનામ એમ ઓગણીશ પ્રકૃતિઓ છોડીને, એકસો ને એક પ્રકૃતિ નરક ગતિમાં ઓઘ બંધમાં જાણવો. ૬.

## -: નરકગતિમાં ચારગુણસ્થાનક :-

**तित्थोणं सय मिच्छा, साणा नपुहुंडछेयमिच्छोणं ।**
**मीसा नराउपणुवीसोणं सम्मा नराउतित्थजुयं ॥ ७ ॥**

તીર્થંકર નામકર્મ વિના ૧૦૦ પ્રકૃતિ મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે બંધાય. નપુંસકવેદ, હુંડક સંસ્થાન, છેવટ્ઠું સંઘયણ, મિથ્યાત્વ મોહનીય એમ ચાર પ્રકૃતિનો વિચ્છેદ થવાથી સાસ્વાદન ગુણસ્થાનકે છન્નું પ્રકૃતિઓ (૯૬) બંધમાં હોય છે. મિશ્રગુણસ્થાનકે મનુષ્યાયુષ્ય અને પચ્ચીશ પ્રકૃતિઓ (ગાથા-૫માં જણાવેલ છે તે ) એમ (૨૬) છવ્વીશ પ્રકૃતિઓનો વિચ્છેદ થવાથી સિત્તેર (૭૦) પ્રકૃતિઓ બંધાય છે. મનુષ્યાયુષ્ય અને તીર્થંકર નામકર્મ યુક્ત કરવાથી બહોંતેર (૭૨) પ્રકૃતિઓ ચોથા અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે બંધાય છે. ૭.

### સામાન્ય નરક તથા રત્નપ્રભાદિ ત્રણનરકને આશ્રયી બન્ધ-સ્વામિત્વયન્ત્રક.

| નં | ગુણસ્થાનકોના નામ | બન્ધ યોગ્ય પ્રકૃતિ | અબન્ધ પ્રકૃતિ | વિચ્છેદ પ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય | મૂળ પ્રકૃતિ | અંક ને અબંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૧૦૧ | ૧૯ | ૧ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૫૦ | ૨ | ૫ | ૭-૮ | ૧૯ |
| ૧ | મિથ્યાત્વે | ૧૦૦ | ૨૦ | ૪ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૪૯ | ૨ | ૫ | ૭-૮ | ૧૯+૧=૨૦ |
| ૨ | સાસ્વાદને | ૯૬ | ૨૪ | ૨૬ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૪૭ | ૨ | ૫ | ૭-૮ | ૨૦+૪=૨૪ |
| ૩ | મિશ્રે | ૭૦ | ૫૦ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૨ | ૧ | ૫ | ૭ | ૨૪+૨૬=૫૦ |
| ૪ | અવિરતે | ૭૨ | ૪૮ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૩ | ૧ | ૫ | ૭-૮ | ૫૦-૨=૪૮ |

**पंकाइसु तित्थोणं, नराउहीणं सयं तु सत्तमिए ।**
**मणुदुगउच्चेहिँ विणा, मिच्छा बंधंति छण्णउइं ॥ ८ ॥**

**हुंडाईचउरहियं, साणा तिरियाउणा य इगनउइं ।**
**इगुणपणुवीसरहिया, सनरदुगुच्चा सयरि मीसे ॥ ९ ॥**

પંકપ્રભા આદિ ત્રણ નરકમાં તીર્થંકર નામ કર્મ વિના ઓઘે અને મિથ્યાત્વે એકસો (૧૦૦) પ્રકૃતિ બંધાય છે. સાસ્વાદને છન્નું (૯૬), મિશ્રે સિત્તેર (૭૦) અવિરતે એકોત્તેર (૭૧) પ્રકૃતિ બંધમાં જાણવી.

સાતમી નરકમાં મનુષ્યાયુષ્ય વિના ઓઘ બંધ નવ્વાણું (૯૯), મિથ્યાત્વગુણસ્થાનકે મનુષ્ય દ્વિક અને ઉચ્ચ ગોત્ર વિના છન્નું (૯૬) પ્રકૃતિ, હુંડક ચતુષ્ક અને તિર્યંચાયુષ્ય વિના સાસ્વાદનગુણસ્થાનકે એકાણું (૯૧) પ્રકૃતિ બંધમાં હોય છે. તિર્યંચાયુષ્ય વિના (ગાથા.૫માં જણાવેલ) ચોવીશ પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થવાથી અને મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર સહિત કરવાથી મિશ્રગુણસ્થાનકે અને અવિરતસમ્યગ્દષ્ટિગુણસ્થાનકે સિત્તેર (૭૦) પ્રકૃતિઓ બંધમાં હોય છે. ૮.૯.

**પંકપ્રભા આદિ નરકત્રયનું બન્ધસ્વામિત્વ-યંત્રક.**

| નં | ગુણસ્થાનકોના નામ | બન્ધ યોગ્ય પ્રકૃતિ | અબન્ધ પ્રકૃતિ | બંધવિચ્છેદ પ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય | મૂળ પ્રકૃતિ | બંધને અયોગ્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૧૦૦ | ૨૦ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૪૯ | ૨ | ૫ | ૭-૮ | ૨૦ |
| ૧ | મિથ્યાત્વે | ૧૦૦ | ૨૦ | ૪ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૪૯ | ૨ | ૫ | ૭-૮ | ૨૦ |
| ૨ | સાસ્વાદને | ૯૬ | ૨૪ | ૨૬ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૪૭ | ૨ | ૫ | ૭-૮ | ૨૦+૪=૨૪ |
| ૩ | મિશ્રે | ૭૦ | ૫૦ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૨ | ૧ | ૫ | ૭ | ૨૪+૨૬=૫૦ |
| ૪ | અવિરતે | ૭૧ | ૪૯ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૭-૮ | ૫૦-૧=૪૯ |

## સાતમી નરકપૃથ્વીના નરકોનું બન્ધસ્વામિત્વ-યંત્રક.

| નં | ગુણસ્થાનકોના નામ | બન્ધ યોગ્ય પ્રકૃતિ | અબન્ધ પ્રકૃતિ | વિચ્છેદ પ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય | મૂલ પ્રકૃતિ | અબંધ ખુલાસો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૯૯ | ૨૧ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૪૯ | ૨ | ૫ | ૭-૮ | ૨૧ |
| ૧ | મિથ્યાત્વે | ૯૬ | ૨૪ | ૫ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૪૭ | ૧ | ૫ | ૭-૮ | ૨૧+૩=૨૪ |
| ૨ | સાસ્વાદને | ૯૧ | ૨૯ | ૨૪ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૦ | ૪૫ | ૧ | ૫ | ૭ | ૨૪+૫=૨૯ |
| ૩ | મિશ્રે | ૭૦ | ૫૦ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૨ | ૧ | ૫ | ૭ | ૨૯+૨૪=૫૩<br>૫૩-૩=૫૦ |
| ૪ | અવિરતે | ૭૦ | ૫૦ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૨ | ૧ | ૫ | ૭ | ૨૯+૨૪=૫૩<br>૫૩-૩=૫૦ |

### —: તિર્યંચગતિમાં પાંચ ગુણસ્થાનક :—

**तित्थाहारदुगूणा, तिरिया बंधंति सव्वपयडीओ ।**
**पज्जत्ता तह मिच्छा, साणा उण सोलसविहीणा ॥ १० ॥**

તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિક વિના એકસો ને સત્તર પ્રકૃતિઓ તિર્યંચગતિએ ઓઘમાં બંધાય છે. તેમ જ, પર્યાપ્ત મિથ્યાદૃષ્ટિ ૧૧૭ પ્રકૃતિઓ બાંધે છે. અને સાસ્વાદનગુણસ્થાનકે (ગાથા નં.૪માં જણાવેલ) ૧૬ પ્રકૃતિ વિના એકસો ને એક (૧૦૧) પ્રકૃતિઓ બાંધે છે. ૧૦.

**नरतिगसुराउउसभं, उरलदुगं मोत्तु पण्णवीसं च ।**
**अणुहत्तरिं तु मीसा, सुराउणा सत्तरी सम्मा ॥ ११ ॥**

મનુષ્યત્રિક, દેવાયુષ્ય, વજ્રઋષભનારાચ સંઘયણ, ઔદારિકદ્વિક એમ સાત અને (ગા. ૫માં જણાવેલ) પચ્ચીશ પ્રકૃતિઓને છોડીને મિશ્ર

ગુણસ્થાનકે ઓગણસિત્તેર (૬૯) પ્રકૃતિઓ બંધાય છે. અવિરત સમ્યગદૃષ્ટિ ગુણસ્થાનકે દેવાયુષ્ય ઉમેરવાથી સિત્તેર (૭૦) પ્રકૃતિઓ બંધાય છે. ૧૧.

**बीयकसायूणा देस अपज्जत्ता सयं नवग्गं तु ।**
**मोत्तूणमोघबन्धा, निरसुरआउं विउव्विछक्कं च ॥ १२ ॥**

દેશવિરતિગુણસ્થાનકે અપ્રત્યાખ્યાનીય કષાય (બીજો કષાય) વિના છાસઠ (૬૬) પ્રકૃતિઓ બંધાય છે. હવે અપર્યાપ્ત તિર્યંચગતિમાં ઓઘબંધે નરકાયુષ્ય, દેવાયુષ્ય અને વૈક્રિયષટ્કને છોડીને એકસો ને નવ (૧૦૯) પ્રકૃતિઓ બંધાય છે. ૧૨.

**પર્યાપ્ત તિર્યંચનું બન્ધસ્વામિત્વનું યંત્રક.**

| નં | ગુણસ્થાનકો ના નામ | બંધ યોગ્ય પ્રકૃતિ | અબંધ પ્રકૃતિ | બંધવિચ્છેદ પ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય | મૂળ પ્રકૃતિ | બંધને અયોગ્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૧૧૭ | ૩ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૭-૮ | ૩ |
| ૧ | મિથ્યાત્વે | ૧૧૭ | ૩ | ૧૬ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૭-૮ | ૩ |
| ૨ | સાસ્વાદને | ૧૦૧ | ૧૯ | ૩૨ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૫૧ | ૨ | ૫ | ૭-૮ | ૩+૧૬=૧૯ |
| ૩ | મિશ્રે | ૬૯ | ૫૧ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૭ | ૧૯+૩૨=૫૧ |
| ૪ | અવિરતે | ૭૦ | ૫૦ | ૪ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૧ | ૧ | ૫ | ૭-૮ | ૫૧-૧=૫૦ |
| ૫ | દેશવિરતે | ૬૬ | ૫૪ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૫ | ૧ | ૩૧ | ૧ | ૫ | ૭-૮ | ૫૦+૪=૫૪ |

**–: મનુષ્યગતિ માર્ગણાએ ચૌદ ગુણસ્થાનકો :–**

**तिरिया व नरा पयडी, बंधंती मिच्छमाइया पंच ।**
**अजयाइ पंच तित्थं, अपमत्तनियट्टि आहारं ॥ १३ ॥**
**कम्मत्थयबंधसमो, पमत्तमाईण होइ बन्धो उ ।**
**अप्पज्जत्ता मणुया, तिरिया व सयं नवग्गं तु ॥ १४ ॥**

મનુષ્યો ઓઘે એકસોવીશ (૧૨૦) પ્રકૃતિઓ બાંધે છે. મિથ્યાત્વ આદિ પાંચગુણસ્થાનકે તિર્યંચગતિની જેમ બંધ જાણવો. વિશેષમાં અવિરત આદિ પાંચ ગુણસ્થાનકોમાં તીર્થંકર નામકર્મ બાંધે છે. અપ્રમત્ત ગુણસ્થાનકવાળા અને અપૂર્વકરણ ગુણસ્થાનકવાળા આહારકદ્વિકને બાંધે છે. પ્રમત્ત (૬ પછીના ગુણસ્થાનકોમાં) આદિ મનુષ્યોને કર્મસ્તવ પ્રમાણે બંધ જાણવો. અપર્યાપ્તા મનુષ્યો તિર્યંચની જેમ જ એકસો નવ (૧૦૯)-પ્રકૃતિઓ બાંધે છે. ૧૩.૧૪.

## મનુષ્યગતિના બન્ધસ્વામિત્વનું યંત્રક.

| નં | ગુણસ્થાનકોના નામ | બન્ધયોગ્યપ્રકૃતિ | અબંધ પ્રકૃતિ | વિચ્છેદ પ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય કર્મ | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય | બંધને યોગ્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૧૨૦ | ૦ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૭/૮ |
| ૧ | મિથ્યાત્વે | ૧૧૭ | ૩ | ૧૬ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૭/૮ |
| ૨ | સાસ્વાદને | ૧૦૧ | ૧૯ | ૩૨ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૫૧ | ૨ | ૫ | ૭/૮ |
| ૩ | મિશ્રે | ૬૯ | ૫૧ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૭ |
| ૪ | અવિરતે | ૭૧ | ૪૯ | ૪ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૭/૮ |
| ૫ | દેશવિરતે | ૬૭ | ૫૩ | ૪ | ૫ | ૬ | ૨ | ૧૫ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૭/૮ |
| ૬ | પ્રમત્તસંયતે | ૬૩ | ૫૭ | ૪/૫ | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૭/૮ |
| ૭ | અપ્રમત્તે | ૫૯/૫૮ | ૬૧/૬૨ | ૦ | ૫ | ૬ | ૨ | ૯ | ૧ | ૩૧ | ૧ | ૫ | ૭/૮ |

બાકીનો બંધ બીજા કર્મગ્રંથની જેમ સમજવો.

### —: દેવગતિ માર્ગણાએ ચાર ગુણસ્થાનક :—

**वेउव्वाहारदुगं, नारयसुरसुहुमविगलजाइतिगं ।**
**मोत्तुं चउरग्गसयं, देवा बंधंति ओहेणं ॥ १५ ॥**

વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, નરકત્રિક, દેવત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયજાતિત્રિક, એ પ્રમાણે સોળ પ્રકૃતિઓને છોડીને દેવો ઓઘે એકસોને ચાર (૧૦૪) પ્રકૃતિઓ બાંધે છે. ૧૫.

**तित्थोणं तं मिच्छा, साणा छेवट्ठहुंडनपुमिच्छं ।**
**एगिंदिथावरायवपयडी मोत्तूण छन्नउइं ॥ १६ ॥**

તીર્થંકર નામકર્મ વિના મિથ્યાત્વે એકસો એક પ્રકૃતિ દેવો બાંધે છે. સાસ્વાદન ગુણસ્થાનકે છેવટ્ઠું સંઘયણ, હુંડક સંસ્થાન, નપુંસકવેદ, મિથ્યાત્વ મોહનીય, એકેન્દ્રિય, સ્થાવર, આતપ એમ સાત પ્રકૃતિઓ છોડીને દેવો છન્નુ (૯૬) પ્રકૃતિઓ બાંધે છે. ૧૬.

**ओघुत्तं पणुवीसं, नराउजुत्तं विवज्जिउं मीसा ।**
**बंधंति सयरिमजया, तित्थनराऊहिँ बिगसयरी ॥ १७ ॥**

ઓઘમાં (ગાથા.૫માં) કહેવાયેલી પચ્ચીશ પ્રકૃતિઓ તથા મનુષ્યાયુષ્ય એમ છવ્વીશ પ્રકૃતિઓ વર્જીને સિત્તેર પ્રકૃતિઓને મિશ્ર-ગુણસ્થાનકે દેવો બાંધે છે. ૧૭.

**સામાન્યદેવગતિ, તથા પહેલા અને બીજા દેવલોકના દેવોને આશ્રયી બન્ધસ્વામિત્વ યંત્રક.**

| નં | ગુણસ્થાનકોના નામ | બન્ધ યોગ્ય પ્રકૃતિ | અબન્ધ પ્રકૃતિ | વિચ્છેદ પ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય | મૂળ પ્રકૃતિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૧૦૪ | ૧૬ | ૧ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૫૩ | ૨ | ૫ | ૭-૮ |
| ૧ | મિથ્યાત્વે | ૧૦૩ | ૧૭ | ૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૫૨ | ૨ | ૫ | ૭-૮ |
| ૨ | સાસ્વાદને | ૯૬ | ૨૪ | ૨૬ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૪૭ | ૨ | ૫ | ૭-૮ |
| ૩ | મિશ્રે | ૭૦ | ૫૦ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૨ | ૧ | ૫ | ૭ |
| ૪ | અવિરતે | ૭૨ | ૪૮ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૩ | ૧ | ૫ | ૭-૮ |

**मिच्छाइअविरयंता, देवोघं तित्थहीण बंधंति ।**
**भवणवणजोइदेवा, देवीओ चेव सव्वाओ ॥ १८ ॥**

ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષના દેવો તથા તેમની દેવીઓ તીર્થંકર નામકર્મ વિના દેવના ઓઘ પ્રમાણે, ઓઘે અને મિથ્યાત્વે ૧૦૩

પ્રકૃતિઓ, સાસ્વાદને છન્નુ (૯૬), મિશ્રે સિત્તેર (૭૦), અને અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે ઈકોત્તેર (૭૧) પ્રકૃતિઓને બાંધે છે. ૧૮.

**ભવનપતિ, વ્યન્તર અને જ્યોતિષી દેવોનું બન્ધસ્વામિત્વનું યંત્રક.**

| નં | ગુણસ્થાનકોના નામ | બંધ યોગ્ય પ્રકૃતિ | અબંધ પ્રકૃતિ | વિચ્છેદ પ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય | મૂળ પ્રકૃતિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૧૦૩ | ૧૭ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૫૨ | ૨ | ૫ | ૭-૮ |
| ૧ | મિથ્યાત્વે | ૧૦૩ | ૧૭ | ૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૫૨ | ૨ | ૫ | ૭-૮ |
| ૨ | સાસ્વાદને | ૯૬ | ૨૪ | ૨૬ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૪૭ | ૨ | ૫ | ૭-૮ |
| ૩ | મિશ્રે | ૭૦ | ૫૦ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૨ | ૧ | ૫ | ૭ |
| ૪ | અવિરતે | ૭૧ | ૪૯ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૭-૮ |

**सामन्नदेवभंगो, सोहम्मीसाण मिच्छमाईणं ।**
**सहसारंता इगिथावरायवोणं सणंकुमाराई ॥ १९ ॥**

સૌધર્મ અને ઈશાન દેવોનો મિથ્યાત્વાદિ ચાર ગુણસ્થાનકે બંધ જાણવો. સામાન્ય દેવતાના ભાંગા પ્રમાણે જ સનત્કુમારથી સહસ્રાર સુધીના દેવો એકેન્દ્રિય, સ્થાવર, આતપ વિના સામાન્યથી એકસો એક ઓઘે બાંધે. મિથ્યાત્વે એકસો (૧૦૦), સાસ્વાદને છન્નુ (૯૬), મિશ્ર ગુણસ્થાનકે સિત્તેર અને અવિરતે બહોંતેર (૭૨) પ્રકૃતિઓને બાંધે છે. ૧૯.

**रयणानारयसरिसा, सहसारंता सणंकुमाराई ।**
**इगिथावरायवतिरितिगुज्जोऊणं तु आणयाईया ॥ २० ॥**

રત્નપ્રભા નરક સમાન જ સનત્કુમારથી સહસ્રારસુધીના દેવોનો બંધ જાણવો. એકેન્દ્રિય, સ્થાવર, આતપ, તિર્યંચત્રિક અને ઉદ્યોત આ સાત પ્રકૃતિઓ ૧૦૪માંથી ઓછી કરતાં આનતથી નવમા ગ્રૈવેયક સુધીના દેવો ઓઘે સત્તાણુ (૯૭) પ્રકૃતિઓને બાંધે છે. ૨૦.

## સનત્કુમાર દેવલોકથી સહસ્રાર દેવલોકના બંધનું યંત્રક.

| નં | ગુણસ્થાનકોના નામ | બન્ધ પ્રકૃતિ | અબન્ધ પ્રકૃતિ | વિચ્છેદ પ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય | મૂળપ્રકૃતિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૧૦૧ | ૧૯ | ૧ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૫૦ | ૨ | ૫ | ૭-૮ |
| ૧ | મિથ્યાત્વે | ૧૦૦ | ૨૦ | ૪ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૪૯ | ૨ | ૫ | ૭-૮ |
| ૨ | સાસ્વાદને | ૯૬ | ૨૪ | ૨૬ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૪૭ | ૨ | ૫ | ૭-૮ |
| ૩ | મિશ્રે | ૭૦ | ૫૦ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૨ | ૧ | ૫ | ૭ |
| ૪ | અવિરતે | ૭૨ | ૪૮ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૩ | ૧ | ૫ | ૭-૮ |

**तित्थं नपुचउ तिरितियउज्जोऊण पणवीस सनराउं ।**
**मोत्तूण मिच्छमाई, नराउतित्थेहि अजया उ ॥ २१ ॥**

તીર્થંકર નામકર્મ વિના મિથ્યાત્વ ગુણસ્થાનકે છન્નું (૯૬) સાસ્વાદન ગુણસ્થાનકે નપુંસક ચતુષ્ક વિના બાણું (૯૨) તિર્યંચત્રિક અને ઉદ્યોત વિના પચ્ચીશ પ્રકૃતિમાંથી એકવીશ તથા મનુષ્યાયુષ્ય સહિત બાવીશ પ્રકૃતિઓને છોડીને સિત્તેર (૭૦) પ્રકૃતિઓ મિશ્રગુણસ્થાનકે બાંધે છે.

અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે મનુષ્યાયુષ્ય અને તીર્થંકર નામકર્મ સહિત કરતાં બહોંતેર (૭૨) પ્રકૃતિઓ બાંધે છે. ૨૧.

### —: ઈન્દ્રિય માર્ગણાને વિષે ચૌદ ગુણસ્થાનકો :—

**तित्थाहारं निरयसुराउं मोत्तुं विउव्विछक्कं च ।**
**इगविगलिंदी बंधहिं, नवुत्तरं ओघ मिच्छा य ॥ २२ ॥**

તીર્થંકરનામકર્મ, નરકાયુષ્ય, દેવાયુષ્ય, વૈક્રિયષટ્ક આ અગિયાર પ્રકૃતિઓ છોડીને ઓઘે અને મિથ્યાત્વે એકસો ને નવ (૧૦૯) પ્રકૃતિઓને એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયો બાંધે છે. ૨૨

## આનતાદિ ચાર દેવલોક અને નવ ગ્રૈવેયક દેવોને આશ્રયી બન્ધસ્વામિત્વ યંત્રક.

| નં | ગુણસ્થાનકોના નામ | બન્ધ યોગ્ય પ્રકૃતિ | અબન્ધ પ્રકૃતિ | વિચ્છેદ પ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય | મૂલ પ્રકૃતિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૯૭ | ૨૩ | ૧ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૪૭ | ૨ | ૫ | ૭-૮ |
| ૧ | મિથ્યાત્વે | ૯૬ | ૨૪ | ૪ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૪૬ | ૨ | ૫ | ૭-૮ |
| ૨ | સાસ્વાદને | ૯૨ | ૨૮ | ૨૨ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૪૪ | ૨ | ૫ | ૭-૮ |
| ૩ | મિશ્રે | ૭૦ | ૫૦ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૨ | ૧ | ૫ | ૭ |
| ૪ | અવિરતે | ૭૨ | ૪૮ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૩ | ૧ | ૫ | ૭-૮ |

## અનુત્તરવિમાનવાસી દેવોનું બન્ધસ્વામિત્વ યંત્રક.

| નં | ગુણસ્થાનકોના નામ | બન્ધ યોગ્ય પ્રકૃતિ | અબન્ધ પ્રકૃતિ | વિચ્છેદ પ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય | મૂલ પ્રકૃતિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૭૨ | ૪૮ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૩ | ૧ | ૫ | ૭-૮ |
| ૪ | અવિરતે | ૭૨ | ૪૮ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૩ | ૧ | ૫ | ૭-૮ |

**साणा बंधहिँ सोलस, निरतिगहीणा य मोत्तु छन्नउइं ।**
**ओघेणं वीसुत्तरसयं च पंचिंदिया बंधे ॥ २३ ॥**

સાસ્વાદન ગુણસ્થાનકે (ગા.૪ માં બતાવેલ) નરકત્રિક વિના સોળ પ્રકૃતિઓ (તેર) પ્રકૃતિઓ છોડીને છન્નું (૯૬) પ્રકૃતિઓ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય બાંધે છે. પંચેન્દ્રિય જીવો ઓઘથી એકસો વીશ (૧૨૦) પ્રકૃતિઓ આદિ કર્મસ્તવ પ્રમાણે જ બંધ કરે છે. ૨૩.

### "મતાન્તર"

**इगिविगलिंदी साणा, तणुपज्जत्तिं नं जंति जं तेण ।**
**नरतिरियाउअबंधा, मयंतरेणं तु चउणउइं ॥ २४ ॥**

એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયો સાસ્વાદનગુણસ્થાનકે શરીરપર્યાપ્તિને પામતા નથી. તેથી મનુષ્યાયુષ્ય અને તિર્યંચાયુષ્યનો અબંધ થવાથી ચોરાણુ (૯૪) પ્રકૃતિઓ મતાંતરે બાંધે છે. ૨૪.

### –: કાય માર્ગણાએ ગુણસ્થાનકો :–

**भूदगवणकाया एगिंदिसमा मिच्छसाणदिट्ठीओ ।**
**मणुयतिगुच्चं मोत्तुं, सुहुमतसा ओघ थूलतसा ॥ २५ ॥**

પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય માર્ગણા એકેન્દ્રિય સમાન ઓઘે અને મિથ્યાત્વે એકસો નવ (૧૦૯) અને સાસ્વાદને છન્નું (૯૬) પ્રકૃતિઓ બાંધે છે. સૂક્ષ્મત્રસ એટલે તેઉકાય અને વાયુકાયના જીવો મનુષ્યત્રિક અને ઉચ્ચગોત્રને છોડીને ઓઘે અને મિથ્યાત્વે એકસો ને પાંચ (૧૦૫) પ્રકૃતિઓ બાંધે છે. તેમજ, સ્થૂલ ત્રસ એટલે ત્રસકાય કર્મસ્તવ પ્રમાણે ઓઘ બંધે બાંધે છે.

### એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય તથા વનસ્પતિકાયના બન્ધસ્વામિત્વનું યંત્રક.

| નં | ગુણસ્થાનકોના નામ | બન્ધ પ્રકૃતિ | અબન્ધ પ્રકૃતિ | વિચ્છેદ પ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય | મૂળપ્રકૃતિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘ | ૧૦૯ | ૧૧ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૫૮ | ૨ | ૫ | ૭-૮ |
| ૧ | મિથ્યાત્વે | ૧૦૯ | ૧૧ | ૧૩/૧૫ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૫૮ | ૨ | ૫ | ૭-૮ |
| ૨ | સાસ્વાદને | ૯૬/૯૪ | ૨૪/૨૬ | | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨/૦ | ૪૭ | ૨ | ૫ | ૭-૮ |

### –: યોગ માર્ગણાને વિષે ગુણસ્થાનકો :–

**मणवइजोगचउक्के, ओघो उरले वि ओघनरभंगो ।**
**निरतिगसुराउआहारगं तु हिच्चा उ तंमीसे ॥ २६ ॥**
**सुरदुग विउव्वियदुगं, तित्थं हिच्चा सयं नवग्गं तु ।**
**बंधंति उरलमिस्से, मिच्छा उ सजोगिणो सायं ॥ २७ ॥**

ચાર મનોયોગી, ચાર વચનયોગીને ઓઘ બંધ એકસો વીશ પ્રકૃતિ (૧૨૦) કર્મસ્તવ પ્રમાણે જાણવો. ઔદારિકકાયયોગીને મનુષ્ય ગતિના ભંગની જેમ જાણવા યોગ્ય છે. ઔદારિકમિશ્રકાયયોગી નરકત્રિક, દેવાયુષ્ય, આહારકદ્વિક વિના એકસો ચૌદ (૧૧૪) પ્રકૃતિઓ ઓઘથી બાંધે છે. મિથ્યાત્વ ગુણસ્થાનકે દેવદ્વિક, વૈક્રિયદ્વિક અને તીર્થંકર નામકર્મને છોડીને એકસો નવ (૧૦૯) પ્રકૃતિઓ તે બાંધે છે. અને, સયોગી ગુણસ્થાનકે, કેવલી સમુદ્ઘાત વખતે બીજા, છઠ્ઠા અને સાતમા સમયે એક શાતાવેદનીય કર્મને બાંધે છે. ૨૬.૨૭.

**निरतिगहीणा सोलस, तिरिनरआउं पि मोत्तु साणा वि ।**
**तिरियाउविहीणं पण्णवीसमुज्झित्तु अविरए बंधे ॥ २८ ॥**
**तित्थं वेउव्विदुगं, सुरदुगसहियं उरलमिस्से ।**
**सामन्नदेवनारयबंधो नेओ विउव्विजोगे वि ॥ २९ ॥**

નરકત્રિક વિના સોળ પ્રકૃતિઓ (૧૩), તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય એમ પંદર પ્રકૃતિઓ છોડીને ચોરાણું (૯૪) પ્રકૃતિઓ સાસ્વાદન ગુણસ્થાનકે ઔદારિકમિશ્રકાયયોગી બાંધે છે. અવિરતસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે તિર્યંચાયુષ્ય વિના પચ્ચીશ (ચોવીશ)ને છોડીને અને તીર્થંકર નામકર્મ, વૈક્રિયદ્વિક દેવદ્વિક સહિત કરતાં પંચોત્તેર (૭૫) પ્રકૃતિઓ તે બાંધે છે. આ પ્રમાણે ઔદારિક મિશ્ર કાયયોગીએ ૧, ૨, ૪, ૧૩ ગુણસ્થાનક હોય છે વૈક્રિયકાયયોગે સામાન્ય દેવ અને નારકીની જેમ જ બંધ જાણવા યોગ્ય છે. ૨૮.૨૯.

**वेउव्वियमीसम्मि वि, तिरियनराऊहिँ वज्जियासेसा ।**
**तित्थोणा ता मिच्छा, बंधहिँ साणा उ चउणउइं ॥ ३० ॥**
**एगिंदिथावरायवसंठाइचउक्कवज्जिया सेसा ।**
**तिरियाऊणं पणुवीस मोत्तु अजया सतित्था उ ॥ ३१ ॥**

વૈક્રિયમિશ્રકાયયોગી માર્ગણાએ તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુરહિત એકસો ને બે (૧૦૨) પ્રકૃતિ ઓઘથી દેવો બાંધે છે. નારકો તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય રહિત નવ્વાણું પ્રકૃતિ ઓઘથી બાંધે છે. તીર્થંકરનામકર્મ વિના, મિથ્યાત્વે દેવો ૧૦૧ અને નારકો ૯૮ પ્રકૃતિઓ બાંધે છે. એકેન્દ્રિય, સ્થાવર, આતપ, નપુંસકવેદ, હુંડક સંસ્થાન, છેવટ્ઠું સંઘયણ અને મિથ્યાત્વ વિના સાસ્વાદને દેવો ૯૪ અને નારકો ૯૪ નપુંસક ચતુષ્ક વિના બાંધે છે. તિર્યંચાયુષ્ય વિના પચ્ચીશ (ચોવીશ) અને તીર્થંકર સહિત કરતાં અવિરત ગુણસ્થાનકે દેવો ૭૧ અને નારકો ૭૧ પ્રકૃતિઓ બાંધે છે. ૩૦.૩૧.

**तेवट्ठाहारदुगे, जहा पमत्तस्स कम्मणे बंधो ।**
**आउतिगं निरयतिगं, आहारय वज्जिउं ओघो ॥ ३२ ॥**
**सुरदुगतित्थविउव्वियदुगाणि मोत्तूण बंधहिँ मिच्छा ।**
**निरतिगहीणा सोलस, वज्जित्ता सासणा कम्मे ॥ ३३ ॥**
**तिरियाऊणं पणवीस मोत्तु सुरदुगविउव्विदुगजुत्तं ।**
**अजया तित्थेण समं, सजोगि सायं समुग्घाए ॥ ३४ ॥**

આહારકદ્વિક કાયયોગી પ્રમત્ત ગુણસ્થાનકે ત્રેસઠ (૬૩) પ્રકૃતિઓને બાંધે છે. કાર્મણકાયયોગી આયુષ્યત્રિક, નરકત્રિક, આહારકદ્વિક છોડીને ઓઘે એક્સો ને બાર (૧૧૨) પ્રકૃતિઓ બાંધે છે. મિથ્યાત્વગુણસ્થાનકે દેવદ્વિક, તીર્થંકર નામકર્મ, વૈક્રિયદ્વિક છોડીને એકસો સાત (૧૦૭) પ્રકૃતિઓ બાંધે છે. સાસ્વાદને નરકત્રિક વિના સોળ (તેર) પ્રકૃતિ વર્જીને ચોરાણું પ્રકૃતિઓ બાંધે છે. તિર્યંચાયુષ્ય વિના પચ્ચીશ (ચોવીશ) વર્જીને તથા

દેવદ્વિક, વૈક્રિયદ્વિક, તીર્થંકર નામકર્મ ઉમેરાવાથી અવિરત ગુણસ્થાનકે પંચોતેર (૭૫) પ્રકૃતિઓ બાંધે છે. અને, સયોગીગુણસ્થાનકે કેવલી સમુદ્ઘાત વખતે ત્રીજા, ચોથા અને પાંચમાં સમયમાં એક શાતાવેદનીય કર્મને બાંધે છે. ૩૨.૩૩.૩૪.

**—: વેદ માર્ગણા અને કષાય માર્ગણાને વિષે ગુણસ્થાનકો :—**

**वेयतिएवोघेणं, बंधो जा बायरो हवइ ताव ।**
**कोहाइसु चउसोघो, मिच्छाओ जाव अनियट्टिं ॥ ३५ ॥**

સ્ત્રી, પુરુષ અને નપુંસક એ ત્રણેય વેદમાં ઓઘથી કર્મસ્તવ પ્રમાણે અનિવૃત્તિગુણસ્થાનક (૧ થી ૯) સુધી બંધ જાણવો.

ક્રોધ, માન, માયા અને લોભ એ ચારેય કષાયમાં મિથ્યાત્વથી અનિવૃત્તિ બાદર ગુણસ્થાનક (૧ થી ૯) સુધી કર્મસ્તવ પ્રમાણે બંધ જાણવા યોગ્ય છે. ૩૫.

**—: જ્ઞાન માર્ગણાને વિષે ગુણસ્થાનકો :—**

**अण्णाणतिएवोघो, मिच्छासाणेसु नवसु नाणतिए ।**
**मणपज्जवे वि सत्तसु ओघं दुसु केवलिस्सावि ॥ ३६ ॥**

મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન માર્ગણાએ મિથ્યાત્વ, સાસ્વાદન અને મિશ્રગુણસ્થાનકોમાં (૧ થી ૩) ઓઘબંધ જાણવો.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન માર્ગણાએ અવિરતથી ક્ષીણ મોહ ગુણસ્થાનક (૪ થી ૧૨ ગુ.ઠા.) એમ નવ ગુણસ્થાનક સુધી ઓઘ બંધ જાણવો. મનઃપર્યવજ્ઞાન માર્ગણાએ પ્રમત્ત ગુણસ્થાનકથી ક્ષીણમોહ ગુણસ્થાનક (૬ થી ૧૨) એમ ૭ ગુણસ્થાનક સુધી ઓઘબંધ જાણવો.

કેવળજ્ઞાનીને સયોગી અને અયોગીગુણસ્થાનકે (૧૩-૧૪) એમ ૨ ગુણસ્થાનક સુધી ઓઘબંધ જાણવો. ૩૬.

### -: સંયમ માર્ગણા વિષે ગુણસ્થાનકો :-

**सामाइयछेएसुं, पमत्तमाईसु चउसु ओघो त्ति ।**
**परिहारस्स पमत्ते, अपमत्ते सुहुम सट्ठाणे ॥ ३७ ॥**
**उवसंताइसु अहखाय देसविरयस्स होइ सट्ठाणे ।**
**मिच्छाईसुं चउसुं, ओघो अस्संजयस्सावि ॥ ३८ ॥**

સામાયિક, છેદોપસ્થાપનીયસંયમે પ્રમત્ત આદિ ચાર (૬ થી ૯) ગુણસ્થાનકમાં ઓઘબંધ જાણવો.

પરિહારવિશુદ્ધિસંયમે પ્રમત્ત અને અપ્રમત્ત (૬ અને ૭) ગુણસ્થાનકે ઓઘબંધ જાણવો. સૂક્ષ્મસંપરાયસંયમે સૂક્ષ્મસંપરાય (૧૦મું) ગુણસ્થાનકે ઓઘબંધ જાણવો. યથાખ્યાત ચારિત્રે ઉપશાન્તમોહ આદિ ચાર (૧૧ થી ૧૪) ગુણસ્થાનકે ઓઘબંધ જાણવો. દેશવિરતિચારિત્રે દેશવિરતિ ગુણસ્થાનકે (૫મું) ઓઘબંધ જાણવો. અસંયત (અવિરતિ)ના મિથ્યાત્વાદિ ચાર ગુણસ્થાનકે (૧ થી ૪) ઓઘબંધ જાણવો.

| નામ | ગુણસ્થાનકો | |
|---|---|---|
| સામાયિક, છેદોપસ્થાપનીયે | પ્રમત્ત આદિ ચાર. | (૬ થી ૯) |
| પરિહાર વિશુદ્ધિએ | પ્રમત્ત અને અપ્રમત્ત | (૬, ૭) |
| સૂક્ષ્મ સંપરાયે | સૂક્ષ્મ સંપરાય | (૧૦ મું) |
| યથાખ્યાત ચારિત્રે | ઉપશાન્ત મોહ આદિ ચાર. | (૧૧થી૧૪) |
| દેશવિરતિ ચારિત્રે | દેશવિરતિ (૫ મું) | |
| અસંયત (અવિરતિ) ચારિત્રે | મિથ્યાત્વાદિ ચાર | (૧ થી ૪) |

### -: દર્શન માર્ગણાએ ગુણસ્થાનકો :-

**चकखुअचक्खू ओघो, मिच्छाई खीणमोह ओहिस्स ।**
**अजयाइनवसु केवलदंसण केवलिदुगे चेव ॥ ३९ ॥**

ચક્ષુર્દર્શન, અચક્ષુર્દર્શન માર્ગણામાં ૧ થી ૧૨ ગુણસ્થાનકમાં ઓઘબંધ જાણવો.

અવધિદર્શનને વિષે અવિરત આદિથી ક્ષીણમોહ (૪ થી ૧૨) ગુણસ્થાનકે ઓઘબંધ જાણવો. કેવલદર્શનીને વિષે સયોગી અને અયોગી (૧૩મું-૧૪મું) એમ બે ગુણસ્થાનકે ઓઘબંધ જાણવો. ૩૯.

**—: લેશ્યા માર્ગણાએ ગુણસ્થાનક :—**

**छच्चउसु तिण्णि तीसुं, छण्हं सुक्का अजोगि अल्लेसा ।**
**आहारूणा आइतिलेसी बंधंति सव्वपयडीओ ॥ ४० ॥**

છએ લેશ્યાઓ પ્રથમના ચાર ગુણસ્થાનકોમાં હોય છે. તેજો આદિ ત્રણ લેશ્યાઓ દેશવિરત, પ્રમત્ત અને અપ્રમત્ત ગુણસ્થાનકે હોય છે. શુક્લલેશ્યા અપૂર્વકરણ આદિ છ ગુણસ્થાનકોમાં (૮ થી ૧૩) હોય છે. અયોગી લેશ્યા રહિત હોય છે.

પહેલી ત્રણ લેશ્યાવાળા આહારક દ્વિક વિના એકસો અઢાર (૧૧૮) પ્રકૃતિઓ ઓઘે બાંધે છે. ૪૦

**मिच्छा तित्थोणा ता, साणा उण सोलसविहूणा ।**
**सुरनरआऊ पणवीस मोत्तु बंधंति मीसा उ ॥ ४१ ॥**

મિથ્યાત્વ ગુણસ્થાનકે તીર્થંકર નામકર્મ વિના એકસો સત્તર (૧૧૭) પ્રકૃતિઓને બાંધે છે. સોળ પ્રકૃતિ વિના સાસ્વાદન ગુણસ્થાનકે એકસો એક (૧૦૧) પ્રકૃતિ બાંધે છે. દેવાયુષ્ય અને મનુષ્યાયુષ્ય અને પચ્ચીશ પ્રકૃતિઓને છોડીને મિશ્રગુણસ્થાનકે ચુમ્મોત્તેર પ્રકૃતિઓ બાંધે છે. ૪૧.

**सुरनरआउयसहिया, अविरयसम्माउ होंति नायव्वा ।**
**तित्थयरेण जुया तह, तेऊलेसे परं वोच्छं ॥ ४२ ॥**

દેવાયુષ્ય, મનુષ્યાયુષ્ય અને તીર્થંકર નામકર્મ સહિત કરતાં અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે સિત્યોત્તેર (૭૭) પ્રકૃતિઓ બાંધે છે. તેમજ તેજો લેશ્યાને વિષે હવે કહીશું. ૪૨.

**विगलतिगं निरयतिगं सुहुमतिगूणं सयं तु एक्कारं ।**
**तित्थाहारूणा मिच्छ साण इगितिगनपुचउरूणा ॥ ४३ ॥**

વિકલેન્દ્રિયત્રિક, નરકત્રિક, (સૂક્ષ્મ, સાધારણ અને પર્યાપ્ત) સૂક્ષ્મત્રિક આ નવ પ્રકૃતિઓ ન્યૂન કરતાં તેજોલેશ્યાવાળા જીવો એકસો અગિયાર પ્રકૃતિઓ ઓઘથી બાંધે છે. તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિક વિના મિથ્યાત્વગુણસ્થાનકે એકસો આઠ (૧૦૮) પ્રકૃતિઓ બાંધે છે. સાસ્વાદનગુણસ્થાનકે એકેન્દ્રિય, સ્થાવર, આતપ એમ એકેન્દ્રિયત્રિક, નપુંસકવેદ, હુંડકસંસ્થાન, છેવટ્ઠુંસંઘયણ અને મિથ્યાત્વમોહનીય એ નપુંસકચતુષ્ક વિના એકસો એક પ્રકૃતિઓ બાંધે છે. ૪૩.

**मीसाई पंचगुणा, ओघं बंधंति पम्हलेसावि ।**
**विगलतिगं निरयतिगं, सुहुमतिगेगिंदिथावरायावं ॥ ४४ ॥**
**हिच्चा सयमट्ठहियं, तित्थाहारदुगहीण मिच्छाओ ।**
**संढाइचउक्कोणं, साणा मीसाइ पणगओघं तु ॥ ४५ ॥**

મિશ્રગુણસ્થાનકથી અપ્રમત્ત સુધી (૩ થી ૭ ગુ. સ્થા. વાળા.) આ પાંચ ગુણસ્થાનકે કર્મસ્તવ પ્રમાણે ઓઘબંધ બાંધે છે. પદ્મલેશ્યાવાળા વિકલેન્દ્રિયત્રિક, નરકત્રિક, સૂક્ષ્મત્રિક, એકેન્દ્રિયત્રિક એમ બાર પ્રકૃતિઓને છોડીને ઓઘથી એકસો આઠ પ્રકૃતિઓ બાંધે છે. મિથ્યાત્વે તીર્થંકરનામકર્મ અને આહારક દ્વિક વિના એકસો ને પાંચ પ્રકૃતિઓ બાંધે છે. સાસ્વાદન ગુણસ્થાનકે નપુંસકચતુષ્ક છોડીને એકસો એક પ્રકૃતિ બાંધે છે. મિશ્રાદિ પાંચ ગુણસ્થાનકે (૩ થી ૭ ગુણસ્થાનકે) ઓઘબંધ ને બાંધે છે. ૪૫.

**बंधंति सुक्कलेसा, नारयतिरिसुहुमविगलजाइतिगं ।**
**इगिथावरायवुज्जोय वज्जिय सयं तु चउरहियं ॥ ४६ ॥**

શુક્લલેશ્યાવાળા જીવો નરકત્રિક, તિર્યંચત્રિક, સૂક્ષ્મત્રિક વિકલેન્દ્રિયત્રિક, એકેન્દ્રિય, સ્થાવર, આતપ અને ઉદ્યોત આ સોળ પ્રકૃતિઓ વર્જીને એકસો ને ચાર પ્રકૃતિઓ ઓઘથી બાંધે છે. ૪૬.

**तित्थाहारदुगूणं एगहियसयं तु बंधही मिच्छा ।**
**संढाइचउक्कोणं, साणा बंधंति सगनउइं ॥ ४७ ॥**

શુક્લલેશ્યાવાળા જીવો મિથ્યાત્વ ગુણસ્થાનકે તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિક વિના એકસો એક પ્રકૃતિઓ બાંધે છે. સાસ્વાદન ગુણસ્થાનકે નપુંસકચતુષ્ક વિના સત્તાણું પ્રકૃતિઓ બાંધે છે. ૪૭.

**तिरितियउज्जोऊणं, पणुवीसं मोत्तु सुरनराउजुयं ।**
**चउहत्तरिं तु मीसा, बंधहिँ कम्माण पयडीओ ॥ ४८ ॥**

મિશ્રગુણસ્થાનકે તિર્યંચત્રિક અને ઉદ્યોત વિના પચ્ચીશ (એકવીશ), દેવાયુષ્ય, મનુષ્યાયુષ્ય સહિત એમ ત્રેવીશ પ્રકૃતિઓ વર્જીને ચુમ્મોત્તેર પ્રકૃતિઓને બાંધે છે. ૪૮.

**–: ભવ્યમાર્ગણાને વિષે ગુણસ્થાન :–**

**तित्थयरसुरनराउयसहिया अजयम्मि होइ सगसयरी ।**
**देसाइनवसु ओघो, भव्वेसु वि सो अभव्व मिच्छसमा ॥४९ ॥**

અવિરતગુણસ્થાનકે તીર્થંકરનામકર્મ અને મનુષ્યાયુષ્ય, દેવાયુષ્ય સહિત સિત્યોત્તેર (૭૭) પ્રકૃતિઓ શુક્લ લેશ્યાવાળા જીવો બાંધે છે.

દેશવિરતિ આદિ નવ (૫ થી ૧૪ ગુણસ્થાનકે) ગુણસ્થાનકે ઓઘબંધ જાણવો. ભવ્યમાર્ગણાને વિષે ઓઘબંધ (૧ થી ૧૪ ગુણસ્થાનકનો ) જાણવો. અભવ્યમાર્ગણાને વિષે મિથ્યાત્વ સમાન ઓઘથી એકસો વીશ અને મિથ્યાત્વ ગુણસ્થાનકે એકસો સત્તર પ્રકૃતિઓનો બંધ હોય છે. ૪૯.

**–: સમ્યક્ત્વ માર્ગણાને વિષે ગુણસ્થાનક :–**

**ओघो वेयगसम्मे, अजयाइचउक्क खाइगेवोघो ।**
**अजयादजोगि जाव उ, ओघो उवसामिए होइ ॥ ५० ॥**

**उवसम्मे वट्टंता, चउण्हमिक्कंपि आउयं नेय ।**
**बंधंति तेण अजया, सुरनरआऊहिँ ऊणं तु ॥ ५१ ॥**

ક્ષાયોપશમિકસમ્યક્ત્વે અવિરતાદિ ચાર (૪ થી ૭) ગુણસ્થાનકે ઓઘબંધ જાણવો. ક્ષાયિકસમ્યક્ત્વે અવિરતિથી અયોગી (૪ થી ૧૪) ગુણસ્થાનક સુધી ઓઘબંધ જાણવો. ઔપશમિક (ઉપશમ) સમ્યક્ત્વે ઓઘબંધ જાણવો. પરંતુ ઔપશમિકે વર્તતા જીવો આયુષ્યનો બંધ કરતા નથી. તેથી દેવાયુષ્ય અને મનુષ્યાયુષ્ય વિના અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે પંચોત્તેર (૭૫) પ્રકૃતિઓને બાંધે છે. ૫૦.૫૧.

**–: સંજ્ઞી માર્ગણાએ ગુણસ્થાનકો :–**

**ओघो देसजयाइसु, सुराउहीणो उ जाव उवसंतो ।**
**ओघो सण्णिसु नेओ, मिच्छाभंगो असण्णीसु ॥ ५२ ॥**

ઔપશમિકસમ્યક્ત્વે દેવાયુષ્ય વિના દેશવિરતિ ગુણસ્થાનકથી ઉપશાન્તમોહ (૫ થી ૧૧) ગુણસ્થાનક સુધી ઓઘબંધ જાણવો.

સંજ્ઞી માર્ગણાએ ઓઘબંધ જાણવો. અસંજ્ઞી માર્ગણાએ મિથ્યાત્વની જેમ ઓઘે ૧૨૦ અને મિથ્યાત્વે ૧૧૭ ઓઘબંધ જાણવા યોગ્ય છે. ૫૨.

**–: આહારી માર્ગણાએ ગુણસ્થાનકો :–**

**साणे वि असण्णिस्सा, भंगा सण्णुब्भवा, मुणेयव्वा ।**
**आहारगेसु ओघो, इयरेसु य कम्मणो भंगो ॥ ५३ ॥**

સાસ્વાદન ગુણસ્થાનકે ૧૦૧ પ્રકૃતિઓ અસંજ્ઞીને સંજ્ઞીની જેમ જ જાણવું.

આહારી જીવોને વિષે ઓઘબંધ(૧ થી ૧૪ ગુણસ્થાનકનો) જાણવા યોગ્ય છે. અણાહારી જીવો કાર્મણકાયયોગની જેમ, ઓઘથી ૧૧૨, મિથ્યાત્વ ગુણસ્થાનકે ૧૦૭, સાસ્વાદન ગુણસ્થાનકે ૯૪ અને અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે ૭૫, તથા સયોગી કેવલી ગુણસ્થાનકે (તેરમે) એક શાતા વેદનીય પ્રકૃતિને બાંધે છે. ૫૩.

**इय पुव्वसूरिकयपगरणेसु जडबुद्धिणा मए रइयं ।**
**बंधस्सामित्तमिणं, नेयं कम्मत्थयं सोउं ॥ ५४ ॥**

આ પ્રમાણે પૂર્વના સૂરીશ્વર ભગવંતો વડે કરાયેલા પ્રકરણોમાં બાલમતિવાળા (અજ્ઞાની) એવા મારા વડે રચાયેલા કર્મસ્તવને સાંભળીને આ બંધસ્વામિત્વ જાણવા યોગ્ય છે. ૫૪.

**समाप्तश्चायं बन्धस्वामित्वाख्यः प्राचीनतृतीयः कर्मग्रन्थः**
**" शिवं प्रददतु जिनेन्द्राः । "**

॥ अर्हम् ॥
रचितश्री जिनवल्लभगणिपुङ्गवप्रणीत
अपरनाम आगमिकवस्तुविचारसारप्रकरणम्

# ॥ षडशीतिनामा प्राचीनचतुर्थः कर्मग्रन्थः ॥

"મંગલાચરણ"

**निच्छिन्नमोहपासं, पसरियविमलोरुकेवलपयासं ।**
**पणयजणपूरियासं, पयओ पणमित्तु जिणपासं ॥ १ ॥**
**वोच्छामि जीवमग्गणगुणठाणुवओगजोगलेसाई ।**
**किंचि सुगुरूवएसा, सन्नाणसुझाणहेउ त्ति ॥ २ ॥**

અત્યંત નાશ પામેલા છે મોહરૂપી બંધન જેના. પ્રસરેલા નિર્મલ વિસ્તૃત કેવળજ્ઞાનરૂપી પ્રકાશવાળા, નમેલા ભવ્ય જીવોના પૂર્ણ કરેલી આશાવાળા, એવા શ્રીપાર્શ્વજિનેશ્વર ભગવંતને પ્રયત્નથી પ્રકર્ષે કરીને નમીને,

જીવસ્થાનક, માર્ગણાસ્થાનક, ગુણસ્થાનક, યોગ, ઉપયોગ, લેશ્યાદિ કાંઈક, સદ્ગુરુના ઉપદેશથી સમ્યગ્બોધ અને સુધ્યાનના હેતુએ કરીને હું કહીશ.

લેશ્યાદિમાં આદિ પદથી કર્મબંધ, ઉદય, ઉદીરણા અને સત્તાસ્થાનક, અલ્પબહુત્વ હેતુનો પરિગ્રહ વિગેરે કહીશું.

જીવસ્થાનકને વિષે ૧. ગુણસ્થાનક ૨. યોગ ૩. ઉપયોગ ૪. લેશ્યા ૫. બંધ ૬. ઉદય ૭. ઉદીરણા ૮. સત્તાસ્થાનક એ આઠ દ્વારો કહીશું.

માર્ગણા સ્થાનકને વિષે ૧. જીવસ્થાનક ૨. ગુણસ્થાનક ૩. યોગ, ૪. ઉપયોગ ૫. લેશ્યા ૬. અલ્પબહુત્વ એ છ દ્વારો કહીશું.

ગુણસ્થાનકને વિષે ૧. જીવસ્થાનક ૨. યોગ ૩. ઉપયોગ ૪. લેશ્યા ૫. બંધહેતુ ૬. બંધ ૭. ઉદય ૮. ઉદીરણા ૯. સત્તાસ્થાન ૧૦. અલ્પબહુત્વ એમ દશદ્વારો કહીશું. ૧.૨.

**इह सुहुमबायरेगिंदि बितिचउ असन्नि सन्निपंचिंदी ।**
**अपजत्ता पज्जत्ता, कमेण चउदस जियट्ठाणा ॥ ३ ॥**

અહીંયા (૧) અપર્યાપ્તા સૂક્ષ્મએકેન્દ્રિય, (૨) પર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિય, (૩) અપર્યાપ્તા બાદર એકેન્દ્રિય, (૪) પર્યાપ્તા બાદર એકેન્દ્રિય, (૫) અપર્યાપ્તા બેઈન્દ્રિય, (૬) પર્યાપ્તા બેઈન્દ્રિય, (૭) અપર્યાપ્તા તેઈન્દ્રિય, (૮) પર્યાપ્તા તેઈન્દ્રિય, (૯) અપર્યાપ્તા ચઉરિન્દ્રિય, (૧૦) પર્યાપ્તા ચઉરિન્દ્રિય, (૧૧) અપર્યાપ્તા અસંજ્ઞીપંચેન્દ્રિય, (૧૨) પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય, (૧૩) અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય, (૧૪) પર્યાપ્તા સંજ્ઞીપંચેન્દ્રિય, એમ ચૌદ જીવસ્થાનકો છે. ૩.

**सव्वभणियव्वमूलेसु तेसु गुणठाणगाइ ता भणिमो ।**
**पढमगुणा दो बायरबितिचउरअसन्नि अपजत्ते ॥ ४ ॥**
**सन्नि अपज्जत्ते मिच्छदिट्ठिसासाणअविरया तिन्नि ।**
**सव्वे सन्नि पज्जत्ते, मिच्छं सेसेसु सत्तसु वि ॥ ५ ॥**

સર્વ કહેવા યોગ્ય જીવસ્થાનકો વિષે ગુણસ્થાનક આદિ આઠ દ્વારો અમે કહીએ છીએ. તેમાં અપર્યાપ્ત એવા બાદરએકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયને વિષે મિથ્યાત્વ અને સાસ્વાદન એ બે ગુણસ્થાનક હોય છે. અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયને વિષે મિથ્યાત્વ, સાસ્વાદન

અને અવિરત એમ ત્રણ ગુણસ્થાનક હોય છે. પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયને વિષે સર્વે (ચૌદ) ગુણસ્થાક હોય છે. અપર્યાપ્ત, પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય, પર્યાપ્ત બાદર એકેન્દ્રિય, પર્યાપ્ત બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય એમ સાતને વિષે મિથ્યાત્વગુણસ્થાનક હોય છે. ૪.૫.

**जोगा छसु अप्पज्जत्तएसु कम्मइगउरलमिस्सा दो ।**
**वेउव्वियमीसजुया, सन्नि अपज्जत्तए तिन्नि ॥ ६ ॥**

છ અપર્યાપ્તાને વિષે કાર્મણ-ઔદારિક મિશ્રકાયયોગ હોય છે. તથા વૈક્રિયમિશ્ર સહિત ત્રણ યોગ અપર્યાપ્તા સંજ્ઞીને વિષે હોય છે.૬

**बिंति अपज्जत्ताण वि, तणुपज्जत्ताण केइ ओरालं ।**
**बायरपज्जत्ते तिन्नि उरल वेउव्वियदुगं च ॥ ७ ॥**

કેટલાંક આચાર્યો શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત એવા અપર્યાપ્તાઓને ઔદારિકકાયયોગ કહે છે. બાદર પર્યાપ્તાને વિષે ઔદારિકકાય યોગ અને વૈક્રિયદ્વિક એમ ત્રણ યોગ કહેવાય છે. ૭.

[વૈક્રિયદ્વિકનો બાદર પર્યાપ્તા વાયુમાં સંભવ હોય છે.]

**उरलं सुहुमे चउसु य, भासजुयं पनरसावि सन्निम्मि**
**उवओगा दससु तओ, अचक्खुदंसणमनाणदुगं ॥ ८ ॥**

સૂક્ષ્મ પર્યાપ્તા એકેન્દ્રિયને વિષે ઔદારિકકાયયોગ, અને પર્યાપ્તા એવા બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય એ ચારને વિષે અસત્ય અમૃષાભાષા સહિત ઔદારિકકાયયોગ એમ બે યોગ છે. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાને વિષે પંદર યોગ હોય છે. દશ જીવસ્થાનકને વિષે અચક્ષુર્દર્શન અને અજ્ઞાનદ્વિક એમ ત્રણ ઉપયોગ હોય છે. ૮.

[અપર્યાપ્તા છ + પ્રથમના-ચાર =૧૦]

**चक्खुजुया चउरिंदियअसन्निपज्जत्तएसु ते चउरो ।**
**मणनाणचक्खुकेवलदुगरहिया सन्निअपजत्ते ॥ ९ ॥**

પર્યાપ્તા ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય વિષે ચક્ષુર્દર્શન સહિત ચાર ઉપયોગ હોય છે. અપર્યાપ્તા સંજ્ઞીને વિષે મનઃપર્યવજ્ઞાન-ચક્ષુર્દર્શન, અને કેવલદ્વિક રહિત આઠ ઉપયોગ હોય છે. ૯.

**सव्वे सन्निसु एत्तो, लेसाओ छावि दुविहसन्निंमि ।**
**चउरो पढमा बायर-अपजत्ते तिन्नि सेसेसु ॥ १० ॥**

સંજ્ઞી પર્યાપ્તાને વિષે સર્વે ૧૨ ઉપયોગ હોય છે. પર્યાપ્તા-અપર્યાપ્તા બે પ્રકારનાં સંજ્ઞીને વિષે કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ એમ છ લેશ્યા હોય છે. બાદર અપર્યાપ્તાને વિષે પ્રથમની ચાર લેશ્યા તથા બાકીના અગીયાર જીવસ્થાનકને વિષે કૃષ્ણ લેશ્યાદિ ત્રણ લેશ્યા હોય છે. ૧૦.

**सत्तट्ठ१ अट्ठ२ सत्तट्ठ३ अट्ठ४ बंधु१ दउ२ दीरणा३ संता४ ।**
**तेरससु जीवठाणेसु सन्निपज्जत्तए ओघो ॥ ११ ॥**

તેર જીવસ્થાનકો વિષે સાત-આઠ કર્મનો બંધ, આઠકર્મનો ઉદય, સાત આઠ કર્મની ઉદીરણા, અને આઠ કર્મની સત્તા હોય છે. સંજ્ઞી પર્યાપ્તાને વિષે ઓઘબંધ જાણવો. ૧૧.

**—: માર્ગણાસ્થાનકને વિષે જીવસ્થાનાદિ દ્વારો :—**

**एत्तो गइइंदियकायजोयवेए कसायनाणेसु ।**
**संजमदंसणलेसाभवसम्मे सन्निआहारे ॥ १२ ॥**

હવે (૧) ગતિમાર્ગણા, (૨) ઇન્દ્રિયમાર્ગણા, (૩) કાયમાર્ગણા, (૪) યોગમાર્ગણા, (૫) વેદમાર્ગણા, (૬) કષાયમાર્ગણા, (૭) જ્ઞાનમાર્ગણા, (૮) સંયમમાર્ગણા, (૯) દર્શનમાર્ગણા, (૧૦) લેશ્યામાર્ગણા, (૧૧) ભવ્યમાર્ગણા, (૧૨) સમ્યક્ત્વમાર્ગણા, (૧૩) સંજ્ઞીમાર્ગણા, (૧૪) આહારીમાર્ગણા એમ મૂળ ચૌદ માર્ગણા છે. ૧૨.

## ચૌદ જીવસ્થાનકો ઉપર ગુણસ્થાનકાદિ આઠ દ્વારોનું યંત્રક.

| ક્રમ | ગુણસ્થાનક ના નામ | ગુણસ્થાનક | યોગ | ઉપયોગ | લેશ્યા | બંધ | ઉદય | ઉદીરણા | સત્તા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સૂક્ષ્મ એકે. અપર્યાપ્તા. | ૧ | ૨/૩ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૨ | સૂક્ષ્મ એકે. પર્યાપ્તા. | ૧ | ૧ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૩ | બાદર એકે. અપર્યાપ્તા. | ૧/૨ | ૨/૩ | ૩ | ૪ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૪ | બાદર એકે. પર્યાપ્તા. | ૧ | ૩ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૫ | બેઈન્દ્રિય અપર્યાપ્તા. | ૧/૨ | ૨/૩ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૬ | બેઈન્દ્રિય પર્યાપ્તા. | ૧ | ૨ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૭ | તેઈન્દ્રિય અપર્યાપ્તા. | ૧/૨ | ૨/૩ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૮ | તેઈરિન્દ્રિય પર્યાપ્તા. | ૧ | ૨ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૯ | ચઉરિન્દ્રિય અપર્યાપ્તા. | ૧/૨ | ૨/૩ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૧૦ | ચઉરિન્દ્રિય પર્યાપ્તા. | ૧ | ૨ | ૪ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૧૧ | અસં. પંચે. અપર્યાપ્તા. | ૧/૨ | ૨/૩ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૧૨ | અસં. પંચે. પર્યાપ્તા. | ૧ | ૨ | ૪ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૧૩ | સંજ્ઞી પંચે. અપર્યાપ્તા. | ૧/૨/૪ | ૩/૪/૫ | ૮ | ૬ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૧૪ | સંજ્ઞી પંચે. પર્યાપ્તા. | ૧થી૧૪ | ૧૫ | ૧૨ | ૬ | ૭,૮ ૬,૧ | ૭,૮ ૪ | ૭,૮ ૬,૫,૨ | ૭, ૮,૪ |

**सुरनरतिरिनरयगई, इगबितिचउरिंदिया य पंचिंदी ।**
**पुढवीआऊतेऊवाऊवणसइतसा काया ॥ १३ ॥**

દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નરકગતિ એમ ચાર ગતિ, એકેન્દ્રિય, બઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય એમ પાંચ ઈન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એમ છ કાય. ૧૩.

**मणवइकाया जोगा, इत्थी पुरिसो नपुंसगो वेया ।**
**कोहो माणो माया, लोभो चउरो कसाय त्ति ॥ १४ ॥**

મનોયોગ, વચનયોગ, અને કાયયોગ એમ ત્રણ યોગ. સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ એમ ત્રણ વેદ, ક્રોધ, માન, માયા, અને લોભ એમ ચાર કષાય. ૧૪.

**मइसुयओहीमणकेवलाणि मइसुयअनाणविब्भंगा ।**
**सामाइयछेयपरिहारसुहुमअहखायदेसजयअजया ॥ १५ ॥**

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એમ પાંચ જ્ઞાન તથા મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એમ ત્રણ અજ્ઞાન, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, દેશવિરતિ, અવિરત એમ સાત સંયમ. ૧૫.

**अच्चक्खुचक्खुओही, केवलदंसणमओ य छल्लेसा ।**
**किण्हा नीला काऊ, तेऊ पम्हा य सुक्का य ॥ १६ ॥**

અચક્ષુર્દર્શન, ચક્ષુર્દર્શન, અવધિદર્શન અને કેવલદર્શન, એમ ચાર દર્શન, કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ એમ છ લેશ્યા. ૧૬.

**भव्वअभव्वा खउवसमखइयउवसमियमीस सासाणं ।**
**मिच्छो य सन्नसन्नी, आहारणहार इय भेया ॥ १७ ॥**

ભવ્ય અને અભવ્ય માર્ગણા, ક્ષાયોપશમિક, ક્ષાયિક, ઔપશમિક, મિશ્ર, સાસ્વાદન અને મિથ્યાત્વ એમ છ સમ્યક્ત્વ માર્ગણા, સંજ્ઞી અને અસંજ્ઞી માર્ગણા, આહારી અને અણાહારી માર્ગણા એમ ચૌદ માર્ગણાના ઉત્તર ભેદો બાસઠ (૬૨) થાય છે. ૧૭.

**—: માર્ગણાને વિષે જીવસ્થાનકો :—**

**सुरनिरए सन्निदुगं, नरेसु तइओ असन्निअपजत्तो ।**
**तिरियगईए चउदस, एगिंदिसु, आइमा चउरो ॥ १८ ॥**

દેવગતિ અને નરકગતિને વિષે સંજ્ઞીદ્વિક, મનુષ્યગતિને વિષે અસંજ્ઞી અપર્યાપ્ત સહિત ત્રણ જીવસ્થાનો હોય છે. તિર્યંચગતિને વિષે ચૌદ જીવસ્થાનકો હોય છે. એકેન્દ્રિયને વિષે પર્યાપ્તા-અપર્યાપ્તા સૂક્ષ્મ અને બાદર એમ પ્રથમના ચાર જીવસ્થાનો હોય છે. ૧૮.

**बितिचउरिंदिसु दो दो, अंतिम चउरो पणिंदिसु भवंति ।**
**थावरपणगे पढमा, चउरो चरमा दस तसेसु ॥ १९ ॥**

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિયને વિષે બે-બે (પર્યાપ્તા-અપર્યાપ્તા) જીવસ્થાનો તથા પંચેન્દ્રિયને વિષે છેલ્લા ચાર (પર્યાપ્તા-અપર્યાપ્તા-અસંજ્ઞી-સંજ્ઞી) જીવસ્થાનો હોય છે. પાંચ સ્થાવરને વિષે પ્રથમના ચાર જીવસ્થાનો તથા ત્રસ માર્ગણાને વિષે છેલ્લા દશ જીવસ્થાનો હોય છે. ૧૯.

**विगलतिअसन्निसन्नी, पज्जत्ता पंच होंति वइजोगे ।**
**मणजोगे सन्निक्को, पुमित्थिवेए चरम चउरो ॥ २० ॥**

વચનયોગે વિકલેન્દ્રિયત્રિક, અસંજ્ઞી-સંજ્ઞી પર્યાપ્તા એમ પાંચ, જીવસ્થાનો મનોયોગે સંજ્ઞી પર્યાપ્તો એક જીવસ્થાનક તથા પુરુષવેદ-સ્ત્રીવેદે છેલ્લા ચાર જીવસ્થાનો હોય છે. ૨૦.

**काओगिनपुंसकसायमइसुयअनाणअविरयअचक्खू ।**
**आइतिलेसा भव्वियरमिच्छ आहारगे सव्वे ॥ २१ ॥**

કાયયોગ, નપુંસકવેદ, ચારકષાય, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અવિરત, અચક્ષુર્દર્શન, પ્રથમની ત્રણ લેશ્યા, ભવ્ય, અભવ્ય, મિથ્યાદષ્ટિ, આહારક માર્ગણાને વિષે સર્વ જીવસ્થાનકો હોય છે. ૨૧.

**मइसुयओहिदुगविभंगपम्हसुक्कासु तिसु य सम्मेसु ।**
**सन्निम्मि य दो ठाणा,सन्निअपज्जत्तपज्जत्ता ॥ २२ ॥**

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, અવધિદર્શન, વિભંગજ્ઞાન, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક એમ ત્રણ

સમ્યક્ત્વ, સંજ્ઞી માર્ગણાને વિષે પર્યાપ્તા-અપર્યાપ્તા સંજ્ઞી એ બે જીવસ્થાનકો હોય છે. ૨૨.

**मणपज्जवकेवलदुगसंजयदेसजयमीसादिट्ठीसु ।**
**सन्नी पज्जो चक्खुंमि तिन्नि छ व पज्जियरचरमा ॥ २३ ॥**

મન:પર્યવજ્ઞાન, કેવલજ્ઞાન, કેવલદર્શન, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, દેશવિરત, મિશ્રદષ્ટિ આ દશ માર્ગણા વિષે સંજ્ઞી પર્યાપ્તો એક જીવસ્થાનક છે. ચક્ષુર્દર્શને પર્યાપ્તા ચઉરિન્દ્રિય-અસંજ્ઞી-સંજ્ઞી એમ ત્રણ જીવસ્થાનો છે. અથવા છેલ્લા પર્યાપ્તા-અપર્યાપ્તા ચઉરિન્દ્રિય, અસંજ્ઞી, સંજ્ઞી એમ છ જીવસ્થાનો છે. ૨૩.

**सत्त उ सासाणे बायराइ छ अपज्ज सन्निपज्जो य ।**
**तेउल्लेसे बायरअपजत्तो दुविहसन्नी य ॥ २४ ॥**

સાસ્વાદનમાર્ગણાએ અપર્યાપ્તા એવા બાદર એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી તથા સંજ્ઞી પર્યાપ્તા એમ સાત જીવસ્થાનો છે, તેજોલેશ્યાને વિષે અપર્યાપ્તા બાદર એકેન્દ્રિય તથા સંજ્ઞીપર્યાપ્તા-અપર્યાપ્તા એમ ત્રણ જીવસ્થાનકો છે. ૨૪.

**अस्सन्नि आइ बारस, अणहारे अट्ठ सत्त अपजत्ता ।**
**सन्नी पज्जत्तो तह, इय गइयाइसु जियट्ठाणा ॥ २५ ॥**

અસંજ્ઞી માર્ગણાએ પહેલા બાર જીવસ્થાનો, અણાહારીએ સાત અપર્યાપ્તા અને સંજ્ઞી પર્યાપ્તા એમ આઠ જીવસ્થાનકો છે. આ પ્રમાણે ગતિ આદિ માર્ગણાને વિષે જીવસ્થાનો કહ્યાં. ૨૫.

**मिच्छे सासणमीसे, अविरयदेसे पमत्तअपमत्ते ।**
**नियट्टि अनियट्टिसुहुमुवसमखीणसजोगिअजोगिगुणा ।।२६ ॥**

મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, અવિરત, દેશવિરતિ, પ્રમત્ત, અપ્રમત્ત અપૂર્વકરણ, અનિવૃત્તિબાદરસંપરાય, સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહવીતરાગ

છદ્મસ્થ, ક્ષીણમોહવીતરાગ છદ્મસ્થ, સયોગી કેવલી, અયોગીકેવલી એમ ચૌદ ગુણસ્થાનકો છે. ૨૬.

**चत्तारि देवनरएसु पंच तिरिएसु चउदस नरेसुं ।**
**इगिविगलेसुं दो दो, पंचिंदीसुं चउद्दस वि ॥ २७ ॥**

દેવગતિ, નરકગતિને વિષે મિથ્યાત્વાદિ ચાર ગુણઠાણા, તિર્યંચગતિને વિષે મિથ્યાત્વાદિ પાંચ, મનુષ્યગતિને વિષે ચૌદ ગુણસ્થાનો હોય છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય વિષે મિથ્યાત્વ, સાસ્વાદન એમ બે ગુણસ્થાનકો, પંચેન્દ્રિય વિષે ચૌદેય ગુણઠાણા હોય છે. ૨૭.

**भूदगतरूसु दो एगमगणिवाऊसु चउदस तसेसु ।**
**जोए तेरस वेए, तिकसाए नव दस य लोभे ॥ २८ ॥**

પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાયને વિષે પહેલા બે ગુણઠાણા, અગ્નિકાય, વાયુકાયને વિષે મિથ્યાત્વ(એક), ત્રસકાયે ચૌદ ગુણઠાણા, યોગત્રિકે તેર ગુણઠાણા, વેદત્રિક, કષાયત્રિકે નવ ગુણઠાણા, લોભકષાયે દશ ગુણઠાણા હોય છે. ૨૮.

**मइसुयओहिदुगे नव, अजयाइजयाइ सत्त मणनाणे ।**
**केवलदुगंमि दो तिन्नि दो व पढमा अनाणतिगे ॥ २९ ॥**

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિદ્વિકે અવિરતાદિ નવ ગુણઠાણા, મનઃપર્યવજ્ઞાને પ્રમત્તાદિ સાત ગુણઠાણા, કેવલદ્વિકે સયોગી-અયોગી બે ગુણઠાણા, અજ્ઞાનત્રિકે મિથ્યાત્વાદિ ત્રણ ગુણઠાણા અથવા પહેલા બે ગુણઠાણા હોય છે. ૨૯.

**सामाइयछेएसुं, चउरो परिहार दो पमत्ताई ।**
**देससुहुमे सगं पढमचरमचउ अजयअहखाए ॥ ३० ॥**

સામાયિક, છેદોપસ્થાપનીયને વિષે પ્રમત્તાદિ ચાર ગુણસ્થાનકો, પરિહારવિશુદ્ધિસંયમે પ્રમત્ત-અપ્રમત્ત બે ગુણઠાણા, દેશવિરતે પાંચમું

ગુણઠાણું, સૂક્ષ્મસંપરાયે દશમું, અવિરતે મિથ્યાત્વાદિ ચાર ગુણઠાણાં, યથાખ્યાતસંયમે છેલ્લા ચાર ગુણઠાણા હોય છે. ૩૦.

**बारस अचक्खुचक्खुसु, पढमा लेसासु तिसु छ दुसु सत्त ।**
**सुक्काएँ तेरस गुणा, सव्वे भव्वे अभव्वेगं ॥ ३१ ॥**

અચક્ષુર્દર્શન, ચક્ષુર્દર્શન વિષે પ્રથમના બાર ગુણઠાણા, કૃષ્ણલેશ્યાદિ ત્રણને વિષે મિથ્યાત્વાદિ છ ગુણઠાણા, તેજો, પદ્મને વિષે મિથ્યાત્વાદિ સાત, શુક્લલેશ્યાને વિષે મિથ્યાત્વાદિ તેર ગુણઠાણા હોય છે. ભવ્યમાર્ગણાએ સર્વે ગુણસ્થાનકો, અભવ્યમાર્ગણાએ એક મિથ્યાત્વ ગુણઠાણું હોય છે. ૩૧.

**वेयगखइगउवसमे, चउरो एक्कारसट्ठ तुरियाई ।**
**सेसतिगे सट्ठाणं, सन्निसु चउदस असन्निसु दो ॥ ३२ ॥**

ક્ષાયોપશમિકે અવિરતાદિ ચાર ગુણઠાણા, ક્ષાયિકે અવિરતાદિ અગીયાર, ઔપશમિકે અવિરતાદિ આઠ ગુણઠાણા, મિશ્રસમ્યકત્વે ત્રીજું, સાસ્વાદને બીજું, મિથ્યાત્વસમ્યક્ત્વે પહેલું ગુણઠાણું હોય છે. સંજ્ઞીને વિષે ચૌદ ગુણઠાણા, અસંજ્ઞીને વિષે મિથ્યાત્વ, સાસ્વાદન બે ગુણઠાણા હોય છે. ૩૨.

**आहारगेसु पढमा, तेरसऽणाहारगेसु पंच इमे ।**
**पढमंतिमदुगअविरय, इय गइयाइसु गुणट्ठाणा ॥ ३३ ॥**

આહારી માર્ગણાને વિષે મિથ્યાત્વાદિ તેર ગુણઠાણા, અણાહારીને વિષે મિથ્યાત્વ, સાસ્વાદન, અવિરત, સયોગી અને અયોગી એમ પાંચ ગુણઠાણા હોય છે. આ પ્રમાણે ગતિ આદિ માર્ગણાને વિષે ગુણઠાણા કહ્યા. ૩૩.

**सच्चं मोसं मीसं, असच्चमोसं मणंतहवई य ।**
**उरलविउव्वाहारा, मीसा कम्मइगमिय जोगा ॥ ३४ ॥**

સત્યમનોયોગ, અસત્યમનોયોગ, મિશ્રમનોયોગ, અસત્યઅમૃષા મનોયોગ, સત્યવચનયોગ, અસત્યવચનયોગ, મિશ્ર વચનયોગ, અસત્ય અમૃષા વચનયોગ, ઔદારિક કાયયોગ, ઔદારિકમિશ્ર કાયયોગ, વૈક્રિય કાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ, આહારકકાયયોગ, આહારકમિશ્ર કાયયોગ, કાર્મણ કાયયોગ એમ યોગો પંદર (૧૫) છે. ૩૪.

**एक्कारस सुरनारयगईसु आहारउरलदुगरहिया ।**
**जोगा तिरियगईए, तेरस आहारगदुगूणा ॥ ३५ ॥**

દેવગતિ, નરકગતિને વિષે આહારકદ્વિક, ઔદારિકદ્વિક વિના અગીયાર યોગ, તિર્યંચગતિને વિષે આહારકદ્વિક વિના તેર યોગ હોય છે. ૩૫.

**नरगइपणिंदितसतणुनरअपुमकसायमइसुओहिदुगे ।**
**अच्चक्खुछलेसाभव्वसम्मदुगसन्निसु य सव्वे ॥ ३६ ॥**

મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, કાયયોગ, પુરુષવેદ, નપુંસકવેદ, કષાય, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિદ્વિક, અચક્ષુર્દર્શન, છ લેશ્યા, ભવ્ય, ક્ષાયોપશમિક, ક્ષાયિક સમ્યક્ત્વ, સંજ્ઞી એ પચ્ચીશ માર્ગણાને વિષે સર્વે (પંદર) યોગો હોય છે. [अपुम = નપુંસક] ૩૬.

**एगिंदिएसु पंच उ, कम्मइगविउव्विउरलजुअलाणि ।**
**कम्मुरलदुगं अंतिमभासा विगलेसु चउरो त्ति ॥ ३७ ॥**

એકેન્દ્રિયને વિષે એક કાર્મણ, વૈક્રિયદ્વિક, ઔદારિકદ્વિક એમ પાંચ યોગો હોય છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયને વિષે કાર્મણ, ઔદારિકદ્વિક અને અસત્યામૃષાવચનયોગ એમ ચાર યોગો હોય છે. ૩૭.

**कम्मुरलदुगं थावरकाए वाए विउव्विजुयलजुयं ।**
**पढमंतिममणवइदुगकम्मुरलदु केवलदुगंमि ॥ ३८ ॥**

સ્થાવરકાય, પૃથ્વી, અપ્, વનસ્પતિકાયને વિષે કાર્મણ તથા ઔદારિકદ્વિક એ ત્રણયોગ, વાયુકાયે વૈક્રિયદ્વિક સહિત પાંચયોગ, કેવલદ્વિકને

વિષે પહેલાં, છેલ્લા મનના, વચનના, કાર્મણ, ઔદારિકદ્વિક, એ સાત યોગો હોય છે. ૩૮.

**थीवेअन्नाणोवसमअजयसासणअभव्वमिच्छेसु ।**
**तेरस मणवइमणनाणछेयसामइयचक्खुसु य ॥ ३९ ॥**

સ્ત્રીવેદ, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન, ઔપશમિક, અવિરત, સાસ્વાદન, અભવ્ય, મિથ્યાત્વને વિષે આહારકદ્વિક વિના તેર યોગો, મનોયોગ, વચનયોગ, મનઃપર્યવજ્ઞાન, છેદોપસ્થાપનીય, સામાયિક, ચક્ષુર્દર્શનને વિષે કાર્મણ અને ઔદારિકમિશ્ર વિના તેર યોગ હોય છે. ૩૯.

**परिहारे सुहुमे नव, उरलवइमणा सकम्मुरलमिस्सा ।**
**अहखाए सविउव्वा, मीसे देसे सविउविदुगा ॥ ४० ॥**

પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાયે ઔદારિક કાયયોગ, મનના ચાર, વચનના ચાર એમ નવ યોગ, તેમાં કાર્મણ અને ઔદારિક મિશ્ર સહિત અગીયાર યોગ યથાખ્યાતસંયમે હોય છે. મિશ્ર વૈક્રિય કાયસહિત દશયોગ, દેશવિરતે વૈક્રિયદ્વિક સહિત અગીયાર યોગ હોય છે. ૪૦.

**कम्मुरलविउव्विदुगाणि चरमभासा य छ उ असन्निम्मि ।**
**जोगा अकम्मगाहारगेसु कम्मणमणाहारे ॥ ४१ ॥**

અસંજ્ઞીને વિષે કાર્મણ, ઔદારિકદ્વિક, વૈક્રિયદ્વિક અને અસત્યામૃષા વચનયોગ એમ છ યોગ હોય છે. આહારીમાર્ગણાને વિષે, કાર્મણ વિના ચૌદ યોગ હોય છે. અણાહારીમાર્ગણાએ કાર્મણ કાયયોગ હોય છે. ૪૧.

### —: માર્ગણાને વિષે ઉપયોગ :—

**नाणं पंचविहं तह, अन्नाणतिगं ति अट्ठ सागारा ।**
**चउदंसणमणगारा, बारस, जियलखणुवओगा ॥ ४२ ॥**

પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, એમ આઠ સાકારોપયોગ, ચાર દર્શન નિરાકારોપયોગ, એ બાર જીવના લક્ષણરૂપ ઉપયોગો છે. ૪૨.

**मणुयगईए बारस, मणकेवलदुरहिया नवन्नासु ।**
**थावरइगिबितिइंदिसु अचक्खुदंसणमनाणदुगं ॥ ४३ ॥**

મનુષ્યગતિને વિષે, બાર ઉપયોગો, દેવ-નારક-તિર્યંચગતિને વિષે મનઃપર્યવજ્ઞાન, કેવલદ્વિક રહિત નવ ઉપયોગો, સ્થાવર, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિયને વિષે અચક્ષુર્દર્શન, અજ્ઞાનદ્વિક એમ ત્રણ ઉપયોગ હોય છે. ૪૩.

**चक्खुजुयं चउरिंदिसु, तं चिय बारसपणिंदितसकाए ।**
**जोए वेए सुक्काएँ भवसन्नीसु आहारे ॥ ४४ ॥**

ચઉરિન્દ્રિયને વિષે ચક્ષુર્દર્શનયુક્ત ચાર ઉપયોગ, પંચેન્દ્રિય, ત્રસકાય, ત્રણયોગ, ત્રણવેદ, શુક્લલેશ્યા, ભવ્ય, સંજ્ઞી, આહારીને વિષે બાર ઉપયોગ હોય છે. ૪૪.

**केवलदुगहीणा दस, कसायपणलेसचक्खुचक्खूसु ।**
**केवलदुगे नियदुगं, खइगे नव नो अनाणतिगं ॥ ४५ ॥**

કષાય, પાંચલેશ્યા, અચક્ષુર્દર્શન અને ચક્ષુર્દર્શન એ અગીયાર માર્ગણાને વિષે કેવલદ્વિક વિના દશ ઉપયોગો હોય છે. કેવલદ્વિકમાર્ગણાએ પોતાના બે કેવલદ્વિક ઉપયોગ હોય છે. ક્ષાયિકે અજ્ઞાનત્રિક વિના નવ ઉપયોગ હોય છે. ૪૫.

**पढमचउनाणसंजमवेयगउवसमियओहिदंसेसु ।**
**नाणचउदंसणतिगं, केवलदुजुयं अहक्खाए ॥ ४६ ॥**

મત્યાદિજ્ઞાન ચાર, સામાયિકાદિ સંયમ ચાર, ક્ષાયોપશમિક, ઔપશમિક, અવધિદર્શનને વિષે ચાર જ્ઞાન, ત્રણ દર્શન એમ સાત ઉપયોગ હોય છે. યથાખ્યાતસંયમે કેવલદ્વિક સહિત નવ ઉપયોગ હોય છે. ૪૬.

**नाणतिगदंसणतिगं. देसे मीसे अनाणमीसं तं ।**
**केवलदुगमणपज्जववज्जा अस्संजयंमि नव ॥ ४७ ॥**

દેશવિરતસંયમે ત્રણજ્ઞાન અને ત્રણદર્શન એ છ ઉપયોગ હોય છે. મિશ્રે ત્રણજ્ઞાન, ત્રણદર્શન, અજ્ઞાનમિશ્ર હોય છે. અવિરતે કેવલદ્વિક અને મનઃપર્યવજ્ઞાન વિના ત્રણજ્ઞાન, ત્રણઅજ્ઞાન, ત્રણદર્શન એમ નવ યોગ હોય છે. ૪૭.

**अन्नाणतिगअभव्वे, सासणमिच्छे य पंच उवओगा ।**
**दोदंसणतिअनाणा, ते अविभंगा असन्निम्मि ॥ ४८ ॥**

અભવ્યને વિષે ત્રાણ અજ્ઞાન ઉપયોગ, સાસ્વાદન, મિથ્યાત્વે ચક્ષુર્દર્શન, અચક્ષુર્દર્શન, તથા ત્રણ અજ્ઞાન એમ પાંચ ઉપયોગ હોય, અસંજ્ઞીને વિષે બે દર્શન, વિભંગ જ્ઞાન વિના બે અજ્ઞાન એમ ચાર ઉપયોગ હોય છે. ૪૮.

**मणनाणचक्खुरहिया, दस उ अणाहारगेसु उवओगा ।**
**इय गइयाइसु नयमयनाणत्तमिणं तु जोगेसु ॥ ४९ ॥**

અણાહારી માર્ગણાએ મનઃપર્યવજ્ઞાન, ચક્ષુર્દર્શન વિના દશ ઉપયોગ હોય છે. આ પ્રમાણે ગતિ આદિ માર્ગણામાં યોગને વિષે નિશ્ચયમતથી અનેક પ્રકારો છે તે આ પ્રમાણે છે. ૪૯.

**तणुवइमणेसु कमसो, दुचउतिपंचा दुअट्ठचउचउरो ।**
**तेरसदुबारतेरस, गुणजीवुवओगजोग त्ति ॥ ५० ॥**

કાયયોગે બે ગુણસ્થાનક, ચાર જીવસ્થાનક, ત્રણ ઉપયોગ, પાંચ યોગ હોય છે. વચનયોગે બે ગુણસ્થાનક, આઠ જીવસ્થાનક, ચાર ઉપયોગ, ચાર યોગ, તથા મનોયોગે તેર ગુણસ્થાનક, બે જીવસ્થાનક, બાર ઉપયોગ, તેર યોગ હોય છે. ૫૦.

### –: માર્ગણાને વિષે લેશ્યા :–

**लेसा उ तिन्नि पढमा, नारगविगलग्गिवाउकाएसु ।**
**एगिंदिभूतरूदगअसन्निसुं पढमिया चउरो ॥ ५१ ॥**

નરકગતિ, વિકલેન્દ્રિય, અગ્નિ, વાયુકાયે કૃષ્ણાદિ ત્રણ લેશ્યા, એકેન્દ્રિય-પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય અને અસંજ્ઞીને વિષે કૃષ્ણાદિ ચાર લેશ્યા હોય છે. ૫૧.

**केवलजुयलअहक्खायसुहुमरागेसु सुक्कलेसेव ।**
**लेसासु छसु सठाणं, गइयाइसु छावि सेसेसु ॥ ५२ ॥**

કેવલદ્વિક, યથાખ્યાત, સૂક્ષ્મસંપરાયે શુક્લલેશ્યા હોય છે. ૭ લેશ્યામાર્ગણાને વિષે પોત-પોતાની લેશ્યા હોય છે. ગતિઆદિ (૪૧) માર્ગણાને વિષે ૭ લેશ્યા હોય છે. ૫૨.

### –: માર્ગણાને વિષે અલ્પબહુત્વ :–

**गइयाइसु अप्पबहुं, भणामि सामन्नओ सठाणे वि ।**
**नरनिरयदेवतिरिया, थोवा दुअसंखणंतगुणा ॥ ५३ ॥**

ગતિ આદિ માર્ગણાને વિષે સામાન્યથી સ્વસ્થાનમાં અલ્પબહુત્વ હું કહું છું. મનુષ્યો થોડા, તેથી નારકો અસંખ્યાતગુણા, તેથી દેવો અસંખ્યાતગુણા, તેથી તિર્યંચો અનન્તગુણા છે. ૫૩.

**पणचउतिदुएगिंदी, थोवा तिन्नि अहिया अणंतगुणा ।**
**तसतेउपुढविजलवाउहरियकाया पुण कमेणं ॥ ५४ ॥**
**थोवा असंखगुणिया, तिन्नि विसेसाहिया अणंतगुणा ।**
**मणवयणकायजोगी, थोवा संखगुणणंतगुणा ॥ ५५ ।**

પંચેન્દ્રિયો થોડા, તેથી ચઉરિન્દ્રિય વિશેષાધિક, તેથી તેઈન્દ્રિય વિશેષાધિક, તેથી બેઈન્દ્રિય વિશેષાધિક, તેથી એકેન્દ્રિયો અનંતગુણા છે.

ત્રસ થોડા, તેથી તેઉકાય અસંખ્યગુણા, તેથી પૃથ્વીકાય વિશેષાધિક તેથી અપ્કાય વિશેષાધિક, તેથી વાયુકાય વિશેષાધિક, તેથી વનસ્પતિકાય અનંતગુણા છે. મનોયોગી થોડા, તેથી વચનયોગી અસંખ્યગુણા, તેથી કાયયોગી અનંતગુણા છે. ૫૪.૫૫.

**पुरिसेहिंतो इत्थी, संखेज्जगुणा नपुंसणंतगुणा ।**
**माणी कोही मायी, लोभी कमसो विसेसहिया ॥ ५६ ॥**

પુરુષો થોડા, તેથી સ્ત્રીઓ સંખ્યાતગુણી, તેથી નપુંસકો અનંતગુણા છે. માની થોડા, તેથી ક્રોધવાળા વિશેષાધિક, તેથી માયાવાળા વિશેષાધિક, તેથી લોભવાળા વિશેષાધિક જાણવા. ૫૬.

**मणपज्जविणो थोवा, ओहिण्णाणी तओ असंखगुणा ।**
**मइसुयनाणी तत्तो, विसेसअहिया समा दो वि ॥ ५७ ॥**

મનઃપર્યવજ્ઞાની થોડા, તેથી અવધિજ્ઞાની અસંખ્યગુણા, તેથી મતિજ્ઞાની તથા શ્રુતજ્ઞાની વિશેષાધિક પણ બન્ને પરસ્પર સમાન છે. ૫૭.

**विब्भंगिणो असंखा, केवलनाणी तओ अणंतगुणा ।**
**तत्तोणंतगुणा दो, मइसुयअन्नाणिणो तुल्ला ॥ ५८ ॥**

તેથી વિભંગજ્ઞાનીઅસંખ્યગુણા,તેથીકેવલજ્ઞાનીઅનંતગુણાહોયછે. તેથીમતિઅજ્ઞાની,શ્રુતઅજ્ઞાનીઅનંતગુણાછેપણપરસ્પરસમાનછે.૫૮.

**सुहुमपरिहारअहखायछेयसामइयदेसजइअजया ।**
**थोवा संखेज्जगुणा, चउरो अस्संखणंतगुणा ॥ ५९ ॥**

સૂક્ષ્મસંપરાયવાળા થોડા, તેથી પરિહારવિશુદ્ધિવાળા સંખ્યાતગુણા, તેથી યથાખ્યાતસંયમી સંખ્યાતગુણા, તેથી છેદોપસ્થાપનીયવાળા સંખ્યાતગુણા, તેથી સામાયિકવાળા સંખ્યાતગુણા, તેથી દેશવિરતિવાળા અસંખ્યાતગુણા, તેથી અવિરતિવાળા અનંતગુણા છે. ૫૯.

**इय ओहिचक्खुकेवलअचक्खुदंसी कमेण विन्नेया ।**
**थोवा अस्संखगुणा, अणंतगुणिया अणंतगुणा ॥ ६० ॥**

એ પ્રમાણે અવધિદર્શની થોડા, તેથી ચક્ષુર્દર્શની અસંખ્યાતગુણા, તેથી કેવલદર્શની અનંતગુણા, તેથી અચક્ષુર્દર્શની અનંતગુણા હોય છે. ૬૦.

**सुक्का पम्हा तेऊ, काऊ नीला य किण्हलेसा य ।**
**थोवा दोसंखगुणाणंतगुणा दो विसेसहिया ॥ ६१ ॥**

શુક્લલેશ્યાવાળા થોડા, તેથી પદ્મલેશ્યાવાળા સંખ્યાતગુણા, તેથી તેજોલેશ્યાવાળા સંખ્યાતગુણા, તેથી કાપોતલેશ્યાવાળા અનંતગુણા, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક, તેથી કૃષ્ણલેશ્યાવાળા જીવો વિશેષાધિક હોય છે. ૬૧.

**थोवा जहन्नजुत्ताणंतयतुल्ल त्ति इह अभव्वजिया ।**
**तेहिंतोणंतगुणा, भव्वा णिव्वाणगमणरिहा ॥ ६२ ॥**

જઘન્યયુક્ત અનંતા તુલ્ય અભવ્યજીવો થોડા છે. તેથી નિર્વાણ ગમનને યોગ્ય એવા ભવ્યજીવો અનંતગુણા છે. ૬૨.

[સંખ્યાતાદિ સ્વરૂપ ટીકામાંથી જાણવા યોગ્ય છે.]

**सासाणउवसमियमिस्सवेयगक्खइगमिच्छदिट्ठीओ ।**
**थोवा दो संखगुणा, असंखगुणिया अणंता दो ॥ ६३ ॥**

સાસ્વાદની થોડા, તેથી ઔપશમિકવાળા સંખ્યાતગુણા, તેથી મિશ્રવાળા સંખ્યાતગુણા, તેથી ક્ષાયોપશમિકવાળા અસંખ્યાતગુણા, તેથી ક્ષાયિકવાળા અનંતગુણા, તેથી મિથ્યાદૃષ્ટિ અનંતગુણા હોય છે. ૬૩.

**सन्नी थोवा तत्तो, अणंतगुणिया असन्निणो होंति ।**
**थोवाणाहारजिया, तदसंखगुणा सआहारा ॥ ६४ ॥**

સંજ્ઞી થોડા, અસંજ્ઞી તેથી અનંતગુણા છે, અણાહારી જીવો થોડા, તેથી આહારી જીવો અસંખ્ય ગુણા હોય છે. ૬૪.

"ગુણસ્થાનકને વિષે જીવસ્થાનકો"

**मिच्छे सव्वे छ अपज्ज सन्निपज्जत्तगो य सासाणे ।**
**सम्मे दुविहो सन्नी, सेसेसुं सन्निपज्जत्तो ॥ ६५ ॥**

મિથ્યાદષ્ટિને વિષે સર્વ જીવસ્થાનો હોય છે. સૂક્ષ્મ વિના છ અપર્યાપ્તા અને સંજ્ઞી પર્યાપ્તા એમ સાત જીવસ્થાનો સાસ્વાદને હોય છે, અવિરતે અપર્યાપ્તા-પર્યાપ્તા સંજ્ઞી એમ બે જીવ ભેદો હોય છે. મિશ્ર, દેશવિરતિ આદિ અગીયાર ગુણઠાણે સંજ્ઞી પર્યાપ્તો એક જીવભેદ હોય છે. ૬૫.

**इय जियठाणा गुणठाणगेसु जोगाइ वोच्छमेत्ताहे ।**
**जोगाहारदुगूणा, मिच्छे सासणअविरए य ॥ ६६ ॥**

ગુણસ્થાનકે જીવસ્થાનો કહ્યાં, હવે યોગાદિ કહીશું, મિથ્યાત્વ અને સાસ્વાદને તથા અવિરતે આહારકદ્વિક વિના તેર યોગ હોય છે. ૬૬.

**उरलविउव्व वइमणा, दस मीसे ते विउव्विमीसजुया ।**
**देसजए एक्कारस, साहारदुगा पमत्ते ते ॥ ६७ ॥**

મિશ્રગુણઠાણે ઔદારિક, વૈક્રિય, ચાર મનના, ચાર વચનના એમ દશ યોગો હોય છે વૈક્રિયમિશ્ર સહિત અગીયાર યોગ દેશવિરતે હોય છે. પ્રમત્તે આહારકદ્વિક સહિત તેર યોગ હોય છે. ૬૭.

**एक्कारस अपमत्ते, मणवइआहारउरलवेउव्वा ।**
**अप्पुव्वाइसु पंचसु, नव ओरालो मणवई य ॥ ६८ ॥**

અપ્રમત્તે મન-વચનના આઠયોગો આહારક, ઔદારિક, વૈક્રિય એમ અગિયાર યોગો, અપૂર્વકરણ આદિ પાંચ ગુણઠાણે મન-વચનના આઠ, ઔદારિક એમ નવ યોગો હોય છે. ૬૮.

**चरमाइममणवइदुगकम्मुरलदुगं ति जोगिणो सत्त ।**
**गयजोगो य अजोगी, वोच्छमओ बारसुवओगे ॥ ६९ ॥**

સયોગીકેવલીને પહેલા-છેલ્લા મનના, વચનના, કાર્મણ, ઔદારિકદ્વિક એમ સાત યોગો હોય છે. અયોગી ગયેલા યોગવાળા હોય છે. હવે બાર ઉપયોગ કહીશું. ૬૯.

**अच्चक्खु चक्खुदंसणमन्नाणतिगं च मिच्छसासाणे ।**
**अविरयसम्मे देसे, तिनाणदंसणतिगं ति छ उ ॥ ७० ॥**

મિથ્યાત્વ અને સાસ્વાદને અચક્ષુર્દર્શન, ચક્ષુર્દર્શન, અજ્ઞાનત્રિક એમ પાંચ ઉપયોગો હોય છે. અવિરત અને દેશવિરતે ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન એમ છ ઉપયોગો હોય છે. ૭૦.

**मीसे ते च्चिय मीसा, सत्त पमत्ताइसुं समणनाणा ।**
**केवलियनाणदंसणउवओगा जोगजोगीसुं ॥ ७१ ॥**

મિશ્રગુણઠાણે પહેલા કહેલા છ ઉપયોગો અજ્ઞાનમિશ્રિત જાણવા, પ્રમત્ત આદિ સાત ગુણઠાણે મનઃપર્યવજ્ઞાન સહિત સાત ઉપયોગો હોય છે. સયોગી, અયોગી ગુણઠાણે કેવલજ્ઞાન, કેવલદર્શન બે ઉપયોગો હોય છે. ૭૧.

**सासणभावे नाणं, विउव्विगाहारगे उरलमिस्सं ।**
**नेगिंदिसु सासाणो, नेहाहिगयं सुयमयं पि ॥ ७२ ॥**

(૧) સાસ્વાદને જ્ઞાન, સિદ્ધાન્તમાં કહેલું છે. તથા
(૨) વૈક્રિય, આહારક બે વિષે ઔદારિકમિશ્ર તથા
(૩) એકેન્દ્રિયોને વિષે સાસ્વાદન ગુણઠાણું હોતું નથી.
આ પ્રમાણે શ્રુતમાં અધિકૃત કરેલ નથી. ૭૨.

### —: ગુણસ્થાનકને વિષે લેશ્યા :—

**लेसा तिन्नि पमत्तं, तेऊपम्हा उ अप्पमत्तंता ।**
**सुक्का जाव सजोगी, निरुद्धलेसो अजोगि त्ति ॥ ७३ ॥**

પ્રથમની ત્રણ લેશ્યા પ્રમત્ત સુધી છ ગુણઠાણામાં હોય છે. તથા તેજો અને પદ્મલેશ્યા અપ્રમત્ત સુધી સાત ગુણઠાણામાં હોય છે અને શુક્લલેશ્યા મિથ્યાત્વથી સયોગી ગુણઠાણા સુધી હોય છે. અયોગી ગુણઠાણાવાળા લેશ્યારહિત હોય છે. ૭૩.

"બંધહેતુ તથા ઉત્તરભેદો"

**बंधस्स मिच्छअविरइकसायजोग त्ति हेयवो चउरो ।**
**पंच दुवालस पणुवीस पनरस कमेण भेया सिं ॥ ७४ ॥**

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ પ્રમાણે બંધના ચાર હેતુઓ છે. અનુક્રમે પાંચ(૫), બાર(૧૨), પચ્ચીશ (૨૫) અને પંદર(૧૫) એમ મળીને સત્તાવન(૫૭) ભેદો હોય છે. ૭૪.

**आभिग्गहियं अणभिग्गहं च तह अभिनिवेसियं चेव ।**
**संसइयमणाभोगं, मिच्छत्तं पंचहा एवं ॥ ७५ ॥**
**बारसविहा अविरई, मणइंदियअनियमो छकायवहो ।**
**सोलस नव य कसाया, पणुवीसं पन्नरस जोगा ॥ ७६ ॥**

(૧) આભિગ્રહિક, (૨) અનભિગ્રહિક, (૩) આભિનિવેશિક, (૪) સાંશયિક અને (૫) અનાભોગ એમ પાંચ પ્રકારે મિથ્યાત્વ હોય છે.

મન અને પાંચ ઈન્દ્રિયનો અસંયમ, તથા છ કાયનો વધ, એમ બાર પ્રકારે અવિરતિ છે. તથા સોળ કષાયો અને નવ નોકસાયો એ પચ્ચીશ કષાયો અને પંદર યોગો હોય છે. ૭૫.૭૬.

**पणपन्नपन्नतियछहिय, चत्तउणचत्त छचउदुगवीसा ।**
**सोलसदसनवनवसत्त हेउणो न उ अजोगिम्मि ॥ ७७ ॥**

મિથ્યાત્વાદિ ગુણઠાણામાં અનુક્રમે પંચાવન, પચ્ચાશ, તેંતાલીશ, છેતાલીશ, ઓગણચાલીશ, છવ્વીશ, ચોવીશ, બાવીશ, સોળ, દશ, નવ, અને સાત હેતુઓ હોય છે. અયોગીએ હેતુઓ હોતા નથી. ૭૭.

**तो नाणदंसणावरणवेयणीयाणि मोहणिज्जं च ।**
**आउयनामं गोयंतरायमिइ अट्ठ कम्माणि ॥ ७८ ॥**

મિથ્યાત્વઆદિ હેતુઓથી જ્ઞાનાવરણીયકર્મ, દર્શનાવરણીયકર્મ, વેદનીયકર્મ, મોહનીયકર્મ, આયુષ્યકર્મ, નામકર્મ, ગોત્રકર્મ અને અંતરાયકર્મ આ આઠ કર્મો બંધાય છે. ૭૮.

**–: બંધસ્થાનકો :–**

**सत्तट्ठछेगबंधा, संतुदया अट्ठ सत्त चत्तारि ।**
**सत्तट्ठछ पंचदुगं, उदीरणाठाणसंखेयं ॥ ७९ ॥**

સાત, આઠ, છ અને એક એમ ચાર બંધસ્થાનકો, આઠ, સાત અને ચાર એ ત્રણ સત્તાસ્થાનકો અને ઉદયસ્થાનકો, તથા સાત, આઠ, છ, પાંચ અને બે એમ પાંચ ઉદીરણાસ્થાનકો છે. ૭૯.

**अपमत्तंता सत्तट्ठ मीसअप्पुव्वबायरा सत्त ।**
**बंधंति छ सुहुमो एगमुवरिमा बंधगोऽजोगी ॥ ८० ॥**

મિથ્યાત્વથી અપ્રમત્ત ગુણઠાણા સુધી સાત અથવા આઠકર્મ બાંધે છે. મિશ્ર, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ ત્રણ ગુણઠાણે સાત જ કર્મ બાંધે છે. સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે મોહનીય અને આયુષ્ય વિના છ કર્મ બાંધે છે. ઉપશાંતમોહથી સયોગી એ ત્રણ ગુણઠાણે એકજ કર્મ બાંધે છે. અયોગીગુણઠાણે અબંધક હોય છે. ૮૦.

**जा सुहुमो ता अट्ठ वि, उदए संते य होंति पयडीओ ।**
**सत्तट्ठुवसंते खीणि सत्त चत्तारि सेसेसु ॥ ८१ ॥**

મિથ્યાત્વથી સૂક્ષ્મસંપરાયગુણઠાણે આઠકર્મ ઉદય અને સત્તામાં હોય છે. ઉપશાંતમોહ ગુ.ઠા.માં ઉદયમાં સાત તથા સત્તામાં આઠ કર્મ હોય છે. ક્ષીણમોહગુણઠાણે મોહનીય વિના સાતઉદય અને સત્તામાં

હોય છે. બાકીના સયોગી, અયોગી ગુ.ઠા.માં ઉદય અને સત્તામાં ચાર કર્મ હોય છે. ૮૧.

**सत्तट्ठ पमत्तंता, कम्मे उइरिंति अट्ठ मीसो उ ।**
**वेयणियाउ विणा छ उ, अपमत्तअपुव्वअनियट्टी ॥ ८२ ॥**

મિથ્યાત્વ ગુ.ઠા.થી પ્રમત્ત સુધી સાત અથવા આઠ કર્મની ઉદીરણા હોય છે. મિશ્રગુણઠાણે આઠકર્મની ઉદીરણા હોય છે. અપ્રમત્તથી અનિવૃત્તિ ગુ.ઠા.સુધી વેદનીય અને આયુવિના છ કર્મની ઉદીરણા હોય છે. ૮૨.

**सुहुमो छ पंच उइरेइ पंच उवसंतु पंच दो खीणो ।**
**जोगी उ नामगोए, अजोगिअणुदीरगो भयवं ॥ ८३ ॥**

સૂક્ષ્મસંપરાયગુણઠાણાવાળા છ અથવા પાંચકર્મની ઉદીરણા કરે છે ઉપશાંતમોહવાળા પાંચકર્મની ઉદીરણા કરે છે ક્ષીણમોહવાળા પાંચ અથવા બે કર્મની ઉદીરણા કરે છે. સયોગીગુણઠાણાવાળા નામ અને ગોત્રકર્મની ઉદીરણા કરે છે. અયોગીગુણઠાણાવાળા ભગવાન અનુદીરક હોય છે. ૮૩.

### "ગુણઠાણામાં અલ્પબહુત્વ"

**उवसंतजिणा थोवा, संखेज्जगुणा उ खीणमोहजिणा ।**
**सुहुमनियट्टिनियट्टी, तिन्नि वि तुल्ला विसेसहिया ॥ ८४ ॥**
**जोगिअपमत्तइयरे, संखगुणा देससासणा मिस्सा ।**
**अविरयअजोगिमिच्छा, असंखचउरो दुवेऽणंता ॥ ८५ ॥**

ઉપશાંતમોહગુણસ્થાકવાળા સૌથી થોડા, તેથી ક્ષીણમોહ ગુ.ઠા.વાળા સંખ્યાતગુણા, તેથી સૂક્ષ્મસંપરાયવાળા, અનિવૃત્તિકરણ અને અપૂર્વકરણવાળા તેથી વિશેષાધિક તથા પરસ્પર સરખા હોય છે. તેથી સયોગીવાળા સંખ્યાતગુણા, તેથી અપ્રમત્તવાળા સંખ્યાતગુણા, તેથી પ્રમત્તવાળા સંખ્યાતગુણા, તેથી દેશવિરતવાળા અસંખ્યાતા, તેથી સાસ્વાદનવાળા

અસંખ્યાતગુણા, તેથી મિશ્ર ગુ.ઠા.વાળા. અસંખ્યાતગુણા, તેથી અવિરત સમ્યગ્દષ્ટિવાળા અસંખ્યગુણા, તેથી અયોગી ગુ.ઠા.વાળા અનન્તગુણા, તેથી મિથ્યાત્વગુણઠાણાવાળા અનન્તગુણા હોય છે. ૮૪.૮૫.

**जिणवल्लहोवणीयं, जिणवयणामयसमुद्दबिंदुमिमं ।**
**हियकंखिणो बुहजणा निसुणंतु गुणंतु जाणंतु ॥ ८६ ॥**

શ્રીજિનેશ્વરોના આગમરૂપી અમૃતના સમુદ્રના બિંદુની જેમ શ્રી જિનવલ્લભ ગણિવર્ય વડે રચાયેલાં આ પ્રકરણને હિતની ઈચ્છાવાળા પંડિતપુરુષો સાંભળે, પરાવર્તના કરે અને જાણે. ૮૬.

**" तिमिरतमो मे नाशयन्तु जगद्बन्धवाः । "**

**॥ इति षडशीतिनामा प्राचीनचतुर्थः कर्मग्रन्थः समाप्तः ॥**

## પૂ. આ. શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ. વિરચિત
# કર્મવિપાક પ્રથમ કર્મગ્રંથ
## (નવ્યકર્મગ્રંથ)

**सिरि-वीर-जिणं वंदिअ, कम्मविवागं समासओ वुच्छं ।**
**कीरइ जीएण हेऊहिं, जेणं तो भन्नए "कम्मं" ॥ १ ॥**

ગાથાર્થ- શ્રી વીર જિનેશ્વર પ્રભુને નમસ્કાર કરીને સંક્ષેપથી **"કર્મવિપાક"** નામના પ્રથમ કર્મગ્રંથને હું કહીશ. જીવ વડે (મિથ્યાત્વાદિ) હેતુઓ દ્વારા જે કારણથી કરાય છે તે કારણથી તેને **કર્મ** કહેવાય છે. ૧.

**पयइ-ठिइ-रस-पएसा, तं चउहा मोअगस्स दिट्ठंता ।**
**मूल-पगइट्ठ-उत्तर-पगइ-अडवन्नसयभेयं ॥ २ ॥**

**ગાથાર્થ**-તે કર્મ પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશના ભેદથી લાડવાના દષ્ટાન્તે ચાર પ્રકારનું છે. તેના મૂળભેદો આઠ અને ઉત્તરભેદો એકસો અઠ્ઠાવન છે. ૨

**इह नाण-दंसणावरण-वेय-मोहाउ-नाम-गोआणि ।**
**विग्घंच पण-नव-दु-अट्ठवीस-चउ-तिसय-दु-पणविहं ॥३॥**

**ગાથાર્થ-** અહીં તે કર્મ જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-વેદનીય-મોહનીય-આયુષ્ય-નામકર્મ-ગોત્રકર્મ અને અંતરાય એમ આઠ ભેદોવાળું છે. તેના અનુક્રમે ૫-૯-૨-૨૮-૪-૧૦૩-૨ અને ૫ પેટા ભેદો છે. ૩

**मइ-सुअ-ओही-मण-केवलाणि, नाणाणि तत्थ मइनाणं ।**
**वंजणवग्गह-चउहा, मण-नयण-विणिंदियचउक्का ॥ ४ ॥**

**ગાથાર્થ-** મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન-મનઃપર્યવજ્ઞાન-અને કેવળજ્ઞાન એમ કુલ પાંચ જ્ઞાનો છે. ત્યાં પ્રથમ મતિજ્ઞાન સમજાવાય છે. મન અને ચક્ષુ વિના શેષ ઈન્દ્રિય ચતુષ્કના ભેદથી વ્યંજનાવગ્રહ ચાર ભેદવાળો છે. ૪.

**अत्थुग्गह-ईहा-वाय-धारणा करणमाणसेहिं छहा ।**
**इय अट्ठवीसभेअं, चउदसहा वीसहा व सुयं ॥ ५ ॥**

**ગાથાર્થ-**પાંચ ઈન્દ્રિયો અને મન એમ કુલ ૬ ઈન્દ્રિયો વડે થતા અર્થાવગ્રહ-ઈહા-અપાય અને ધારણા છ-છ પ્રકારે છે. આ પ્રમાણે મતિજ્ઞાન કુલ અઠ્ઠાવીશ ભેદોવાળું છે અને શ્રુતજ્ઞાન ચૌદ ભેદોવાળું અથવા વીશ ભેદોવાળું છે. ૫.

**अक्खर-सन्नि-सम्मं, साइअं खलु सपज्जवसिअं च ।**
**गमिअं अंगपविट्ठं, सत्तवि एए सपडिवक्खा ॥ ६ ॥**

**ગાથાર્થ-** અક્ષરશ્રુત, સંજ્ઞીશ્રુત, સમ્યક્શ્રુત, સાદિશ્રુત, સપર્યવસિતશ્રુત, ગમિકશ્રુત અને અંગપ્રવિષ્ટ શ્રુત એમ આ સાત ભેદો તેના પ્રતિપક્ષભેદો સહિત કુલ ૧૪ ભેદો શ્રુતજ્ઞાનના જાણવા. ૬.

**पज्जय-अक्खर-पय-संघाया, पडिवत्ति तह य अणुओगो ।**
**पाहुडपाहुड-पाहुड, -वत्थु पूव्वा य ससमासा ॥७॥**

**ગાથાર્થ-** પર્યાયશ્રુત, અક્ષરશ્રુત, પદશ્રુત, સંઘાતશ્રુત, પ્રતિપત્તિશ્રુત તથા અનુયોગશ્રુત, પ્રાભૃતપ્રાભૃતશ્રુત, પ્રાભૃતશ્રુત, વસ્તુશ્રુત, અને પૂર્વશ્રુત એમ દશભેદો છે તે સમાસ સહિત કરતાં વીશ ભેદો થાય છે. ૭.

**अणुगामि - वड्ढमाणय - पडिवाईयरविहा छहा ओही ।**
**रिउमइ - विउलमई, मणनाणं केवलमिगविहाणं ॥ ८ ॥**

**ગાથાર્થ-** અનુગામી, વર્ધમાન અને પ્રતિપાતી એમ ત્રણ ભેદ તથા તેના પ્રતિપક્ષી ત્રણ ભેદ મળી અવધિજ્ઞાન કુલ ૬ ભેદવાળું છે. ૠજુમતિ અને વિપુલમતિ એમ બે પ્રકારે મનઃ પર્યવજ્ઞાન છે. અને (અન્તિમ) કેવળજ્ઞાન એક જ પ્રકારનું છે. ૮.

**एसिं जं आवरणं, पडु व्व चक्खुस्स तं तयावरणं ।**
**दंसण चउ पण निद्दा, वित्तिसमं दंसणावरणं ॥ ९ ॥**

**ગાથાર્થ-** આ પાંચે જ્ઞાનોનું આચ્છાદન કરનારું જે કર્મ, તે ચક્ષુની આડા પાટાની જેમ તે તે આવરણીય કર્મ કહેવાય છે. દર્શનાવરણચતુષ્ક અને નિદ્રાપંચક એમ દર્શનાવરણીય કર્મ ૯ પ્રકારનું છે અને તે દ્વારપાલ સમાન છે. ૯.

**चक्खु-दिट्ठि-अचक्खु-सेसिंदिय-ओहि-केवलेहिं च ।**
**दंसणमिह सामन्नं, तस्सावरणं तयं चउहा ॥ १० ॥**

**ગાથાર્થ-** ચક્ષુર્દર્શન એટલે દૃષ્ટિ અર્થાત્ નયન, તેના વડે જોવું તે, અચક્ષુ એટલે શેષ ઈન્દ્રિયો, તેના વડે જાણવું તે, તથા અવધિ અને કેવલદર્શન એમ દર્શન ચાર પ્રકારે છે. દર્શન એટલે અહીં સામાન્ય બોધ એવો અર્થ કરવો, તેનું આવરણ પણ ચાર પ્રકારે છે. ૧૦.

**सुहपडिबोहा निद्दा, निद्दानिद्दा य दुक्खपडिबोहा ।**
**पयला ठिओवविट्ठस्स, पयलपयला उ चंकमओ ॥ ११ ॥**

**ગાથાર્થ-** સુખે જાગૃતિ થાય જેમાં તે નિદ્રા, મુશ્કેલીથી જાગૃતિ થાય જેમાં તે નિદ્રાનિદ્રા, ઉભા રહેલાને, કે બેઠેલાને જે નિદ્રા આવે તે પ્રચલા, અને ચાલતાને જે નિદ્રા આવે તે પ્રચલાપ્રચલા. ૧૧.

**दिणचिंतिअत्थकरणी, थीणद्धी अद्धचक्कीअद्धबला ।**
**महु-लित्त-खग्ग-धारा-, लिहणं व दुहा उ वेअणीअं ॥ १२ ॥**

**ગાથાર્થ-** દિવસે ચિંતવેલા કાર્યને કરવાવાળી થીણદ્ધિ નિદ્રા છે અને તે અર્ધચક્રી (વાસુદેવ) કરતાં અર્ધ બળવાળી હોય છે. મધથી લેપાયેલી તલવારની ધારને ચાટવા સરખું બે પ્રકારે વેદનીય કર્મ છે. ૧૨.

**ओसन्नं सुरमणुए, सायमसायं तु तिरियनिरएसु ।**
**मज्जं व मोहणीयं, दुविहं दंसणचरणमोहा ॥ १३ ॥**

**ગાથાર્થ**- દેવ-મનુષ્યગતિને વિષે પ્રાયઃ સાતાનો અને તિર્યંચ તથા નરકને વિષે પ્રાયઃ અસાતાનો ઉદય છે. મોહનીય કર્મ મદિરા જેવું છે અને દર્શનમોહનીય તથા ચારિત્રમોહનીયના ભેદથી બે પ્રકારે છે. ૧૩.

**दंसणमोहं तिविहं, सम्मं मीसं तहेव मिच्छत्तं ।**
**सुद्धं अद्धविसुद्धं, अविसुद्धं तं हवइ कमसो ॥ १४ ॥**

**ગાથાર્થ**- દર્શનમોહનીય કર્મ ત્રણ પ્રકારે છે. (૧) સમ્યક્ત્વમોહનીય, (૨) મિશ્ર મોહનીય, (૩) મિથ્યાત્વમોહનીય. તે ત્રણે કર્મ અનુક્રમે શુદ્ધ, અર્ધશુદ્ધ અને અશુદ્ધપૂંજ સ્વરૂપ છે. ૧૪.

**जीय-अजीय-पुण्ण-पावाऽऽसव-संवर-बंध-मुक्ख-निज्जरणा ।**
**जेणं सद्दहइ तयं, सम्मं खइगाइ-बहु-भेअं ॥ १५ ॥**

**ગાથાર્થ**- જીવ-અજીવ-પુણ્ય-પાપ-આશ્રવ-સંવર-બંધ-મોક્ષ અને નિર્જરા આ નવ તત્ત્વોની જેના વડે શ્રદ્ધા કરાય છે તે તત્ત્વોની રુચિસ્વરૂપ આત્મપરિણામને સમ્યક્ત્વ કહેવાય છે અને તે સમ્યક્ત્વ ક્ષાયિકાદિ બહુભેદવાળું છે. ૧૫.

**मीसा न रागदोसो, जिणधम्मे अंतमुहु जहा अन्ने ।**
**नालिअरदीवमणुणो, मिच्छं जिणधम्मविवरीअं ॥ १६ ॥**

**ગાથાર્થ**- જેમ નાલીકેર દ્વીપવાસી મનુષ્યને અન્ન ઉપર પ્રીતિ-અપ્રીતિ હોતી નથી, તેમ મિશ્રમોહનીય કર્મના ઉદયથી જીવને જૈનધર્મ ઉપર રાગ કે દ્વેષ હોતો નથી. તેનો કાળ અંતર્મુહૂર્ત છે. અને જૈનધર્મથી વિપરીત શ્રદ્ધા તે મિથ્યાત્વ મોહનીયકર્મ કહેવાય છે. ૧૬.

**सोलस कसाय नव नोकसाय, दुविहं चरित्तमोहणीयं ।**
**अण-अप्पच्चक्खाणा, पच्चक्खाणा य संजलणा ॥ १७ ॥**

**ગાથાર્થ**- સોળ પ્રકારના કષાયો, અને નવ પ્રકારના નોકષાયો એમ બે પ્રકારે ચારિત્રમોહનીય કર્મ જાણવું. તથા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન એમ કષાયો ચાર પ્રકારે છે. ૧૭.

**जाजीव-वरिस-चउमास, पक्खगा नरय-तिरिय-नर-अमरा ।**
**सम्माणुसव्वविरई-अहखाय-चरित्तघायकरा ॥ १८ ॥**

**ગાથાર્થ**- અનંતાનુબંધી આદિ ચારે કષાયો અનુક્રમે (૧) યાવજ્જીવ, (૨) એક વર્ષ, (૩) ચાર માસ અને (૪) પંદર દિવસની સ્થિતિવાળા છે. અનુક્રમે નરક-તિર્યંચ-મનુષ્ય અને દેવગતિ અપાવનારા છે. તથા અનુક્રમે સમ્યક્ત્વનો, દેશવિરતિનો, સર્વવિરતિનો અને યથાખ્યાતચારિત્રનો ઘાત કરનારા છે. ૧૮.

**जल-रेणु-पुढवी-पव्वय-राई-सरिसो चउव्विहो कोहो ।**
**तिणिसलया-कट्ठु-ट्ठिय-सेलत्थंभोवमो माणो ॥ १९ ॥**
**मायावलेहि-गोमुत्ति-मिंढ-सिंग-घणवंसिमूलसमा ।**
**लोहो हलिद्दखंजण-कद्दम-किमि-राग-सामाणो ॥ २० ॥**

**ગાથાર્થ**- સંજ્વલન આદિ ચારે પ્રકારના ક્રોધ અનુક્રમે પાણીની રેખા, રેતીની રેખા, માટીની રેખા અને પર્વતની રેખા સરખા જાણવા, એ જ પ્રમાણે સંજ્વલન આદિ ચારે પ્રકારના માન નેતરની સોટી, કાષ્ઠની સોટી, હાડકા અને પત્થરના થાંભલા સરખા જાણવા.

સંજ્વલન આદિ ચારે પ્રકારની માયા અનુક્રમે લાકડાની છોલ, ગોમૂત્રિકા, ઘેટાના શિંગડાં અને કઠણ વાંસના મૂલ સરખી જાણવી. એ જ પ્રમાણે ચાર પ્રકારનો લોભ અનુક્રમે હળદર, કાજળ, કાદવ અને કીરમજીના રંગ સરખો જાણવો. ૧૯.૨૦.

**जस्सुदया होइ जीए, हास रई अरइ सोग भय कुच्छा ।**
**सनिमित्तमन्नहा वा, तं इह हासाइ मोहणीयं ॥ २१ ॥**

**ગાથાર્થ**- જે કર્મના ઉદયથી આ જીવને નિમિત્ત સહિત કે નિમિત્ત વિના હાસ્ય-રતિ-અરતિ-શોક-ભય કે જુગુપ્સા ઉત્પન્ન થાય છે. તે કર્મને અનુક્રમે હાસ્યાદિ મોહનીયકર્મ કહેવાય છે. ૨૧.

**पुरिसित्थि-तदुभयं पइ, अहिलासो जव्वसा हवइ सो उ ।**
**थी-नर-नपुवेउदओ, फुंफुम-तण-नगरदाहसमो ॥२२॥**

**ગાથાર્થ**- જે કર્મના ઉદયના વશથી આ જીવને પુરુષ પ્રત્યે, સ્ત્રી પ્રત્યે, અને ઉભય પ્રત્યે ભોગ ભોગવવાની અભિલાષા થાય છે તે અનુક્રમે સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ કહેવાય છે. અને તે ત્રણ વેદો અનુક્રમે બકરીની લીંડીના અગ્નિતુલ્ય, ઘાસના અગ્નિની તુલ્ય, અને નગરના અગ્નિની તુલ્ય છે. ૨૨.

**सुर-नर-तिरि-नरयाऊ, हडिसरिसं नामकम्म चित्तिसमं ।**
**बायाल-तिनवइविहं, तिउत्तरसयं च सत्तट्ठी ॥ २३ ॥**

**ગાથાર્થ**- દેવ-મનુષ્ય-તિર્યંચ અને નરકના ભવ સંબંધી આયુષ્ય કર્મ ચાર પ્રકારે છે અને તે બેડી સરખું છે. નામકર્મ ચિતારા જેવું છે અને તેના ૪૨-૯૩-૧૦૩ અને ૬૭ એમ ચાર પ્રકારે ભેદો છે. ૨૩.

**गइ-जाइ-तणु-उवंगा, बंधण-संघायणाणि संघयणा ।**
**संठाण-वण्ण-गंध-रस-फास-अणुपुव्वि-विहगगई ॥२४॥**

**ગાથાર્થ**- (૧) ગતિ, (૨) જાતિ, (૩) શરીર, (૪) ઉપાંગ, (૫) બંધન, (૬) સંઘાતન, (૭) સંઘયણ, (૮) સંસ્થાન, (૯) વર્ણ, (૧૦) ગંધ, (૧૧) રસ, (૧૨) સ્પર્શ, (૧૩) આનુપૂર્વી, (૧૪) વિહાયોગતિ એમ કુલ ૧૪ પિંડ પ્રકૃતિઓ જાણવી. ૨૪.

**पिंडपयडि त्ति चउदस, परघा-ऊसास आयवुज्जोअं ।**
**अगुरुलहु तित्थ निमिणो-वघायमिअ अट्ठ पत्तेआ ॥२५॥**

**ગાથાર્થ**- ઉપર ગાથામાં કહ્યા મુજબ ૧૪ પિંડપ્રકૃતિઓ છે. (૧) પરાઘાત, (૨) ઉચ્છ્વાસ, (૩) આતપ, (૪) ઉદ્યોત, (૫) અગુરુલઘુ, (૬) તીર્થંકરનામ, (૭) નિર્માણ, (૮) ઉપઘાત એમ ૮ પ્રત્યેક પ્રકૃતિઓ છે. ૨૫.

**तस- बायर-पज्जत्तं, पत्तेय-थिरं सुभं च सुभगं च ।**
**सुसराइज्जजसं, तसदसगं थावरदसं तु इमं ॥ २६ ॥**

**ગાથાર્થ-** ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સૌભાગ્ય, સુસ્વર, આદેય અને યશ આ પ્રથમ ત્રસદશક કહેવાય છે. ( તેનાથી વિપરીત) સ્થાવરદશક આ પ્રમાણે છે. ૨૬.

**थावर-सुहुम-अपज्जं, साहारण-अथिर-असुभ-दुभगाणि ।**
**दुस्सर-णाइज्जा जस-मिअ, नामे सेयरा वीसं ॥ २७ ॥**

**ગાથાર્થ-** (૧) સ્થાવર, (૨) સૂક્ષ્મ, (૩) અપર્યાપ્ત, (૪) સાધારણ, (૫) અસ્થિર, (૬) અશુભ, (૭) દૌર્ભાગ્ય, (૮) દુઃસ્વર, (૯) અનાદેય, (૧૦) અયશ. એમ નામકર્મમાં પ્રતિપક્ષી સહિત ૨૦ પ્રકૃતિઓ જાણવી. ૨૭.

**तसचउ-थिरछक्कं अथिरछक्क सुहुमतिग-थावरचउक्कं ।**
**सुभगतिगाइविभासा, तयाइसंखाहिं पयडीहिं ॥ २८ ॥**

**ગાથાર્થ-** ત્રસચતુષ્ક, સ્થિરષટ્ક, અસ્થિરષટ્ક સૂક્ષ્મત્રિક, સ્થાવરચતુષ્ક, સૌભાગ્યત્રિક વિગેરે સંજ્ઞાઓ તે તે પ્રકૃતિને આદિમાં ગણીને તેટલી સંખ્યાવાળી પ્રકૃતિઓ વડે કરવી. ૨૮.

**वन्नचउ-अगुरुलहुचउ, तसाइ-दु-ति-चउर-छक्कमिच्चाई ।**
**इअ अन्नावि विभासा, तयाइसंखाहिं पयडीहिं ॥ २९ ॥**

**ગાથાર્થ-** વર્ણચતુષ્ક, અગુરુલઘુચતુષ્ક, ત્રસાદિ દ્વિક, ત્રિક, ચતુષ્ક, અને ષટ્ક વિગેરે આ પ્રમાણે બીજી સંજ્ઞાઓ પણ તે તે કર્મને આદિમાં મૂકીને તેટલી સંખ્યાવાળી પ્રકૃતિઓ વડે કરવી. ૨૯.

**गइयाईण उ कमसो, चउ-पण-पण-ति पण-पंच-छ-छक्कं ।**
**पण-दुग-पण-ट्ठ-चउ-दुग-इअ उत्तरभेअ पणसट्ठी ॥३०॥**

**ગાથાર્થ-** ચૌદ પિંડપ્રકૃતિઓના ઉત્તરભેદો અનુક્રમે ચાર, પાંચ, પાંચ. ત્રણ, પાંચ, પાંચ છ, છ, પાંચ, બે, પાંચ, આઠ, ચાર, અને બે છે. એમ કુલ ઉત્તરભેદો ૬૫ થાય છે. ૩૦.

**अडवीसजुआ तिनवई, संते वा पनरबंधणे तिसयं ।**
**बंधण-संघायगहो, तणूसु सामन्नवन्नचउ ॥ ३१ ॥**

**ગાથાર્થ**- (ઉપરોક્ત ૬૫ ભેદોને ) ૨૮થી યુક્ત કરીએ તો નામકર્મના ૯૩ ભેદો થાય છે. તે સત્તામાં લેવાય છે. અથવા પંદર બંધન ગણીએ તો એકસો ત્રણ-૧૦૩ થાય છે. તે પણ સત્તામાં લેવાય છે. અને બંધન તથા સંઘાતનનું ગ્રહણ શરીરમાં લઈએ અને ચતુષ્ક સામાન્યથી લઈએ તો ૬૭ ભેદ થાય છે. ૩૧.

**इअ सत्तट्ठी बंधोदए अ, न य सम्ममीसया बंधे ।**
**बंधुदए सत्ताए, वीस-दुवीसट्ठ वण्णसयं ॥ ३२ ॥**

**ગાથાર્થ**- આ પ્રમાણે નામકર્મની બંધ-ઉદયમાં ૬૭ પ્રકૃતિઓ જાણવી. મોહનીયકર્મમાંની સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય બંધમાં ગણાતી નથી. તેથી આઠે કર્મોની બંધ-ઉદય-અને સત્તામાં અનુક્રમે ૧૨૦-૧૨૨ અને ૧૫૮ પ્રકૃતિઓ થાય છે. ૩૨.

**निरय-तिरि-नर-सुरगई, इग-बिअ-तिअ-चउ-पणिंदि-जाईओ।**
**ओराल-विउव्वाऽऽहारग, तेअ-कम्मण पण-सरीरा ।। ३३ ।।**

**ગાથાર્થ**-નરક-તિર્યંચ-મનુષ્ય અને દેવ એમ ચાર ગતિ જાણવી, એકેન્દ્રિય-બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય એમ પાંચ જાતિ જાણવી, તથા ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એમ પાંચ શરીર સમજવા. ૩૩.

**बाहूरु-पिट्ठि-सिर-उर, उयरंग-उवंग-अंगुली-पमुहा ।**
**सेसा अंगोवंगा, पढमतणुतिगस्सुवंगाणि ॥३४॥**

**ગાથાર્થ**- બે ભૂજા, બે સાથળ, પીઠ, મસ્તક, હૃદય અને ઉદર આ આઠ અંગો કહેવાય છે. આંગળી વિગેરે ઉપાંગો કહેવાય છે. અને બાકીના (રેખા વિગેરે) અંગોપાંગ કહેવાય છે. પ્રથમના ત્રણ શરીરોમાં જ આ અંગ-ઉપાંગ અને અંગોપાંગ હોય છે. ૩૪.

**उरलाइ-पुग्गलाणं, निबद्ध-बज्झंतयाण संबंधं ।**
**जं कुणइ जउ-समं तं, बंधणमुरलाइ-तणुनामा ॥ ३५ ॥**

**ગાથાર્થ**- પૂર્વે બાંધેલા અને હાલ નવાં બંધાતાં એવાં ઔદારિકાદિ પુદ્ગલોનો પરસ્પર સંબંધ જે કર્મ કરી આપે છે તે કર્મ લાખની સરખું ઔદારિકાદિ શરીરના નામે પાંચ પ્રકારનું છે. ૩૫.

**जं संघायइ उरलाइ-पुग्गले, तिणगणं व दंताली ।**
**तं संघायं बंधणमिव, तणुनामेण पंचविहं ॥ ३६ ॥**

**ગાથાર્થ-** જેમ દંતાલી ઘાસના સમૂહને એકઠો કરે છે તેમ જે કર્મ ઔદારિકાદિ પુદ્ગલોને (શરીરની રચનાને અનુરૂપ) એકઠાં કરે છે તે સંઘાતન નામકર્મ બંધનની જેમ જ ઔદારિકાદિ શરીરના નામે પાંચ પ્રકારે છે. ૩૬.

**ओराल-विउव्वा-हारयाण, सग-तेअ-कम्मजुत्ताणं ।**
**नव बंधणाणि इयरदु-सहियाणं तिन्नि तेसिं च ॥ ३७ ॥**

**ગાથાર્થ-** પોતાની સાથે, તૈજસની સાથે, અને કાર્મણની સાથે, ઔદારિક, વૈક્રિય અને આહારકનું જોડાણ કરવાથી કુલ નવ બંધનો થાય છે. તથા તે જ ઔદારિકાદિ ત્રણ શરીરોનું ઈતર એવાં બે શરીર તૈજસ-કાર્મણ, તેની સાથે જોડવાથી બીજા ત્રણ બંધનો થાય છે. તથા તે તૈજસ-કાર્મણનાં ત્રણ બંધનો થાય છે. એમ ૧૫ બંધનો છે. ૩૭.

**संघयणमट्ठिनिचओ, तं छद्धा वज्जरिसहनारायं ।**
**तह रिसहनारायं, नारायं अद्धनारायं ॥ ३८ ॥**
**कीलिअ-छेवट्ठं इह-रिसहो पट्टो अ कीलिआ वज्जं ।**
**उभओ मक्कडबंधो, नारायं इममुरालंगे ॥ ३९ ॥**

**ગાથાર્થ-** સંઘયણ એટલે હાડકાની મજબૂત રચના, તે છ પ્રકારે છે. (૧) વજ્રઋષભ નારાચ, (૨) ઋષભનારાચ, (૩) નારાચ, (૪) અર્ધનારાચ, (૫) કીલિકા, (૬) સેવાર્ત, અહીં ઋષભ એટલે પાટો, વજ્ર એટલે કીલિકા=ખીલી, અને બન્ને બાજુનો જે મર્કટબંધ તેને નારાચ કહેવાય છે. આ છ સંઘયણો ઔદારિક શરીરમાં હોય છે. ૩૮-૩૯.

**समचउरंसं निग्गोह-साइ-खुज्जाइ वामणं हूंडं ।**
**संठाणावन्ना-किण्ह-नील-लोहिय-हलिद्द-सिया ॥ ४० ॥**

**ગાથાર્થ-** સમચતુરસ્ર, ન્યગ્રોધ, સાદિ, કુબ્જ, વામન અને હુંડક, આ છ સંસ્થાનો છે. કાળો, નીલો, લાલ, પીળો અને ધોળો એ પાંચ વર્ણો છે. ૪૦.

**सुरहिदुरही रसा पण, तित्त-कडु-कसाय-अंबिला-महुरा ।**
**फासा-गुरु-लहु-मिउ-खर-सी-उण्ह-सिणिद्ध-रुक्खट्ठा ॥ ४१ ॥**

**ગાથાર્થ-** સુગંધ અને દુર્ગંધ એમ બે પ્રકારે ગંધ જાણવી, કડવો-તીખો-તુરો-ખાટો અને મીઠો એમ પાંચ પ્રકારે રસ જાણવો, ભારે-હલકા, કોમળ-કર્કશ, શીત-ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષ એમ કુલ આઠ સ્પર્શો જાણવા. ૪૧.

**नील-कसिणं-दुग्गंधं, तित्तं कडुअं गुरुं खरं रुक्खं ।**
**सीअं च असुहनवगं, इक्कारसगं सुभं सेसं ॥ ४२ ॥**

**ગાથાર્થ-** વર્ણમાં નીલો અને કાળો,ગંધમાં દુર્ગન્ધ, રસમાં તિક્ત અને કુટક અને સ્પર્શમાં ગુરુ-કર્કશ-રુક્ષ અને શીત આ કુલ ૯ ગુણો અશુભ છે. બાકીના ૧૧ શુભ છે. ૪૨.

**चउह-गइव्वणुपुव्वी, गइ-पुव्वीदुगं, तिगं नियाउजुअं**
**पुव्वीउदओ वक्के, सुह-असुह-वसुट्ट-विहगगई ॥ ४३ ॥**

**ગાથાર્થ-** આનુપૂર્વી કર્મ ગતિની માફક ચાર પ્રકારે છે. ગતિ અને આનુપૂર્વીનું દ્વિક ગણાય છે. તથા તેમાં પોતાનું આયુષ્ય યુક્ત કરીએ તો ત્રિક કહેવાય છે. આનુપૂર્વીનો ઉદય વક્રગતિમાં થાય છે. બળદ અને ઉંટની જેમ શુભ-અશુભ વિહાયોગતિ બે પ્રકારે છે. ૪૩.

**परघाउदया पाणी, परेसिं बलिणंपि होइ दुद्धरिसो ।**
**ऊससणलद्धिजुत्तो, हवेइ ऊसासनामवसा ॥ ४४ ॥**

**ગાથાર્થ-** પરાઘાત નામકર્મના ઉદયથી પ્રાણી બળવાન એવા પણ પરને દુર્ધર્ષ (દુઃખે જીતાય તેવો) બને છે. ઉચ્છ્વાસ નામકર્મના ઉદયથી જીવ ઉચ્છ્વાસ લબ્ધિથી યુક્ત બને છે. ૪૪.

**रवि-बिंबे उ जीअंगं, ताव-जुअं आयवाउ, न उ जलणे ।**
**जमुसिण-फासस्स तहिं, लोहिअवण्णस्स उदउ त्ति ॥ ४५ ॥**

**ગાથાર્થ-** સૂર્યના બિંબને વિષે જ (પૃથ્વીકાય) જીવોનું શરીર જે તાપયુક્ત લાગે છે તે આતપ નામકર્મના ઉદયથી છે. પરંતુ અગ્નિકાય જીવોને આતપનામકર્મનો

ઉદય હોતો નથી. કારણ કે ત્યાં ઉષ્ણસ્પર્શનામકર્મનો અને લોહિતવર્ણનામકર્મનો ઉદય હોય છે. ૪૫.

**अणुसिणपयासरुवं, जीअंगमुज्जोअए इहुज्जोआ ।**
**जइदेवुत्तरविक्किअ-जोइसखज्जोअमाइ व्व ॥ ४६ ॥**

**ગાથાર્થ-** સાધુનું વૈક્રિય શરીર, દેવોનું ઉત્તર વૈક્રિય શરીર, ચંદ્રાદિ જ્યોતિષ્ક દેવો અને આગિયા વિગેરેની જેમ જે જીવોનું શરીર અનુષ્ણ (શીતળ) પ્રકાશ રૂપે ઉદ્યોત કરે છે તે અહીં ઉદ્યોતકર્મના ઉદયથી થાય છે. ૪૬.

**अंगं न गुरु न लहुअं, जायइ जीवस्स अगुरुलहु उदया ।**
**तित्थेण तिहुअणस्स वि, पुज्जो से उदओ केवलिणो ॥ ४७ ॥**

**ગાથાર્થ-** અગુરુલઘુ નામકર્મના ઉદયથી સર્વ જીવોને પોતાનું શરીર ભારે (વજનદાર) પણ લાગતું નથી તથા હલકું (બીનવજનદાર) પણ લાગતું નથી. તીર્થંકર નામકર્મના ઉદય વડે જીવ ત્રણે જગતને પૂજનીય બને છે. આ તીર્થંકર નામકર્મનો ઉદય કેવલી ભગવાનને હોય છે. ૪૭.

**अंगोवंगनियमणं, निम्माणं कुणइ सुत्तहारसमं ।**
**उवघाया उवहम्मइ, सतणुवयवलंबिगाईहिं ॥ ४८ ॥**

**ગાથાર્થ-** જે કર્મ સુથારની જેમ અંગ-ઉપાંગોની યથાસ્થાને વ્યવસ્થા=ગોઠવણી કરે છે તે નિર્માણનામકર્મ છે. ઉપઘાત નામકર્મના ઉદયથી જીવ પોતાના શરીરના જ અવયવો પડજીભી આદિવડે દુઃખી થાય છે. ૪૮.

**बि-ति-चउ-पणिंदिअ तसा, बायरओ बायरा जीया थूला ।**
**निय-निय-पज्जत्तिजुआ, पज्जत्ता लद्धिकरणेहिं ॥ ४९ ॥**

**ગાથાર્થ-** ત્રસ નામકર્મના ઉદયથી જીવ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય થાય છે. બાદર નામકર્મના ઉદયથી જીવો બાદર એટલે સ્થૂલ થાય છે. પર્યાપ્તાનામકર્મના ઉદયથી જીવો પોત-પોતાની પર્યાપ્તિઓથી યુક્ત થાય છે. અને તે લબ્ધિ તથા કરણ વડે બે પ્રકારના છે. ૪૯.

**पत्तेअतणू पत्तेउदएणं दंत-अट्ठिमाइ थिरं ।**
**नाभुवरि सिराइ सुहं, सुभगाओ सव्वजणइट्ठो ॥ ५० ॥**

**ગાથાર્થ-** પ્રત્યેક નામકર્મના ઉદયથી જાુદા-જાુદા શરીરવાળો બને છે. સ્થિરનામકર્મના ઉદયથી દાંત-હાડકાં વિગેરે સ્થિર પ્રાપ્ત થાય છે. શુભ નામકર્મના ઉદયથી નાભિ ઉપરના મસ્તકાદિ અંગો શુભ પ્રાપ્ત થાય છે. સૌભાગ્ય નામકર્મથી જીવ સર્વ જીવોને વહાલો લાગે છે. ૫૦.

**सुसरा महुरसुहझुणी, आइज्जा सव्वलोअगिज्झवओ ।**
**जसओ जसकित्तीओ, थावरदसगं विवज्जत्थं ॥ ५१ ॥**

**ગાથાર્થ-** સુસ્વર નામકર્મના ઉદયથી મીઠી અને સુખકારી વાણી પ્રાપ્ત થાય છે. આદેય નામકર્મના ઉદયથી સર્વલોકોને ગ્રાહ્યવચનવાળો બને છે. યશનામકર્મના ઉદયથી યશ અને કીર્તિ પ્રાપ્ત થાય છે. સ્થાવરદશક આ ત્રસદશકના અર્થથી વિપરીત અર્થવાળું જાણવું. ૫૧.

**गोअं दुहुच्च-नीअं, कुलाल इव सुघड-भुंभलाऽइअं ।**
**विग्घं दाणे लाभे, भोगुवभोगेसु विरिए अ ॥ ५२ ॥**

**ગાથાર્થ-** જેમ કુંભાર સારા ઘડા અને ભુંભલાદિ બનાવે છે તેવી રીતે ગોત્ર કર્મ ઉચ્ચ-નીચ એમ બે ભેદે છે. દાન-લાભ-ભોગ-ઉપભોગ અને વીર્યને વિષે વિઘ્ન કરનાર અંતરાય કર્મ પાંચ પ્રકારે છે. ૫૨.

**सिरिहरियसमं एयं, जह पडिकूलेण तेण रायाई ।**
**न कुणइ दाणाईयं, एवं विग्घेण जीवो वि ॥ ५३ ॥**

**ગાથાર્થ-** આ અંતરાયકર્મ રાજભંડારી જેવું છે. જેમ તે રાજભંડારી પ્રતિકૂળ હોય, તો તેનાથી રાજાદિ દાનાદિ કરી શકતા નથી, તેમ આ જીવ પણ (અંતરાય કર્મના ઉદયથી) દાનાદિ કરી શકતો નથી. ૫૩.

**पडिणीयत्तण-निन्हव-उवघाय-पओस-अंतराएणं ।**
**अच्चासायणयाए, आवरणदुगं जीओ जयइ ॥ ५४ ॥**

**ગાથાર્થ-** (જ્ઞાન-જ્ઞાની અને જ્ઞાનનાં સાધનો પ્રત્યે) અનિષ્ટ આચરણ કરવાથી, અપલાપ કરવાથી, હણવાથી, દ્વેષ કરવાથી, અંતરાય કરવાથી, અને અતિશય આશાતના કરવાથી, જીવ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ બાંધે છે. ૫૪.

**गुरुभत्ति-खंति-करुणा, वय-जोग-कसाय-विजय-दाणजुओ।**
**दढधम्माई-अज्जइ, सायमसायं विवज्जयओ ॥ ५५ ॥**

**ગાથાર્થ-** ગુરુની ભક્તિ, ક્ષમા, કરુણા, વ્રતપાલન, યોગપાલન, કષાયવિજય, દાનગુણ અને ધર્મકાર્યમાં દૃઢતા, ઇત્યાદિ શુભાચારથી આ જીવ સાતા વેદનીયકર્મ બાંધે છે અને તેનાથી વિપરીત આચરણ કરવાથી આ જીવ અસાતા વેદનીય કર્મ બાંધે છે. ૫૫.

**उम्मग्ग-देसणा-मग्ग-नासणा-देवदव्वहरणेहिं ।**
**दंसणमोहं जिण-मुणि-चेइय-संघाईपडिणीओ ॥ ५६ ॥**

**ગાથાર્થ-** ઉન્માર્ગની દેશના આપવાથી, સન્માર્ગનો નાશ કરવાથી અને દેવદ્રવ્યનું હરણ કરવાથી, જીવ દર્શનમોહનીય કર્મ બાંધે છે. તથા જિનેશ્વર પરમાત્મા, મુનિ મહાત્મા, જિનપ્રતિમા તથા ચતુર્વિધ શ્રી સંઘનો વિરોધી જીવ પણ દર્શનમોહનીય કર્મ બાંધે છે. ૫૬.

**दुविहंपि चरणमोहं, कसाय-हासाइ-विसयविवसमणो ।**
**बंधइ नरयाउं महा-रम्भपरिग्गहरओ रुद्दो ॥ ५७ ॥**

**ગાથાર્થ-** કષાય અને હાસ્યાદિને પરવશ થયેલું છે મન જેનું એવો આત્મા બન્ને પ્રકારનું ચારિત્ર મોહનીયકર્મ બાંધે છે તથા મહારંભ અને પરિગ્રહમાં રક્ત અને રૌદ્ર પરિણામવાળો જીવ નરકનું આયુષ્ય બાંધે છે. ૫૭.

**तिरिआउ गूढ-हिअओ, सढो ससल्लो तहा मणुस्साऊ ।**
**पयईइ तणुकसाओ, दाण-रुई मज्झिमगुणो अ ॥ ५८ ॥**

**ગાથાર્થ-** ગૂઢ હૃદયવાળો, લુચ્ચાઈવાળો, અને શલ્ય (કપટ)વાળો આત્મા તિર્યંચાયુષ્ય બાંધે છે. તથા સ્વભાવે જ પાતળા કષાયવાળો દાનની રુચિવાળો, અને મધ્યમગુણવાળો આત્મા મનુષ્યાયુષ્ય બાંધે છે. ૫૮.

**अविरयमाई सुराउं, बाल-तवोऽकामनिज्जरो जयइ ।**
**सरलो अगारविल्लो, सुहनामं अन्नहा असुहं ।।५९।।**

**ગાથાર્થ**- અવિરત (સમ્યગ્દૃષ્ટિ) આદિ, તથા અજ્ઞાનતપ કરનાર અને અકામનિર્જરા કરનાર દેવાયુષ્ય બાંધે છે. સરલસ્વભાવી અને આસક્તિ વિનાનો જીવ શુભનામકર્મ બાંધે છે. તેનાથી ઉલટું વર્તન કરનાર જીવ અશુભ નામકર્મ બાંધે છે. ૫૯.

**गुणपेही मयरहिओ, अज्झयण-ज्झावणारुई निच्चं ।**
**पकुणइ जिणाइभत्तो, उच्चं नीअं इयरहा उ ॥ ६० ॥**

**ગાથાર્થ**- (૧) પારકાના ગુણોને જ જોનારો, (૨) અભિમાન રહિત, (૩) ભણવા-ભણાવવાની રુચિવાળો, (૪) હંમેશાં જિનેશ્વર આદિની ભક્તિ-ભાવનાવાળો જીવ ઉચ્ચગોત્ર કર્મ બાંધે છે અને તેનાથી વિપરીત વર્તન કરનારો જીવ નીચગોત્ર કર્મ બાંધે છે. ૬૦.

**जिणपूआ-विग्घकरो, हिंसाइपरायणो जयइ विग्घं ।**
**इअ कम्मविवागोऽयं, लिहिओ देविंदसूरीहिं ॥ ६१ ॥**

**ગાથાર્થ**- જિનેશ્વર પરમાત્માની પૂજા આદિ કાર્યોમાં વિઘ્ન કરનારો અને હિંસાદિ કાર્યોમાં પરાયણ એવો જીવ અંતરાય કર્મ બાંધે છે. આ પ્રમાણે કર્મવિપાક નામનો **આ પ્રથમકર્મગ્રંથ દેવેન્દ્રસૂરીશ્વરજીએ** બનાવ્યો. ૬૧.

**॥ નવ્ય પ્રથમ કર્મગ્રન્થ સમાપ્ત ॥**

## પૂ. આ. શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ. વિરચિત
# કર્મસ્તવનામા દ્વિતીય કર્મગ્રંથ
## (નવ્યકર્મગ્રંથ)

**तह थुणिमो वीरजिणं, जह गुणठाणेसु सयलकम्माइं ।**
**बंधुदओदीरणया, सत्तापत्ताणि खवियाणि ॥ १ ॥**

**ગાથાર્થ**- ચૌદે ગુણસ્થાનકોમાં બંધ-ઉદય-ઉદીરણા અને સત્તામાં પ્રાપ્ત થયેલાં સર્વે કર્મોને (પ્રભુ મહાવીરસ્વામીએ) જે રીતે ખપાવ્યાં છે. તે રીતે (બતાવતાં બતાવતાં) અમે પ્રભુ શ્રીમહાવીરસ્વામીની સ્તુતિ કરીશું. ૧.

**मिच्छे सासणमीसे, अविरयदेसे पमत्त अपमत्ते ।**
**नियट्टि अनियट्टि, सुहुमुवसमखीणसजोगिअजोगि गुणा ॥ २॥**

**ગાથાર્થ**- (૧) મિથ્યાદષ્ટિ, (૨) સાસ્વાદન, (૩) મિશ્રદષ્ટિ, (૪) અવિરતસમ્યગ્દષ્ટિ, (૫) દેશવિરતિ, (૬) પ્રમત્તસંયત, (૭) અપ્રમત્તસંયત, (૮) નિવૃત્તિકરણ, (૯) અનિવૃત્તિકરણ, (૧૦) સૂક્ષ્મસંપરાય, (૧૧) ઉપશાન્તમોહ, (૧૨) ક્ષીણમોહ, (૧૩) સયોગિકેવલી, અને (૧૪) અયોગિકેવલી એમ કુલ **૧૪** ગુણસ્થાનકો છે. ૨.

**अभिनवकम्मग्गहणं, बंधो ओहेण तत्थ वीससयं ।**
**तित्थयराहारगदुगवज्जं, मिच्छंमि सतरसयं ॥ ३ ॥**

**ગાથાર્થ**- નવા નવા કર્મનું જે ગ્રહણ કરવું તે બંધ કહેવાય છે. ત્યાં ઓઘે એકસો વીશ પ્રકૃતિઓ બંધાય છે અને તીર્થંકર નામકર્મ તથા આહારક દ્વિક વર્જીને બાકીની ૧૧૭ પ્રકૃતિઓ મિથ્યાત્વે બંધાય છે. ૩.

**नरयतिग जाइथावर, चउ हुंडायवछिवट्ठनपुमिच्छं ।**
**सोलंतो इगहियसय, सासणि तिरिथीणदुहगतिगं ॥ ४॥**

**ગાથાર્થ**- નરકત્રિક, જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, હુંડક, આતપ, છેવટ્ઠું સંઘયણ, નપુંસકવેદ, મિથ્યાત્વમોહનીય, આ સોળ પ્રકૃતિઓનો પહેલે ગુણઠાણે અંત થતાં સાસ્વાદને ૧૦૧ બંધાય છે. તથા બીજા સાસ્વાદન ગુણસ્થાનકના અંતે તિર્યંચત્રિક, થીણદ્ધિત્રિક, દૌર્ભાગ્યત્રિક તથા. ૪.

**अणमज्झागिइसंघयणचउ, निउज्जोअ कुखगइत्थित्ति ।**
**पणवीसंतो मीसे, चउसयरि दुआउयअबंधा ॥ ५ ॥**

**ગાથાર્થ**- અનંતાનુબંધી ૪, મધ્યનાં ૪ સંસ્થાન, ૪ સંઘયણ, નીચગોત્ર, ઉદ્યોતનામ, અશુભવિહાયોગતિ, અને સ્ત્રીવેદ એમ ૨૫ પ્રકૃતિઓનો અંત થાય છે એટલે મિશ્રગુણસ્થાનકે ૭૪ પ્રકૃતિઓ બંધાય છે. કારણકે શેષ બે આયુષ્યનો પણ અબંધ હોય છે. ૫.

**सम्मे सगसयरि जिणाउबंधि, वइरनरतिगबियकसाया ।**
**उरलदुगंतो देसे, सत्तट्ठी तियकसायंतो ॥ ६॥**

**ગાથાર્થ-** જિનનામકર્મ અને બે આયુષ્યનો બંધ થવાથી ચોથા સમ્યક્ત્વ ગુણઠાણે ૭૭ કર્મ પ્રકૃતિઓ બંધાય છે. વજ્રઋષભ, મનુષ્યત્રિક, બીજો કષાય, અને ઔદારિકદ્વિક એમ ૧૦ નો અંત થવાથી દેશવિરતિ ગુણઠાણે ૬૭ બંધાય છે. ત્યાં ત્રીજાકષાયનો અંત થવાથી. ૬.

**तेवट्ठि पमत्ते सोग, अरइ अथिरदुग अजस अस्सायं ।**
**वुच्छिज्ज छच्च सत्त व, नेइ सुराउं जया निट्ठं ॥ ७ ॥**

**ગાથાર્થ-** પ્રમત્તગુણઠાણે ૬૩ બંધાય છે. શોક, અરતિ, અસ્થિરદ્વિક, અપયશ અને અસાતા એમ ૬ પ્રકૃતિઓનો બંધ છટ્ઠે ગુણસ્થાનકે વિચ્છેદ પામે છે અથવા જો દેવાયુષ્ય પણ છટ્ઠે સમાપ્ત કર્યું હોય તો ૭ પ્રકૃતિનો બંધ છટ્ઠે ગુણસ્થાનક વિચ્છેદ પામે છે. ૭.

**गुणसट्ठि अप्पमत्ते, सुराउ बंधंतु जइ इहागच्छे ।**
**अन्नह अट्ठावन्ना, जं आहारगदुगं बंधे ॥ ८ ॥**

**ગાથાર્થ-** જો દેવાયુષ્ય બાંધતો બાંધતો અહીં સાતમે ગુણઠાણે આવે તો ઓગણસાએઠ પ્રકૃતિઓ બાંધે છે અન્યથા (જો છટ્ઠે ગુણસ્થાનકે દેવાયુષ્ય સમાપ્ત કરીને આવે તો) અઠ્ઠાવન બાંધે છે કારણકે અહીં સાતમે ગુણસ્થાનકે આહારકદ્વિક બંધમાં અધિક છે. ૮.

**अडवन्न अपुव्वाइंमि, निद्ददुगंतो छप्पन्न पणभागे ।**
**सुरदुगपणिंदि सुखगइ, तसनवउरलविणुतणुवंगा ॥ ९ ॥**
**समचउरनिमिणजिणवन्न, अगुरुलहुचउ छलंसि तीसंतो ।**
**चरमे छवीसबंधो हासरईकुच्छभयभेओ ॥ १० ॥**

**ગાથાર્થ-** અપૂર્વકરણના પ્રથમભાગે ૫૮ બંધાય છે. તેમાંથી નિદ્રાદ્વિકનો અંત થાય એટલે (૨થી૬ સુધીના) પાંચભાગોમાં ૫૬ બંધાય છે.

તેમાંથી દેવદ્વિક, પંચેન્દ્રિયજાતિ, શુભવિહાયોગતિ, ત્રસનવક, ઔદારિક વિના શેષ ચાર શરીર અને બે ઉપાંગ, સમચતુરસ્ર, નિર્માણ, જિનનામ, વર્ણચતુષ્ક, અગુરુલઘુચતુષ્ક, એમ કુલ ત્રીશ પ્રકૃતિઓનો છઠ્ઠા ભાગે અંત થાય છે તેથી ચરમ ભાગમાં ૨૬ નો બંધ હોય છે તેમાંથી ચરમભાગે હાસ્ય-રતિ, જુગુપ્સા અને ભયના બંધનો વિચ્છેદ થાય છે. (તેથી નવમા ગુણઠાણે ૨૨ બંધાય છે) ૯. ૧૦.

**अनियट्टि भागपणगे, इगेगहीणो दुवीसविहबंधो ।**
**पुमसंजलणचउण्हं, कमेण छेओ सतर सुहुमे ॥११॥**

**ગાથાર્થ-** અનિવૃત્તિગુણસ્થાનકના પાંચે ભાગોમાં પુરુષવેદ અને સંજ્વલન ચતુષ્કમાંનો અનુક્રમે એકેક બંધ ઓછો-ઓછો થતાં જે બાવીશનો બંધ છે તે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે સત્તરનો થાય છે. ૧૧.

**चउदंसणुच्चजसनाणविग्घदसगंति सोलसुच्छेओ ।**
**तिसु सायबंधछेओ, सजोगिबंधंतुणंतो अ ॥ १२॥**

**ગાથાર્થ-** સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે ચક્ષુર્દર્શનાદિ ૪, દર્શનાવરણીય, ઉચ્ચગોત્ર, યશનામકર્મ, જ્ઞાનાવરણીય ૫, અંતરાય ૫, એમ કુલ ૧૬ નો બંધવિચ્છેદ થાય છે તેથી અગિયાર-બાર-અને તેરમા ગુણસ્થાનકે એમ ત્રણ ગુણસ્થાનકોમાં ફક્ત એક સાતા વેદનીયનો બંધ થાય છે તેનો છેદ સયોગિ ગુણઠાણાના અંતે થાય છે. આ થયેલો બંધનો અંત હવે અનંતકાળ સુધી રહે છે. (ફરીથી કર્મબંધ થતો નથી) ૧૨.

**उदओ विवागवेयणमुदीरणमपत्ति इह दुवीससयं ।**
**सतरसयं मिच्छे मीससम्मआहारजिणणुदया ॥ १३॥**

**ગાથાર્થ**-પૂર્વ બંધાયેલા કર્મને વિપાકથી વેદવું તે ઉદય, અને ઉદયકાલને નહી પામેલા કર્મોને પ્રયત્ન વિશેષથી વહેલાં ભોગવવાં તે ઉદીરણા, ઉદયમાં ઓઘે ૧૨૨ પ્રકૃતિઓ છે. તેમાંથી મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય, આહારકદ્વિક, અને તીર્થંકરનામકર્મ એમ પાંચ કર્મનો મિથ્યાત્વે અનુદય હોવાથી ત્યાં ૧૧૭ છે. ૧૩.

**सुहुमतिगायवमिच्छं, मिच्छंतं सासणे इगारसयं ।**
**निरयाणुपुव्विणुदया, अणथावरइगविगलअंतो ॥१४ ॥**

**ગાથાર્થ-** સૂક્ષ્મત્રિક, આતપ, અને મિથ્યાત્વમોહનીયનો મિથ્યાત્વે અંત થવાથી સાસ્વાદને **૧૧૧**નો ઉદય હોય છે કારણ કે ત્યાં નરકાનુપૂર્વીનો અનુદય હોય છે. તથા અનંતાનુબંધી ૪, સ્થાવર, એકેન્દ્રિયજાતિ, અને વિકલેન્દ્રિયત્રિક એમ ૯ નો સાસ્વાદને અંત થાય છે. ૧૪.

**मीसे सयमणुपुव्वी-णुदया मीसोदएण मीसंतो ।**
**चउसयमजए सम्मा-णुपुव्विखेवा बियकसाया ॥ १५ ॥**

**ગાથાર્થ-** ત્રણ આનુપૂર્વીનો અનુદય થવાથી અને મિશ્રમોહનીયનો ઉદય થવાથી મિશ્ર ગુણઠાણે **૧૦૦** પ્રકૃતિઓનો ઉદય હોય છે. તથા મિશ્ર ગુણઠાણાના છેડે મિશ્રમોહનીયના ઉદયનો અંત થાય છે અને સમ્યક્ત્વ મોહનીય તથા ચાર આનુપૂર્વીનો ઉદય ઉમેરાય છે જેથી અવિરતસમ્યગ્દષ્ટિ ગુણઠાણે **૧૦૪**નો ઉદય થાય છે ત્યાં બીજો કષાય તથા- ૧૫.

**मणुतिरिणुपुव्वि विउवट्ठ, दुहग अणाइज्जदुग सतरछेओ ।**
**सगसीइ देसि तिरिगइ, आउ निउज्जोय तिकसाया ॥ १६ ॥**

**ગાથાર્થ-** મનુષ્યાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, વૈક્રિયઅષ્ટક, દૌર્ભાગ્ય, અને અનાદેયદ્વિક એમ કુલ ૧૭ પ્રકૃતિઓના ઉદયનો વિચ્છેદ ચોથાના અંતે થાય છે જેથી દેશવિરતિગુણઠાણે ૮૭ પ્રકૃતિઓનો ઉદય હોય છે. ત્યાં દેશવિરતિ ગુણઠાણે તિર્યંચગતિ-તિર્યંચાયુષ્ય-નીચગોત્ર-ઉદ્યોતનામકર્મ તથા ત્રીજા કષાયના ઉદયનો વિચ્છેદ થવાથી- ૧૬.

**अट्ठच्छेओ इगसी, पमत्ति आहारजुगलपक्खेवा ।**
**थीणतिगाहारगदुगछेओ, छस्सयरि अपमत्ते ॥ १७ ॥**

**ગાથાર્થ-** ઉપરોક્ત આઠનો ઉદયવિચ્છેદ થવાથી અને આહારક યુગલનો પ્રક્ષેપ થવાથી પ્રમત્તગુણઠાણે **૮૧**નો ઉદય હોય છે. અને

થીણદ્ધિત્રિક તથા આહારકદ્વિકનો ઉદયવિચ્છેદ થવાથી અપ્રમત્તગુણઠાણે ૭૬ પ્રકૃતિઓનો ઉદય હોય છે. ૧૭.

**सम्मत्तंतिमसंघयणतियगच्छेओ बिसत्तरि अपुव्वे ।**
**हासाइछक्कअंतो, छसट्ठि अनियट्टिवेयतिगं ॥ १८ ॥**

**ગાથાર્થ-** સમ્યક્ત્વમોહનીય અને અંતિમ ત્રણ સંઘયણ, એમ ચારનો ઉદયવિચ્છેદ થવાથી અપૂર્વકરણ ગુણઠાણે ૭૨નો ઉદય હોય છે. અને હાસ્યાદિ ષટ્કનો અંત થવાથી નવમે ગુણઠાણે છાસઠનો ઉદય હોય છે. ત્યાં વેદત્રિક તથા- ૧૮.

**संजलणतिगं छछेओ, सट्ठि सुहुमंमि तुरियलोभंतो ।**
**उवसंतगुणे गुणसट्ठि, रिसहनारायदुगअंतो ॥ १९ ॥**

**ગાથાર્થ-** (વેદત્રિક તથા)સંજ્વલનત્રિક એમ છ નો છેદ થવાથી સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકે ૬૦નો ઉદય હોય છે. ત્યાં સંજ્વલનલોભનો અંત થવાથી **૫૯**નો ઉદય ઉપશાન્તમોહ ગુણઠાણે હોય છે. ત્યાં ઋષભનારાચદ્વિકનો અંત થવાથી (બારમે ૫૭ નો ઉદય હોય છે.) ૧૯.

**सगवन्न खीण दुचरिमि निद्ददुगंतो अ चरिमि पणपन्ना ।**
**नाणंतरायदंसणचउ, छेओ सजोगि बायाला ॥ २० ॥**

**ગાથાર્થ-** ક્ષીણમોહ ગુણસ્થાનકના દ્વિચરમ સમય સુધી **૫૭**નો ઉદય હોય છે. ત્યાં નિદ્રાદ્વિકનો અંત થવાથી ચરમ સમયે **૫૫**નો ઉદય હોય છે. ચરમ સમયે જ્ઞાનાવરણીયની પાંચ, અંતરાયની પાંચ, અને દર્શનાવરણીયની ચાર એમ ચૌદનો ઉદયવિચ્છેદ થવાથી (અને તીર્થંકર નામકર્મ ઉદયમાં આવવાથી) ૪૨નો ઉદય સયોગીએ હોય છે. ૨૦.

**तित्थुदया उरलाथिर-खगइदुग-परित्ततिग-छ-संठाणा ।**
**अगुरुलहुवन्नचउ-निमिण-तेयकम्माइसंघयणं ॥ २१ ॥**

**ગાથાર્થ-** તીર્થંકર નામકર્મનો ઉદય ઉમેરવાથી તેરમે ગુણસ્થાનકે ૪૨નો ઉદય થાય છે. તેરમાના ચરમ સમયે ઔદારિકદ્વિક, અસ્થિરદ્વિક,

ખગતિદ્વિક, પ્રત્યેકત્રિક, છ સંસ્થાન, અગુરુલઘુચતુષ્ક, વર્ણચતુષ્ક, નિર્માણ, તૈજસ, કાર્મણ, તથા પ્રથમ સંઘયણ (વગેરે આગળની ગાથામાં જણાવે છે તે સાથે ૩૦ નો ઉદયવિચ્છેદ થાય છે). ૨૧.

**दूसर सूसर साया-साएगयरं च तीस वुच्छेओ ।**
**बारस अजोगि सुभगा-इज्ज जसन्नयरवेयणीयं ॥ २२ ॥**

**ગાથાર્થ**- દુઃસ્વર, સુસ્વર, સાતા અને અસાતામાંથી એક, એમ ત્રીશ પ્રકૃતિઓનો (તેરમા ગુણઠાણના અંતે) ઉદયવિચ્છેદ થાય છે. જેથી અયોગિગુણઠાણે ૧૨ પ્રકૃતિઓનો ઉદય હોય છે. તે આ પ્રમાણે સૌભાગ્ય-આદેય-યશનામકર્મ, બેમાંથી બાકી રહેલ એકવેદનીય તથા ૨૨.

**तसतिग पणिंदि मणुयाउ-गइ जिणुच्चं ति चरमसमयंतो ।**
**उदउव्वुदीरणा परमपमत्ताई सगगुणेसु ॥ २३ ॥**

**ગાથાર્થ**- ત્રસ-બાદર-પર્યાપ્ત-પંચેન્દ્રિયજાતિ, મનુષ્યાયુષ્ય, મનુષ્યગતિ, જિનનામકર્મ, અને ઉચ્ચગોત્ર એમ ૧૨ પ્રકૃતિઓનો ઉદય ચૌદમા ગુણસ્થાનકના ચરમસમયે વિચ્છેદ પામે છે. ઉદયની જેમ જ ઉદીરણા છે, પરંતુ અપ્રમત્તાદિ સાત ગુણસ્થાનકોમાં (હવે કહેવાતી વિશેષતા છે.) ૨૩.

**एसा पयडितिगूणा वेयणीयाहारजुगल थीणतिगं ।**
**मणुआउ पमत्तंता, अजोगि अणुदीरगो भयवं ॥ २४ ॥**

**ગાથાર્થ** -(અપ્રમત્તાદિ સાત ગુણસ્થાનકોમાં) આ ઉદીરણા ત્રણ ત્રણ પ્રકૃતિઓથી ન્યૂન ન્યૂન જાણવી. તેથી બે વેદનીય, આહારકદ્વિક, થીણદ્ધિત્રિક, અને મનુષ્યાયુષ્ય એમ કુલ આઠ પ્રકૃતિઓની ઉદીરણા પ્રમત્તગુણસ્થાનકના અંતે વિચ્છેદ પામે છે. તથા અયોગી ભગવાન અનુદીરક (ઉદીરણા વિનાના)હોય છે. ૨૪.

**सत्ता कम्माण ठिई, बन्धाईलद्धअत्तलाभाणं ।**
**संते अडयालसयं, जा उवसमु विजिणु बियतइए ॥ २५ ॥**

**ગાથાર્થ**- બંધાદિ વડે પ્રાપ્ત થયું છે આત્મલાભ (કર્મપણાનું સ્વરૂપ) જેને એવા કર્મોનું આત્માની સાથે હોવું તે **સત્તા** કહેવાય છે. યાવત્

૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી ૧૪૮ ની સત્તા હોય છે. બીજા-ત્રીજા ગુણસ્થાનકે જિનનામકર્મ વિના ૧૪૭ની સત્તા હોય છે. ૨૫.

**अपुव्वाइचउक्के, अण तिरिनिरयाउ विणु बिआलसयं ।**
**सम्माइचउसु सत्तग-खयंमि इगचत्तसयमहवा ॥ २६॥**

**ગાથાર્થ-** અથવા અપૂર્વકરણ આદિ ચાર ગુણસ્થાનકોમાં અનંતાનુબંધી મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય એમ છ વિના ૧૪૨ ની સત્તા હોય છે. અને અવિરતસમ્યક્ત્વાદિ ચાર ગુણસ્થાનકોમાં દર્શન સપ્તકનો ક્ષય થયે છતે ૧૪૧ ની સત્તા હોય છે અથવા ૨૬.

**खवगं तु पप्प चउसु वि, पणयालं नरयतिरिसुराउ विणा ।**
**सत्तग विणु अडतीसं, जा अनियट्टी पढमभागो ॥ २७ ॥**

**ગાથાર્થ-** અથવા આ ચાર ગુણસ્થાનકોમાં ક્ષપકને આશ્રયી નરક-તિર્યંચ અને દેવાયુષ્ય વિના ૧૪૫ ની સત્તા હોય છે. અને તેમાંથી દર્શનસપ્તક વિના ૧૩૮ની સત્તા પણ હોય છે. અને તે ૧૩૮ ની સત્તા યાવત્ અનિવૃત્તિના પ્રથમભાગ સુધી હોઇ શકે છે. ૨૭.

**थावरतिरिनिरयायव-दुग थीणतिगेग विगल साहारं ।**
**सोलखओ दुवीससयं, बिअंसि बिअतियकसायंतो ॥ २८ ॥**

**ગાથાર્થ-** સ્થાવરદ્વિક, તિર્યંચદ્વિક, નરકદ્વિક, આતપદ્વિક, થીણદ્ધિત્રિક, એકેન્દ્રિયજાતિ, વિકલેન્દ્રિયત્રિક, અને સાધારણનામકર્મ, એમ કુલ ૧૬ પ્રકૃતિઓનો ક્ષય થવાથી નવમાના બીજા ભાગે ૧૨૨ની સત્તા હોય છે અને ત્યાં બીજા ભાગના અંતે બીજા-ત્રીજા કષાયનો ક્ષય થવાથી (ત્રીજા આદિ ભાગોમાં કેટલી સત્તા હોય છે તે આગળની ગાથામાં જણાવે છે.) ૨૮.

**तइयाइसु चउदसतेर-बारछपणचउतिहियसय कमसो ।**
**नपुइत्थिहासछगपुंस-तुरियकोहमयमायखओ ॥ २९ ॥**

**ગાથાર્થ-** નવમા ગુણસ્થાનકના ત્રીજા આદિ ભાગોમાં નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યષટ્ક, પુરુષવેદ, સંજ્વલન ક્રોધ-માન અને માયાનો ક્ષય થવાથી

અનુક્રમે ચૌદ અધિક, તેર અધિક, બાર અધિક, છ અધિક, પાંચ અધિક, ચાર અધિક, અને ત્રણ અધિક સો પ્રકૃતિની સત્તા હોય છે. ૨૯.

**सुहुमि दुसय लोहंतो, खीणदुचरिमेगसय दुनिद्दखओ ।**
**नवनवइ चरमसमये, चउदंसणनाणविग्घंतो ॥ ३० ॥**

**ગાથાર્થ-** સૂક્ષ્મસંપરાય ગુણઠાણે ૧૦૨ ની સત્તા હોય છે. તેમાંથી સંજ્વલન લોભની સત્તા જવાથી બારમાના દ્વિચરમ સમય સુધી ૧૦૧ ની સત્તા હોય છે. તેમાંથી બે નિદ્રાનો ક્ષય થવાથી બારમાના ચરમસમયે ૯૯ ની સત્તા હોય છે. તેમાંથી ચાર દર્શનાવરણીય, પાંચ જ્ઞાનાવરણીય, અને પાંચ અંતરાય એમ કુલ ૧૪ ની સત્તાનો ક્ષય થવાથી (તેરમા ગુણઠાણે ૮૫ ની સત્તા હોય છે) ૩૦.

**पणसीइ सजोगि अजोगि, दुचरिमे देवखगइगंधदुगं ।**
**फासट्ठ वन्नरसतणु-बंधण-संघायपण निमिणं ॥ ३१ ॥**
**संघयण अथिर संठाण, छक्क अगुरुलहु चउ अपज्जत्तं ।**
**सायं व असायं वा, परित्तुवंगतिग सुसर नियं ॥ ३२ ॥**

**ગાથાર્થ=** સયોગી ગુણઠાણે ૮૫ પ્રકૃતિઓની સત્તા હોય છે. તથા અયોગી ગુણઠાણાના દ્વિચરમ સમય સુધી ૮૫ ની સત્તા હોય છે. ત્યાં દ્વિચરમ સમયે દેવદ્વિક, વિહાયોગતિદ્વિક, ગંધદ્વિક, સ્પર્શ આઠ, વર્ણ પાંચ, રસ પાંચ, શરીર પાંચ, બંધન પાંચ, સંઘાતન પાંચ, નિર્માણનામકર્મ, સંઘયણ છ, અસ્થિર ષટ્ક, સંસ્થાન છ, અગુરુલઘુ ચતુષ્ક, અપર્યાપ્તનામકર્મ, સાતા-અસાતા બેમાંથી એક, પ્રત્યેકત્રિક, ઉપાંગત્રિક, સુસ્વર, અને નીચગોત્ર. (એમ ૭૨ પ્રકૃતિની સત્તાનો ક્ષય થવાથી ચૌદમાના ચરમસમયે ૧૩ પ્રકૃતિઓની સત્તા હોય છે) ૩૧. ૩૨.

**बिसयरिखओ य चरिमे, तेरस मणुयतसतिगजसाइज्जं ।**
**सुभगजिणुच्चपणिंदिय, सायासाएगयरछेओ ॥ ३३ ॥**

**ગાથાર્થ=** ચૌદમા ગુણઠાણાના દ્વિચરમ સમયે ૭૨ નો ક્ષય થવાથી ચરમ સમયે ૧૩ ની સત્તા હોય છે. તે આ પ્રમાણે-મનુષ્યત્રિક, ત્રસત્રિક, યશનામકર્મ, આદેયનામકર્મ, સૌભાગ્ય, જિનનામકર્મ, ઉચ્ચગોત્ર, પંચેન્દ્રિય જાતિ, અને સાતા અસાતા બેમાંથી એક, એમ ૧૩ ની સત્તાનો ચૌદમા ગુણઠાણાના ચરમ સમયે વિનાશ થાય છે. ૩૩.

**नर अणुपुव्वि विणा वा, बारस चरिमसमयंमि जो खविउं।**
**पत्तो सिद्धिं देविंदवंदियं नमह तं वीरं ॥ ३४ ॥**

**ગાથાર્થ=** અથવા મનુષ્યાનુપૂર્વી વિના ચૌદમા ગુણઠાણાના ચરમ સમયે ૧૨ પ્રકૃતિઓની સત્તા ખપાવીને જે ભગવાન્ સિદ્ધિપદને પામ્યા છે, તે દેવેન્દ્રો વડે વંદાયેલા વીર ભગવાન્‌ને તમે નમસ્કાર કરો. ૩૪.

**॥ નવ્ય દ્વિતીય કર્મગ્રન્થ સમાપ્ત ॥**

# પૂ. આ. શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ. વિરચિત
# બંધસ્વામિત્વનામા તૃતીય કર્મગ્રંથ
## (નવ્યકર્મગ્રંથ)

**बंधविहाणविमुक्कं, वंदिय सिरिवद्धमाणजिणचंदं ।**
**गइयाईसु वुच्छं, समासओ बंधसामित्तं ॥ १ ॥**

**ગાથાર્થ-** કર્મબંધના સર્વપ્રકારોથી વિશેષે કરીને સર્વથા મુકાયેલા એવા શ્રી મહાવીર પરમાત્માને વંદન કરીને ગતિ આદિ **બાસઠ માર્ગણાઓ** ઉપર હું બંધસ્વામિત્વને સંક્ષેપથી કહીશ. ૧.

**गइ इंदिए य काए, जोए वेए कसाय नाणे य ।**
**संजमदंसणलेसा, भव सम्मे सन्नि आहारे ॥ २ ॥**

**ગાથાર્થ-** (૧) ગતિ, (૨) ઇન્દ્રિય, (૩) કાય, (૪) યોગ, (૫) વેદ, (૬) કષાય, (૭) જ્ઞાન, (૮) સંયમ, (૯) દર્શન, (૧૦) લેશ્યા, (૧૧) ભવ્ય, (૧૨) સમ્યક્ત્વ, (૧૩) સંજ્ઞી અને (૧૪) આહારી, એમ માર્ગણાના ૧૪ મૂલભેદો છે. ૨.

**जिण सुरविउव्वाहारदु, देवाउ य निरयसुहुमविगलतिगं ।**
**एगिंदि थावरायव, नपु-मिच्छं हुंड छेवट्ठं ॥ ३॥**
**अणमज्झागिइसंघयण-कुखगइनियइत्थिदुहगथीणतिगं ।**
**उज्जोय तिरिदुगं, तिरिनराउ नरउरलदुगरिसहं ॥ ४॥ युग्मम्**

**ગાથાર્થ-** જિનનામ, દેવદ્વિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, દેવાયુષ્ય, નરકત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક, એકેન્દ્રિયત્રિક, (એકેન્દ્રિયજાતિ, સ્થાવર-આતપ) -નપુસંકવેદ, મિથ્યાત્વ, હુંડક, છેવટ્ઠુંસંઘયણ ૩.

અનંતાનુબંધી ચારકષાય, મધ્યના ચાર સંસ્થાન, મધ્યના ચાર સંઘયણ, અશુભ વિહાયોગતિ, નીચગોત્ર, સ્ત્રીવેદ, દૌર્ભાગ્યત્રિક, થીણદ્ધિત્રિક, ઉદ્યોત, તિર્યંચદ્વિક, તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય, મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક, અને વજ્રઋષભનારાચ સંઘયણ. ૪. (આ બન્ને ગાથા સાથે જાણવી.)

**सुरइगुणवीसवज्जं, इगसउ ओहेण बंधहिं निरया ।**
**तित्थ विणा मिच्छि सयं, सासणि नपु चउ विणा छनुई ॥५ ॥**

**ગાથાર્થ-** પ્રથમની ત્રણ નરકના જીવો દેવદ્વિક આદિ ૧૯ પ્રકૃતિઓ વર્જીને ઓઘે ૧૦૧ પ્રકૃતિઓ બાંધે છે. તેમાંથી તીર્થંકર નામકર્મ વિના મિથ્યાત્વે સો પ્રકૃતિ બાંધે છે. અને સાસ્વાદને નપુંસક ચતુષ્ક વિના છન્નુ કર્મપ્રકૃતિઓ બાંધે છે. ૫.

**विणु अणछवीस मीसे, बिसयरि सम्मंमि जिणनराउ जुया ।**
**इय रयणाइसु भंगो, पंकाइसु तित्थयरहीणो ॥ ६॥**

**ગાથાર્થ-** અનંતાનુબંધી આદિ છવ્વીશ પ્રકૃતિઓ વિના ત્રીજે ગુણઠાણે પ્રથમની ૩ નરકના જીવો ૭૦ બાંધે છે અને તીર્થંકરનામકર્મ તથા મનુષ્યાયુષ્ય યુક્ત કરવાથી ૭૨ પ્રકૃતિઓ અવિરતસમ્યગ્દષ્ટિ ગુણઠાણે બાંધે છે. આ પ્રકાર માત્ર પ્રથમની રત્નપ્રભા આદિ ત્રણ નરકમાં જાણવો. પંકપ્રભા આદિમાં આ જ બંધ તીર્થંકરનામકર્મ વિના જાણવો. ૬.

**अजिणमणुआउ ओहे, सत्तमिए नरदुगुच्चविणु मिच्छे ।**
**इगनवई सासाणे, तिरिआउ नपुंसचउवज्जं ॥ ७॥**

**શબ્દાર્થ=** સાતમી નરકમાં તીર્થંકરનામકર્મ અને મનુષ્યાયુષ્ય વિના ઓઘે ૯૯ બંધાય છે. મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર વિના મિથ્યાત્વે ૯૬ બંધાય છે. અને તિર્યંચાયુષ્ય તથા નપુંસકચતુષ્ક વર્જીને સાસ્વાદને ૯૧ પ્રકૃતિઓ બંધાય છે. ૭.

**अणचउवीसविरहिया, सनरदुगुच्चा य सयरि मीसदुगे ।**
**सतरसओ ओहि मिच्छे, पज्जतिरिया विणु जिणाहारं ॥ ८॥**

**ગાથાર્થ-** સાતમી નરકના જીવો મિશ્ર અને અવિરતિ ગુણઠાણે અનંતાનુબંધી આદિ ૨૪ વિના અને મનુષ્યદ્વિક તથા ઉચ્ચગોત્ર સહિત ૭૦ પ્રકૃતિઓ બાંધે છે. પર્યાપ્તા તિર્યંચો ઓઘે તથા મિથ્યાત્વે જિનનામ અને આહારકદ્વિક વિના ૧૧૭ પ્રકૃતિ બાંધે છે. ૮.

**विणु निरयसोल सासणि, सुराउ अण एगतीस विणु मीसे ।**
**ससुराउ सयरि सम्मे, बीयकसाए विणा देसे ॥ ९॥**

**ગાથાર્થ-** નરકત્રિકાદિ ૧૬ પ્રકૃતિ વિના ૧૦૧ પ્રકૃતિઓ સાસ્વાદને, અનંતાનુબંધી આદિ ૩૧ અને દેવાયુષ્ય વિના મિશ્રે ૬૯, દેવાયુષ્ય સહિત સમ્યક્ત્વે ૭૦, અને બીજા કષાય વિના દેશવિરતિએ ૬૬ પ્રકૃતિઓ પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચો બાંધે છે. ૯.

**इय चउगुणेसु वि नरा, परमजया सजिण ओहु देसाई ।**
**जिणइक्कारसहीणं, नवसउ अपज्जत्ततिरियनरा ॥ १०॥**

**ગાથાર્થ-** મનુષ્યગતિ માર્ગણામાં પણ ચાર ગુણઠાણાઓમાં આ જ પ્રમાણે બંધ જાણવો, પરંતુ ચોથા અવિરતિ ગુણઠાણાવાળા મનુષ્યો જિનનામકર્મ સહિત બંધ કરે છે. દેશવિરતિ આદિ ગુણઠાણાઓમાં ઓઘબંધ સમજવો, તીર્થંકરનામકર્માદિ ૧૧ વિના બાકીની ૧૦૯ પ્રકૃતિઓ અપર્યાપ્ત તિર્યંચ-મનુષ્યો બાંધે છે. ૧૦.

**निरय व्व सुरा नवरं, ओहे मिच्छे इगिंदितिगसहिया ।**
**कप्पदुगे वि य एवं, जिणहीणो जोइभवणवणे ॥ ११ ॥**

**ગાથાર્થ-** દેવો નરકગતિની જેમ બાંધે છે. પરંતુ ઓઘે અને મિથ્યાત્વે એકેન્દ્રિયત્રિક સહિત બંધ જાણવો. પ્રથમના બે દેવલોકમાં આ પ્રમાણે બંધ સમજવો, પરંતુ જ્યોતિષ, ભવનપતિ અને વ્યંતરમાં તીર્થંકરનામકર્મ વિના બંધ જાણવો. ૧૧.

**रयणु व्व सणंकुमाराइ, आणयाई उज्जोय चउरहिया ।**
**अपज्जतिरियव्व नवसय-मिगिंदिपुढविजलतरुविगले ॥ १२ ॥**

**ગાથાર્થ-** સનત્કુમારાદિ દેવો રત્નપ્રભા નારકીની જેમ જ બંધ કરે છે. આનતાદિ દેવલોકના દેવો ઉદ્યોતચતુષ્કરહિત બંધ કરે છે. એકેન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય અને વિકલેન્દ્રિયના જીવો અપર્યાપ્ત તિર્યંચોની જેમ ૧૦૯ બાંધે છે. ૧૨.

**छनवइ सासणि विणु, सुहुमतेर केइ पुण बिंति चउनवइ।**
**तिरियनराऊहिं विणा, तणुपज्जत्तिं न जंति जओ ॥ १३ ॥**

**ગાથાર્થ-** આ સાત માર્ગણાવાળા જીવો સૂક્ષ્માદિ ૧૩ પ્રકૃતિ વિના ૯૬ કર્મપ્રકૃતિઓ સાસ્વાદને બાંધે છે. વળી કેટલાક આચાર્યો તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય વિના સાસ્વાદને ૯૪ પ્રકૃતિઓ આ જીવ બાંધે છે એમ માને છે. કારણ કે સાસ્વાદન હોતે છતે તો તે જીવો શરીરપર્યાપ્તિ પણ પૂર્ણ કરતા નથી. ૧૩.

**ओहु पणिंदितसे, गइतसे जिणिक्कार नरतिगुच्चविणा ।**
**मणवयजोगे ओहो, उरले नरभंगु तम्मिस्से ॥ १४ ॥**

**ગાથાર્થ-** પંચેન્દ્રિયજાતિ અને ત્રસકાયમાર્ગણામાં ઓઘબંધ જાણવો. ગતિત્રસમાં જિનનામકર્મ વગેરે અગિયાર, મનુષ્યત્રિક અને ઉચ્ચગોત્ર વિના શેષ ૧૦૫ નો બંધ જાણવો, મનોયોગ અને વચનયોગમાં ઓઘબંધ હોય છે.

ઔદારિકકાયયોગમાં મનુષ્યના બંધનો પ્રકાર જાણવો. હવે ઔદારિક મિશ્રમાં બંધ (આગળની ગાથામાં) કહે છે. ૧૪.

**आहारछगविणोहे, चउदससउमिच्छिजिणपणगहीणं ।**
**सासणि चउनवइ विणा, नरतिरिआऊ सुहुमतेर ॥ १५ ॥** [ तिरिअनराऊ ]

**ગાથાર્થ**- ઔદારિક મિશ્ર કાયયોગમાં આહારક ષટ્ક વિના ઓઘે ૧૧૪ બંધાય છે. તીર્થંકર નામકર્માદિ પાંચપ્રકૃતિઓ વિના મિથ્યાત્વે ૧૦૯ બંધાય છે. અને મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય તથા સૂક્ષ્માદિ ૧૩ વિના સાસ્વાદને ૯૪ બંધાય છે. ૧૫.

**अणचउवीसाइ विणा, जिणपणजुय सम्मि जोगिणो सायं ।**
**विणु तिरिनराउ कम्मेवि, एवमाहारदुगि ओहो ॥ १६ ॥**

**ગાથાર્થ**- ઔદારિક મિશ્રકાયયોગમાં સમ્યક્ત્વગુણઠાણે અનંતાનુબંધી ચોવીશ વગેરે વિના અને તીર્થંકર નામકર્માદિ પાંચ યુક્ત કરતાં ૭૫ નો બંધ થાય છે. સયોગી ગુણઠાણે એક સાતા જ બંધાય છે. કાર્મણકાયયોગમાં પણ તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય વિના આ જ પ્રમાણે બંધ જાણવો, આહારકના બે યોગમાં ઓઘબંધ જાણવો. ૧૬.

**सुरओहो वेउव्वे, तिरियनराउरहिओ य तम्मिस्से ।**
**वेयतिगाइमबियतिय कसाय नव दु चउ-पंच गुणे ॥१७॥**

**ગાથાર્થ**- વૈક્રિયકાયયોગમાં દેવગતિની જેમ બંધ સામાન્યપણે જાણવો, વૈક્રિયમિશ્રકાયયોગમાં તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય રહિત બંધ જાણવો. વેદત્રિક, પ્રથમ-દ્વિતીય, અને તૃતીય કષાયમાં અનુક્રમે નવ-બે-ચાર અને પાંચ ગુણઠાણાં હોય છે. ૧૭.

**संजलणतिगे नव दस, लोभे चउ अजइ दुति अनाणतिगे ।**
**बारस अचक्खुचक्खुसु, पढमा अहक्खाय चरमचऊ ॥१८॥**

**ગાથાર્થ**- સંજ્વલન ત્રિકમાં ૯, લોભમાં ૧૦, અવિરતિ ચારિત્રમાં ૪, અજ્ઞાનત્રિકમાં ૨ અથવા ૩, અચક્ષુર્દર્શન અને ચક્ષુર્દર્શનમાં પ્રથમનાં ૧૨, અને યથાખ્યાતમાં છેલ્લાં ચાર ગુણસ્થાનકો હોય છે. ૧૮.

**मणनाणि सग जयाई, समइयच्छेय चउ दुन्नि परिहारे ।**
**केवलदुगि दो चरमा, ऽजयाइ नव मइसुओहि दुगे ॥१९॥**

**ગાથાર્થ**- પ્રમત્તથી સાત ગુણઠાણાં મનઃપર્યવજ્ઞાનમાં, ચાર ગુણઠાણાં સામાયિક-છેદોપસ્થાપનીયમાં, બે ગુણઠાણાં પરિહારવિશુદ્ધિમાં, છેલ્લાં બે ગુણઠાણાં કેવલદ્વિકમાં, અને અવિરતિ આદિ નવ ગુણઠાણાં મતિ-શ્રુતજ્ઞાન અને અવધિદ્વિકમાં હોય છે. ૧૯.

**अड उवसमि चउ वेयगि, खइए इक्कार मिच्छतिगि देसे ।**
**सुहुमि सठाणं तेरस, आहारगि नियनियगुणोहो ॥ २०॥**

**ગાથાર્થ**- અવિરતિ આદિ આઠ ગુણઠાણાં ઉપશમમાં, ચાર ગુણઠાણાં ક્ષયોપશમમાં, અગિયાર ગુણઠાણાં ક્ષાયિકમાં હોય છે. મિથ્યાત્વત્રિકમાં, દેશવિરતિમાં, અને સૂક્ષ્મસંપરાયમાં પોતપોતાનું ગુણઠાણું હોય છે. આહારીમાર્ગણામાં તેર ગુણઠાણાં હોય છે. સર્વત્ર પોતપોતાના ગુણઠાણાનો ઓઘબંધ જાણવો. ૨૦.

**परमुवसमि वट्टंता, आउ न बंधंति तेण अजयगुणे,**
**देवमणुआउहीणो, देसाइसु पुण सुराउ विणा ॥ २१॥**

**ગાથાર્થ**- પરંતુ ઉપશમ સમ્યક્ત્વમાં વર્તતા જીવો પરભવનું આયુષ્ય બાંધતા નથી. તેથી અવિરતિ ગુણઠાણે દેવ અને મનુષ્યના આયુષ્યબંધ વિના બંધ જાણવો, અને વળી દેશવિરતિ વગેરે ગુણઠાણાઓમાં દેવાયુષ્યના બંધ વિના બંધ જાણવો. ૨૧.

**ओहे अट्ठारसयं, आहारदुगूण आइलेसतिगे ।**
**तं तित्थोणं मिच्छे, साणाइसु सव्वहिं ओहो ॥ २२ ॥**

**ગાથાર્થ-** પ્રથમની ત્રણ લેશ્યામાં આહારકદ્વિક વિના ઓઘે ૧૧૮ કર્મપ્રકૃતિઓ બંધાય છે. તેમાંથી તીર્થંકર નામકર્મ વિના મિથ્યાત્વે ૧૧૭ બંધાય છે. અને સાસ્વાદનાદિ સર્વ ગુણઠાણાઓમાં (આ ત્રણ લેશ્યામાં) ઓઘબંધ જાણવો. ૨૨.

**तेऊ निरयनवूणा, उज्जोयचउनरयबार विणु सुक्का ।**
**विणु निरयबार पम्हा, अजिणाहारा इमा मिच्छे ॥ २३॥**

**ગાથાર્થ-** નરકત્રિકાદિ નવ વિના તેજોલેશ્યામાં, ઉદ્યોતચતુષ્ક અને નરકત્રિકાદિ બાર વિના શુક્લલેશ્યામાં, અને નરકાદિ બાર વિના પદ્મ લેશ્યામાં બંધ હોય છે. આ સર્વબંધમાંથી જિનનામ અને આહારકદ્વિક ન્યૂન કરીએ તો તેટલો મિથ્યાત્વગુણઠાણે બંધ જાણવો. ૨૩.

**सव्वगुणभव्वसन्निसु, ओहु अभव्वा असन्निमिच्छिसमा ।**
**सासणिअसन्नि सन्निव, कम्मणभंगो अणाहारे ॥ २४॥**

**ગાથાર્થ-** ભવ્ય અને સંજ્ઞી માર્ગણામાં સર્વગુણઠાણે ઓઘબંધ જાણવો. અભવ્ય અને અસંજ્ઞીમાં મિથ્યાત્વે બંધ સમાન છે. અસંજ્ઞીમાં સાસ્વાદને સંજ્ઞીની જેમ છે. અને અણાહારી માર્ગણામાં કાર્મણ કાયયોગની જેમ બંધ જાણવો. ૨૪.

**तिसु दुसु सुक्काइ गुणा, चउ सग तेरत्ति बन्धसामित्तं ।**
**देविंदसूरिलिहियं, नेयं कम्मत्थयं सोउं ॥ २५ ॥**

**ગાથાર્થ-** પ્રથમની ત્રણ લેશ્યામાં, તેજો અને પદ્મમાં, અને શુક્લ લેશ્યામાં અનુક્રમે ચાર-સાત અને તેરગુણસ્થાનકો છે. આ પ્રમાણે બંધ સ્વામિત્વ નામનો આ ત્રીજો કર્મગ્રન્થશ્રી દેવેન્દ્રસૂરીજી વડે લખાયેલો છે. તે કર્મસ્તવને ભણીને જાણવા જેવો છે. ૨૫.

**॥ નવ્ય તૃતીય કર્મગ્રન્થ સમાપ્ત ॥**

# પૂ. આ. શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ. વિરચિત
# ષડશીતિ ચતુર્થ કર્મગ્રંથ
# (નવ્યકર્મગ્રંથ)

**नमिय जिणं जियमग्गण-गुणठाणुवओगजोगलेसाओ ॥**
**बंधप्पबहूभावे, संखिज्जाइ किमवि वुच्छं ॥१॥**

**ગાથાર્થ:-** જિનેશ્વર પરમાત્માને નમસ્કાર કરીને. (૧) જીવસ્થાનક, (૨) માર્ગણાસ્થાનક, (૩) ગુણસ્થાનક, (૪) ઉપયોગ, (૫) યોગ, (૬) લેશ્યા, (૭) બંધાદિ, (૮) અલ્પબહુત્વ, (૯) પાંચ ભાવો, અને (૧૦) સંખ્યાતાદિનું કંઈક સ્વરૂપ હું કહીશ. ૧.

**नमिय जिणं वत्तव्वा, चउदस जिअठाणएसु गुणठाणा ।**
**जोगुवओगलेसा, बंधुदओदीरणा सत्ता ॥१॥**

**ગાથાર્થ:-** જિનેશ્વર પરમાત્માને નમસ્કાર કરીને ચૌદ જીવ સ્થાનકોને વિષે ગુણસ્થાનકો, યોગ, ઉપયોગ, લેશ્યા, અને બંધ ઉદય-ઉદીરણા તથા સત્તા એમ આઠ દ્વાર કહેવાશે. ૨.

**तह मूलचउदमग्गण-ठाणेसु बासट्ठि-उत्तरेसुं च ।**
**जिअगुणजोगुवओगा-लेसप्पबहुं च छट्ठाणा ॥२॥**

**ગાથાર્થ:-** તથા મૂલ ચૌદ માર્ગણાસ્થાનક અને ઉત્તર બાસઠ માર્ગણા-સ્થાનકોને વિષે જીવસ્થાનક-ગુણસ્થાનક-યોગ-ઉપયોગ-લેશ્યા- અને અલ્પબહુત્વ એમ છ દ્વારો સમજાવાશે. ૩.

**चउदसगुणेसु जिअ-जोगुवओग-लेसा य बंधहेऊ य ।**
**बंधाइ चउ अप्पा-बहुं च तो भावसंखाई ॥३॥**

**ગાથાર્થ:-** ચૌદ ગુણસ્થાનકોને વિષે જીવસ્થાનક, યોગ, ઉપયોગ, લેશ્યા, બંધહેતુ, બંધાદિ ચાર, અને અલ્પબહુત્વ એમ ૧૦ દ્વારો કહીને ત્યારબાદ ભાવ અને સંખ્યાદિનું સ્વરૂપ કહેવાશે. ૪.

**इह सुहुमबायरेगिंदि-बितिचउअसन्निसन्नि पंचिंदी ।**
**अपज्जत्ता पज्जत्ता, कमेण चउदस जियठाणा ॥२॥**

**ગાથાર્થ** :- અહીં સૂક્ષ્મએકેન્દ્રિય, બાદર એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય આ સાત અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ કુલ ચૌદ જીવસ્થાનકો જાણવાં. ૨.

**बायरअसन्निविगले, अपज्जि पढमबिअसन्निअपजत्ते ।**
**अजयजुअ सन्निपज्जे, सव्वगुणा मिच्छ सेसेसु ॥३॥**

**ગાથાર્થ** :- બાદરએકેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, અને વિકલેન્દ્રિય આ પાંચ અપર્યાપ્તા જીવભેદોમાં પ્રથમ અને દ્વિતીય એમ બે ગુણસ્થાનક હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તામાં અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનક સહિત ઉપરોક્ત બે, એમ કુલ ૩ ગુણસ્થાનક હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં સર્વગુણસ્થાનક હોય છે. બાકીના સાત જીવભેદોમાં માત્ર મિથ્યાત્વગુણસ્થાનક જ હોય છે. ૩.

**अपजत्तछक्कि कम्मुरल-मीसजोगा अपज्जसंनीसु।**
**ते सविउव्वमीस एसु, तणुपज्जेसु उरलमन्ने॥ ४ ॥**

**ગાથાર્થ** :- છ અપર્યાપ્તામાં કાર્મણ અને ઔદારિકમિશ્ર કાયયોગ. સંજ્ઞી અપર્યાપ્તામાં વૈક્રિયમિશ્રયોગ સહિત કુલ ૩ યોગ હોય છે. પરંતુ અન્ય આચાર્યો આ સાત અપર્યાપ્તા જીવભેદોમાં શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા થાય ત્યારે (મિશ્રને બદલે) ઔદારિક કાયયોગ માને છે. ૪.

**सव्वे सन्निपजत्ते, उरलं सुहुमे सभासु तं चउसु ।**
**बायरि सविउव्विदुगं, पजसन्निसु बार उवओगा ॥५॥**

**ગાથાર્થ**- સંજ્ઞી પર્યાપ્તામાં સર્વ યોગો હોય છે. સૂક્ષ્મ પર્યાપ્તામાં માત્ર ઔદારિક કાયયોગ હોય છે. (અસત્યામૃષા) ભાષા સહિત તે જ ઔદારિકકાયયોગ એમ ૨ યોગ ચાર પર્યાપ્તા જીવભેદમાં હોય છે. બાદર એકેન્દ્રિય પર્યાપ્તામાં તે જ ઔદારિકકાયયોગ વૈક્રિયદ્વિક સહિત હોય છે. અને સંજ્ઞી પર્યાપ્તામાં બાર ઉપયોગ હોય છે. ૫.

**पज चउरिंदि असन्निसु, दुदंस दुअनाण दससु चक्खु विणा।**
**संनि अपज्जे मणनाण-चक्खु-केवलदुगविहुणा॥ ६॥**

**ગાથાર્થ-** પર્યાપ્તા ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયમાં બે દર્શન અને બે અજ્ઞાન એમ ૪ ઉપયોગ હોય છે. દશ જીવભેદોમાં આ જ ચાર ઉપયોગોમાંથી એક ચક્ષુર્દર્શન વિના બાકીના ત્રણ ઉપયોગો હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તામાં મનઃપર્યવજ્ઞાન, ચક્ષુર્દર્શન, કેવલજ્ઞાન અને કેવલદર્શન એમ કુલ ચાર ઉપયોગ વિના બાકીના આઠ ઉપયોગો હોય છે. ૬.

**सन्नि दुगि छलेस, अपज्जबायरे पढम चउ ति सेसेसु।**
**सत्तट्ठ बंधुदीरण, संतुदया अट्ठ तेरससु ॥ ७॥**

**ગાથાર્થ :-** સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે જીવભેદમાં છ એ લેશ્યા હોય છે. અપર્યાપ્તા બાદર એકેન્દ્રિયમાં પ્રથમની ચાર લેશ્યા હોય છે. શેષ જીવસ્થાનકોમાં ત્રણ લેશ્યા હોય છે. તથા તેર જીવસ્થાનકોમાં સાત-આઠ કર્મોનો બંધ અને ઉદીરણા હોય છે. તથા આઠ કર્મોની સત્તા અને ઉદય હોય છે. ૭.

**सत्तट्ठछेगबंधा, संतुदया सत्त अट्ठ चत्तारि।**
**सत्तट्ठछपंचदुगं, उदीरणा सन्निपज्जत्ते॥ ८॥**

**ગાથાર્થ :-** સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં બંધ સાત-આઠ-છ અને એકનો હોય છે. સત્તા અને ઉદય સાત-આઠ અને ચારનાં હોય છે. તથા ઉદીરણા સાત-આઠ-છ-પાંચ અને બેની જ હોય છે. ૮.

**गइ इंदिए य काए, जोए वेए कसायनाणेसु ।**
**संजम दंसण लेसा, भवसम्मे सन्निआहारे ॥ ९॥**

**ગાથાર્થ :-** (૧) ગતિ, (૨) ઇન્દ્રિય, (૩) કાય, (૪) યોગ, (૫) વેદ, (૬) કષાય, (૭) જ્ઞાન, (૮) સંયમ, (૯) દર્શન, (૧૦) લેશ્યા. (૧૧) ભવ્ય, (૧૨) સમ્યક્ત્વ, (૧૩) સંજ્ઞી, (૧૪) આહારી. એમ કુલ ૧૪ મૂલ માર્ગણાઓ છે. તેના ૬૨ ઉત્તરભેદો છે. ૯.

**सुरनरतिरिनिरयगई, इगबियतियचउपणिंदि छक्काया।**
**भूजलजलणानिलवणतसा य मणवयणतणुजोगा॥ १०॥**

**ગાથાર્થઃ** - દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક એમ ચાર ગતિ છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અને પંચેન્દ્રિય એમ પાંચ જાતિ છે. પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ એમ છ કાય છે. તથા મન, વચન, અને કાયયોગ એમ ત્રણ યોગો છે. ૧૦.

**वेय नरित्थि नपुंसा, कसाय-कोह-मय-माय-लोभ त्ति ।**
**मइसुयवहिमणकेवल-विभंगमइसुअनाणसागारा ॥११॥**

**ગાથાર્થ** - પુરુષવેદ, સ્ત્રીવેદ, અને નપુંસકવેદ એમ ત્રણ પ્રકારના વેદ છે. ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર કષાયો છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અને વિભંગજ્ઞાન એમ કુલ આઠ જ્ઞાનોપયોગ છે. ૧૧.

**सामाइय छेय परिहार, सुहुम अहखाय देस जय अजया ।**
**चक्खु अचक्खू ओही, केवल दंसण अणागारा ॥ १२॥**

**ગાથાર્થ**- સામાયિક-છેદોપસ્થાપનીય-પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત. દેશવિરતિ અને અવિરતિ એમ ચારિત્રના સાત ભેદ જાણવા. તથા ચક્ષુર્દર્શન, અચક્ષુર્દર્શન, અવધિદર્શન અને કેવલદર્શન એમ ચાર અનાકાર ઉપયોગ જાણવા. ૧૨.

**किण्हा नीला काउ, तेऊ पम्हा य सुक्क भव्वियरा ।**
**वेयग खइगुवसम मिच्छ, मीस सासाण सन्नियरे ॥१३॥**

**ગાથાર્થઃ**- કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, અને શુક્લ એમ છ લેશ્યા જાણવી. ભવ્ય, અભવ્ય, ક્ષાયોપશમિક, ક્ષાયિક, ઔપશમિક, મિથ્યાત્વ, મિશ્ર અને સાસ્વાદન, તથા સંજ્ઞી અને અસંજ્ઞી માર્ગણા જાણવી. ૧૩.

**आहारेयर भेया, सुरनरयविभंगमइसुओहिदुगे ।**
**सम्मत्ततिगे पम्हा, सुक्कासन्नीसु सन्निदुगं ॥१४॥**

**ગાથાર્થ** :- આહારી અને અણાહારી એમ માર્ગણાના કુલ બાસઠ ઉત્તર ભેદો જાણવા. દેવ, નરક, વિભંગજ્ઞાન, મતિ, શ્રુત, અવધિદ્વિક સમ્યક્ત્વત્રિક, પદ્મ, શુક્લલેશ્યા, અને સંજ્ઞીમાર્ગણામાં સંજ્ઞીદ્વિક હોય છે. ૧૪.

**तमसन्निअपज्जजुयं, नरे सबायर अपज्ज तेउए।**
**थावर इगिंदि पढमा, चउ बार असन्नि दुदु विगले॥ १५॥**

**ગાથાર્થ** :- મનુષ્યગતિમાં તે (ઉપરોક્ત) બે જીવભેદોને અસંજ્ઞી અપર્યાપ્તાયુક્ત કરતાં કુલ ૩ જીવભેદ હોય છે. તેજોલેશ્યામાં તે (ઉપરોક્ત) બે જીવભેદોને બાદરઅપર્યાપ્તા સહિત કરતાં કુલ ૩ જીવભેદ હોય છે. પાંચ સ્થાવર અને એકેન્દ્રિય માર્ગણામાં પ્રથમનાં ચાર જીવસ્થાનક હોય છે. અસંજ્ઞીમાર્ગણામાં બાર જીવસ્થાનક, અને વિકલેન્દ્રિયમાં બે બે જીવસ્થાનક હોય છે. ૧૫.

**दस चरम तसे अजयाहारगतिरितणुकसायदुअन्नाणे ।**
**पढमतिलेसाभवियर अचक्खुनपुमिच्छि सव्वे वि ॥१६॥**

**ગાથાર્થ** :- ત્રસકાયમાં અન્તિમ ૧૦ જીવસ્થાનક, અવિરતિ, આહારી, તિર્યંચગતિ, કાયયોગ, ચારકષાય, બે અજ્ઞાન, પ્રથમની ત્રણ લેશ્યા, ભવ્ય, અભવ્ય, અચક્ષુર્દર્શન, નપુંસકવેદ, અને મિથ્યાત્વમાર્ગણામાં સર્વે જીવભેદ સંભવે છે ૧૬.

**पजसन्नी केवलदुगे, संजममणनाण देसमणमीसे ।**
**पण चरिम पज्ज वयणे, तिय छ व पज्जियर चक्खुंमि ॥१७॥**

**ગાથાર્થ** :- કેવલદ્વિક, પાંચ સંયમ, મનઃપર્યવજ્ઞાન, દેશવિરતિ, મનોયોગ, મિશ્રસમ્યક્ત્વ, એમ કુલ ૧૧ માર્ગણામાં માત્ર પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય એક જ જીવભેદ હોય છે. વચનયોગમાં છેલ્લા પાંચ પર્યાપ્તા જીવભેદ સંભવે છે અને ચક્ષુર્દર્શનમાં ત્રણ અથવા છ જીવભેદ હોય છે. ૧૭.

**थीनरपणिंदि चरमा चउ, अणहारे दु सन्नि छ अपज्जा ।**
**ते सुहुम अपज्ज विणा, सासणि इत्तो गुणे वुच्छं ॥१८॥**

**ગાથાર્થ** :- સ્ત્રીવેદ, પુરુષવેદ અને પંચેન્દ્રિયમાર્ગણામાં અન્તિમ ચાર જીવસ્થાનક હોય છે. અણાહારી માર્ગણામાં સંજ્ઞીપર્યાપ્તા-અપર્યાપ્તા બે, અને છ

અપર્યાપ્તા એમ કુલ ૮ જીવભેદ હોય છે. તે આઠમાંથી સૂક્ષ્મ અપર્યાપ્તા વિના શેષ ૭ જીવભેદ સાસ્વાદને હોય છે. હવે પછી આ જ બાસઠ માર્ગણાઓ ઉપર અમે ચૌદ ગુણસ્થાનક કહીશું. ૧૮.

**पण तिरि चउ सुरनिरए, नरसंनिपणिंदिभव्वतसि सव्वे ।**
**इगविगलभूदगवणे, दु दु एगं गइतसअभव्वे ॥ १९ ॥**

**ગાથાર્થ :-** તિર્યંચગતિમાં ૫ ગુણસ્થાનક, દેવ-નરકગતિમાં ચાર ગુણસ્થાનક, મનુષ્યગતિ, સંજ્ઞી, પંચેન્દ્રિય, ભવ્ય અને ત્રસકાયમાર્ગણામાં સર્વગુણસ્થાનક હોય છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય, અને વનસ્પતિકાયમાં બે બે ગુણસ્થાનક, ગતિત્રસ અને અભવ્યમાં એક જ ગુણસ્થાનક હોય છે. ૧૯.

**वेय तिकसाय नव दस, लोभे चउ अजइ दु ति अनाणतिगे ।**
**बारस अचक्खुचक्खुसु, पढमा अहखाइ चरम चऊ ॥ २० ॥**

**ગાથાર્થ :-** ત્રણ વેદ, ક્રોધાદિ ત્રણ કષાય એમ છ માર્ગણામાં નવ, લોભમાં દશ, અવિરતિમાં ચાર, અજ્ઞાનત્રિકમાં બે અથવા ત્રણ, અચક્ષુર્દર્શન અને ચક્ષુર્દર્શનમાં પ્રથમનાં બાર, અને યથાખ્યાત ચારિત્રમાં છેલ્લાં ચાર ગુણસ્થાનકો હોય છે. ૨૦.

**मणनाणि सग जयाई, सामाइयछेय चउ दुन्नि परिहारे ।**
**केवलदुगि दो चरमा-जयाइ नव मइ सुओहिदुगे ॥ २१ ॥**

**ગાથાર્થ :-** મનઃપર્યવજ્ઞાનમાં પ્રમત્તાદિ સાત, સામાયિક અને છેદોપસ્થાપનીયમાં પ્રમત્તાદિ ચાર, પરિહારવિશુદ્ધિમાં પ્રમત્તાદિ બે, કેવલદ્વિકમાં છેલ્લાં બે, અને મતિ-શ્રુત-અવધિદ્વિકમાં અવિરતિ આદિ નવ ગુણસ્થાનકો હોય છે. ૨૧.

**अड उवसमि चउ वेअगि, खइए इक्कारमिच्छतिगि देसे ।**
**सुहुमे य सठ्ठाणं तेरस, जोग आहार सुक्काए ॥ २२ ॥**

**ગાથાર્થ :-** ઉપશમમાં આઠ, ક્ષયોપશમમાં ચાર, ક્ષાયિકમાં અગિયાર ગુણસ્થાનક હોય છે. મિથ્યાત્વત્રિક, દેશવિરતિ અને સૂક્ષ્મસંપરાયમાં પોતપોતાનું

એક-એક ગુણસ્થાનક હોય છે. ત્રણ યોગ, આહારી અને શુક્લલેશ્યામાં તેર ગુણસ્થાનકો હોય છે. ૨૨.

**असन्निसु पढमदुगं, पढमतिलेसासु छच्च दुसु सत्त ।**
**पढमंतिमदुगअजया, अणहारे मग्गणासु गुणा ॥ २३ ॥**

**ગાથાર્થ** - અસંજ્ઞીમાર્ગણામાં પ્રથમનાં બે, પ્રથમની ત્રણ લેશ્યામાં છ, તેજો-પદ્મ એમ બે લેશ્યામાં પ્રથમનાં સાત, અને અણાહારીમાં પહેલાં બે, છેલ્લાં બે અને અવિરતિ એમ કુલ પાંચ ગુણસ્થાનકો હોય છે આ પ્રમાણે ૬૨ માર્ગણાઓમાં ગુણસ્થાનકો કહ્યાં ૨૩.

**सच्चेअर मीस असच्चमोस मण वइ विउव्विआहारा ॥**
**उरलं मीसा कम्मण, इय जोगा कम्मअणहारे ॥ २४ ॥**

**ગાથાર્થ :-** સત્ય, અસત્ય, મિશ્ર, અસત્યામૃષા, એમ ચાર મનોયોગ એ જ પ્રમાણે ચાર વચનયોગ, વૈક્રિય, આહારક, ઔદારિક, આ જ ત્રણ મિશ્ર તથા કાર્મણ આ પ્રમાણે પંદર યોગો છે. અણાહારીમાં એક કાર્મણયોગ હોય છે. ૨૪.

**नरगइ पणिंदि तस तणु, अचक्खु नर नपु कसाय सम्मदुगे ।**
**सन्नि छलेसाहारग, भव मइसुओहिदुगि सव्वे ॥ २५ ॥ [ सुअ ओहि ]**

**ગાથાર્થ :-** મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, કાયયોગ, અચક્ષુર્દર્શન, પુરુષવેદ, નપુંસકવેદ, ચાર કષાય (ક્રોધાદિ), બે સમ્યક્ત્વ, સંજ્ઞી, છ લેશ્યા, આહારી, ભવ્ય, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિદ્વિકમાં સર્વ યોગો હોય છે. ૨૫.

**तिरि इत्थि अजय, सासण, अनाण उवसम अभव्व मिच्छेसु ।**
**तेराहार दुगूणा, ते उरलदुगूण सुरनिरए ॥ २६ ॥**

**ગાથાર્થ :-** તિર્યંચગતિ, સ્ત્રીવેદ, અવિરતિચારિત્ર, સાસ્વાદન, ત્રણ અજ્ઞાન, ઉપશમસમ્યક્ત્વ, અભવ્ય અને મિથ્યાત્વ એમ કુલ ૧૦ માર્ગણાસ્થાનોમાં આહારકદ્વિક વિના ૧૩ યોગો હોય છે. આ જ તેર યોગોમાંથી ઔદારિકદ્વિક વિના ૧૧ યોગો દેવ-નરકગતિમાં હોય છે. ૨૬.

**कम्मुरलदुगं थावरि, ते सविउव्विदुग पंच इगि पवणे।**
**छ असन्नि चरमवइजुय, ते विउव्विदुगूण चउ विगले॥ २७॥ [ मीस ]**

**ગાથાર્થ** :- સ્થાવરમાં કાર્મણ અને ઔદારિકદ્વિકયોગ હોય છે. એકેન્દ્રિય અને વાઉકાયમાં તે જ ત્રણ યોગો વૈક્રિયદ્વિક સહિત કુલ પાંચ યોગો હોય છે. અસંજ્ઞી માર્ગણામાં આ પાંચ યોગો છેલ્લા વચન યોગ સહિત કુલ છ યોગ હોય છે અને તે છમાંથી વૈક્રિયદ્વિક બાદ કરતાં બાકીના ચાર યોગો વિકલેન્દ્રિયમાં હોય છે. ૨૭.

**कम्मुरलमीस विणु मण, वइ समइय छेय चक्खु मणनाणे।**
**उरलदुगकम्मपढमंतिममणवइ केवलदुगंमि ॥ २८॥**

**ગાથાર્થ** :- મનોયોગ, વચનયોગ, સામાયિકચારિત્ર, છેદોપસ્થાપનીય ચારિત્ર, ચક્ષુર્દર્શન અને મનઃપર્યવજ્ઞાન એમ ૬ માર્ગણામાં કાર્મણકાયયોગ અને ઔ. મિ. કાયયોગ વિના શેષ ૧૩ યોગ હોય છે. તથા કેવલજ્ઞાન અને કેવલદર્શનમાં ઔદારિકદ્વિક, કાર્મણ, પ્રથમ અને અંતિમ મનોયોગ અને વચનયોગ એમ કુલ ૭ યોગો સંભવે છે. ૨૮.

**मणवइउरला परिहारि, सुहुमि नव ते उ मीसि सविउव्वा।**
**देसे सविउव्विदुगा, सकम्मुरलमिस्स अहक्खाए॥ २९॥**

**ગાથાર્થ**- પરિહારવિશુદ્ધિ અને સૂક્ષ્મસંપરાયચારિત્રમાં મનના-વચનના ૪, અને ઔદારિકકાયયોગ એમ કુલ નવ યોગ હોય છે. તે જ નવને વૈક્રિયકાયયોગથી સહિત કરીએ તો ૧૦ યોગો મિશ્રમાર્ગણામાં હોય છે. તથા વૈક્રિયદ્વિક સહિત કરો તો ૧૧ યોગ દેશવિરતિમાર્ગણામાં હોય છે અને કાર્મણ તથા ઔદારિકમિશ્ર સહિત (ઉપરોક્ત ૯) એમ ૧૧ યથાખ્યાતમાં હોય છે.૨૯.

**तिअनाण नाण पण चउ, दंसण बार जिअलक्खणुवओगा।**
**विणु मणनाण दुकेवल, नव सुरतिरिनिरयअजएसु॥ ३०॥**

**ગાથાર્થ** :- ત્રણ અજ્ઞાન, પાંચ જ્ઞાન, અને ચાર દર્શન એમ ૧૨ ઉપયોગો એ જીવના લક્ષણસ્વરૂપ છે. તે ૧૨માંથી મનઃપર્યવજ્ઞાન અને કેવલદ્વિક

વિના શેષ નવ ઉપયોગો દેવગતિ-તિર્યંચગતિ-નરકગતિ અને અવિરતિચારિત્રમાં હોય છે. ૩૦.

**तस जोअ वेअ सुक्का-हार नर पणिंदि सन्नि भवि सव्वे।**
**नयणेअर पणलेसा, कसाय दस केवलदुगूणा॥ ३१॥**

**ગાથાર્થ** :- ત્રસકાય, ત્રણ યોગ, ત્રણ વેદ, શુક્લ લેશ્યા, આહારી માર્ગણા, મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, સંજ્ઞી અને ભવ્ય એમ ૧૩ માર્ગણામાં બાર ઉપયોગ હોય છે તથા ચક્ષુર્દર્શન, અચક્ષુર્દર્શન પાંચલેશ્યા, અને ક્રોધાદિ ચાર કષાય એમ ૧૧ માર્ગણામાં કેવલદ્વિક વિના ૧૦ ઉપયોગ હોય છે. ૩૧.

**चउरिंदिअसन्निदुअन्नाण दुदंस इगबिति थावरि अचक्खु।**
**तिअनाणदंसणदुगं अनाणतिगि अभव्वि मिच्छदुगे॥ ३२॥**

**ગાથાર્થ** :- ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી માર્ગણામાં બે અજ્ઞાન અને બે દર્શન એમ ચાર ઉપયોગ હોય છે. એકેન્દ્રિય-બેઇન્દ્રિય-તેઇન્દ્રિય અને પાંચસ્થાવરમાં તે જ ચારમાંથી ચક્ષુર્દર્શન વિના ત્રણ ઉપયોગ હોય છે. ત્રણ અજ્ઞાન અભવ્ય અને મિથ્યાત્વદ્વિકમાં ત્રણ અજ્ઞાન અને બે દર્શન હોય છે. ૩૨.

**केवलदुगे नियदुगं, नव तिअनाण विणु खइयअहक्खाए ।**
**दंसणनाणतिगं देसि मीसि अन्नाण मीसं तं ॥ ३३ ॥**

**ગાથાર્થ** = કેવલજ્ઞાન અને કેવલદર્શન માર્ગણામાં પોતાનું દ્વિક જ હોય છે. અર્થાત્ બે ઉપયોગ હોય છે. ક્ષાયિક અને યથાખ્યાતમાં ત્રણ અજ્ઞાન વિના ૯ ઉપયોગ હોય છે. દેશવિરતિમાર્ગણામાં ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન એમ છ ઉપયોગ હોય છે. તે જ છ ઉપયોગ મિશ્ર માર્ગણામાં ત્રણ અજ્ઞાનથી મિશ્ર હોય છે. ૩૩.

**मणनाण चक्खुवज्जा, अणहारे तिन्नि दंसणचउनाणा ।**
**चउनाण संजमोवसम-वेयगे ओहिदंसे य ॥ ३४ ॥**

**ગાથાર્થ**- અણાહારી માર્ગણામાં મનઃપર્યવજ્ઞાન અને ચક્ષુર્દર્શન વર્જીને શેષ ૧૦ ઉપયોગ જાણવા. ચાર જ્ઞાન, ચાર સંયમ, ઉપશમ અને વેદકસમ્યક્ત્વમાં તથા અવધિદર્શનમાં ત્રણદર્શન અને ચાર જ્ઞાન એમ સાત ઉપયોગ હોય છે. ૩૪.

**दो तेर तेर बारस, मणे कमा अट्ठ दु चउ चउ वयणे ।**
**चउ दु पण तिन्नि काये, जिअगुणजोगुवओगन्ने ॥ ३५ ॥**

**ગાથાર્થ**- અન્ય આચાર્યો મનોયોગમાં ૨,૧૩,૧૩, અને૧૨, તથા વચનયોગમાં ૮,૨,૪, અને ૪,તથા કાયયોગમાં ૪,૨,૫, અને ૩, અનુક્રમે જીવસ્થાનક, ગુણસ્થાનક, યોગ અને ઉપયોગ માને છે. ૩૫.

**छसु लेसासु सठाणं, एगिंदि असन्निभूदगवणेसु ।**
**पढमा चउरो तिन्नि उ, नारयविगलग्गिपवणेसु ॥ ३६ ॥**

**ગાથાર્થ**- છએ લેશ્યાઓમાં પોતપોતાની લેશ્યા હોય છે. એકેન્દ્રિય, અસંજ્ઞી પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયમાં પ્રથમની ચાર લેશ્યા હોય છે. તથા નારકી, વિકલેન્દ્રિય, અગ્નિકાય અને વાયુકાયમાં પ્રથમની ત્રણ લેશ્યા માત્ર જ હોય છે. ૩૬.

**अहक्खायसुहुमकेवल-दुगि सुक्का छावि सेसठाणेसु ।**
**नरनिरयदेवतिरिया, थोवा दु असंखणंतगुणा ॥ ३७ ॥**

**ગાથાર્થ**- યથાખ્યાત, સૂક્ષ્મસંપરાય અને કેવલદ્વિકમાં માત્ર શુક્લલેશ્યા જ હોય છે. શેષસ્થાનોમાં છએ લેશ્યા હોય છે. મનુષ્યો સૌથી થોડા છે. તેનાથી નારકી અને દેવો બે અસંખ્યાતગુણા છે. અને તિર્યંચો અનંતગુણા છે. ૩૭.

**पण चउ ति दु एगिंदी, थोवा तिन्नि अहिआ अणंतगुणा ।**
**तस थोव असंखग्गी, भूजलनिलअहियवणणंता ॥ ३८ ॥**

**ગાથાર્થ** - પંચેન્દ્રિય સૌથી થોડા, તેનાથી ચઉરિન્દ્રિય, તેઈન્દ્રિય અને બેઈન્દ્રિય આ ત્રણ અધિક-અધિક, અને એકેન્દ્રિય અનંતગુણા છે. કાયમાર્ગણામાં ત્રસકાય સૌથી થોડા, અગ્નિકાય અસંખ્યાતગુણા , પૃથ્વી-અપ્ અને વાયુ અધિક-અધિક, તેનાથી વનસ્પતિકાય અનંતગુણા છે. ૩૮.

**मणवयणकायजोगी, थोवा असंखगुण अणंतगुणा ।**
**पुरिसा थोवा इत्थी, संखगुणाणंतगुण कीवा ॥ ३९ ॥**

**ગાથાર્થ-** મનોયોગવાળા જીવો થોડા, વચનયોગવાળા અસંખ્યાતગુણા, અને કાયયોગવાળા અનંતગુણા છે. પુરુષો થોડા, સ્ત્રીઓ સંખ્યાતગુણી અને નપુંસકો અનંતગુણા છે. ૩૯.

**माणी कोही मायी लोभी अहिय मणनाणिणो थोवा ।**
**ओहि असंखा मइसुय, अहिअ सम असंख विब्भंगा ॥ ४० ॥**

**ગાથાર્થ-** માન, ક્રોધ, માયા અને લોભવાળા જીવો અધિક અધિક છે. જ્ઞાનમાર્ગણામાં મનઃપર્યવજ્ઞાનવાળા જીવો થોડા છે. અવધિજ્ઞાનવાળા અસંખ્યાતગુણા છે. તેના કરતાં મતિ-શ્રુતજ્ઞાનવાળા અધિક છે. અને પરસ્પર સમાન છે. તેના કરતાં વિભંગજ્ઞાનવાળા અસંખ્યાતગુણા છે. ૪૦.

**केवलिणो णंतगुणा,मइसुयअन्नाणि णंतगुण तुल्ला ।**
**सुहुमा थोवा परिहार, संख अहक्खाय संखगुणा ॥ ४१ ॥**

**ગાથાર્થ-** તેના કરતાં કેવલજ્ઞાનવાળા જીવો અનંતગુણા છે. તેના કરતાં મતિ-શ્રુત અજ્ઞાનવાળા જીવો અનંતગુણા અને પરસ્પર તુલ્ય છે. સૂક્ષ્મસંપરાયવાળા થોડા, પરિહારવિશુદ્ધિવાળા સંખ્યાતગુણા, અને યથાખ્યાતવાળા તેનાથી પણ સંખ્યાતગુણા છે. ૪૧.

**छेय समइय संखा, देस असंखगुण णंतगुणा अजया ।**
**थोव असंख दुणंता, ओहि नयण केवल अचक्खु ॥ ४२ ॥**

**ગાથાર્થ** = (પૂર્વના ચારિત્રથી) છેદોપસ્થાપનીય, અને સામાયિક-ચારિત્રવાળા સંખ્યાતગુણા, તેનાથી દેશવિરતિવાળા અસંખ્યાતગુણા, તેનાથી અવિરતિવાળા અનંતગુણા, અવધિદર્શન, ચક્ષુર્દર્શન, કેવલદર્શન અને અચક્ષુર્દર્શન આ ચારમાં અનુક્રમે થોડા, અસંખ્યાતગુણ અને બે અનંતગુણા છ ૪૨.

**पच्छाणुपुव्वि लेसा , थोवा दो संख णंत दो अहिया ।**
**अभवियर थोव णंता, सासण थोवोवसम संखा ॥ ४३ ॥**

**ગાથાર્થ :** છ એ લેશ્યાઓ પશ્ચાનુપૂર્વીએ લેવી. ત્યાં થોડા, બેમાં સંખ્યાતગુણા, એકમાં અનંતગુણ અને છેલ્લી બે લેશ્યામાં અધિક અધિક જીવો

છે. અભવ્ય થોડા અને ભવ્યો અનંતગુણા છે. સાસ્વાદનવાળા થોડા અને ઉપશમવાળા સંખ્યાતગુણા છે ૪૩.

**मीसा संखा वेयग, असंखगुण खइय मिच्छ दु अणंता ।**
**सन्नियर थोव णंता, णहार थोवेयर असंखा ॥ ४४ ॥**

**ગાથાર્થ**- (ઉપશમ સમ્યક્ત્વ કરતાં) મિશ્ર સંખ્યાતગુણા, ક્ષયોપશમવાળા અસંખ્યાતગુણા, ક્ષાયિક અને મિથ્યાત્વી એમ બે પ્રકારના અનંતગુણા જાણવા. સંજ્ઞી થોડા છે. અસંજ્ઞી અનંતગુણા છે. અણાહારી થોડા છે. અને આહારી તેના કરતાં અસંખ્યાત ગુણા છે. ૪૪.

**सव्वजिअठाण मिच्छे, सग सासणि पण अपज्जसन्निदुगं ।**
**सम्मे सन्नी दुविहो, सेसेसुं सन्निपज्जत्तो ॥ ४५ ॥**

**ગાથાર્થ** = મિથ્યાત્વગુણઠાણે સર્વ જીવભેદ હોય છે. સાસ્વાદને પાંચ અપર્યાપ્તા અને સંજ્ઞીદ્વિક એમ કુલ સાત જીવભેદ હોય છે અવિરત સમ્યક્ત્વે બે પ્રકારના સંજ્ઞી જીવભેદ હોય છે. બાકીના ગુણસ્થાનકમાં એક સંજ્ઞી પર્યાપ્ત હોય છે. ૪૫.

**मिच्छदुगि अजइजोगाहारदुगूणा अपुव्वपणगे उ।**
**मणवइउरलं सविउव्वि, मीसि सविउव्विदुग देसे ॥ ४६ ॥**

**ગાથાર્થ**- મિથ્યાત્વે સાસ્વાદને તથા અવિરતિગુણઠાણે આહારકદ્વિક વિના શેષ ૧૩ યોગ હોય છે. અપૂર્વકરણાદિ પાંચગુણસ્થાનકોમાં મનના ચાર, વચનના ચાર, અને ઔદારિક એમ નવયોગ હોય છે. મિશ્રમાર્ગણામાં વૈક્રિયસહિત દશ યોગ હોય છે. અને દેશવિરતિમાં વૈક્રિયદ્વિક સહિત અગિયાર યોગ હોય છે. ૪૬.

**साहारदुग पमत्ते, ते विउव्वाहार मीस विणु इयरे ।**
**कम्मुरलदुगंताइम मणवयण सजोगि न अजोगी ॥ ४७ ॥**

**ગાથાર્થ**- પૂર્વેજે ૧૧ યોગ કહ્યા છે તે આહારકદ્વિકસહિત ૧૩ યોગ પ્રમત્તે હોય છે. તેમાંથી વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર વિના શેષ ૧૧ યોગ અપ્રમત્તે હોય

છે. કાર્મણ, ઔદારિકદ્વિક, પહેલો અને છેલ્લો મનોયોગ અને વચનયોગ એમ ૭ યોગ સયોગીએ હોય છે. અયોગીએ યોગ હોતા નથી. ૪૭.

**तिअनाण दुदंसाइमदुगे अजइ देसि नाणदंसणतिगं ॥**
**ते मीसि मीसा समणा जयाइ केवलदुगंतदुगे ॥ ४८ ॥**

**ગાથાર્થ**- પ્રથમનાં બે ગુણઠાણામાં ત્રણ અજ્ઞાન અને બે દર્શન હોય છે. ચોથા અવિરતિગુણઠાણે અને પાંચમા દેશવિરતિગુણઠાણે ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન હોય છે. આ જ છ ઉપયોગ મિશ્રગુણઠાણે અજ્ઞાનથી મિશ્ર હોય છે. પ્રમત્તાદિ સાત ગુણઠાણામાં આ છ ઉપયોગ મનઃપર્યવસહિત (૭) હોય છે. અને અન્તિમ બે ગુણઠાણામાં કેવલદ્વિક હોય છે. ૪૮.

**सासणभावे नाणं विउव्वाहारगे उरलमिस्सं ।**
**नेगिंदिसु सासाणो, नेहाहिगयं सुयमयं पि ॥ ४९ ॥**

**ગાથાર્થ** : સાસ્વાદનગુણસ્થાનકે જ્ઞાન, વૈક્રિય અને આહારકકાળે ઔદારિકમિશ્ર, તથા એકેન્દ્રિયમાં સાસ્વાદનનું ન હોવું. આ ત્રણ બાબતો સિદ્ધાન્તકારને માન્ય હોવા છતાં અહીં કર્મગ્રંથમાં સ્વીકારાઈ નથી. ૪૯.

**छसु सव्वा तेउतिगं, इगि छसु सुक्का अजोगि अल्लेसा ।**
**बंधस्स मिच्छ अविरइ, कसाय जोग त्ति चउ हेऊ ॥ ५० ॥**

**ગાથાર્થ** - છ ગુણઠાણામાં સર્વ લેશ્યા હોય છે એક ગુણઠાણે તેજો આદિ ત્રણ લેશ્યા હોય છે. અને અપૂર્વકરણાદિ છ ગુણઠાણામાં માત્ર શુક્લલેશ્યા જ હોય છે. અને અયોગી ભગવાન અલેશી (લેશ્યા રહિત) છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એમ ચાર બંધના હેતુઓ શાસ્ત્રોમાં કહ્યાં છે. ૫૦.

**अभिगहियमणभिगहिया-भिनिवेसियसंसइयमणाभोगं ।**
**पण मिच्छ बार अविरइ, मणकरणानियमु छजियवहो ॥ ५१ ॥**

**ગાથાર્થ** :-અભિગૃહીત, અનભિગૃહીત, આભિનિવેશિક સાંશયિક અને અનાભોગ એમ પાંચ પ્રકારનાં મિથ્યાત્વ છે. તથા મન અને પાંચ ઈન્દ્રિયોનો અસંયમ તથા છ જીવનિકાયનો વધ અને બાર પ્રકારની અવિરતિ છે. ૫૧.

**नव सोल कसाया पनर, जोग इय उत्तरा उ सगवन्ना।**
**इग चउ पण तिगुणेसु, चउतिदुइगपच्चओ बंधो॥ ५२॥**

**ગાથાર્થ**- નવ અને સોળ એમ કુલ પચીશ કષાયો છે. તથા પન્નર પ્રકારના યોગ છે. એમ કુલ ૫૭ ઉત્તરબંધહેતુ છે. એક ગુણઠાણે, ચાર ગુણઠાણે, પાંચ ગુણઠાણે, અને ત્રણ ગુણઠાણે અનુક્રમે ચાર-ત્રણ-બે અને એકનિમિત્તક બંધ હોય છે. ૫૨.

**चउ मिच्छ मिच्छअविरइ-पच्चइया साय सोल पणतीसा।**
**जोग विणु तिपच्चइया-हारगजिणवज्ज सेसाओ॥ ५३॥**

**ગાથાર્થ**- સાતાનો બંધ ચારના નિમિત્તે, સોળનો બંધ મિથ્યાત્વના નિમિત્તે, અને પાંત્રીશ પ્રકૃતિનો બંધ મિથ્યાત્વ તથા અવિરતિના નિમિત્તે છે. તથા આહારકદ્વિક અને તીર્થંકર નામકર્મ વિના શેષ સર્વે પ્રકૃતિઓનો બંધ યોગ વિના ત્રણ બંધહેતુ નિમિત્તક છે. ૫૩.

**पणपन्न पन्ना तिअछहिअ - चत्तगुणचत्त छचउदुगवीसा ।**
**सोलस दस नव नव सत्त हेउणो न उ अजोगिंमि ॥ ५४॥**

**ગાથાર્થ**- ૫૫, ૫૦, ૪૩, ૪૬, ૩૯, ૨૬, ૨૪, ૨૨, ૧૬, ૧૦, ૯, ૯, અને ૭ બંધહેતુઓ પહેલા ગુણઠાણાથી અનુક્રમે તેરમા સુધી હોય છે અને ચૌદમા અયોગી ગુણઠાણે કોઈ પણ બંધહેતુ હોતા નથી. ૫૪.

**पणपन्न मिच्छिहारग दुगूण सासाणि पन्न मिच्छिविणा।**
**मीसदुगकम्मअण विणु तिचत्त मीसे अह छचत्ता॥ ५५॥**

**ગાથાર્થ**- આહારકદ્વિક વિના મિથ્યાત્વે પંચાવન, પાંચ મિથ્યાત્વ વિના સાસ્વાદને પચાશ, બે મિશ્રયોગ, કાર્મણકાયયોગ, અને અનંતાનુબંધી વિના મિશ્રે તેતાલીશ, હવે છેતાલીશ કયા ? તે કહેવાય છે ૫૫.

**सदुमिस्सकम्म अजए, अविरइकम्मुरलमीसबिकसाए।**
**मुत्तु गुणचत्त देसे, छवीस साहारदु पमत्ते॥ ५६॥**

**ગાથાર્થ**- બે મિશ્ર અને કાર્મણ કાયયોગ સાથે અવિરતે છેતાલીશ બંધહેતુ હોય છે. ત્રસકાયની અવિરતિ, કાર્મણ, ઔદારિકમિશ્ર અને બીજો કષાય એમ સાત વિના ઓગણચાલીશ બંધહેતુ દેશવિરતિએ હોય છે. તેમાં આહારકદ્વિક સહિત (અને આગળની ગાથામાં કહેવાતી ૧૧ અવિરતિ અને ત્રીજા કષાય વિના) પ્રમત્ત ગુણઠાણે છવીશ બંધહેતુ હોય છે. ૫૬.

**अविरइ इगार तिकसाय, वज्ज अपमत्ति मीसदुगरहिआ।**
**चउवीस अपुव्वे पुण, दुवीस अविउव्वियाहारे॥ ५७॥**

**ગાથાર્થ**- અગિયાર અવિરતિ અને ત્રીજા કષાય વિના પ્રમત્તે ૨૬ બંધહેતુ હોય. તેમાંથી વૈક્રિય અને આહારક મિશ્ર વિના અપ્રમત્તે ૨૪ બંધહેતુ હોય. અપૂર્વકરણે વળી વૈક્રિય અને આહારક વિના ૨૨ બંધહેતુ હોય છે. ૫૭.

**अछहास सोल बायरि, सुहुमे दस वेअसंजलणति विणा।**
**खीणुवसंति अलोभा, सजोगि पुव्वुत्त सग जोगा॥ ५८॥**

**ગાથાર્થ**- હાસ્યષટ્ક વિના બાદરસંપરાયે સોળ બંધહેતુ હોય છે. ત્રણ વેદ અને સંજ્વલનત્રિક વિના દશ બંધહેતુ સૂક્ષ્મસંપરાયે હોય છે. તેમાંથી લોભ વિના નવ બંધહેતુ ક્ષીણમોહે અને ઉપશાન્તમોહે હોય છે. સયોગીકેવલીમાં પૂર્વે કહેલા સાત યોગ હોય છે. ૫૮.

**अपमत्तंता सत्तट्ठ, मीस अपुव्व बायरा सत्त।**
**बंधइ छस्सुहुमो एगमुवरिमा बंधगाजोगी ॥ ५९॥**

**ગાથાર્થ**- અપ્રમત્ત ગુણઠાણા સુધીના જીવો સાત અથવા આઠ કર્મ બાંધે છે. મિશ્ર-અપૂર્વકરણ અને બાદરસંપરાય ગુણઠાણાવાળા જીવો સાત કર્મો બાંધે છે. સૂક્ષ્મસંપરાયવાળા છ કર્મ બાંધે છે. ઉપરના ત્રણ ગુણઠાણાવાળા એક કર્મ બાંધે છે. અને અયોગી જીવ અબંધક છે. ૫૯.

**आसुहुमं संतुदए, अट्ठ वि मोह विणु सत्त खीणंमि।**
**चउ चरिमदुगे अट्ठ उ, संते उवसंति सत्तुदए॥ ६०॥**

**ગાથાર્થ** - સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધી ઉદય અને સત્તામાં આઠે કર્મો હોય છે. ક્ષીણમોહે મોહનીય વિના સાત કર્મો હોય છે. છેલ્લા બે ગુણઠાણે ચાર કર્મો હોય છે. અને ઉપશાન્તમોહે સત્તામાં આઠ તથા ઉદયમાં સાત કર્મો હોય છે. ૬૦.

**उइरंति पमत्तंता, सगट्ठ मीसट्ठ वेयआउ विणा।**
**छग अपमत्ताइ तओ, छ पंच सुहुमो पणुवसंतो॥ ६१॥**

**ગાથાર્થ**- મિથ્યાત્વથી (મિશ્ર ગુણઠાણા વિના) પ્રમત્ત ગુણઠાણા સુધીના જીવો સાત અથવા આઠ કર્મોની ઉદીરણા કરે છે. મિશ્રે આઠ કર્મોની જ ઉદીરણા હોય છે. તથા અપ્રમત્તાદિમાં વેદનીય અને આયુષ્ય વિના શેષ છ કર્મોની ઉદીરણા હોય છે. સૂક્ષ્મસંપરાયે છ અથવા પાંચની અને ઉપશાન્તમોહે પાંચની ઉદીરણા હોય છે. ૬૧.

**पण दो खीण दु जोगी, णुदीरगु अजोगी थोव उवसंता।**
**संखगुण खीण सुहुमानियट्टिअपुव्व सम अहिया॥ ६२॥**

**ગાથાર્થ** - ક્ષીણમોહ ગુણઠાણાવાળા જીવો પાંચ અને બેની ઉદીરણા કરે છે. સયોગીકેવલી બેની ઉદીરણા કરે છે. અને અયોગી ભગવાન અનુદીરક હોય છે. ઉપશાન્તમોહવાળા થોડા છે. તેનાથી ક્ષીણમોહવાળા સંખ્યાતગુણા છે. તેનાથી સૂક્ષ્મ-અનિવૃત્તિ અને અપૂર્વ વાળા અધિક છે અને માંહોમાંહે સમાન છે. ૬૨.

**जोगि अपमत्त इयरे, संखगुणा देससासणा मीसा।**
**अविरइ अजोगिमिच्छा, असंख चउरो दुवेणंता॥ ६३॥**

**ગાથાર્થ**- સયોગી, અપ્રમત્ત, અને પ્રમત્ત મુનિ સંખ્યાતગુણા છે. તથા દેશવિરતિ, સાસ્વાદની, મિશ્ર, અવિરતિ, અયોગી અને મિથ્યાત્વી. આ છમાંથી પ્રથમના ચાર અસંખ્યાતગુણા છે. અને છેલ્લા બે અનંતગુણા છે. ૬૩.

**उवसमखयमीसोदय-परिणामा दु नव ट्ठार इगवीसा ।**
**तिअभेअ सन्निवाइय, सम्मं चरणं पढमभावे ॥ ६४॥**

**ગાથાર્થ**- ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક એમ પાંચ ભાવો છે. તેના અનુક્રમે બે, નવ, અઢાર, એકવીશ અને ત્રણ ભેદો છે. પ્રથમ ઔપશમિકભાવના સમ્યકત્વ અને ચારિત્ર એમ બે ભેદ છે. ૬૪.

**बीए केवलजुयलं, सम्मं दाणाइलद्धि पण चरणं ।**
**तइए सेसुवओगा, पण लद्धी सम्मविरइदुगं ॥ ६५ ॥**

**ગાથાર્થ** - બીજા ક્ષાયિકભાવમાં કેવલદ્વિક, સમ્યક્ત્વ, દાનાદિ પાંચ લબ્ધિઓ અને ચારિત્ર એમ ૯ ભેદ છે. તથા ત્રીજા ક્ષયોપશમભાવમાં શેષ (દશ) ઉપયોગો, પાંચ લબ્ધિ, સમ્યક્ત્વ અને વિરતિદ્વિક એમ ૧૮ ભેદો છે. ૬૫.

**अन्नाणमसिद्धत्ता-संजमलेसाकसायगइवेया ।**
**मिच्छं तुरिए भव्वा-भव्वत्त जिअत्तपरिणामे ॥ ६६ ॥**

**ગાથાર્થ** - અજ્ઞાન, અસિદ્ધત્વ, અસંયમ, છ લેશ્યા, ચાર કષાય, ચાર ગતિ, ત્રણ વેદ અને મિથ્યાત્વ એમ ૨૧ ભેદો ચોથા ભાવના ભેદ છે. તથા ભવ્યત્વ, અભવ્યત્વ અને જીવત્વ એમ ત્રણ પારિણામિકભાવ ના ભેદો છે. ૬૬.

**चउ चउगईसु मीसग, परिणामुदएहिं चउ सखइएहिं ।**
**उवसमजुएहिं वा चउ, केवलिपरिणामुदयखइए ॥ ६७॥**

**ગાથાર્થ** - ક્ષાયોપશમિક - પારિણામિક અને ઔદયિક એમ ત્રિસંયોગી સાન્નિપાતિકભાવના ચાર ગતિ આશ્રયી ચાર ભાંગા, ક્ષાયિક સાથે તે ચતુઃસંયોગી થાય તેના તથા ઉપશમ સાથે પણ ચતુઃસંયોગી થાય તેના ચાર ગતિ આશ્રયી ચાર ચાર ભાંગા થાય. તથા કેવલી પારિણામિક ઔદયિક અને ક્ષાયિકભાવમાં હોય છે. ૬૭.

**खयपरिणामि सिद्धा, नराण पण जोगुवसमसेढीए ।**
**इय पन्नर सन्निवाइयभेया वीसं असम्भविणो ॥ ६८ ॥**

**ગાથાર્થ** - સિદ્ધ પરમાત્માને ક્ષાયિક અને પારિણામિક ભાવ હોય છે. મનુષ્યોને ઉપશમશ્રેણીમાં (ક્ષાયિકસમ્યક્ત્વ હોય ત્યારે) પાંચે ભાવ હોય છે. આ પ્રમાણે સાન્નિપાતિકભાવના પંદર ભેદો સંભવે છે. બાકીના વીશ ભેદો સંભવતા નથી. ૬૮.

**मोहेव समो मीसो, चउ घाइसु अट्ठकम्मसु य सेसा ।**
**धम्माइ पारिणामियभावे खंधा उदइए वि ॥ ६९ ॥**

**ગાથાર્થ**- ઔપશમિકભાવ મોહનીય કર્મનો જ હોય છે. ક્ષાયોપશમિકભાવ ચાર ઘાતિકર્મોનો જ હોય છે. શેષ ભાવો આઠે કર્મોના હોય છે. તથા ધર્માસ્તિકાયાદિ પાંચે (અજીવ) દ્રવ્યો પારિણામિકભાવે હોય છે. તથા પુદ્ગલાસ્તિકાયના કેટલાક સ્કંધો ઔદયિકભાવે પણ હોય છે. ૬૯.

**सम्माइ चउसु तिग चउ भावा चउ पणुवसामगुवसंते ।**
**चउ खीणापुव्वे तिन्नि, सेसगुणठाणगेगजिए ॥ ७० ॥**

**ગાથાર્થ** - અવિરત સમ્યક્ત્વાદિ ચાર ગુણસ્થાનકોમાં ત્રણ અથવા ચાર ભાવો હોય છે. ઉપશામક તથા ઉપશાન્તમોહને ચાર અથવા પાંચ ભાવો હોય છે. ક્ષીણમોહે અને અપૂર્વકરણે ચાર ભાવો હોય છે. બાકીના ગુણસ્થાનકોમાં માત્ર ત્રણ ભાવો હોય છે. આ સર્વ એક જીવને આશ્રયી જાણવું. ૭૦.

**संखिज्जेगमसंखं, परित्तजुत्तनियपयजुयं तिविहं ।**
**एवमणंतं पि तिहा, जहन्नमज्झुक्कसा सव्वे ॥ ७१ ॥**

**ગાથાર્થ** - સંખ્યાતુ એક પ્રકારનું છે. અસંખ્યાતુ પરિત્ત, યુક્ત અને નિજપદથી યુક્ત ત્રણ પ્રકારનું છે. એ પ્રમાણે અનંતુ પણ ત્રણ પ્રકારનું છે. તથા સર્વે ભેદો જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ ભેદે જાણવા. ૭૧.

**लहु संखिज्जं दुच्चिअ, अओ परं मज्झिमं तु जा गुरुअं ।**
**जंबुद्दीवपमाणय, चउ पल्लपरूवणाइ इमं ॥ ७२ ॥**

**ગાથાર્થ** - બેની સંખ્યા એ જઘન્ય સંખ્યાતુ, એનાથી આગળ જ્યાં સુધી ઉત્કૃષ્ટ આવે (નહીં) ત્યાં સુધી મધ્યમ, અને જંબૂદ્વીપના માપવાળા ચાર પાલાની પ્રરૂપણા વડે આ હવે કહેવાતું ઉત્કૃષ્ટ સંખ્યાતું જાણવું. ૭૨.

**पल्लाणवट्ठियसलाग पडिसलागमहासलागक्खा ।**
**जोयणसहसोगाढा सवेइयंता ससिहभरिया ॥ ७३ ॥**

**ગાથાર્થ** - અનવસ્થિત, શલાકા, પ્રતિશલાકા અને મહાશલાકા નામના ચાર પ્યાલા એક હજાર યોજનની ઊંડાઈવાળા, વેદિકા સહિત શિખા સાથે (સરસવોથી) ભરવા. ૭૩.

**ता दीवुदहिसु इक्किक्क सरिसवं खिविय निट्ठिए पढमे ।**
**पढमं व तदंतं चिय, पुण भरिए तंमि तह खीणे ॥ ७४ ॥**

**ગાથાર્થ** - ત્યારબાદ એકેક દ્વીપસમુદ્રમાં એક એક સરસવનો દાણો નાખીને પહેલો પ્યાલો ખાલી થાય ત્યારે જ્યાં ખાલી થયો ત્યાં સુધીના દ્વીપસમુદ્રવાળો પ્યાલો પહેલા પ્યાલાની જેવો ફરીથી ભરવો. અને પૂર્વની જેમ સરસવો નાખવા દ્વારા તે પ્યાલો ખાલી થાય ત્યારે ૭૪.

**खिप्पइ सलागपल्लेगु सरिसवो इय सलागखवणेणं ।**
**पुन्नो बीओ अ तओ, पुव्वंपि तंमि उद्धरिए ॥ ७५ ॥**

**ગાથાર્થ** - અનવસ્થિત પ્યાલો ઠલવાયે છતે એક સરસવનો દાણો શલાકા પ્યાલામાં નંખાય છે. આ પ્રમાણે શલાકામાં નાખવા દ્વારા જ્યારે બીજો પ્યાલો પૂર્ણ ભરાય ત્યારે તે બીજા શલાકા પ્યાલાને પણ પૂર્વના અનવસ્થિત પ્યાલાની જેમ જ ઉપાડવો (ઉપાડીને ઠલવવો.) ૭૫.

**खीणे सलाग तइए, एवं पढमेहिं बीययं भरसु ।**
**तेहिं तइअं तेहिअ तुरियं जा किर फुडा चउरो ॥ ७६ ॥**
**पढमतिपल्लुद्धरिया, दीवुदही पल्लचउसरिसवा य ।**
**सव्वो वि एगरासी, रूवूणो परमसंखिज्जं ॥ ७७ ॥**

**ગાથાર્થ** - શલાકા પ્યાલો ઠલવાયે છતે ત્રીજા પ્યાલામાં સાક્ષીદાણો નાખવો. એમ પ્રથમ અનવસ્થિત પ્યાલાઓ વડે બીજા શલાકાને ભરો, તે શલાકા વડે ત્રીજા પ્રતિશલાકાને ભરો, અને ત્રીજા પ્રતિશલાકા વડે ચોથા મહાશલાકાને ભરો. એમ કરતાં જ્યારે યાવત્ ચારે પ્યાલા શિખા સહિત સંપૂર્ણ ભરાય છે ત્યારે ૭૬.

પ્રથમના ત્રણ પ્યાલાઓ દ્વારા દ્વીપ-સમુદ્રોમાં નખાયેલા દાણા, અને આ ચાર પ્યાલાના ભરેલા દાણા, એમ સર્વેનો એક રાશિ કરતાં, તેમાંથી ૧ દાણો ઓછો કરીએ તો ઉત્કૃષ્ટ સંખ્યાતું થાય છે. ૭૭.

**रूवजुअं तु परित्ता संखं लहु अस्स रासि अब्भासे ।**
**जुत्तासंखिज्जं लहु, आवलिआ समय परिमाणं ॥ ७८ ॥**

**ગાથાર્થ** - ઓછો કરલ દાણો ઉમેરતાં જઘન્ય પરિત્ત અસંખ્યાતુ થાય છે. તેનો રાશિ અભ્યાસ કરતાં જઘન્યયુક્ત અસંખ્યાતુ થાય છે. જે એક આવલિકાના સમય પ્રમાણ છે ૭૮.

**बितिचउपंचमगुणणे कमा सगासंख पढमचउसत्ता ।**
**णंता ते रूवजुआ, मज्झा रूवूण गुरु पच्छा ॥ ७९॥**

**ગાથાર્થ** - બીજીવાર, ત્રીજીવાર, ચોથીવાર, અને પાંચમીવાર રાશિઅભ્યાસ કરાયે છતે અનુક્રમે સાતમું અસંખ્યાતું, તથા પહેલું, ચોથું, અને સાતમું અનંતું થાય છે તેમાં એક દાણો ઉમેરતાં તે તે મધ્યમ થાય છે. અને એક દાણો ઓછો કરતાં પાછળનાં ઉત્કૃષ્ટ થાય છે. ૭૯.

**इय सुत्तुत्तं अन्ने वग्गिअमिक्कसि चउत्थयमसंखं ।**
**होइ असंखासंखं लहु रूवजुयं तु तं मज्झं ॥ ८० ॥**

**ગાથાર્થ** - આ પ્રમાણે અનુયોગદ્વારસૂત્રમાં કહ્યા મુજબ અમે સમજાવ્યું છે. પરંતુ અન્ય આચાર્યો ચોથા જઘન્ય યુક્ત અસંખ્યાતાનો એકવાર વર્ગ કરવા માત્રથી જઘન્ય અસંખ્યાતુ અસંખ્યાતુ થાય છે એમ કહે છે. તેમાં એકરૂપ યુક્ત કરતાં તે જ મધ્યમ થાય છે. ૮૦.

**रूवूणमाइमं गुरु, तिवग्गिउं तत्थिमे दसक्खेवे ।**
**लोगागासपएसा, धम्माधम्मेगजिअदेसा ॥ ८१ ॥**

**ગાથાર્થ** - એકરૂપ ઓછું કરવાથી પાછળનું ઉત્કૃષ્ટ થાય છે. તથા તેનો ત્રણવાર વર્ગ કરીને હવે કહેવાતી ૧૦ વસ્તુઓ તેમાં નાખો, એક લોકાકાશના પ્રદેશો, તથા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને એક જીવના પ્રદેશો. ૮૧.

**ठिइबंधज्झवसाया, अणुभागा जोगच्छेअपलिभागा ।**
**दुण्ह य समाण समया, पत्तेअ निगोअए खिवसु ॥ ८२ ॥**

**ગાથાર્થ**- સ્થિતિબંધના અધ્યવસાયસ્થાનો, રસબંધના અધ્યવસાય સ્થાનો, યોગના અવિભાગપલિચ્છેદો, બે કાળના સમયો, પ્રત્યેક જીવો તથા સાધારણનાં શરીરો એમ કુલ ૧૦ વસ્તુ નાખો. ૮૨.

**पुण तंमि तिवग्गिअए, परित्तणंत लहु तस्स रासीणं ।**
**अब्भासे लहु जुत्ताणंतं अभव्वजिअमाणं ॥ ८३ ॥**

**ગાથાર્થ** - ફરીથી પણ તેનો ત્રણવાર વર્ગ કરીએ ત્યારે જઘન્ય પરિત્ત અનંતુ થાય છે. તેનો રાશિ અભ્યાસ કરીએ તો જઘન્યયુક્ત અનંતુ થાય છે. તેટલા અભવ્યજીવો છે એમ તેનું માપ જાણવું. ૮૩.

**तव्वग्गे पुण जायइ, णंताणंत लहु तं च तिक्खुत्तो ।**
**वग्गसु तहवि न तं होइ, णंत खेवे खिवसु छ इमे ॥ ८४ ॥**

**ગાથાર્થ** - તેનો વર્ગ કરવાથી જઘન્ય અનંતાનંતુ થાય છે. તેનો ત્રણવાર વર્ગ કરીએ તો પણ ઉત્કૃષ્ટાનંતાનંતુ આવતુ નથી. માટે હવે કહેવાતી અનંતની સંખ્યાવાળી છ વસ્તુઓ તેમાં ઉમેરો. ૮૪.

**सिद्धा निगोअजीवा, वणस्सई काल पुग्गला चेव ।**
**सव्वमलोगनहं पुण, तिवग्गिउं केवलदुगंमि ॥ ८५ ॥**
**खित्ते णंताणंतं, हवइ जिट्ठं तु ववहरइ मज्झं ।**
**इय सुहमत्थविआरो, लिहिओ देविंदसूरीहिं ॥ ८६ ॥**


**ગાથાર્થ** - સિદ્ધના જીવો, નિગોદના જીવો, વનસ્પતિકાયના જીવો, ત્રણે કાળના સમયો, સર્વ પુદ્‌ગલો, સર્વ અલોકાકાશના પ્રદેશો, એમ છ વસ્તુઓ ઉમેર્યા પછી ફરીથી ત્રણવાર વર્ગ કરાયે છતે કેવલદ્વિકના પર્યાયો નખાયે છતે ઉત્કૃષ્ટ અનંતાનંત થાય છે. પરંતુ વ્યવહાર મધ્યમનો જ હોય છે. આ પ્રમાણે સૂક્ષ્મ અર્થના વિચારોવાળો આ ચોથો કર્મગ્રંથશ્રી દેવેન્દ્રસૂરિજીએ લખ્યો છે. ૮૫. ૮૬.

**આ પ્રમાણે પ્રાચીન કર્મગ્રન્થ ચાર**

**તથા**

**નવ્ય કર્મગ્રન્થ ચાર અર્થ સહિત પૂર્ણ થયા છે.**

**આ ભણી સ્વ-પરનું કલ્યાણ થાઓ. એ જ પુસ્તક પ્રકાશનનું પ્રયોજન.**





Bharat Graphics - Ahmd.,
Ph. : 079-2134176, 2124723